
સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 41
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ આશ્વિન વદ- ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૯ ઑક્ટોબર ૨૦૨૫, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧



# પાકિસ્તાનની એકેએક ઇંચ જમીન બ્રહ્મોસ મિસાઈલની રેન્જમાંઃ રાજનાથ

## ‘ઑપરેશન સિંદૂર તો માત્ર ટ્રેલર હતું’

લખનઊઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે પાકિસ્તાનને ચેતવણી આપતા જણાવ્યું હતું કે પાકિસ્તાનની દરેક ઇંચ (સંપૂર્ણ વિસ્તાર) બ્રહ્મોસ મિસાઇલની રેન્જમાં છે અને ‘ઑપરેશન સિંદૂર’ દરમિયાન જે કંઇ થયું, તે માત્ર ટ્રેલર જ હતું. તેમણે જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂરે સાબિત કર્યું છે કે વિજય મેળવવો એ ભારતની આદત બની ગયું છે. અહીંના સરોજિનીનગરમાંના બ્રહ્મોસ ઍરોસ્પેસ યુનિટ ખાતે તૈયાર થયેલા બ્રહ્મોસ મિસાઇલ્સના પ્રથમ બૅચને લીલી ઝંડી આપવા યોજાયેલા કાર્યક્રમમાં રાજનાથ સિંહની સાથે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ પણ હાજર રહ્યા હતા. રાજનાથ સિંહે બ્રહ્મોસ મિસાઇલને ભારતની વધતી તાકાતના પ્રતીક ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે બ્રહ્મોસ માત્ર મિસાઇલ જ નથી, પરંતુ ભારતના સંરક્ષણ ક્ષેત્રમાંના સ્વદેશી ઉત્પાદનોમાંના વિશ્વાસનો પુરાવો (જુઓ પાનું ૨) ▸▸






## નાની ઉશ્કેરણીનો ‘નિર્ણાયક જવાબ’ મળશે, અસીમ મુનિરની ભારતને ચેતવણી

ઈસ્લામાબાદ : પાકિસ્તાનના લશ્કરના વડા અસીમ મુનિરે અત્યુકિતભરી ભાષાની ચરમસીમામાં શનિવારે ભારતને ચેતવણી આપી હતી કે પાકિસ્તાન નાની ઉશ્કેરણીનો પણ ‘નિર્ણાયક જવાબ’ આપશે. તેમણે કહ્યું હતું કે અણુમય માહોલમાં યુદ્ધને માટે કોઈ અવકાશ નથી. મુનિર ખૈબર પખ્તૂનખ્વાના અબોટાબાદના કાકુલ ખાતેની પ્રતિષ્ઠિત (જુઓ પાનું ૨) ▸▸









ઢાકાઃ બાંગ્લાદેશની રાજધાની ઢાકાના આંતરરાષ્ટ્રીય હવાઈમથકના કાર્ગો કોમ્પલેક્સમાં ભીષણ આગ લાગી હતી અને વિસ્તારમાં કાળો ધુમાડાનું આવરણ છવાઈ ગયું હતું. આને લીધે સત્તાવાળાઓ ફ્લાઈટ ઑપરેશન્સ સ્થગિત કરવામાં આવ્યું હતું. જોકે કોઈ જાનહાનિ થવાના અહેવાલ નથી. સિવિલ એવિયેશન ઑથોરિટી ઑફ બાંગ્લાદેશે કહ્યું હતું કે હઝરત શાહજલાલ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં બપોરે આગ લાગી હતી. આને લીધે આગ ઓલવવાના ૨૪ ફાયર ફાઈટર એકમ કામે લગાડવામાં આવ્યા હતા. વધુ કૂમકો મોકલવામાં આવી હતી. આગામી સૂચના ન મળે ત્યાં સુધી બધા વિમાનનાં ઉતરાણ અને પ્રસ્થાન સ્થગિત કરવામાં આવ્યાં હતાં.

**અફઘાનિસ્તાન દ્વારા પાકિસ્તાન-શ્રીલંકા સાથેની ત્રિકોણી ક્રિકેટ શ્રેણીનો બહિષ્કારઃ બન્ને દેશ વચ્ચે હજી ભારેલો અગ્નિઃ કતારમાંની શાંતિ મંત્રણા સામે પ્રશ્ન**

# પાકિસ્તાને કરેલા હુમલામાં ત્રણ અફઘાન ક્રિકેટરનાં મોતથી બબાલ

ઇસ્લામાબાદઃ પાકિસ્તાને અફઘાનિસ્તાનમાંના કહેવાતા ત્રાસવાદીઓના છુપાસ્થળો પર કરેલા હુમલામાં અફઘાનિસ્તાનના ત્રણ ક્રિકેટર સહિત અનેક લોકો માર્યા ગયાં હતાં. આ હુમલાને પગલે અફઘાનિસ્તાને પાકિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ કરતી ત્રિકોણી ક્રિકેટ શ્રેણીનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી.

અફઘાનિસ્તાને ઉત્તર વઝીરિસ્તાનના લશ્કરી કેમ્પ પર કરેલા મોટા હુમલાને પગલે પાકિસ્તાને અફઘાનિસ્તાન પર હવાઇ હુમલા કર્યા હતા.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ટૂંકા-ગાળાના યુદ્ધવિરામનો અંત આવ્યો છે અને દોહામાં યોજાનારી શાંતિ મંત્રણા અંગે પણ અનિશ્ચિતતા ઊભી થઇ છે.

મીર અલીમાં ખડ્ડી ફોર્ટ ખાતે શુક્રવારે પાકિસ્તાનના લશ્કરી કેમ્પ પર થયેલા હુમલાની જવાબદારી તહરીકે તાલિબાનના હાફિઝ ગુલ બહાદુર ગ્રૂપે લીધી છે. આ હુમલામાં ચાર હુમલાખોર માર્યા ગયાં હોવાનું કહેવાય છે.

પાકિસ્તાને શુક્રવારે રાતે અફઘાનિસ્તાનના પાકટીકા પ્રાંતમાંના ઉર્ગુન અને બારમાલ જિલ્લામાં તેમ જ અંગૂર અડ્ડા પર હુમલા કર્યા હતા. આ હુમલામાં અનેક ડઝન લડવૈયા માર્યા ગયાં હતાં.

અફઘાનિસ્તાન ક્રિકેટ બૉર્ડે જણાવ્યું હતું કે ઉર્ગુન જિલ્લામાં પાકિસ્તાને કરેલા હુમલામાં (જુઓ પાનું ૨) ▸▸






## ઝેલેન્સ્કી સાથેની મીટિંગ પછી ટ્રમ્પે કહ્યું...

# ‘જૈસે થે’ પરિસ્થિતિમાં તાત્કાલિક યુદ્ધ બંધ કરે યુક્રેન અને રશિયા

નવી દિલ્હીઃ યુક્રેનના પ્રમુખ વૉલૉદિમિર ઝેલેન્સ્કી સાથેની લાંબી બેઠક બાદ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુક્રેન-રશિયાને ‘જૈસે થે’ પરિસ્થિતિમાં તાત્કાલિક યુદ્ધ બંધ કરવાની હાકલ કરી હતી. અમેરિકાના પ્રમુખપદે બિરાજમાન થયા ત્યાર બાદથી અત્યાર સુધીમાં રશિયા-યુક્રેન યુદ્ધને મામલે ટ્રમ્પની હતાશા અવારનવાર સપાટી પર આવી છે.જોકે, રશિયા સામે ગુમાવેલી જમીન પાછી મેળવવાનું પડતું મૂકવા ટ્રમ્પે હવે યુક્રેન પર દબાણ આણવાનું શરૂ કરી દીધું છે.

ઝેલેન્સ્કી સાથે બે કલાક કરતાં પણ વધુ ચાલેલી બેઠક બાદ સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે યુદ્ધને કારણે અત્યાર સુધીમાં પૂરતું લોહી રેડાયું છે અને યુદ્ધ જ સરહદોની નવી વ્યાખ્યા કરે છે. બેઠક બાદ ફ્લોરિડા પહોંચેલા ટ્રમ્પે યુક્રેન અને રશિયા બંનેને તાત્કાલિક યુદ્ધ રોકી દેવાની (જુઓ પાનું ૨) ▸▸

# ભારત-અમેરિકા ટ્રેડ વાટાઘાટો મૈત્રીપૂર્ણ વાતાવરણમાંઃ પીયૂષ ગોયલ

નવી દિલ્હીઃ મૈત્રીપૂર્ણ વાતાવરણમાં પ્રસ્તાવિત દ્વિપક્ષી વેપારી કરાર અંગે અમેરિકા અને ભારત વચ્ચે વાટાઘાટ શરૂ થઈ ગઈ હોવાનું જણાવતાં વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે શનિવારે કહ્યું હતું કે ખેડૂતો, માછીમારો અને એમએસએમઈના હિતોનું ભારત રક્ષણ કરશે. ખેડૂતો, માછીમારો અને એમએસએમઈના હિતોનું રક્ષણ ન થતું હોય એવા કોઈ કરાર ભારત નહીં કરે, એમ તેમણે કહ્યું હતું. પ્રસ્તાવિત દ્વિપક્ષી વેપારી કરારને મુદ્દે બંને દેશ વચ્ચે ચાલી રહેલી વાટાઘાટમાં સધાયેલી પ્રગિત અંગે પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં ગોયલે ઉપરોક્ત નિવેદન કર્યું હતું. મૈત્રીપૂર્ણ વાતાવરણ વચ્ચે વાટાઘાટ ચાલી રહી હોવાનું તેમણે કહ્યું હતું. કૃષિક્ષેત્રમાં અમેરિકા ભારત પાસેથી રાહતની (જુઓ પાનું ૨) ▸▸

# ભારતે રશિયા પાસેથી ઑઇલ ખરીદવાનું બંધ કરી દીધું છેઃ ટ્રમ્પનો ફરી મોટો દાવો

## ‘અફઘાનિસ્તાન-પાકિસ્તાન યુદ્ધ રોકવું મારા માટે સરળ છે’

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી દાવો કર્યો હતો કે ભારતે રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદવાનું લગભગ બંધ કર્યું છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેનું યુદ્ધ રોકવાનું મારા માટે સરળ કામ છે. મેં ભારત-પાકિસ્તાન યુદ્ધ સહિત આઠ લડાઇ અટકાવી હોવાથી મને શાંતિ માટેનું નોબેલ પ્રાઇઝ મળવું જોઇતું હતું.

ટ્રમ્પે યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી સાથે શુક્રવારે ભોજન દરમિયાન પ્રસારમાધ્યમના પ્રતિનિધિઓની સાથે વાત કરતી વખતે એક સવાલના જવાબમાં જણાવ્યું હતું કે ભારત અગાઉ રશિયાનું અંદાજે ૩૮ ટકા ખનિજ તેલ ખરીદતું હતું, પરંતુ હવે નહિ ખરીદે.

અગાઉ, ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મને ખાતરી આપી હતી કે નવી દિલ્હી હવે મોસ્કો પાસેથી ખનિજ તેલ નહિ ખરીદે.

આમ છતાં, ભારત સરકારે મોદી દ્વારા ટ્રમ્પને આવી કોઇ બાંયધરી અપાઇ હોવાના દાવાને નકારી કાઢ્યો હતો (જુઓ પાનું ૨) ▸▸






# સાંસદોના અપાર્ટમેન્ટમાં ભીષણ આગઃ ફાયર બ્રિગેડ અડધો કલાકે પહોંચી



નવી દિલ્હી : સરકારે દિલ્હીની રામ મનોહર લોહીયા હૉસ્પિટલની સામેના લોકસભા અને રાજયસભાના સાંસદોના નિવાસસ્થાન ધરાવતા અપાર્ટમેન્ટ કોમ્પ્લેક્સમાં શનિવારે બપોરે ભીષણ આગ લાગી હતી. દિલ્હી ફાયર સર્વિસીસના અધિકારીએ કહ્યું હતું કે અત્યાર સુધી કોઈ જાનહાનિ થઈ નથી. જોકે થોડા રહેવાસીઓએ દાવો કર્યો હતો કે થોડા બાળકો આગમાં ઘાયલ થયા હતા અને તેમને બચાવીને આરએમએલ હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જોકે એવી પણ ફરિયાદ કરાઈ હતી કે આગ લાગ્યાના છેક અદધો કલાકે ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી હતી. બપોરના ૧.૨૨ કલાકે બાબા ખરાગ સિંહ માર્ગ પરના બ્રહ્મપુત્રા અપાર્ટમેન્ટમાં આગ લાગી છે એવો કોલ આવ્યો હતો. ફાયર બ્રીગડે કહ્યું હતું કે અમે ઘટનાસ્થળે ૧૪ ફાયર ટેન્ડર મોકલાવ્યા હતા. આગ બપોરના ૨.૧૦ કલાકે કાબૂમાં આવી હતી. ૨૦૨૦માં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ અપાર્ટમેન્ટ કોમ્પલેક્સનું ઉદઘાટન કર્યું હતું. અપાર્ટમેન્ટના (જુઓ પાનું ૨) ▸▸

# જીએસટી ઘટતા ઈલેક્ટ્રોનિક્સ ચીજોની ₹ ૨૦ લાખ કરોડની વધારાની ખરીદી નીકળશે

## જીએસટી દરમાં ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચ્યોઃ સરકારની બારીક નજર

નવી દિલ્હીઃ જીએસટી દરમાં ઘટાડાનો લાભ ઓછા ભાવના રૂપમાં ગ્રાહકો સુધી પહોંચી રહ્યા હોવાનું નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે જણાવ્યું હતું.

સીતારમણે જીએસટી બચત ઉત્સવ પર એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું કે ૨૨ સપ્ટેમ્બરના રોજ જીએસટી દરો લાગુ થયા પછી સરકાર દેશભરમાં ૫૪ વસ્તુઓના ભાવ ઘટાડા પર નજર રાખી રહી છે. જીએસટી દરોમાં ઘટાડાથી ખરીદીમાં વધારો થયો છે. ઉપભોગ ઝુંબેશ ચાલુ રહેશે. તેમણે વધુમાં જણાવ્યું કે અમને વિશ્વાસ છે કે આ બધી વસ્તુઓ પર (જુઓ પાનું ૨) ▸▸

નવી દિલ્હી : સરકારે ગયા મહિને કરેલા જીએસટી સુધારાને લીધે ઈલેકટ્રોનિક્સમાં ૨૦ લાખ કરોડ રૂપિયાનો વધારાની ખરીદી નીકળે એવી સંભાવના છે, એવી માહિતી કેન્દ્રમાં ઈલેકટ્રોનિક્સ અને આઈટી મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવે શનિવારે આપી હતી.

પ્રધાને કહ્યું હતું કે રિટેલ ચેનના ડેટા બતાડે છે કે ગઈ નવરાત્રિની સરખામણીમાં વેચાણ ૨૦-૨૫ ટકા વધી ગયું છે અને ૮૫ ઈંચ ટીવી જેવી અનેક કેટેગરીમાં માલ સંપૂર્ણપણે વેચાઈ જતાં પુરવઠો જ નથી. વૈષ્ણવે કહ્યું હતું કે ઈલેકટ્રોનિકસની માગ ઈલેકટ્રોનિક્સના ઉત્પાદનને સીધી પ્રભાવિત કરી રહી છે. આ ઉત્પાદન ગયા વર્ષની સરખામણીમાં દ્વિઆંકડાના કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ (જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૯-૧૦-૨૦૨૫ થી તા. ૨૫-૧૦-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ સ્થિર ગતિએ સિંહ રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી બુધ કર્ક રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. વક્રી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. સપ્તાહના પ્રારંભે ચંદ્ર વૃષભ રાશિમાં પ્રવેશે છે. તા. ૨૨મીએ મિથુન રાશિમાં પ્રવેશે છે. તા. ૨૪મીએ કર્ક રાશિમાં પ્રવેશે છે, તા. ૨૬મીએ સિંહ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં તેજીના વેપારમાં સફળતા જણાશે. તા. ૨૦મીએ નોકરીમાં અનુકૂળતા રહેશે અને સફળતા જણાશે. કારોબારમાં નાણાં વ્યવહાર સરળતાથી સંપન્ન થતો જણાશે. વેપાર વધશે. કાર્યક્ષેત્રે યશસ્વી અનુભવ કરશો. મહિલાઓને વડીલોનો અને પરિવારજનોનો સાથ સહકાર પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણની તૈયારીઓ માટે માર્ગદર્શન મેળવી શકશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણની તક મેળવી શકશો. તા. ૨૧મીએ શુભ નિર્ણયો લઈ શકશો. નોકરીમાં નવીન તક પ્રાપ્ત થશે. કારોબારમાં નવીન ભાગીદારીનો સાથ સહકાર પ્રાપ્ત થશે. સપ્તાહના પ્રવાસ એકંદરે સફળ બની રહેશે. મહિલાઓને સંતાનની જવાબદારી પ્રત્યે યોગ્ય નિર્ણય લઈ શકશો. વિદ્યાર્થીઓને અભ્યાસક્ષેત્રે શિક્ષક તથા મિત્રનો સાથ સહકાર પ્રાપ્ત થશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવાં નાણાં રોકાણ માટે સફળ અનુભવ કરશો. તા. ૨૨, ૨૩ અને ૨૪ના કામકાજ એકંદરે શુભ પુરવાર થશે. મુસાફરીમાં ધાર્યા મુજબની સફળતાના અનુભવો થાય. સ્વતંત્ર કારોબારની નાણાંઆવકની વૃદ્ધિ થશે. કોર્ટ-કાયદાના પ્રશ્નનો ઉકેલ આવશે. મહિલાઓનો તીર્થપ્રવાસ પ્રાસંગિક જવાબદારીઓ પૂર્ણ થતી જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસ તથા હરીફાઈની પ્રવૃત્તિમાંઓમાં સફળતા મેળવશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ અને વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે આ સપ્તાહ શુભ પુરવાર થશે. તા. ૨૩મીએ કાર્યક્ષેત્રે નાણાંની જવાબદારીએ પરત્વે સંભાળવું જરૂરી છે. સપ્તાહમાં વેપારક્ષેત્રે ભાગીદારનો સહયોહ મેળવી શકશો. નોકરીમાં મહિલાઓને સફળતા જણાશે. પ્રવાસ માટે યોગ્ય સમય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ અધ્યયન ક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં રોકાણ માટે નાણાંની વ્યવસ્થા થઈ શકશે. તા. ૨૧, ૨૨મીએ લાંબા અંતરનો પ્રવાસ સફળ બની રહેશે. નોકરીના પ્રશ્નો હળવા થશે. ઉપરી અધિકારીનો સહકાર પ્રાપ્ત થશે. વેપારના કામકાજમાં પ્રગતિ થશે. આર્થિક વ્યવહારો પણ સરળતાથી પૂર્ણ કરી શકશો. નવા વ્યવસાયના સંબંધો નિર્માણ થશે. મહિલાઓને પરિવાર માટે જરૂરી સાધનો મેળવી શકશો. પ્રસંગોમાં વડીલોનો સાથ સહકાર મેળવી શકશો. વિદ્યાર્થીઓ અભ્યાસની પ્રવૃત્તિમાં શિક્ષકનું યોગ્ય માર્ગદર્શન મેળવી શકશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ શક્ય છે. નોકરીમાં મોટા નિર્ણયો લેવામાં સરળતા જણાશે. આ સપ્તાહમાં નાણાં વ્યવહાર સફળતાથી સંપન્ન થશે. ભાગીદાર વેપારના નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓને કાર્યક્ષેત્રે સફળતા રહેશે. પ્રવાસ સફળ રહેશે. વિદ્યાર્થીઓ અધ્યયન, વાંચનમાં એકાગ્રતા દાખવી શકશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવાં રોકાણ માટેની સફળ તક જણાય છે. નોકરીમાં સહકાર્યકરોનો સાથ સહકાર પ્રાપ્ત થશે. નાણાં ક્ષેત્રે સંભાળવું જરૂરી છે. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. નવા કારોબારનો પ્રારંભ પણ શક્ય જણાય છે. ભાગીદારીના સંબંધનો સુખદ અનુભવ થશે. મહિલાઓ આ સપ્તાહમાં નવા કારોબારનો પ્રારંભ કરી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષક અધિકારીનું પ્રોત્સાહન મળી રહેશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં તેજીના વેપારમાં સફળતા જણાશે. રોકાણ લાભદાયી નીવડશે. નોકરીમાં પ્રગતિ શક્ય છે. ઉપરી અધિકારીનો સાથ સહકાર મેળવશો. વ્યવસાયના આર્થિક વ્યવહારો સફળતાથી પૂર્ણ થાય. મિલકતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓ નોકરી ક્ષેત્રે સફળતાનો અનુભવ કરશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસમાં સફળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારમાં સફળતા જણાશે. આ સપ્તાહમાં નોકરીની પ્રવૃત્તિઓ નિયમિતપણે જળવાઈ રહેશે. અધિકારી તથા સહકાર્યકરોનો સહયોગ મેળવશો. અધૂરાં કાર્યો પૂર્ણ કરવામાં સફળતા જણાશે. આર્થિક વ્યવહારો સફળ બની રહેશે. ગૃહિણીઓના આ સપ્તાહના કુટુંબના સભ્યો સાથેના વ્યવહાર વધુ સુખદ પુરવાર થશે. વિદ્યાર્થીઓને અભ્યાસની પ્રવૃત્તિઓમાં સફળતા મળશે.

મકર (ખ. જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અનુભવ, જ્ઞાન, કાર્યદક્ષતા મુજબ સફળ નિર્ણયો લઈ શકશો. નોકરીમાં આત્મવિશ્વાસપૂર્વક જવાબદારીઓ નિભાવી શકશો. પરિવારના કામકાજમાં પ્રગતિ જળવાશે. આ સપ્તાહનો સંપૂર્ણ સમય ધાર્મિક કાર્યોમાં અનુરૂપ છે. મહિલાઓને પરિવારજનો કારોબારમાં ઉપયોગી થાય. પ્રવાસ એકંદરે સફળ બની રહેશે. કિંમતી ચીજોની ખરીદી માટે આ સમય અનુકૂળ છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનમાં વડીલોનો સાથ સહકાર પ્રાપ્ત થશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં રોકાણના નિર્ણયો સાવચેતીપૂર્વક લેવા જરૂરી છે. નોકરી ક્ષેત્રે આત્મવિશ્વાસ દઢ પુરવાર થશે. નોકરીમાં ઉપરી અધિકારીનો સાથ સહકાર પ્રાપ્ત થશે. ધાર્મિક પ્રવૃત્તિઓ માટે પ્રવાસ શક્ય છે. કારોબારની નાણાં આવક જળવાઈ રહેશે. જૂની ઉઘરાણીની વસૂલી શક્ય છે. મહિલાઓ કાર્યક્ષેત્રે સફળતા અનુભવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસની મૂંઝવણમાં માર્ગદર્શન પ્રાપ્ત થશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત કરી શકશો. નોકરીમાં સહકાર્યકરો સાથેનો સાથ સહકાર મળશે. તા. ૧૯ અને ૨૦મીએ વેપારમાં ભાગીદાર સાથે સફળ નિર્ણયો લઈ શકશો. કુટુંબના સભ્યોની પ્રગતિ જળવાશે. નવાં ક્ષેત્રો, નવા વ્યવસાયનો પ્રારંભ થાય. મહિલાઓ પરિવાર માટે જરૂરી સાધન સામગ્રી મેળવી શકશે. આરોગ્ય અંગે કાળજી લેવી જરૂરી છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં પરીક્ષાત્મક પ્રવૃત્તિઓ માટે માર્ગદર્શન લેવું જરૂરી છે. ■

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર શરદઋતુ, રવિવાર, તા. ૧૯-૧૦-૨૦૨૫, કાળી ચૌદસ, શિવરાત્રિ

ભારતીય દિનાંક ૨૭, માહે આશ્વિન, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ-૧૩

જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ-૧૩

પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૯મો આદર, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭

મીસરી રોજ ૨૭મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭

નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સાંજે ક. ૧૭-૪૯ સુધી, પછી હસ્ત

ચંદ્ર કન્યામાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૯, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતીઃ સવારે ક. ૧૦-૪૦, રાત્રે ક. ૨૩-૧૬

ઓટઃ સાંજે ક. ૧૭-૦૦, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૪ (તા. ૨૦)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - ત્રયોદશી. કાળી ચૌદસ, શિવરાત્રિ, ભદ્રા ક. ૧૩-૫૧થી ૨૬-૪૫, અમૃતસિદ્ધિયોગ સાંજે ક. ૧૭-૫૦થી સૂર્યોદય. સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ ગાયત્રી માતાનું પૂજન, જાપ, હવન, શિવરાત્રિ, દીપદાન, ઉલ્કાદર્શન વિષ્ટિ ક. ૧૩-૫૧ થી ક. ૨૬-૪૫, ઈષ્ટ દેવતાનું પૂજન, મંત્રજાપ, અનુષ્ઠાન, મહાકાલી માતાની, હનુમાનજીની પૂજા, પીપળાનું પૂજન. કાળી ચૌદસની પૂજા પરંપરા અનુસાર યોગ્ય મુહૂર્તમાં કરવી. ભગવાન સૂર્યનારાયણનું પૂજન, સૂર્યપૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. સ્થિર કાર્યો, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહિ. નવા વસ્રો, આભૂષણ, મિત્રતા કરવી. નોકરી, બાળકના નામકરણ, દેવદર્શન, રાજ્યાભિષેક, પાટઅભિષેક, પૂજા, બગીચો બનાવવો.

આચમનઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ મોટી આશા રાખનારા, ચંદ્ર-નેપ્ચ્યૂન પ્રતિયુતિ અનીતિમાન, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ ગહનતાપ્રિય, ચંદ્ર-શુક્ર યુતિ લોકોમાં માનીતા

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચ્યૂન પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર યુતિ

ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-તુલા, માર્ગી બુધ-તુલા, ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૯-૧૦-૨૦૨૫ થી તા. ૨૫-૧૦-૨૦૨૫

રવિવાર, આશ્વિન કૃષ્ણ-૧૩, વિ. સં. ૨૦૮૧, તા. ૧૯મી ઓક્ટોબર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સાંજે ક. ૧૭-૪૯ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. કાળી ચૌદસ, શિવરાત્રિ, ભદ્રા ક. ૧૩-૫૧થી ૨૬-૪૫, અમૃતસિદ્ધિયોગ સાંજે ક. ૧૭-૫૦થી સૂર્યોદય. ગાયત્રી માતાનું પૂજન, જાપ, હવન, શિવરાત્રિ, દીપદાન, ઉલ્કાદર્શન, ઈષ્ટ દેવતાનું પૂજન, મંત્રજાપ, અનુષ્ઠાન, મહાકાલી માતાની, હનુમાનજીની પૂજા, પીપળાનું પૂજન. કાળી ચૌદસની પૂજા પરંપરા અનુસાર યોગ્ય મુહૂર્તમાં કરવી. ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી માતાનું પૂજન, પીપળાનું પૂજન, સૂર્યપૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. સ્થિર કાર્યો, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહિ. નવા વસ્રો, આભૂષણ, મિત્રતા કરવી. નોકરી, બાળકના નામકરણ, દેવદર્શન, રાજ્યાભિષેક, પાટઅભિષેક, પૂજા, બગીચો બનાવવો. શુભ દિવસ.

સોમવાર, આશ્વિન કૃષ્ણ-૧૪, તા. ૨૦મી, નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૨૦-૧૬ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. નરક ચતુર્દશી, ચંદ્રોદય પ્રાતઃ ૦૫-૨૩. અભ્યંગ સ્નાન, દિવાળી, લક્ષ્મી વ ઈન્દ્રપૂજન, મહાવીર નિર્વાણદ્નિ. શુભ દિવસ. લક્ષ્મી વ ઈન્દ્ર પૂજા. કંપનીના, કોમ્પ્યુટર, સ્ટેશનરીનું, સુવર્ણ આદિ ધનપૂજન આજના દિવાળીના પવિત્ર પર્વમાં બ્રાહ્મણ દ્વારા શાસ્રોક્ત ચોપડાપૂજન કરવું, પ્રદોષ સમયમાં દીપદાનનો મહિમા. (સૂર્યાસ્તઃ ક. ૧૮-૧૧). મુહૂર્ત શ્રેષ્ઠ દ્નિ. ચોપડા પૂજનનાં મુહૂર્તો આ પ્રમાણે છેઃ (૧) સવારે ક. ૦૬-૩૫ થી ક. ૦૮-૦૨ (અમૃત) (૨) સવારે ક. ૦૯-૨૯ થી ક. ૧૦-૫૬ (શુભ) (૩) બપોરે ક. ૧૩-૫૦ થી ક. ૧૫-૧૭ (ચલ) (૪) બપોરે ક. ૧૫-૧૭ થી સાંજે ક. ૧૬-૪૪ (લાભ) (૫) સાંજે ક. ૧૬-૪૪ થી ક. ૧૮-૧૧ (અમૃત) (૬) સાંજે ક. ૧૮-૧૧ થી રાત્રે ક. ૧૯-૪૪ (ચલ) (૭) રાત્રે ક. ૨૨-૫૦ થી મધ્યરાત્રે ક. ૦૦-૨૩ (લાભ) (૮) મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૬ થી ક. ૦૩-૨૯ (તા.૨૧) (શુભ) (૯) મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૯ થી ક. ૦૫-૦૨ (તા.૨૧)(અમૃત) (૯) મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૨ થી ક. ૦૬-૩૫ (તા.૨૧) (ચલ) દિવાળી પર્વના સ્થિર લગ્નો, સ્થિર નવમાંશ (૧) સવારે ક. ૦૮-૩૭ થી ક.૧૦-૫૨ (વૃશ્ચિક) (૨) બપોરે ક. ૧૪-૪૮ થી સાંજે ક. ૧૬-૨૪ (કુંભ) (૩) રાત્રે ક. ૧૯-૪૨ થી ક. ૨૧-૪૨ (વૃષભ) (૪) મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૨ થી ક. ૦૪-૨૦ (તા. ૨૧) (સિંહ) (૫) વૃષભ લગ્ન, કુંભ નવમાંશ રાત્રે ક. ૧૯-૫૪ થી ક.૨૦-૦૭ (૬) વૃષભ લગ્ન, વૃષભ નવમાંશ રાત્રે ક. ૨૦-૩૩ થી ક. ૨૦-૪૬ (૭) વૃષભ લગ્ન સિંહ નવમાંશ રાત્રે ક. ૨૧-૧૩ થી ક. ૨૧-૨૭ (૮)સિંહ લગ્ન, વૃષભ નવમાંશ ક. ૦૨-૨૨ થી ક. ૦૨-૨૭(તા. ૨૧મી) (૯)સિંહ લગ્ન, સિંહ નવમાંશ ક. ૦૩-૦૫ થી ક. ૦૩-૧૯ (તા. ૨૧મી) (૧૦) સિંહ લગ્ન, વૃશ્ચિક નવમાંશ ક. ૦૩-૪૮ થી ક. ૦૪-૦૨ (તા. ૨૧મી) (૧૧) વૃશ્ચિક લગ્ન,સિંહ નવમાંશ સવારે ક. ૦૮-૫૨ થી ક. ૦૯-૦૭ (૧૨)વૃશ્ચિક લગ્ન, વૃશ્ચિક નવમાંશ સવારે ક. ૦૯-૩૬ થી ક.૦૯-૫૧ (૧૩)વૃશ્ચિક લગ્ન, કુંભ નવમાંશ સવારે ક. ૧૦-૨૧ થી ક. ૧૦-૩૬ (૧૪) કુંભ લગ્ન, વૃશ્ચિક નવમાંશ બપોરે ક. ૧૪-૫૯ થી ક. ૧૫-૧૦ (૧૫) કુંભ લગ્ન, કુંભ નવમાંશ બપોરે ક. ૧૫-૩૨ થી ક. ૧૫-૪૨, (૧૬) કુંભ લગ્ન વૃષભ નવમાંશ સાંજે ક.૧૬-૦૪ થી ક. ૧૬-૧૫

મંગળવાર, આશ્વિન કૃષ્ણ-૩૦, તા. ૨૧મી, નક્ષત્ર ચિત્રા રાત્રે ક. ૨૨-૫૮ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં સવારે ક. ૦૯-૩૫ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. અમાવસ્યા. દર્શ અમાવસ્યા, અન્વાધાન, કેદાર ગૌરીવ્રત (દક્ષિણ ભારત). શુભ દિવસ.

બુધવાર, કાર્તિક શુક્લ-૧, તા. ૨૨મી, નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૧ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. મુહૂર્ત શ્રેષ્ઠ દ્નિ. નૂતન વર્ષાભિનંદ્ન, વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, મહાવીર જૈન સંવત્સરારંભ ૨૫૫૨, દિવાળી પડવો, કાર્તિક શુક્લાદિ, બલિપૂજન, ગોવર્ધન પૂજા, ગૌક્રીડા, અભ્યંગ સ્નાન, અન્નકૂટ, ઈષ્ટિ. કુલાચાર પ્રમાણે મિતિ નાખવી - કાંટો બાંધવો - નવા વર્ષના વેપારનો પ્રારંભ કરવો. મુર્હૂત સમયઃ (૧) સવારે ક. ૦૬-૩૬ થી ક. ૦૮-૦૨ (લાભ) (૨) સવારે ક. ૦૮-૦૨ થી ક. ૦૯-૨૮ (અમૃત) (૩) સવારે ક. ૧૦-૫૪ થી ક. બપોરે ૧૨-૨૦ (શુભ) (૪) બપોરે ક. ૧૫-૧૬ થી ક. સાંજે ૧૬-૩૯ (ચલ) (૫) સાંજે ક. ૧૬-૩૯ થી ક. ૧૮-૧૦ (લાભ)

ગુરુવાર, કાર્તિક શુક્લ-૨, તા. ૨૩મી, નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૫૦ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં રાત્રે ક. ૨૨-૦૫ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. ચંદ્રદર્શન, મું. ૪૫, સમર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૬૨ અંશ, ભાઈબીજ, યમદ્વિતિયા, ભારતીય કાર્તિક માસારંભ, સૂર્ય સાયન વૃશ્ચિકમાં સવારે. ક. ૦૯-૨૨. સૌર હેમંત ઋતુ પ્રારંભ, વિંછુડો પ્રારંભ ક. ૨૨-૦૫.

શુક્રવાર, કાર્તિક શુક્લ-૩, તા. ૨૪મી, નક્ષત્ર અનુરાધા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. તૃતીયા. વિંછુડો, સૂર્ય સ્વાતિમાં સવારે ક. ૦૬-૪૧, વાહન દેડકો. બુધ વૃશ્ચિકમાં સવારે ક. ૧૨-૩૮. મુસ્લિમ ૫મો જમાદિલ અવ્વલ માસારંભ.

શનિવાર, કાર્તિક શુક્લ-૧, તા. ૨૫મી, નક્ષત્ર અનુરાધા સવારે ક. ૦૭-૫૧ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, વિંછુડો, ભદ્રા ક. ૧૪-૩૫થી ૨૭-૪૯. ■

# પુતિન હંગેરીમાં ટ્રમ્પને મળવા જશે ત્યારે તેમની ધરપકડ થશે?

વૉશિંગ્ટનઃ અલાસ્કામાં મંત્રણા વિફળ થયા બાદ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને તેમના રશિયન સમકક્ષ વ્લાદિમિર પુતિન યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધના સંભવિત અંતની ચર્ચા કરવા હવે હંગેરીમાં વાતચીત કરવાના છે. જોકે સ્થળની પસંદગી ચર્ચાસ્પદ રહી છે. સૈદ્ધાંતિક રૂપે જોઈએ તો પુતિનને વૉર ક્રાઈમનો દોષી ગણવામાં આવે છે અને ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (આઈસીસી)એ તેમની સામે અરેસ્ટ વૉરંટ જારી કર્યું છે. આ કારણથી પુતિન હંગેરી જાય તો તેમની ધરપકડ થઈ શકે.જોકે આવો ડ્રામા થવાની સંભાવના ઓછી છે. ક્રેમલિને વ્યવહારુ અને કાનૂની અડચણો અને યુરોપિયન યુનિયનના પ્રતિબંધો પાર કરીને બુડાપેસ્ટ જવું પડશે.

આઈસીસી ૨૦૨૩માં વૉરંટ બહાર પાડ્યું હતું જેના આધારે કથિત યુદ્ધ અપરાધો અને યુદ્ધ દરમિયાન યુક્રેનના બાળકોની ગેરકાયદે વસાહત બદલ પુતિનની ધરપકડ થઈ શકે. જોકે આઈસીસી પાસે ધરપકડની સત્તા નથી કારણ કે તેની પાસે કોઈ ફોર્સ કે એજન્સી નથી. આથી વૉરંટનો અમલ કરવાનું દાયિત્વ સભ્યદેશો પર છે. આમ તો હંગેરી અને તેના પડોશી દેશ સર્બિયા અને રૂમાનિયા પુતિનની ધરપકડ કરવા બંધાયેલા છે. જર્મની તો હંગેરીને પુતિનની ધરપકડ કરવાનું કહી ચુક્યું છે. જોકે હંગેરી આમ નહીં કરે. હંગેરીએ ૧૯૯૮ની રોમ સંધી પર સહી જરૂર કરી છે, પરંતુ તેણે આઈસીસી સાથે છેડો ફાડવાની પ્રક્રિયા શરૂ કરી છે. જોકે પ્રોસેસને અમલમાં મૂકવામાં એક વર્ષ લાગી ગયું. હંગેરીના વડા પ્રધાન વિક્ટર ઓરબાન અમેરિકાના સહયોગી છે એટલું જ નહીં, પરંતુ તેમને રશિયા સાથે પણ ગાઢ મિત્રતા છે. હંગેરીએ પુતિનનું રક્ષણ કરવાની ખાતરી આપી છે. ઓરબાને ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુનો દાખલો આપ્યો છે. નેતન્યાહુ સામે પણ આઈસીસીએ વૉરંટ બહાર પાડ્યું છે. આમ છતાં એપ્રિલમાં તેમણે હંગેરીની યાત્રા કરી હતી. ઓરબાને ટ્રમ્પ અને પુતિન બન્ને સાથે વાતચીત કરી છે અને હાઈ પ્રોફાઈલ મીટિંગ માટે આધાર તૈયાર કરવાનું શરૂ કર્યું છે.

## જેએમએમનો 'ઈન્ડિ'ને આચકોઃ બિહારમાં એકલે હાથે ચૂંટણી લડશે

રાંચીઃ જેએમએમએ બિહાર વિધાનસભાની ચૂંટણી એકલે હાથે લડવાનો શનિવારે નિર્ણય લીધો હતો. તેણે જણાવ્યું હતું કે અમે ઝારખંડમાં કૉંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ સાથેની યુતિની 'સમીક્ષા' કરીશું. આમ તેણે 'ઇન્ડિ' જોડાણને આચકો આપ્યો હતો.

જેએમએમના મહામંત્રી સુપ્રિયો ભટ્ટાચાર્યે જણાવ્યું હતું કે બિહારમાં અમારા પક્ષના છ ઉમેદવારને ચૂંટણીમાં ઊભા રાખીશું.

બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠકની ચૂંટણી છ અને ૧૧ નવેમ્બરે યોજાવાની છે અને ૧૪ નવેમ્બરે મતગણતરી કરાશે.

ભટ્ટાચાર્યે જણાવ્યું હતું કે અમે છ બેઠક - ચકાઇ, ધમડાહા, કટોરિયા (અનુસૂચિત જનજાતિ), મનિહારિ (અનુસૂચિત જનજાતિ), જમુઇ અને પીરપૈન્તી (અનુસૂચિત જાતિ) પરથી પક્ષના ઉમેદવારો ઊભા રાખીશું. આ બધી બેઠક પર ૧૧ નવેમ્બરે મતદાન થવાનું છે. (એજન્સી)

# ઘૂસણખોરી આસામમાં બંધ, પ. બંગાળમાં ચાલુઃ અમિત શાહ

પટણાઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે દાવો કર્યો હતો કે ભાજપ શાસિત આસામમાં ઘૂસણખોરી બંધ થઈ ગઈ છે, પરંતુ પડોશી પશ્ચિમ બંગાળમાં તે ચાલુ છે કારણ કે ત્યાંની સરકાર ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સનું લાલ જાજમ પર સ્વાગત કરી રહી છે.

પટનામાં એક મીડિયા કોન્ક્લેવને સંબોધતા, તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની મત ચોરી પર ટીકા છોડી દેવા બદલ મજાક ઉડાવી, અને પુનરોચ્ચાર કર્યો હતો કે મતદાર યાદીના ખાસ સઘન સંશોધન (એસઆઇઆર) થી ઘૂસણખોરોને બહાર કાઢવામાં આવશે.

તે આશ્ચર્યજનક છે કે વિપક્ષને ચૂંટણી પંચ દ્વારા શરૂ કરાયેલી કવાયતથી પેટમાં દુખાવો થઈ રહ્યો છે, જે ઘૂસણખોરોને બહાર કાઢશે. હું એસ આઇ આર કવાયતના સંપૂર્ણ સમર્થનમાં છું, જે આખરે સમગ્ર દેશમાં થશે,'' એમ તેમણે કોન્ક્લેવમાં કહ્યું.

જોકે, શાહને વિપક્ષના આરોપની યાદ અપાવતા ગુસ્સો આવ્યો હતો કે જો દેશમાં ઘૂસણખોરો હોય, તો દોષ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર હોવો જોઈએ, જે ૧૧ વર્ષથી કેન્દ્રમાં સત્તામાં છે.

### 'જમ્મુ-કાશ્મીરને યોગ્ય સમયે રાજ્યનો દરજ્જો'

પટણાઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે જમ્મુ અને કાશ્મીરને યોગ્ય સમયે રાજ્યનો દરજ્જો આપવાનું અને કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના લોકો દ્વારા ઉઠાવવામાં આવેલી માગણીઓનું યોગ્ય નિરાકરણ લાવવાનું વચન આપ્યું હતું.પટનામાં એક મીડિયા કોન્ક્લેવમાં બોલતા, તેમણે એવો પણ દાવો કર્યો હતો કે કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી, આતંકવાદથી પ્રભાવિત જમ્મુ અને કાશ્મીર યુ-ટર્ન લઈ ચૂક્યું છે અને છેલ્લા નવ મહિનામાં કોઈ સ્થાનિક આતંકવાદીની ભરતી કરવામાં આવી નથી.

આ એક ગુણાત્મક પરિવર્તન છે જે જમ્મુ અને કાશ્મીરમાં થયું છે, જ્યાં ૧૯૯૦ના દાયકાથી અલગતાવાદ ફેલાઈ રહ્યો હતો. પહેલા પાકિસ્તાનને સરહદ પારથી આતંકવાદીઓ મોકલવાની કોઈ જરૂર નહોતી લાગી. તેઓ આપણા બાળકોના હાથમાં હથિયારો આપતા હતા.

## પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાનની

છે. ભૂમિદળ, નૌકાદળ અને હવાઇદળમાં સમાવાયેલા બ્રહ્મોસ મિસાઇલ દેશની સુરક્ષાના 'આધાર સ્થંભ' બની ગયા છે.

સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે ભારતની સંરક્ષણ ક્ષમતા હવે તાકાતવાળી 'ડારકશક્તિ' બની ગઇ છે. ભારતની શક્તિની જાણ પાકિસ્તાનને થઇ ગઇ છે. ઑપરેશન સિંદૂરે સાબિત કર્યું હતું કે 'વિજય' મેળવવો એ ભારતની આદત બની ગઇ છે. તેનાથી સમગ્ર વિશ્વને બ્રહ્મોસ મિસાઇલની તાકાતનો અંદાજ આવી ગયો છે. ભારતે ઑપરેશન સિંદૂર વખતે સ્વદેશી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઇલની મદદથી પાકિસ્તાનના ઍર બેઝનો નાશ કર્યો હતો. રાજનાથ સિંહે જણાવ્યું હતું કે લખનઊ માત્ર મારો સંસદીય મતવિસ્તાર જ નથી, પરંતુ મારો 'આત્મા' છે. લખનઊ શહેર ટૅક્નોલૉજી, ઉદ્યોગ ઉપરાંત સંસ્કૃતિ અને પરંપરાનું કેન્દ્ર બની ગયું છે.મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે આજનો દિવસ ઉત્તર પ્રદેશ માટે ગૌરવનો દિવસ છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'મેક ઇન ઇન્ડિયા'ના વિચારને સાકાર કરાયો છે. ઉત્તર પ્રદેશ સ્વદેશી શસ્રોનાં ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. (એજન્સી) ■

### નાની ઉશ્કેરણીનો

પાકિસ્તાન મિલિટરી એકેડેમીમાં પાસ થનારા લશ્કરી જવાનોની ગ્રેજ્યુએશન સેરમનીમાં બોલી રહ્યા હતા.

તેમણે કહ્યું હતું કે હું ભારતીય લશ્કરના નેતૃત્વને સલાહ સાથે મક્કમ ચેતવણી આપું છું કે અણુમય વાતાવરણમાં યુદ્ધને માટે કોઈ અવકાશ નથી. અમે આડંબરી વાતોથી ન તો ડરીએ છીએ કે સખતાઈને વશ થઈએ છીએ.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની તાજેતરની અથડામણનો ઉલ્લેખ કરીને મુનિરે દાવો કર્યો હતો કે મારા દેશના લશ્કરી દળોએ બધી ધમકીને નિષ્ક્રિય બનાવીને 'ઉલ્લેખનીય વ્યવસાયકિપણું' અને 'વ્યાપક ક્ષમતા' દાખવી હતી અને સંખ્યાની દૃષ્ટિએ બહેતર શત્રુની સામે વિજયી થયા હતા. ભારતે ૨૨ એપ્રિલના પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં સાત મેએ પાકિસ્તાનમાંના અને પાકિસ્તાનના તાબા હેઠળના કાશ્મીરના આતંકવાદી અડ્ડાઓને લક્ષ્ય બનાવીને ઑપરેશન સિંદૂર લોન્ચ કર્યું હતું. આતંકવાદી હુમલામાં ૨૬ નાગરિકો મરણ પામ્યાં હતાં. ૧૦ મેએ બન્ને દેશના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સ વચ્ચેની સીધી વાતચીત પછી યુદ્ધવિરામ જાહેર કરવામાં આવ્યો હતો. મુનિરે આક્ષેપ કર્યો હતો કે ભારત પાકિસ્તાનને અસ્થિર કરવા આતંકવાદનો હથિયાર તરીકે ઉપયોગ કરે છે. તેમણે કહ્યું હતું કે ગણ્યાગાંઠ્યા આતંકવાદીઓ પાકિસ્તાનને નુકસાન ન પહોંચાડી શકે . તેમણે ચેતવણી આપી હતી કે અફઘાનની ધરતી વાપરનારા બધા પ્રોક્સીનો ધૂળ ચાટતા કરવામાં આવશે. તેઓ તહેરીક-એ-તલિબાન'નો ઉલ્લેખ કરી રહ્યા હતા. મુનિરે ભારતને પાયાની બાબતને આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ ઉકેલવાની વિનંતી કરી હતી. તેઓ કાશ્મીરનો ઉલ્લેખ કરી રહ્યા હતા. તેમણે જમ્મુ અને કાશ્મીરના લોકોને નૈતિક અને રાજદ્વારી ટેકો આપવાની પાકિસ્તાનની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. (એજન્સી) ■

### જીએસટી ઘટતા

(સીએજીઆર)થી વધી રહ્યું છે. બાવીસ સટેમ્બરથી અમલમાં આવેલા જીએસટી સુધારાને લીધે થયેલી બચત પર નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ અને કોમર્સ મિનિસ્ટર પીયૂષ ગોયલ સાથે પત્રકાર પરિષદને વૈષ્ણવ સંબોધી રહ્યા હતા. (એજન્સી) ■

### સાંસદોના

રહેવાસીઓએ દાવો કર્યો હતો કે સ્ટીલ્ટ ફ્લોર પરના અમુક પલંગમાં ફટાકડાને લીધે આગ લાગી હતી. તસવીરમાં મકાનમાંથી કાળો ધુમાડો નીકળતો દેખાય છે. આસપાસના વિસ્તારમાં કાળા ધુમ્મસ જેવું દેખાતું હતું. ડીપીએસ અધિકારીએ કહ્યું હતું કે અમે આવ્યા ત્યારે અમને સ્ટીલ્ટ ફ્લોરમાં ઘરેલુ વસ્તુમાં આગ લાગેલી જોઈ. જ્વાળા ઉપર જતી હતી અને ઉપલા માળને નુકસાન થયું હતું. આગનું કારણ દિલ્હી પોલીસ શોધી રહી છે. બે દાઝેલા બાળકોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સ્ટાફ નીચેના ત્રણ ક્વોટર્સમાં અને સાંસદો ઉપલા માળમાં રહે છે. (એજન્સી)

### ભારત-અમેરિકા

માગણી કરી રહ્યું હોવા વચ્ચે ગોયલે કરેલા આ નિવેદનને મહત્ત્વનું માનવામાં આવી રહ્યું છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલના વડપણ હેઠળની ભારતની સત્તાવાર ટીમ આ અઠવાડિયે દ્વિપક્ષી વાટાઘાટ માટે વૉશિંગ્ટન પહોંચી હતી. પ્રથમ તબક્કાની વાટાઘાટ પૂરી કરવા માટે તેમણે ઑક્ટોબર-નવેમ્બર ૨૦૨૫ની સમયમર્યાદા મુકરર કરી હતી. પ્રસ્તાવિત કરારનું લક્ષ્ય દ્વિપક્ષી વેપાર હાલના ૧૯૧ અબજ ડૉલરથી વધારીને વર્ષ ૨૦૩૦ સુધીમાં બમણાં કરતાં પણ વધુ એટલે કે ૫૦૦ અબજ ડૉલર કરવાનું છે. (એજન્સી) ■

### ભારતે રશિયા પાસેથી

અને જણાવ્યું હતું કે ભારત બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને પોતાના ઊર્જા સ્રોતોમાં વૈવિધ્ય લાવી રહ્યું છે.

ટ્રમ્પે ભારત દ્વારા રશિયા પાસેથી ખનિજ તેલની કરાતી ખરીદીને કારણે નવી દિલ્હી પર પચાસ ટકા ટૅરિફ લાદી હતી અને તેને લીધે બન્ને દેશના સંબંધ વણસ્યા હતા.

ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ પોતાના પ્રયાસથી અટક્યું હોવાના દાવાનો પુનરુચ્ચાર કર્યો હતો.

ટ્રમ્પે જણાવ્યું હતું કે પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે કહ્યું હતું કે મેં (અમેરિકાના પ્રમુખે) દરમિયાનગીરી કરીને લાખો લોકોના જાન બચાવ્યા છે.

ભારતે આ સંબંધમાં સ્પષ્ટતા કરી હતી કે પાકિસ્તાનના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશનની વિનંતિને પગલે જ ભારતે લશ્કરી કાર્યવાહી અટકાવી હતી.

દરમિયાન, ટ્રમ્પે જણાવ્યું હતું કે હું જાણું છું કે પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાન પર હુમલા કરાઇ રહ્યા છે, પણ આ બે દેશ વચ્ચેની લડાઇ રોકવી મારા માટે સરળ છે. તેમણે પોતાને શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર નહિ મળવા બદલ નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મેં આઠ યુદ્ધ અટકાવ્યા છે. અમુક લોકો મને કહે છે કે તમે (ટ્રમ્પ) આ યુદ્ધ રોકશો, તો તમને નોબેલ પ્રાઇઝ મળશે, પરંતુ હું તે લડાઇ અટકાવું તે પછી લોકો મારા કાર્યને ભૂલી જાય છે. આ બહુ વિચિત્ર ગણાય. આ રીતે મેં આઠ યુદ્ધવિરામ કરાવ્યા છે. (એજન્સી) ■

### 'જૈસે થે'

વિનંતી કરી હતી અને આડકતરો ઈશારો કર્યો હતો કે કબજે કરેલી જમીન રશિયા પોતાની પાસે રાખી શકે છે. વર્તમાન પરિસ્થિતિમાં બંને દેશે વધુ લોહી વહાવવાને બદલે યુદ્ધ રોકીને ઘરે-પરિવારજનો પાસે જતાં રહેવું જોઈએ, એમ ટ્રમ્પે કહ્યું હતું. શુક્રવારની બેઠક બાદ ઝેલેન્સ્કીએ પણ કહ્યું હતું કે આ શસ્રવિરામ ને વાટાઘાટની દિશામાં આગળ વધવાનો સમય છે. (એજન્સી) ■

### જીએસટી દરમાં

કંપનીઓ દ્વારા લાભ પહોંચાડવામાં આવી રહ્યો છે. કેટલીક વસ્તુઓના કિસ્સામાં વ્યવસાયોએ ગ્રાહકોને વેઇટેડ-એવરેજ જીએસટી દર ઘટાડા લાભ કરતાં વધુ લાભ ગ્રાહકોને આપ્યા છે.સીતારમણે જણાવ્યું કે ગ્રાહક બાબતોના વિભાગને જીએસટી ઘટાડા મુજબ કિંમતોમાં ઘટાડો ન કરવા સંબંધિત ૩,૧૬૯ ફરિયાદો મળી છે. જેમાંથી ૩,૦૭૫ ફરિયાદો સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ(સીબીઆઇસી)ના નોડલ અધિકારીઓને મોકલવામાં આવી છે. વિભાગ દ્વારા કુલ ૯૪ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે.નાણા પ્રધાને જણાવ્યું કે વિભાગ ફરિયાદ રિપોર્ટિંગ પોર્ટલ પર એક એવી સુવિધા ઉપલબ્ધ કરાવશે જેથી ફરિયાદોને તે સંબંધિત ક્ષેત્રોના મુખ્ય કમિશ્નરોને મોકલી શકાય જ્યાંથી ફરિયાદો મળી છે. અત્રે નોંધનીય છે કે બાવીસ સપ્ટેમ્બરથી નવા ઓછા જીએસટી દરો અમલમાં આવ્યા છે. જેના પરિણામે ટૂથપેસ્ટ અને શેમ્પૂથી લઇને કાર અને ટેલિવિઝન સેટ સુધીની લગભગ ૩૭૫ વસ્તુઓના ભાવમાં ઘટાડો થયો છે. પાંચ, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના કર દરોને પાંચ ટકા અને ૧૮ ટકાના બે દરમાં મર્જ કરવામાં આવ્યા છે. પરિણામે દૈનિક ઉપયોગની ૯૯ ટકા વસ્તુઓના ભાવમાં ઘટાડો થયો છે. ■

### પાકિસ્તાનના હુમલામાં

અફઘાનિસ્તાનના ત્રણ ક્રિકેટર - કબીર, સિબઘાતુલ્લાહ અને હારુન અને અન્ય પાંચ નાગરિક માર્યા ગયાં હતાં તેમ જ બીજા સાત જણ ઘાયલ થયા હતા.

અફઘાનિસ્તાન ક્રિકેટ બૉર્ડે રાવલપિંડી અને લાહોરમાં ૧૭થી ૨૯ નવેમ્બર સુધી રમાનારી પાકિસ્તાન અને શ્રીલંકા સાથેની ત્રિકોણી ટ્વેન્ટી-૨૦ ક્રિકેટ શ્રેણી નહિ રમવાનો નિર્ણય લીધો હતો.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ રોકવા કતારની સરકાર પ્રયાસ કરી રહી છે અને દોહા ખાતે શાંતિ મંત્રણા યોજી છે, પરંતુ આ મંત્રણાના ભાવિ અંગે અનિશ્ચિતતા ઊભી થઇ છે.

કતાર ઉપરાંત સઉદી અરેબિયા પણ બન્ને દેશ વચ્ચે યુદ્ધવિરામ કરાવવા કોશિશ કરી રહ્યું છે.

દરમિયાન, અફઘાનિસ્તાને બલૂચિસ્તાનમાં ચમન ક્ષેત્રમાંના હુમલામાં માર્યા ગયેલા પાકિસ્તાનના બે સૈનિક સહિત સાત નાગરિકના મૃતદેહ પાકિસ્તાનને સોંપ્યા હતા.

પાકિસ્તાનના સૈનિકોના મૃતદેહો તાલિબાનો દ્વારા જાહેરમાં ઢસડવામાં આવતા હોવાનું દર્શાવતી વીડિયો ક્લિપિંગ્સ સોશ્યલ મીડિયા પર ફેલાતા ઇસ્લામાબાદ મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયું છે.


અફઘાનિસ્તાનના લશ્કરે દાવો કર્યો હતો કે પાકિસ્તાનના લશ્કરે છેલ્લાં ચાર વર્ષ દરમિયાન અફઘાનિસ્તાનમાં ઘૂસવાનો ૧,૨૦૦થી વધુ વખત પ્રયાસ કર્યો હતો. પાકિસ્તાને અફઘાનિસ્તાનની હવાઇ-સીમા ૭૧૦ વખત ઓળંગી હોવાનો પણ આક્ષેપ કરાયો હતો. (એજન્સી)

### 'શાંતિ અને અંધાધૂંધી' વચ્ચે પસંદગી કરોઃ તાલિબાનને મુનિરની ચેતવણી

પાકિસ્તાનના લશ્કરના વડા ફિલ્ડ માર્શલ સૈયદ અસીમ મુનિરે અફઘાનિસ્તાનને 'શાંતિ અને અંધાધૂંધી'ની વચ્ચે પસંદગી કરવા ચેતવણી આપી હતી અને જણાવ્યું હતું કે અફઘાનિસ્તાને સરહદ પારથી પાકિસ્તાન પર હુમલા કરનારા લોકો સામે તાત્કાલિક પગલાં લેવા પડશે.

પાકિસ્તાનના લશ્કરના વડાએ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના અબોટાબાદ ખાતેની પાકિસ્તાન મિલિટરી એકેડેમી કાકુલ ખાતે દીક્ષાંત સમારંભને સંબોધતા જણાવ્યું હતું કે તાલિબાન શાસકોએ સરહદ પારથી પાકિસ્તાન પર કરાતા હુમલા રોકવા માટે નિર્ણાયક પગલાં લેવા જોઇએ. અફઘાનિસ્તાનમાંથી પાકિસ્તાન પર હુમલા કરનારા લોકોને હણી નખાશે.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવવા કતાર અને સઉદી અરેબિયા સતત પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આ યુદ્ધવિરામ કરાવવો પોતાના માટે સરળ હોવાનો દાવો કર્યો હતો. (એજન્સી)




પરદેશ પાર્સલ સેવા
CHIPS LOGISTICS PVT. LTD
Sp. Festival Rates
INTERNATIONAL COURIER
UK 21+ 350/-
USA 21+ 550/-
M.76000 65632
M.76008 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai

◀ પરિતા આકાશ કચાલિઆ સંઘાણીની રામાયણ આધારિત રંગોળી - ઘાટકોપર

## સંસ્કૃતિની રંગોળી

ભારતીય સંસ્કૃતિ, પરંપરામાં પર્વો અને અતિથિઓના સ્વાગત નિમિત્તે ઘરના આંગણે રંગોળી બનાવવામાં આવતી હોય છે. હવે ઘરના આંગણા નાના થઈ ગયા છે, પણ રંગોળી પરંપરા ચાલુ જ છે. સમાજમાં જાગરૂકતા લાવવા માટે પણ રંગોળીના માધ્યમનો ઉપયોગ કરાય છે. તમે પણ આપણી સંસ્કૃતિ, પરંપરા સંબંધિત અથવા તો કોઈ હટકે રંગોળી બનાવી હોય તો ...

'મુંબઈ સમાચાર'ના વૉટ્સએપ નંબરઃ **7045430579** પર મોકલી આપો. જેને અખબારમાં પ્રકાશિત કરવામાં આવશે.

# મલાડના પઠાણવાડીમાં ગોડાઉનમાં ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલાડમાં શનિવારે આગના જુદા જુદા બે બનાવ બન્યા હતા, જેમાં મલાડ (પૂર્વ)માં પઠાણવાડી પરિસરમાં શનિવારે બપોરના ભીષણ આગ ફાટી નીકળી હતી.

આગમાં ચારથી પાંચ ગોડાઉન બળીને ખાખ થઈ ગયા હતા. તો બીજી આગ મલાડ (પશ્ચિમ)માં માલવણીમાં એક ભંગાર કારમાં લાગી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું પણ માલસામાનનું મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ પઠાણવાડીના પિંપરી પાડામાં શનિવારે બપોરના ૧૨.૫૦ વાગ્યાની આસપાસ ગ્રાઉન્ડ પ્લસ એક માળના ગોડાઉનમાં આગ લાગી હતી. થોડી મિનિટોમાં જ આગની ચપેટમાં આજુબાજુના ગોડાઉન પણ આવી ગયા હતા. આગની જાણ થતા ફાયરબ્રિગેડના આઠ ફાયર એન્જિન ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

મોડેથી આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી પણ સાંજ સુધી કુલિંગ ઓપરેશન ચાલુ હતું. આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી પણ આ ગોડાઉનમાં ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, સ્ટીલ રેક્સ, સ્ટીલ કબાટ, લાકડા અને સ્ટીલનું ફર્નિચર, પ્લાયવુડનો સ્ટોક, ઓફિસ ફાઈલ, ડેકોરેટીવ મટિરિયલ સહિતનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

આગનો બીજો બનાવ મલાડ (પશ્ચિમ)માં માલવણીમાં મ્હાડા કોલોની નંબર આઠમાં ત્રીજી ગલીમાં માનસરોવર બિલ્ડિંગમાં લાગી હતી. સાંજના ૪.૨૦ વાગ્યાની આસપાસ બિલ્ડિંગમાં નીચે કમ્પાઉન્ડમાં રહેલી ભંગાર કારમાં આગ લાગી હતી. ફાયરબ્રિગેડે એક કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. ■




# થાણેમાં ટુ વ્હીલર અને ટ્રકમાં આગ

થાણેઃ થાણે જિલ્લામાં આગના બે જુદા જુદા બે બનાવમાં બે ટૂ-વ્હીલર સહિત ટ્રક બળીને ખાખ થઈ ગયા હતા. સદ્નસીબે બંને દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ થાણે જિલ્લાના શાહપુર તાલુકામાં શિરોર ટનલ પાસે સમુદ્ધી એક્સપ્રેસ હાઈવે પર આગની દુર્ઘટના બની હતી, જેમાં નાગપુર તરફ જતા રોડ પર શનિવારે વહેલી સવારના ચાર વાગે ટ્રકમાં આગ ફાટી નીકળી હતી. ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને માત્ર ૪૫ મિનિટમાં આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. ■

ARRIVAL OF FRESH STOCKS FOR DIWALI SHOPPING
LINEN SHIRTS & TROUSERS,
PLATINIA 100% COTTON SHIRTS
(PLAIN, STRIPS, CHECKS & PRINTED),
FORMAL SHIRTS
(PLAINS, STRIPES & CHECKS),
CASUAL SHIRTS
(PRINTED, PLAINS & CHECKS),
COTTON TROUSERS,
FORMAL TROUSERS,
JEANS,
T-SHIRTS,
KURTA PYJAMAS
25% & MORE DISCOUNTS AVAILABLE ON PURCHASES OF MORE THAN 3 PCS
CAMBRIDGE®
COLABA
Kartar Bhavan, Opp. H.P. Petrol Pump,
S.B.S. Road, Near Electric House,
Colaba, Mumbai - 400 005
Tel : 9619040470 / 9867343234




બંગલાની બહાર નીકળીને અમે ફેક્ટરી તરફ જતાં હતાં. આ ક્લાયન્ટનું લોખંડની ડાઈ બનાવવાનું મેન્યુફેક્ચરિંગ યુનિટ હતું. એક મોટા પ્લોટ પર તેમની ફેક્ટરી હતી અને સામે ઉત્તર દિશામાં રોડ હતો. વાસ્તુશાસ્ત્રની દ્રષ્ટિથી જોઈએ તો આ બહુ જ પોઝિટિવ હતું. 30 વર્ષ પૂર્વે બાબુજીએ આ બિઝનેસ શરૂ કર્યો ત્યારે ફેક્ટરીની અંદર જવા માટે ઉત્તર- પૂર્વ એટલે કે, NE દિશાના મેઈન ગેટનો તેઓ ઉપયોગ કરતા હતા.

હવે 10 વર્ષથી અમુક નવાં કન્સ્ટ્રક્શન્સ કર્યાં ત્યારથી ફેક્ટરીમાં તેમણે થોડા ચેન્જીસ કર્યા, જેને કારણે ત્યાં ઘણા બધા વાસ્તુદોષ નિર્માણ થયા હતા. ફેક્ટરીની ઓફિસ NWમાં હતી. અંદર આવવા માટે ઉત્તરથી પૂર્વ દિશામાં બહુ મોટાં મશીન્સ, તેની નજીક જમીન પર પાણીની ટાંકી હતી, જેનું ટેમ્પરેચર વધુ હોવું જરૂરી હતું. પૂર્વ- અગ્નેય (E-SE) દિશામાં બહુ મોટી ભઠ્ઠી (Furnace) હતી, જેનું ટેમ્પરેચર 800- 900 ડિગ્રીનું રહેતું. ઘણી બધી જગ્યાએ અમુક મશીન્સ બંધ સ્થિતિમાં પડેલી હતી, જેનો હાલમાં કોઈ ઉપયોગ થતો નહોતો.

દક્ષિણ દિશામાં લેબર્સ માટે ડાઈનિંગ એરિયા હતો અને તેની જ પાછળની બાજુમાં તેમને માટે ટોઈલેટ બનાવવામાં આવ્યું હતું. નૈઋત્ય (SW) દિશામાં તેમનો R&D ડિપાર્ટમેન્ટ હતો અને તેની બાજુમાં નવું (CNC Machine) ગોઠવવામાં આવેલું હતું. બે વર્ષથી આ મશીન માટે તેમને એક સ્પેશિયલ એરેન્જમેન્ટ કરી હતી, પરંતુ આ મશીન પર અમુક કામો થતાં નહોતાં.

ફેક્ટરીના સેન્ટર એરિયા (બ્રહ્મા)માં પણ એક મોટી મશીન હતી. જરૂર અનુસાર તેમણે બધી એરેન્જમેન્ટ્સ કરી હતી, પરંતુ તેને કારણે કોઈ પણ બાબતનો તાલમેલ જામતો નહોતો. એકંદરે સંપૂર્ણ ફેક્ટરીમાં બહુ મૅસ હતો. ફેક્ટરીની બહાર (NE) દિશામાં રૉ- મટીરિયલ્સ મૂકવામાં આવેલું હતું અને સ્ક્રૅપ મટીરિયલ રાખવામાં આવેલું હતું. નૈઋત્ય દિશામાં લેબર્સને રહેવા માટે અમુક રૂમ્સ પણ બનાવવામાં આવ્યા હતા. આખી ફેક્ટરીમાં સર્વ મશીન્સ અને તેની પર થનારાં કામ જોયાં. વાસ્તુશાસ્ત્ર અનુસાર શું યોગ્ય અને અયોગ્ય એવી બધી બાબતોનું ફેક્ટરીના મૅપ પર નોટેશન્સ લીધું. ફેક્ટરીની બહારની અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકી, ઈલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર ક્યાં છે તે બધું ચેક કર્યું. ફેક્ટરીની ઓફિસમાં પણ કામ કરનારા બધા કર્મચારી, મેનેજર્સ C.A., C.E.O. ક્યાં બેસે છે તે બધું જોયું.

આ પછી ઓફિસ કેબિનમાં અમે આવીને બેઠાં. મારા એનાલિસિસ અનુસાર તેમને કહ્યું કે ઉત્તર દિશા ફેક્ટરીના બ્રહ્મા સુધી ડિસ્ટર્બ છે, જેથી તેમણે કયું કામ પહેલાં કરવું, કયું પછી તે બાબત વર્કઆઉટ થતી નહોતી. અનુભવને લીધે પ્રોડક્ટ બનાવવા માટે ઓર્ડર તો મળે છે પરંતુ તે સમયસર પૂર્ણ થતા નથી. મશીન્સનો અથવા તો લેબર્સનો પ્રોબ્લેમ આવતો હતો.

પૂર્વ દિશામાં પણ બ્રહ્મા સુધી અનેક વાસ્તુ ડિફેક્ટ્સ હતી, જેને કારણે જે પ્રોગ્રેસ અપેક્ષિત છે તે બિલકુલ દેખાતો નહોતો. ખોટાં ઠેકાણે મૂકેલા CNC Machine પર કોઈ કામ થતું નહોતું. SW દિશામાં કામ કરનારા, R&D ડિપાર્ટમેન્ટમાં કામ કરનારા કર્મચારી એકદમ સુસ્ત હતા. બધા લેબર્સ પોતાની મરજી પ્રમાણે કામ કરતા હતા. ઓફિસમાં ખોટા ઠેકાણે બેસનારા બધા કર્મચારી, C.A., Accountants, Engineer, Purchase Manager, Sales Manager, Legal Advisor કોઈનો પણ કોઈની સાથે તાલમેલ નહોતો. મેં મિ. નવીનને પૂછ્યું કે "યહાં કે CEO કિતને સાલ સે કામ કર રહે હૈ?" તેની પર તેમણે કહ્યું કે 'એક સાલ સે, ઉસ્સે જ્યાદા કોઈ ટિકતા હી નહીં.'

ફેક્ટરી નાની હતી ત્યારે બાબુજીએ શરૂ કરી હતી. મોટે ભાગે વાસ્તુશાસ્ત્ર પ્રમાણે રચના હતી, જેને લીધે બિઝનેસમાં બહુ સમૃદ્ધિ આવી હતી. 50 લાખના રોકાણમાંથી બાબુજીએ 40 કરોડનું ટર્નઓવર કર્યું હતું, પરંતુ હવે 10 વર્ષથી કંપનીનું ટર્નઓવર બહુ નીચે આવી રહ્યું હતું. કર્મચારીઓની સેલરી આપવાનું પણ મુશ્કેલ બની ગયું હતું. આથી ફેક્ટરી બંધ કરવી કે કેમ એવો વિચાર તેમના મનમા આવતો હતો.

આવી ઘણી બધી બાબતો ધ્યાનમાં આવ્યા પછી મેં બાબુજીની બર્થડેટ ચેક કરી. તેની પરથી એક ધ્યાનમાં આવ્યું કે તેમની બર્થડેટ બિઝનેસ માટે compatible એટલે કે સુસંગત હતી. તેમની પર શનિ ગ્રહની કૃપા હતી અને બાબુજી પોતે બહુ Hard Worker હતા. બધા લેબર્સ અને કર્મચારી બાબુજી પર ખુશ રહેતા. હળીમળીને કામ કરતા, તે પરથી પુત્રોએ પૂછ્યું, 'ક્યા હમારી ડેટ ઈસ બિઝનેસ કો મેચ કરતી હૈ યા નહીં?' મોટા પુત્રની ડેટ જોઈને કહ્યું, 'હા, મેચ તો કરતી હૈ, વૈસે આપ કાફી સમઝદાર ભી હો લેકિન બહોત સુસ્ત હો, કોઈ ડિસિઝન જલ્દી નહીં લેતે, સિર્ફ ઉસકે ઉપર સોચતે રહતે હો, દુસરોં કે કામ મેં બેવજહ દખલઅંદાજી કરતે રહતે હો, ઈસલિયે આપકા કિસી કે ઉપર કંટ્રોલ નહીં હૈ.' નાના પુત્રની બર્થડેટ પરથી કહ્યું કે તેણે માર્કેટિંગ અને સેલ્સ ડિપાર્ટમેન્ટ કામ કરવું યોગ્ય રહેશે, પરંતુ નાની નાની બાબતો પરથી કર્મચારી અને ભાઈ પર ગુસ્સે થવું, મોટા અવાજે વાત કરવી, કામની બાબતમાં બેદરકારી રાખવી અને ખુદપસંદી હોવાથી તેને તેના ડિપાર્ટમેન્ટમાં સફળતા મળતી નહોતી.

ફેક્ટરીનું ઈવેલ્યુએશન અને એનાલિસિસ તો કર્યું, પરંતુ પ્રશ્ન એ હતો કે તેમાંથી વાસ્તુદોષ નિવારણ કઈ રીતે કરવું? હાલમાં જે કાંઈ સેટઅપ કર્યું હતું તે ચેન્જ કરવું શક્ય નહોતું. જે બાબત તુરંત કરવાની શક્ય હતી તે વિશે તેમને કહ્યું કે Entry Gate, NE દિશામાં ઉપયોગ કરવાનો અને Outgoing માટે NWનો ગેટ ઉપયોગ કરવાનો. જે મશીન્સ શિફ્ટ થવા જેવી હોય તે તેના યોગ્ય ઠેકાણે શિફ્ટ કરવા માટે કહ્યું. રો- મટીરિયલ અને સ્ક્રેપ યોગ્ય ઠેકાણે મૂકવા સૂચિત કર્યું. બંધ પડેલી મશીન્સ કાઢી નાખવા કહ્યું. CNC Machines અને અમુક વાસ્તુદોષ નિર્માણ કરનારી મશીન્સ અને એક્ટિવિટીઝને અમુક Remedies આપવાનું જરૂરી હતું તેમ જ લોજિકલી ફેક્ટરીનો અમુક ભાગ detach કરવાનું મહત્ત્વનું હતું, જે માટે તોડફોડ કર્યા વિના કઈ રીતે નિવારણ કરી શકાય તે વિશે તેમને કહ્યું. ઓફિસમાં બધાના Designation અનુસાર તેમની બેસવાની જગ્યા નિશ્ચિત કરી. આખી ફેક્ટરીમાં Harmonious Atmosphere કઈ રીતે નિર્માણ થાય તે વિશે ચર્ચા કરી. ઓફિસમાં રહેલા મંદિરમાં તેમની કુળદેવી, શ્રી કૃષ્ણ, સ્વામી સમર્થ અને પંચમુખી હનુમાનનો ફોટો લગાવવા કહ્યું.

ખરેખર તો કોઈ પણ ફેક્ટરી અથવા ઈન્ડસ્ટ્રીના વાસ્તુશાસ્ત્ર અનુસાર Setup, Flow Chart પ્રમાણે કરવાનું સહજ શક્ય છે. આ સર્વ બાબતો આરંભમાં જ પ્લાનિંગ અનુસાર કરવાનું આવશ્યક છે. જોકે જે ઠેકાણે પહેલાં જ સર્વ બાબતો ખોટી રીતે કરવાથી વાસ્તુદોષ નિર્માણ થાય છે, જેને કારણે બિઝનેસમાં સફળતા મળતી નથી અને ફેક્ટરી બંધ કરવી કે કેમ એવો સંભ્રમ નિર્માણ થાય છે, તે ઠેકાણે આવા Sick Unitને ફરી ઊર્જાવસ્થામાં લાવવાનું મારા માટે બહુ Challenging કામ હોય છે, પરંતુ સદનસીબે આવી અનેક Industriesને ફરી ઊર્જાવસ્થામાં લાવવામાં મને બહુ સફળતા મળી.

ફેક્ટરીનું કામ કરીને બહાર નીકળતી વખતે ધ્યાનમાં આવ્યું કે બંને પુત્રના ચહેરા પર સંતોષનો ભાવ દેખાતો હતો અને બાબુજીની આંખોમાં અશ્રૂધારા વહેતી હતી. આ પછી 15 દિવસે તેમના ઘરની અને ફેક્ટરીની Remedies કરવામાં આવી.

આ પછી 3 મહિના બાદ પુત્રનો ફોન આવ્યો કે 'ઘર મેં અચ્છાસા વાતાવરણ તૈયાર હો રહા હો,' તેમ જ 7 મહિના પછી ફોન આવ્યો કે 'ફેક્ટરી મેં ભી ધીરે ધીરે બદલાવ નજર આ રહા હૈ ઔર હમ સબકો જાદુઈ એહસાસ ભી મહેસૂસ હો રહા હૈ।'

॥ શ્રી સ્વામી સમર્થ ॥

Vasstu World Manjushree
વાસ્તુ વર્લ્ડ મંજુશ્રીઃ +91 75107 69555, 80004 11158
ફોન નં.: 022- 6784 7601, 022- 6251 7841
`કૃષ્ણ કુંજ,' શિવાજી પાર્ક, દાદર (પ.), મુંબઈ-28
Follow us on

# જૈન ટ્રસ્ટની મિલકતનું બિલ્ડરને વેચાણઃ પુણેમાં વિરોધ મોરચો

પુણે : શેઠ હીરાચંદ નેમચંદ જૈન દિગંબર બોર્ડિંગની માલિકીની એક મુખ્ય મિલકતને ખાનગી બિલ્ડરને વેચવાના પ્રસ્તાવિત વિરોધમાં પુણેમાં હજારો જૈનોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

મોડેલ કોલોનીમાં આવેલી આ ભવ્ય મિલકત, લગભગ ૧૨,૦૦૦ ચોરસ મીટર (૩.૫ એકર) માં ફેલાયેલી છે, જેમાં ઘણા દાયકાઓ જૂની જૈન બોર્ડિંગ સુવિધા અને શ્રી ભગવાન મહાવીર દિગંબર જૈન મંદિર છે, જે બંને ૧૯૫૮ માં સ્થાપિત ચેરિટેબલ ટ્રસ્ટ, શેઠ હીરાચંદ નેમચંદ સ્મારક ટ્રસ્ટનો ભાગ છે.

આ મિલકત પુણે સ્થિત ગોખલે કન્સ્ટ્રક્શન્સ દ્વારા શેઠ હીરાચંદ નેમચંદ મેમોરિયલ ટ્રસ્ટ પાસેથી ૩૧૧ કરોડ રૂપિયામાં હસ્તગત કરવામાં આવી છે.

જોકે શુક્રવારે જૈન બોર્ડિંગ બચવ કૃતિ સમિતિના બેનર હેઠળ વિરોધ પ્રદર્શન કરનારાઓએ આરોપ લગાવ્યો હતો કે કેટલાક ટ્રસ્ટીઓએ ડેવલપર સાથે કરાર કર્યો છે અને ટ્રસ્ટના બંધારણનું ઉલ્લંઘન કરીને મિલકત વેચી દીધી છે.

ભંડોળના અભાવ અને બોર્ડિંગની જર્જરિત સ્થિતિનો ઉલ્લેખ કરીને ટ્રસ્ટીઓએ મૂળ ટ્રસ્ટ ડીડમાં ઉલ્લેખિત વૈકલ્પિક વિકલ્પો શોધ્યા વિના, મિલકત વેચવાનો નિર્ણય લીધો અને ચેરિટી કમિશનરનો સંપર્ક કરીને પરવાનગી માંગી, ''એચએનડી બોર્ડિંગના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને એસએચએનડી હોસ્ટેલ એલ્યુમની એસોસિએશન (આશા)ના ડિરેક્ટર આનંદ કાંક્રિયાએ જણાવ્યું.

ચેરિટી કમિશનરે ફક્ત ટ્રસ્ટીઓની રજૂઆત પર આધાર રાખ્યો હતો કે બોર્ડિંગ માળખું જર્જરિત સ્થિતિમાં હતું અને વેચાણને મંજૂરી આપી હતી. આશાએ એ મિલકતના વેચાણને મંજૂરી આપતા ચેરિટી કમિશનરના આદેશને પડકારતા બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી છે.

ચેરિટી કમિશનર, શેઠ હીરાચંદ નેમચંદ સ્મારક ટ્રસ્ટ, ગોખલે લેન્ડમાર્ક એલએલપી અને મહારાષ્ટ્ર રાજ્યને પ્રતિવાદી બનાવવામાં આવ્યા છે, એમ તેમણે ઉમેર્યું હતું. (પીટીઆઇ) ■

## કામાઠીપુરા પુનર્વિકાસ પ્રોજેક્ટનું નામ બદલવામાં આવશે

મુંબઈઃ મ્હાડાની મુંબઈ બિલ્ડીંગ રિપેર એન્ડ રિકન્સ્ટ્રક્શન બોર્ડ દક્ષિણ મુંબઈમાં કામાઠીપુરા વિસ્તારનો પુનઃવિકાસ કરવા જઈ રહ્યું છે. આ માટેની ટેન્ડર પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે અને બોલી લગાવનારાઓએ કામાઠીપુરા નામ સામે વાંધો ઉઠાવ્યો છે. નામને કારણે વેચાણમાં મુશ્કેલીઓ થવાની શક્યતા વ્યક્ત કરીને, તેમણે માગ કરી છે કે મ્હાડા ઓછામાં ઓછું પ્રોજેક્ટનું નામ બદલે. આ માગણી મુજબ, મ્હાડાએ કામાઠીપુરા પુનર્વિકાસ પ્રોજેક્ટનું નામ બદલવાનો નિર્ણય લીધો છે. આ માટેની દરખાસ્ત આગામી ૧૫ દિવસમાં રાજ્ય સરકારને મોકલવામાં આવશે. રાજ્ય સરકારની મંજૂરી બાદ નામને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

કમાઠીપુરામાં ૪૭૫ સેસ્ડ ઇમારતો, ૧૬૩ નોન-સેસ્ડ ઇમારતો, ૧૫ પુનઃનિર્મિત અને પીએમજીપી ઇમારતો છે.

બાવન ઇમારતો ધરાશાયી થઈ ગઈ છે. આ ઉપરાંત ૧૫ ધાર્મિક સ્થળો, બે શાળાઓ, ચાર સરકારી કચેરીઓ અને આઠ અન્ય માળખાં છે. કામાઠીપુરામાં ૬,૦૭૩ રહેવાસીઓ અને ૧,૩૪૨ બિન-રહેવાસીઓની વસ્તી છે. અહીંની ઇમારતો જૂની થઈ ગઈ હોવાથી તેનો પુનઃવિકાસ કરવો જરૂરી છે અને મ્હાડા રિપેર બોર્ડે આ પુનર્વિકાસની જવાબદારી લીધી છે અને આ માટે ટેન્ડરો મંગાવ્યા છે. ટેન્ડરને અંતિમ સ્વરૂપ આપ્યા બાદ વાસ્તવિક પુનર્વિકાસ કાર્ય શક્ય તેટલી વહેલી તકે શરૂ કરવાનું આયોજન છે. મ્હાડાના વાઇસ ચેરમેન સંજીવ જયસ્વાલે માહિતી આપી હતી કે મ્હાડાએ હવે કામાઠીપુરા પુનર્વિકાસ પ્રોજેક્ટનું નામ બદલવાનો નિર્ણય લીધો છે. ■

## મિલકત વિવાદમાં કેરટેકરની હત્યા કરવા બદલ મહિલા, તેના સાથીદારને આજીવન કારાવાસ

થાણેઃ થાણેની સેશન્સ કોર્ટે પાંચ વર્ષ અગાઉ મિલકત વિવાદને લઇ કેરટેકરની હત્યા કરવા બદલ મહિલા અને તેના સાથીદારને આજીવન કારાવાસની સજા ફટકારી હતી.

જજ વી. જી. મોહિતેએ આરોપી કલ્પના બળીરામ નાગલકર (૫૦) અને સંતોષ ચંદ્રકાંત ઘુગરે (૩૫)ને દોષી ઠેરવ્યાં હતાં, જ્યારે સહ-આરોપી ગીતા અવિનાશ અરોલકર અને મંગેશ મુરુડકરને અપૂરતા પુરાવાને કારણે નિર્દોષ જાહેર કર્યાં હતાં.

એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર રશ્મી ક્ષીરસાગરના જણાવ્યા અનુસાર મૃતક તાનાજી લક્ષ્મણ જાવિર આરોપી કલ્પના નાગલકરના પરિવારની મિલકતનો કેરટેકર હતો. કલ્પનાના પતિના અવસાન બાદ વિવાદ ઊભો થયો હતો, કારણ કે કલ્પનાનો પતિ જીવિત હતો ત્યારે તેણે વચન આપ્યું હોવા છતાં તેનો પરિવારે તાનાજી જાવિરને મિલકતમાંથી હિસ્સો આપવા તૈયાર નહોતો. કલ્પનાએ બાદમાં જાવિરની હત્યા કરવા ઘુગરેનો સંપર્ક સાધ્યો હતો.

૧૭ જુલાઇ, ૨૦૨૦ના રોજ ઘુગરેએ જાવિરને ખાડી નજીક દારૂ પીવા માટે બોલાવ્યો હતો, જ્યાં ઝેર ભેળવલો દારૂ તેને પીવા માટે આપ્યો હતો. દારૂ પીધા બાદ જાવિરનું મોત થતાં તેનો મૃતદેહ ખાડીમાં ફેંકી દેવામાં આવ્યો હતો. જાવિરનું હાડપિંજર પાછળથી ખાડીમાંથી મળી આવ્યું હતું, જ્યારે તેની ઓળખ ડીએનએ ટેસ્ટ દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી.

ક્ષીરસાગરે જણાવ્યું હતું કે કેસને પુરવાર કરવા માટે તપાસકર્તા પક્ષના ૧૩ સાક્ષીદારને તપાસવામાં આવ્યા હતા. આ કેસમાં કલ્પના અને ઘુગરેને સેશન્સ કોર્ટે દોષી ઠેરવીને આજીવન કારાવાસની સજા ઉપરાંત ૧૨ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. (પીટીઆઇ)

## પારસી મરણ

સોલી નસરવાનજી ભેસાનીયા તે મરહુમ નરગીશના ધની. તે મરહુમો બાનુબઇ નસરવાનજી ભેસાનીયાના દીકરા. તે ફેદીના પપા. તે નીલુફરના સસરા. તે મરહુમ ફિરોઝીના ભાઇ. તે ફરીદા ને નેવીલના કાકા. તે મરહુમો ધનમાય પીરોજશા બચાના જમાઇ. (ઉં. વ. ૮૭) રે. ઠે. એ-૧૬, નવરોઝ બાગ, ડો. એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, લાલબાગ અગિયારીમાં છેજી.

જાલ જમશેદજી ઇચ્છાપોરયા તે રોદાના ધની. તે મરહુમો બચામાય જમશેદજી ઇચ્છાપોરીયાના દીકરા. તે પરસી, મેહેરનોશ, નરયોસંગના ભાઇ. તે મરહુમ રયોમંદના પપા. તે રુકશીનના બપાવાજી. તે કેતાયુન, અશીશ, કેવાનના કાકા. (ઉં.વ.૭૩) રે. ઠે. દાદાભાઇ જીજીબાઇ બિલ્ડિંગ, ફલેટ નં. ૩૦૪, દીવાનમાન રોડ, વસઇ ડિસ્ટ્રિ. થાણે, મહારાષ્ટ્ર-૪૦૧૨૦૨.ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૧૦-૨૫ને દીને બપોરે ૩.૪૫ વાગે, વાચ્છા ગાંધી અગિયારીમાં છેજી.

સીલ્લુ યઝદી જસુમની તે મરહુમ યઝદીના ધનિયાની. તે મરહુમો દોલી કેકી જસુમનીના વહુ. તે મરહુમો ફ્રેની કૈખશરુ સેથનાના દીકરી. તે કાઝવીન ને આશીશના માતાજી. તે રુસી, નરગીસ, સકીના ને મરહુમો અદી ને બોમીના બહેન. તે ફરહાદ, નોઝર ને રુમીના ફૂઇ. (ઉં. વ. ૬૫) રે. ઠે. પીટીટ બિલ્ડિંગ, ડી, બ્લોક, દીનબઇ પીટીટ સ્ટ્રીટ, અપસરા સિનેમા પાછળ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૧૦-૨૫ને દીને બપોરે, ૩.૪૦ વાગે, મેહલા પટેલ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

પાટણ નિવાસી મહાલક્ષ્મી માતાનો પાડો હાલ મુંબઇ ફોરમ શાહ (ઉં. વ. ૫૬) તા. ૧૮-૧૦-૨૫ શનિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે શરદ એમ. શાહ તથા સ્વ. રાજુલ એમ. શાહની પુત્રી. સોનલી શાહની બહેન. વિવેક ઠક્કરની સાળી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**વિજાપુર સત્તાવીસ જૈન**

માણસા નિવાસી હાલ કુવાળા મહેન્દ્રભાઇ રમણલાલ શાહ (ઉં. વ. ૭૩) તા. ૧૭-૧૦-૨૫ શુક્રવારના અરિહંતશરણ થયેલ છે. તે ઝંખનાબેન, રક્ષિતાબેન અને ખ્યાતીબેનના પિતા. નૈષેધકુમાર, નેહલકુમાર અને ભાવેશકુમારના સસરા. ક્રિષા, રિયા, પ્રેક્ષા, સાક્ષી અને શૌર્યના નાના. પ્રવીણભાઇ રમણલાલ શાહના ભાઇ. સુશીલાબેન પ્રવીણભાઇ શાહના દીયર. છનાલાલ મણિલાલ શાહ આજોલના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

પડધરી નિવાસી હાલ દહિસર, ગં. સ્વ. કૈલાસ દેસાઈ (ઉં. વ. ૭૯) તા. ૧૭-૧૦-૨૫ શુક્રવારે અરિહંતશરણ પામ્યાં છે. તે સ્વ. નટવરલાલ પ્રાણશંકર દેસાઈનાં ધર્મપત્ની. હિતેન અને રિતેશનાં માતુશ્રી. મીના તથા શિલ્પાનાં સાસુ. પિયરપક્ષે ગારિયાધારનિવાસી સ્વ. ધીરજલાલ જગજીવનદાસ ગાંધીનાં સુપુત્રી. રજનીકાંત પ્રફુલચંદ્ર, સ્વ. દમયંતીબહેન તથા રેખાબહેનનાં બહેન. સ્વ. શશિકાંત, ભાસ્કરભાઈ, લતાબહેન, ક્રિષ્નાબહેન, રેખાબહેન, બા.બ્ર. તારાબાઈ તથા બ્રા.બ્ર. ગુણીબાઈનાં ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી દશા ઓશવાળ જૈન**

કચ્છ ગામ વરાડીયા, હાલ ઘાટકોપર, સ્વ. પ્રભાવતી ચીમનલાલ વિકમશીનાં સુપુત્ર, ચંદ્રેશ વિકમશી (ઉં.વ.૬૨) તા. ૧૪/૧૦/૨૫ મંગળવારના અરિહંતશરણ પામ્યા છે. તે ત્રિગુણા (વંદના)ના પતિ. મોનિકા અને કરણના પિતા. સો. કિંજલના સસરા. સૌ. હેમંતી પરેશ ચીમનલાલ વિકમશી, રાજેન્દ્ર નવિનચંદ્ર વિકમશી, મહેન્દ્ર નવિનચંદ્ર વિકમશી અને લીના ચેતનભાઈ શાહના ભાઈ. ધનબાઈ સોમચંદ દેવશી છેડાના જમાઈ. રિટાબેન મુકેશભાઈ વિસરીયાના વેવાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સાયલા નિવાસી હાલ બોરીવલી, સ્વ. પ્રભાબેન હિંમતલાલ નાગરદાસ મોદીના પુત્ર કીર્તિભાઇ મોદી (ઉં. વ. ૬૧) તા. ૧૫/૧૦/૨૫ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે બેલાબેનના પતિ. મિતના પિતા. સ્વ. અનિલભાઈ તથા ભારતીબેન નયનભાઈ શાહ, રીટાબેન વોરા, હર્ષાબેન મયુરભાઈ શાહના ભાઈ. સાસરાપક્ષે સરલાબેન નવિનચંદ્ર શાહના જમાઈ. મયંકભાઇ તથા અલ્પાબેન મેહુલભાઈ શાહના બનેવી. સાદડી પ્રથા તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

રાણપુર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. મહેન્દ્રભાઈ પ્રેમચંદ શાહ (નારીચાણીયા)ના ધર્મપત્ની ગં. સ્વ. શાંતાબેન શાહ (ઉં. વ. ૮૮) તા. ૧૭/૧૦/૨૫ના શુક્રવાર અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. તારાબેન જેઠાલાલ શાહના દેરાણી. પિયરપક્ષે લીંબડી નિવાસી મોહનલાલ ભવાનભાઈ બાબરીયાના દીકરી. સંગીતાબેન (સંસારિક), તુષાર, સ્વ. હિમાંશુના માતુશ્રી. જયેશકુમાર ચેતના, કૃપાના સાસુ. જિનલબેન, સંકેત - પલક, કરણ - ઝીલ, કૃતિ - મનદીપકુમાર, હેતલ- ચિરાગકુમારના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વેજપુર હાલાઇ ભાટિયા**

વેજાપુર નિવાસી, ગં. સ્વ. કુસુમબેન ભાટિયા (ઉં. વ. ૮૫) તા. ૧૭/૧૦/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. કાંતિલાલ સખારામ ભાટિયા(આનંદ) ના ધર્મપત્ની. સ્વ.પદમાબેન ગોવિંદદાસ રામૈયામીની સુપુત્રી. ગં. સ્વ. કલ્પના કમલેશ સંપટ, સૌ. જયશ્રી શિરીષ ભાટિયા, સૌ. રાજશ્રી (પ્રતીક્ષા) પ્રકાશ ભાટિયા, સ્વ.મનોજના માતુશ્રી. સ્વ.કૃષ્ણદાસ, સ્વ.પુષ્પાબેન, સ્વ. રજનીબેન, સ્વ. ગુણવંતીબેન, રાજેન્દ્ર, પ્રવિણાબેનના બેન. સૌ. ફાલ્ગુની, સૌ. કિન્નરી, સૌ.મિત્તલ, સૌ. સ્નેહલ, અર્પિતા, પ્રતીક, જાનકી, સંકેતના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા. ઝાલાવાડી જૈન**

બોટાદ નિવાસી હાલ પવઈ, સ્વ. વીણાબેન વિનોદચંદ્ર શાહના સુપુત્ર ધર્મેશ વિનોદચંદ્ર શાહ (ઉં. વ. ૪૮) તા. ૧૭/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અંકીતાના પતિ. વિપુલના ભાઈ. સ્વ. રસીલાબેન બિપીનચંદ્ર શાહ, સ્વ. કુસુમબેન, સરોજબેન, સ્વ. ચંદ્રિકાબેન, ભારતીબેન, જ્યોતિબેન, દિપીકાબેનના ભત્રીજા, સુરેન્દ્રનગર નિવાસી નીલાબેન ગૌતમભાઈ મહેતાના જમાઈ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

ડેડાણ નિવાસી, હાલ નાલાસોપારા, સ્વ. ઓત્તમચંદ ભાઈચંદ દેસાઈના પુત્ર કિરીટભાઈ દેસાઈ (ઉં. વ. ૭૫) તા. ૧૮/૧૦/૨૫ને શનિવાર અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.કનકબેન દેસાઈના પતિ. સ્વ. જીગર દેસાઇ તથા રીના જીગ્નેશકુમાર દોશીના પિતાશ્રી. સ્વ. રમેશભાઈ, સ્વ. બિપીનભાઈ, જયેશભાઇ, શૈલેષભાઇ, સ્વ, ભારતીબેન સૂર્યકાન્ત રૂપાણી, હર્ષા નરેશ સંઘવી તથા મીના નરેન્દ્રકુમાર શેઠના ભાઈ. નાગરદાસ જગજીવનદાસ મહેતાના જમાઈ. શશીભાઈ તથા સુરેશભાઈના બનેવી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાંગલપુરના રમેશ (ડો.) વિશનજી ફુરીયા (ઉં. વ. ૭૬) તા. ૧૭-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ગંગાબેન વિશનજી શીવજીના સુપુત્ર. સુધાબેનના પતિ. રાજેશ, રશ્મિના પિતા. ચંચળ, મો. ખાખરના મધુબેન, કિશોર, હરીશના ભાઇ. નવાવાસના લક્ષ્મીબેન તેજશી ગોવરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાજેશ રમેશ ફુરીયા, ૩૫૨, સ્નેહગંગા, સૌરભ સોસાયટી, જી.આઇ.ડી.સી., વાપી.

દેઢીઆના વિજયાબેન પુનશી પાસડ (ઉં. વ. ૯૭) તા. ૧૬-૧૦-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. પુનશી દામજીના પત્ની. પ્રવિણ, કાંતીલાલ, મનીષ, મંજુલા, રંજનના માતુશ્રી. નવલબેન, જવેરબેન, હરખચંદની મોટી બહેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન રૂબરૂ મળ્યા તુલ્ય ગણાશે. ઠે. મનીષ પાસડ, ૧૩, લીલ નિવાસ, તિલક રોડ, ઘાટકોપર (ઈ.), મુંબઈ-૭૭.

પ્રાગપુરના મણીલાલ લાલજી સાવલા (ઉં. વ. ૮૩) તા. ૧૭-૧૦-૨૫ના અવસાન પામેલ છે. દેવકાબેન લાલજીના પુત્ર. રતનબેનના પતિ. મનીષ, દિપાના પિતા. હીરજી, મોરારજી, માવજી, ભવાનજી, પાનબાઇ, ભાણબાઇ, ઝવેરના ભાઇ. કુંદરોડી કુંકુબેન લાલજી ભીમશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. મણીલાલ સાવલા, ૨/૧૨૫, મગનબાગ, સનમીલ ગલી, લોઅર પરેલ-૧૩.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

જામનગર હાલ મલાડ કૃષ્ણકાંત ખખ્ખર (ઉં. વ. ૮૩) તે સ્વ. વિજયાબેન વસંતરાય ખખ્ખરના પુત્ર. તે જયશ્રીબેનના પતિ. આશીષ, વિરલના પિતાશ્રી. અમીષા તથા કવિતાના સસરા. વર્શીલ, વત્સલ, પ્રીયલ તથા ધરમીલના દાદા. ગીતાબેન ધર્મેન્દ્રકુમાર મોદી તથા સ્વ. વિનુભાઇના ભાઇ તા. ૧૮-૧૦-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૧૦-૨૫ સોમવારે ૧૦થી ૧૧.૩૦. ઠે. લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલ ટાવરની બાજુમાં કાંદિવલી (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાટીયા**

કચ્છ માંડવીના હાલ મુંબઇ નિવાસી પૂ. સાવિત્રીબેન તુલસીદાસ લાયજાવાલા (ઉં. વ. ૯૨) તે સંધ્યાબેન ગિરિશભાઇ સંપટ તથા પરેશભાઇના માતા. સૌ. રૂપાબેનના સાસુ. સૌ. પંક્તિ કુશલ મહેતાના દાદી. અને સૌ. તેજલ રવિ મટાણીના નાની. સ્વ. રમાબાઇ પુરુષોતમ વેદના સુપુત્રી. તા. ૧૮ ઓક્ટો. ૨૦૨૫ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ કેશોદ હાલ વિરાર, લક્ષ્મીકાંત ઠક્કર (ધનેશા) ગં. સ્વ. પુષ્પાબેન મનસુખલાલ ઠક્કરના સુપુત્ર (ઉં.વ. ૫૯) તે સોનલના પતિ. ધ્રુવેશ, ધ્રુમિલના પિતાશ્રી. ગોપાલ, હિના હરેશકુમાર ઠકરારના ભાઇ. તે કેશોદવાળા દિલીપભાઇ તેમ જ હિતેશભાઇના પિતરાઇ ભાઇ. તે સ્વ. ચંદુલાલ નાથાલાલ રાજાના જમાઇ તા. ૧૮-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમના બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯-૧૦-૨૫ રવિવાર ૪થી ૫.૩૦. ઠે. તેરાપંથ ભવન, જૈન મંદિર રોડ, વિરાર (પ).

**કપોળ**

મહુવાવાળા સ્વ. ઇન્દુમતી પ્રાણલાલ નાથાલાલના પુત્ર ભરત દોશી તે શીલ્પાના પતિ. યશ, ઇશાના પિતા તા. ૧૩-૧૦-૨૫ના દેવલોક પામ્યા છે. તે કનીકા, જીગરના સસરા. કમલેશ દોશી, સ્વ. મીના નલીનભાઇના ભાઇ. વીણા પ્રભુદાસ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

સ્વ. દ્વારકાદાસ બારાઇના પત્ની માલતીબેન બારાઇ (દ્વારકાવાળા) હાલ મલાડ સ્વ. સુશીલાબેન, સ્વ. સરલાબેન, જેતીભાઇ, ચંદુભાઇના ભાભી. સ્વ. યોગેશભાઇ, સ્વ. સ્મિતાબેન, હંસાબેન, આરતીબેનના માતુશ્રી. જયેશભાઇ, સ્વ. નવીનભાઇ ચંદનના સાસુ. વિશાલ, પૂજા, મયુરી, નિધીના નાની તા. ૧૭-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

સુરેશ વિનોદચંદ્ર રૂપારેલ (ઉં. વ. ૮૦) તે લીનાબેનના પતિ. લોપા તથા પૂજાના પિતાશ્રી. બિમલ બંકિમ માસ્ટરના સસરા. વિવાનના નાના. સ્વ. સુધાબેન, પ્રવિણભાઈ, હરીશભાઈ, રાજેશભાઈના ભાઈ. ચંપકલાલ સુતરિયાના જમાઈ. તા. ૧૭-૧૦-૨૫ નાં શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ દામનગર, હાલ કલ્યાણ, અ. સ્વ. પદ્મિની કિશોર જીવરાજાણી(ઠક્કર) (ઉં.વ.૭૦) શુક્રવાર ૧૭/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.શાંતાબેન ગિરધરલાલ જીવરાજાણીના પુત્રવધૂ. હાર્દિક અને હેતલના માતોશ્રી. પ્રતિમા અને ભાવિન ભીંડેના સાસુમા. યુવિકાના દાદી. સ્વ.રમણીકલાલ અને હર્ષદભાઈના નાનાભાઈના ધર્મપત્ની. સ્વ.હસુમતી દેવીદાસ દાસાણી કોલકત્તાવાળાના પુત્રી. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**રાધનપુર તીર્થ**

રાધનપુર તીર્થ નિવાસી હાલ બોરીવલી, નરેશકુમાર શાહ (ઉં. વ.૬૯) તે સ્વ. પદમાબેન રસિકલાલ શાહના પુત્ર. સ્વ. દામિનીબેનના પતિ. બૈજુના પિતા. આરતીના સસરા. ઇન્દ્રવદનભાઈ અને રાજેશભાઈના ભાઈ. સ્વ. વસંતલાલ શિવલાલ શાહના જમાઈ. તા. ૧૮-૧૦-૨૫ ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ગેલડા હાલે વલસાડના શ્રી જગદીશ સૈયા (ઉં. વ. ૭૯) તા. ૧૬-૧૦-૨૫ના અવસાન પામેલ છે. તે મુલબાઇ મોરારજી વેલજી સૈયાના સુપુત્ર. સાકરબાઇના પતિ. હેતલ, ભાવનાના પિતા. જયંતીલાલ, ગીરીશ, પ્રાગપુરના કસ્તુર રાઘવજી, ના. ભાડીયાના વસુમતી પ્રેમચંદ, કાંડાગરાના રંજન વિરચંદ, ગેલડાના પ્રભા કલ્યાણજી, બેરાજાના મધુરી પ્રવિણચંદ્ર, કપાયાના હેમલતા રમણીકના ભાઇ. બેરાજાના પાનબાઇ ભાણજી હીરજી ધનાણીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. રહે. નિ. જગદીશ સૈયા, બી-૨, ૮૦૨, સુમુખ રેસીડેન્સી, હાલાર રોડ, વલસાડ-૩૯૬૦૦૧.

મોટી રાયણ હાલે સુરતના શ્રી પોપટભાઈ રવજી ગડા (ઉં. વ. ૯૨) તા. ૧૬-૧૦-૨૦૨૫ના અરિહંત શરણ પામેલ છે. કેશરબેન રવજી પદમશીના સુપુત્ર. વિજયાબેન (ચંચળબેન) ના પતિ. અશ્વિન, સુનિલ, કુસુમ, પુષ્પાના પિતાશ્રી. ધનજીભાઈ, મોટા લાયજાના કસ્તુરબેન નાનજી છેડાના ભાઈ. નાગલપુરના મમીબાઈ લાલજી વીરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : અશ્વિન પોપટ ભાઈ ગડા, ડી/૧૧૦૨, વેનીલા સ્કાય, વી.આઈ.પી. રોડ, વેશુ, સુરત-૩૯૫૦૦૭,

મોટી ખાખરના હરખચંદ લાલજી વોરા (ઉં. વ. ૮૫) તા. ૧૭-૧૦ના અરિહંતશરણ પામેલ છે. લક્ષ્મીબેન લાલજીના પુત્ર. વિમળાના પતિ. શૈલેષ, મનીષ, મીતાના પિતા. જવેર, મંજુલા, જયવંતીના ભાઈ. કાંડાગરા લક્ષ્મીબેન પ્રેમજી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરખચંદ વોરા- ૫૦૨, નમો નિકેતન, એમ. જી. રોડ, કાંદીવલી (વે) મું.૬૭.

કાંડાગરાના પ્રીતી સુરેશ લખમશી ગાલા (ઉં. વ. ૬૭) તા. ૧૭-૧૦-૨૦૨૫નાં મુંબઇમાં અવસાન પામેલ છે. ગં.સ્વ. પાનબાઇ લખમશીના પુત્રવધૂ. સ્વ. સુરેશના પત્ની. સચીન, અમિતના માતા. તલવાણાના સ્વ. ખેતબાઇ મેઘજી પાંચારીયાના પુત્રી. સ્વ. લક્ષ્મીચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : પાનબાઇ લખમશી, ૨૦૩, પ્રેમગંગા, કસ્તુર બા રોડ, મુલુંડ (વેસ્ટ).

નવીનાળ (હાલે વલસાડ)ના કંચનબેન નાનજી વોરા (ઉં. વ. ૮૭) તા. ૧૭-૧૦-૨૫ના અવસાન પામેલ છે. કંકુબેન નથુ જીવણના પુત્રવધૂ. સ્વ. નાનજીના પત્ની. ભરત, સંજય, રેખાના માતુશ્રી. ભુજપુર (કુર્લાવાલા)ના લક્ષ્મીબેન દેવજી કાનજી ભેદાના પુત્રી. વિમળાબેન, રતનબેન, સુશીલા, કુસુમ, મીનાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભરત નાનજી વોરા, ક્રિષ્ણા કૃપા, એમ.જી. × રોડ નં. ૪, પટેલ નગરની પાછળ, કાંદીવલી (વે.).

છેલ્લા પાનાનું ચાલુ

### જાત્રાએથી

જાત્રા આદિવાસી સમુદાય માટે અત્યંત મહત્ત્વની ગણાતી હોવાથી અકસ્માત બાદ સ્થાનિક રહેવાસીઓમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

પાછા ફરતી વખતે વાંકાચૂંકા રસ્તા પરથી પસાર થઈ રહેલી વૅનના ડ્રાઈવરે એક વળાંક પાસે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. વૅન ઊંધી વળીને નીચે પડી ગઈ હતી. ઉપરના માર્ગ પરથી છેક ૨૦૦ ફૂટ નીચેના માર્ગ પર વૅન પટકાઈ હતી, જેને કારણે વૅનના પાછળના ભાગમાં બેસેલા શ્રદ્ધાળુઓ વાહનની નીચે દબાઈ ગયા હતા.

બનાવની જાણ થતાં તળોદા પોલીસની ટીમ અને બચાવ ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસ પહોંચી ત્યારે ઘટનાસ્થળનું દૃશ્ય ભયાનક હતું. લોકો જખમી અવસ્થામાં રસ્તા પર પડેલા હતા. તાત્કાલિક તેમને તળોદા ઉપજિલ્લા હૉસ્પિટલમાં લઈ જવાયા હતા.

એપીઆઈ લોખંડેએ જણાવ્યું હતું કે અકસ્માતમાં છ જણનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયાં હતાં, જ્યારે અન્ય બે લોકોએ સારવાર દરમિયાન છેલ્લા શ્વાસ લીધા હતા. જખમી ૧૫ જણની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, જેમાંથી અમુકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. મૃતકો નંદુરબાર જિલ્લાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. ■

### વિપક્ષો જ નહીં

કરવામાં આવી છે. મતદારોની સૂચિમાં ખૂબ જ ગોટાળા અને હેરાફેરી કરવામાં આવી હોવાનો આરોપ કરવામાં આવ્યો છે. બુધવારે શિવસેના (યુબીટી) અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના અધ્યક્ષ રાજ ઠાકરે, એનસીપી (એસપી) નેતા જયંત પાટીલ અને કોંગ્રેસના બાળા સાહેબ થોરાતે રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારે અને મુખ્ય ચૂંટણી અધિકારી એસ ચોકલિંગમ સાથે મતદાર યાદીમાં કથિત ગોટાળા સંદર્ભે મુલાકાત કરી હતી. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી આગામી બે મહિના અથવા આવતા વર્ષની શરૂઆતમાં યોજાવાની સંભાવના છે.

અજિત પવારની આગેવાની હેઠળના એનસીપીના ચવ્હાણે ગંગાપુર વિધાનસભા બેઠક પર ૩૬ હજાર મતદારોના નામ બે વખત આ યાદીમાં હોવાનો આરોપ કર્યો હતો. યાદીમાં સુધારો કરવા પર ભાર મૂકી તેમણે સુધારો ન થાય ત્યાં સુધી ચૂંટણી પ્રક્રિયા સ્થગિત કરવાની માંગણી કરી હતી. (પીટીઆઈ) ■

### મહારાષ્ટ્ર નગરપાલિકા

આપવામાં આવશે. શિવસેના (યુબીટી), કોંગ્રેસ, એનસીપી (એસપી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) સહિત અનેક વિપક્ષી દળોની ફરિયાદો બાદ આ પગલું લેવામાં આવ્યું છે. આ પક્ષો દ્વારા વિવિધ સરનામાં સાથે વિધાનસભા ક્ષેત્રોમાં મતદાર યાદીમાં નામ એકથી વધુ વાર મૂકવાનો આરોપ કરવામાં આવ્યો છે. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થનારી ગ્રામીણ અને શહેરી સંસ્થાઓની ચૂંટણી પહેલા મતદાર યાદીમાં સુધારો કરી એમાં રહેલી વિસંગતતા દૂર કરવાની માંગણી તેમણે કરી છે.

ચર્ચામાં સામેલ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે અમે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને મતદાર યાદીમાં એકથી વધુ વખત આવતા નામોની યાદી આપવા જણાવ્યું છે. કેટલાક કિસ્સાઓમાં, મતદારનું નામ એક જ શહેરમાં એક કરતા વધુ સ્થળે હોઈ શકે છે, જ્યારે અન્યમાં એ શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં હોઈ શકે છે. અમારા અધિકારીઓ આવા સ્થળની મુલાકાત લઈ સંબંધિત મતદારોનો સંપર્ક કરી તેમની વિગતોની ચકાસણી કરશે. ત્યારબાદ દરેક મતદારને એક એવી બેઠક પસંદ કરવાનું કહેવામાં આવશે જ્યાં તેઓ આગામી ચૂંટણીમાં મતદાન કરવા માંગે છે. (પીટીઆઈ) ■

### બીએઆરસીના

સર્ટિફિકેટ પણ બનાવ્યાં હોવાનું જાણવા મળ્યું હતું. પોતે સિનિયર વિજ્ઞાની હોવાનું દર્શાવી આરોપી ખાનગી ઑપરેટરો સાથે વ્યવહાર કરવા આ બોગસ દસ્તાવેજોનો ઉપયોગ કરતો હતો. અધિકારીના જણાવ્યા મુજબ છેલ્લાં અમુક વર્ષમાં આરોપી અનેક વાર વિદેશ પ્રવાસે ગયો હતો. ૨૦૦૪થી તેની અવરજવર ચાલુ હતી. પરિણામે તેના પર નજર રાખવામાં આવતી હતી. ૨૦૦૪માં તેને દુબઈથી ભારતમાં ડિપોર્ટ કરાયો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ ભારતીય ન્યુક્લીયર સિક્રેટ્સ એક આરબ રાજદૂતને વેચવાનો પ્રયાસ કરતી વખતે દુબઈ પોલીસે તેને પકડી પાડ્યો હતો. તે સમયે તેનો ભાઈ અણુ વિજ્ઞાની હોવાનો દાવો આરોપીએ કર્યો હતો, જેણે યુએઈમાં લેક્ચર પણ આપ્યાં હતાં. ડિપોર્ટ બાદ ઍરપોર્ટ પરથી સેન્ટ્રલ એજન્સીએ તેને તાબામાં લીધો હતો. જોકે રાષ્ટ્રીય સલામતીને લઈ તેની કોઈ ગુનાહિત કાર્યવાહી સ્પષ્ટ ન થતાં કેન્દ્રીય એજન્સીએ તેને છોડી મૂક્યો હતો. ■

### મહાલક્ષ્મી મંદિર

કમિશનર ભૂષણ ગગરાણીએ તમામ સંબંધિત અધિકારીઓને કામ ઝડપથી પૂરા કરવા અને આ વિસ્તારનું સુશોભીકરણ સહિત અન્ય સંબંધિત કાર્ય પૂર્ણ થઈ જાય પછી ભક્તોને મહત્તમ નાગરિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે.

લગભગ ૩૦૦ વર્ષ જૂનું પ્રતષ્ઠિત મહાલક્ષ્મી મંદિર ભુલાભાઈ દેસાઈ રોડ પર આવેલું છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ મંદિરમાં દરરોજ સરેરાશ ૭૦,૦૦૦ ભક્તો દર્શન માટે આવે છે. નવરાત્રી દરમ્યાન પાંચ લાખથી વધુ લોકો મંદિરમાં આવે છે. મંદિરના સુશોભીકરણ પ્રોજેક્ટમાં મંદિરના પરિસરમાં આવેલા સ્ટોલને ફરી ગોઠવવા અને સુશોભીત પ્રવેશદ્વાર, સૌર પેનલ્સ બેસાડવા સહિત એસ્કેલેટર અને સીસીટીવી કેમેરા બેસાડવા, લાઈટીંગ માટે કંટ્રોલરૂમ સ્થાપિત કરવા, સાઈનેજ બેસાડવા જેવા કામનો સમાવેશ થાય છે. વધુમાં આ પ્રોજેક્ટમાં મંદિરથી કોસ્ટલ રોડ ગાર્ડન સુધી સ્કાયવોક બનાવવાનો અને વોકવે બનાવવાનો કામનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ આશરે ૨૫ કરોડ રૂપિયા છે. ■

### કાલબાદેવીથી

તેની નજીક આવ્યા હતા. ચારમાં એક મહિલાનો પણ સમાવેશ થતો હતો.

આરોપીઓએ જબરદસ્તી ફરિયાદીને કારમાં બેસાડ્યો હતો. ડ્રાઈવરે કાર પૂરપાટ વેગે પરેલની દિશામાં દોડાવી મૂકી હતી. પરેલની એક ઈમારતના ત્રીજા માળે આવેલી રૂમમાં ફરિયાદીને પૂરી રાખવામાં આવ્યો હતો.

થોડા સમય પછી રૂમમાં તારક મૈતી અને રઘુનાથ મૈતી આવ્યા હતા. સોનાના દાગીના બનાવવાનો વ્યવસાય ધરાવતા તારક અને રઘુનાથ સાથે ફરિયાદીનો વિવાદ હતો. કહેવાય છે કે જૂના વ્યવહારને લઈ તેમની વચ્ચે ખટરાગ થયો હતો.

અપહરણ કરનારા ચારેયની હાજરીમાં ફરિયાદીની મારપીટ કરવામાં આવી હતી. તેની પાસેથી ૭૬.૨૩ લાખ રૂપિયાનું સોનું લેવામાં આવ્યું હતું. પછી ગૂગલ પેથી પંદર હજાર રૂપિયા ટ્રાન્સફર કરાવાયા હતા અને ૨.૯૯ લાખ રૂપિયાનો ચેક લેવામાં આવ્યો હતો. ૭૯.૩૭ લાખ રૂપિયાની મતા ચૂકવવાની ફરજ પાડવામાં આવ્યા પછી ફરિયાદીને છોડી મૂકવામાં આવ્યો હતો.

ડરી ગયેલા ફરિયાદીએ આ બાબતે એલ. ટી. માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદીનું નિવેદન લઈ ગુનો નોંધ્યો હતો. તપાસમાં નવી મુંબઈના નેરુળમાં રહેતા વૈતી સહિત છ આરોપીને તાબામાં લેવાયા હતા. તેમની પાસેથી ૭૫ લાખ રૂપિયાનું સોનું અને ૨.૩૫ લાખની રોકડ જપ્ત કરવામાં આવી હતી. ■

### હવે પાંચમા

પરિષદ દ્વારા જાહેર કરવામાં આવશે.

શિષ્યવૃત્તિની પરીક્ષાની ફી બિન-પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ૨૦૦ રૂપિયા અને પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ૧૨૫ રૂપિયા રહેશે. સિવાય શાળાઓએ વાર્ષિક ૨૦૦ રૂપિયાની ફી જમા કરાવવી પડશે. આ શિષ્યવૃત્તિ ત્રણ વર્ષ માટે વાર્ષિક ૫,૦૦૦ રૂપિયા અને ધોરણ સાતમા વિદ્યાર્થીઓ માટે વાર્ષિક ૭,૫૦૦ રૂપિયા હશે.

ચોથા અને સાતમા ધોરણની શિષ્યવૃત્તિની પરીક્ષા માટે પણ ઉપલી વય મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ મુજબ પહેલી જૂને ચોથા ધોરણના વિદ્યાર્થીની મહત્તમ ઉંમર ૧૦ વર્ષ સાતમા ધોરણના વિદ્યાર્થીઓ માટે મહત્તમ વય ૧૩ વર્ષ, ધોરણ ૪ના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ૧૩ વર્ષ અને ધોરણ ૭ના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ૧૭ વર્ષ છે. ■

### ગોરેગામના

પશ્ચિમમાં સાત વર્ષ જૂનો વીર સાવરક ફ્લાયઓવર (એમટીએનએલ) ૨૦૧૮ની સાલમાં ૨૭ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવ્યો હતો. તે રેડીસન હોટલ પાસે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવને રુસ્તમજી ઓઝોન સાથે જોડે છે. આ ફ્લાયઓવરને કારણે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ગોરેગામ અને મલાડ વચ્ચેની મુસાફરીનો સમય ૪૫ મિનિટથી ઘટાડીને ૧૦ મિનિટ સુધીનો કરી દીધો છે.

આઈઆઈટીના રિપોર્ટ બાદ હવે પાલિકા આ ફ્લાયઓવર તોડી પાડે એવી ભારોભાર શક્યતા છે ત્યારે સ્થાનિક રહેવાસીઓને હવે ડર છે કે બ્રિજ તોડી પાડયા બાદ પ્રસ્તાવિત નવો ડબલડેકર બ્રિજ નહીં બને ત્યાં સુધી અહીં ભારે ટ્રાફિક જૅમની સમસ્યા રહેશે. આ ફ્લાયઓવર પૂર્વ-પશ્ચિમને જોડનારો મહત્ત્વનો લિંક છે, જે વાહનચાલકોને અત્યંત વ્યસ્ત રહેતા એસ.વી.રોડને બાયપાસ કરવામાં મદદ થાય છે. ગોરેગામ, મલાડ, માર્વે, મઢ, આક્સા અને ચારકોપના નાગરિકો તેનો ઉપયોગ કરે છે. ■

### પ્રેમી સાથે

આવી હતી. પોલીસે ખંડવીના મોબાઈલ ફોનના કૉલ રેકોર્ડ તપાસી શંકાસ્પદ નંબરો અલગ તારવ્યા હતા. પછી એ શંકાસ્પદ નંબરોના ડેટા પ્રાપ્ત કર્યા હતા. ડેટાને આધારે પોલીસની એક ટીમ નાશિક, જ્યારે બીજી રાયગઢ જિલ્લામાં તપાસ કરી રહી હતી.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે ખંડવીની પત્ની દીપાલી અને નાશિકના ત્ર્યંબકેશ્વરમાં રહેતા આરોપી ઉમેશ વચ્ચે બે વર્ષથી પ્રેમપ્રકરણ હતું. ઉમેશ સાથે લગ્ન કરવા માટે દીપાલીએ તેની સાથે મળીને પતિની હત્યાની યોજના બનાવી હતી, જેમાં ત્ર્યંબકેશ્વર ખાતે જ રહેતી કૉલેજ સ્ટુડન્ટ સુપ્રિયા ચૌધરીની મદદ લેવામાં આવી હતી.

સુપ્રિયાએ પાયલને નામે ઈન્સ્ટાગ્રામ પર એકાઉન્ટ ખોલાવ્યું હતું. પછી ખંડવીનો સંપર્ક સાધી પ્રેમનું નાટક કર્યું હતું. પ્રેમજાળમાં ફસાયેલા ખંડવીને ચૌધરીએ ૧૦ ઑક્ટોબરે એસટી સ્ટૅન્ડ પાસે મળવા બોલાવ્યો હતો. ત્યાંથી ચૌધરી અને ઉમેશ બાઈક પર ખંડવીને વાસગાંવ સ્થિત જંગલમાં લઈ ગયા હતા.

ઓઢણીથી ગળું દબાવીને માથું પથ્થર પર પટકી તેની હત્યા કરવામાં આવી હતી. ખંડવી મરી ગયો હોવાની ખાતરી કરવા તેના બૂટની રસી કાઢીને ફરી ગળું દબાવવામાં આવ્યું હતું. બાદમાં તેની ઓળખ છતી ન થાય તે માટે ચહેરા હાથ-પગ પર કેમિકલ રેડી શબ બાળી નાખવામાં આવ્યું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

### મેગા બ્લોક

ડીએન હાર્બર લાઇન ટ્રેન રદ કરવામાં આવશે. સવારે ૯.૫૩ થી બપોરે ૩.૨૦ વાગ્યા સુધી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ મુંબઈ સુધીની યુપી હાર્બર લાઇન ટ્રેન અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ મુંબઈ માટે ગોરેગાંવ / બાંદ્રા છોડતી યુપી હાર્બર લાઇન ટ્રેન સવારે ૧૦.૪૫ થી સાંજે ૫.૧૩ વાગ્યા સુધી બંધ રહેશે.

બ્લોક સમયગાળા દરમિયાન પનવેલ અને કુર્લા વચ્ચે વિશેષ લોકલ ટ્રેનો દોડશે. હાર્બર લાઇનના મુસાફરોને બ્લોક સમયગાળા દરમિયાન મેઈન લાઇન અને પશ્ચિમ રેલવે પર સવારે ૧૦થી સાંજના ૬ સુધી મુસાફરી કરવાની મંજૂરી છે. ■

### ઠાકરે ભાઈઓનો

(ઉબાઠા) અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પ્રમુખ રાજ ઠાકરે આ સમયે સાથે છે. અમે અને મનસે મુંબઈ અને મરાઠી લોકોની સુરક્ષા માટે સાથે મળીને લડીશું. થાણેમાં પણ અમે સાથે મળીને લડીશું અને સત્તામાં આવીશું. થાણામાં અમે ૭૫થી વધુ બેઠક પર વિજય મેળવશું. બંને ઠાકરે ભેગા થાય ત્યારે કંઈપણ થઈ શકે છે. 'દો ઠાકરે સબ પે ભારી' ચર્ચા થયા કરશે.'

### સતત બીજા

મહિનામાં છેલ્લા સાત વર્ષમાં નોંધાયેલું બીજું સૌથી ઊંચુ તાપમાન હતું. આ અગાઉ ૨૦૧૯ની સાલમાં ૨૨ ઑક્ટોબરના ૩૭.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મુંબઈમાં જોકે ઓક્ટોબર મહિનાનું ઓલટાઈમ હાઈએસ્ટ તાપમાન ૩૮.૬ ડિગ્રી છે, જે ૧૭ ઑક્ટોબર, ૨૦૧૫ના નોંધાયું હતું. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@
bombaysamachar.com

# ગુજરાતમાં નવું પ્રધાનમંડળઃ નવું સોશ્યલ એન્જિનિયરિંગ

ગુજરાતમાં અંતે નવું પ્રધાનમંડળ રચાઈ ગયું. ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલા ૨૬ પ્રધાનના આ પ્રધાનમંડળમાં ભાજપે નવા અને જૂના ચહેરાઓની સપ્રમાણ મિલાવટ-મિશ્રણ કરવાનો પ્રયાસ કર્યો છે. એક તરફ માત્ર ૩૮ વર્ષના હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રીપદ અને ગૃહ મંત્રાલય જેવા અત્યંત વજનદાર મંત્રાલયની જવાબદારી સોંપાઈ છે તો બીજી તરફ કનુભાઈ દેસાઈ, ઋષિકેશ પટેલ, જીતુભાઈ વાઘાણી સહિતના ભાજપના જૂના જોગીઓને પણ મહત્ત્વનાં ખાતાં સોંપ્યાં છે.

નરેન્દ્ર મોદી દિલ્હી ગયા પછી ગુજરાત ભાજપમાં અમિત શાહ અને આનંદીબહેન પટેલનું જૂથ વર્ચસ્વ માટે લડતું હતું. અમિત શાહે ક્રમશ : આનંદીબહેન પટેલ જૂથનો સફાયો કરી નાખ્યો પછી નરેન્દ્ર મોદીએ સંતુલન જાળવવા માટે સી.આર. પાટીલને ઊભા કરી દીધા. નવા મંત્રીમંડળમાં શાહ અને સી.આર. બંને જૂથ માટે વિન-વિન સિચ્યુએશન છે. પહેલાં આનંદીબહેન અને હવે અમિત શાહના કહ્યાગરા ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી છે તો સી.આર. પાટીલના આંગળિયાત હર્ષ સંઘવી ગૃહ મંત્રાલય સાથે નાયબ મુખ્યમંત્રી છે.

કૉંગ્રેસમાંથી આવેલા કુંવરજી બાવળિયાને સાચવીને ભાજપે ફરી પ્રધાન બનાવ્યા છે તો ભાઈ પરસોત્તમ સોલંકીને પણ કશું નહીં કરતા હોવા છતાં પ્રધાનપદે ચાલુ રાખ્યા છે. અર્જુન મોઢવાડિયાને પણ મંત્રીપદ આપીને કૉંગ્રેસમાંથી ભાજપમાં આવવા ઈચ્છુકો માટે ગાજર લટકાવી દીધું છે. એકંદરે ભાજપે તેની સાથે સંકળાયેલા રાજકારણીઓના અલગ અલગ તબક્કામાં 'સબ કા સાથ, સબ કા વિકાસ'ના નારાને અમલમાં મૂકવા પ્રયાસ કર્યો છે.

આમ તો એવી કોઈ કટોકટી નહોતી કે ગુજરાતના પ્રધાનમંડળમાં કોઈ ફેરફાર કરવાની તાત્કાલિક જરૂર પડે. આમ છતાં, આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી શાસક પક્ષે ઓબીસી તેમ જ - પાટીદાર મતબેંકને મહત્ત્વ આપી અત્યારથી પાણી પહેલાં પાળ બાંધી લઈને પ્રધાનમંડળની નવરચના કરી છે.


ઉપ મુખ્યમંત્રી હર્ષ સંઘવી – મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ


કનુ દેસાઈ


કુંવરજી બાવળિયા


રિવાબા જાડેજા


અર્જુન મોઢવાડિયા

ભાજપે નવા મંત્રીમંડળની આખી ક્વાયત શું કરવા કરી એ સ્પષ્ટ નથી. મીડિયામાં જાત જાતનાં કારણો અપાય છે. કેટલાક પ્રધાનોની કામગીરી નબળી હતી તેથી તગેડી મુકાયા એવી વાત થાય છે તો બચુ ખાબડ સહિતના પ્રધાનો ભ્રષ્ટાચારમાં ખરડાયા તેના કારણે ઘરભેગા થયા એવા દાવા પણ થાય છે. આ દાવામાં દમ નથી કેમ કે ભાજપને નબળી કામગીરી કે ભ્રષ્ટાચાર કશાનો છોછ નથી. ભાજપને માત્ર ને માત્ર સત્તામાં રસ છે અને ગુજરાતનું નવું મંત્રીમંડળ પણ સત્તા જાળવી રાખવાના ઉદ્દેશથી બનાવાયું છે. ભાજપના હાઈકમાન્ડને મજબૂત નેતાઓ નથી ગમતા પણ કહ્યાગરા નેતાઓ ગમે છે ને એ વાતનું પણ પૂરું ધ્યાન રખાયું છે.

ભાજપ માટે અત્યારે સૌથી મોટો પડકાર સૌરાષ્ટ્ર-કચ્છમાં 'આમ આદમી' પાર્ટીનો ઉદય છે. વિસાવદરની પેટાચૂંટણીમાં ગોપાલ ઈટાલિયાની જીત પછી સૌરાષ્ટ્રના પાટીદારોને 'આમ આદમી' પાર્ટીના રૂપમાં ભાજપનો વિકલ્પ મળ્યો હોવાનું ચિત્ર ઊપસી રહ્યું છે. 'આપ'માં ગોપાલ ઈટાલિયા સિવાય બીજા કોઈ નેતા દેખાતા નથી., પણ ભાજપ પાણી પહેલાં પાળ બાંધવા માગે છે તેથી અત્યારથી સૌરાષ્ટ્ર-કચ્છના પાટીદારોને મનાવવાની ક્વાયત શરૂ કરી છે તો બીજી તરફ, પાટીદારો ભાજપ સાથે ના રહે તો શું કરવું તેનો બંદોબસ્ત પણ થઈ રહ્યો છે.

ભાજપનું નવું પ્રધાનમંડળ આ બંદોબસ્તનો પુરાવો છે કેમ કે ભાજપ આ પ્રધાનમંડળની રચનામાં તેના નવા સોશ્યલ એન્જિનિયરિંગ સમીકરણો અમલમાં મૂક્યાં છે. ભાજપનાં નવાં નવા સોશ્યલ એન્જિનિયરિંગ સમીકરણોમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) કેન્દ્રસ્થાને છે તેથી સત્તાસ્થાને બેસનારા લોકોની પસંદગીમાં ભાજપ હવે ઓબીસીને વધારે પ્રાધાન્ય આપે છે. ગુજરાતના નવા પ્રધાનમંડળમાં એ જ કરવામાં આવ્યું છે અને ૮ ઓબીસી નેતાને પ્રધાન બનાવી દેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી પાટીદાર છે અને બીજા સાત પ્રધાન પણ પાટીદાર છે તેથી પાટીદારોને સાવ કોરાણે નથી મુકાયા, પણ વાણિયા-બ્રાહ્મણોની બાદબાકી કરવામાં આવી છે એવું ચિત્ર સ્પષ્ટ ઉપસે છે.

એક સમયે ભાજપની છાપ સવર્ણોના પક્ષ તરીકેની હતી. ભાજપ વાણિયા- બ્રાહ્મણ -પટેલ અને ક્ષત્રિયો એ ચાર સવર્ણ મનાતી જ્ઞાતિઓનો જ પક્ષ મનાતો હતો. ભાજપના શરૂઆતના સમયના નેતાઓની યાદી પર નજર નાખશો તો આ વાત સાચી જ લાગશે. ભાજપે ૧૯૮૦ના દાયકાના ઉત્તરાર્ધમાં સોશ્યલ એન્જિનિયરિંગના ભાગરૂપે હિંદુઓની એકતાની ફોર્મ્યુલા અપનાવી ત્યારે સૌથી પહેલાં દલિતોને પોતાની તરફ વાળવાની ક્વાયત આદરી હતી. ગુજરાતમાં અડધાથી વધારે મતદારો દલિતો અને સવર્ણ સમુદાયના છે તેથી ભાજપે ગુજરાતમાં ઝડપભેર પ્રગતિ કરી અને ૧૯૯૫માં તો ગુજરાતમાં ભાજપ સત્તામાં આવી પણ ગયો હતો.

ભાજપે નરેન્દ્ર મોદીને વડા પ્રધાનપદના ઉમેદવાર જાહેર કર્યા ત્યારે મોદીની કટ્ટર હિંદુવાદીની ઈમેજ પર દાવ ખેલ્યો હતો. આ દાવ ફળ્યો પછી ભાજપે આદિવાસીઓને પોતાની તરફ વાળવાના પ્રયત્નો શરૂ કરેલા. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી ના મળી પછી ભાજપને લાગ્યું કે, સૌથી મહત્ત્વની મતબેંક તો ઓબીસીની છે. ઉત્તર પ્રદેશમાં ઓબીસી મતદારોની નારાજગીના કારણે ભાજપને ૩૦ બેઠકનો ફટકો પડી ગયો ને તેના કારણે સ્પષ્ટ બહુમતીમાં ૩૨ બેઠકની ઘટ પડી એટલે ભાજપે ઓબીસી મતબેંકને મહત્ત્વ આપવા માંડ્યું છે.

ગુજરાતમાં એ જ ફોર્મ્યુલા અપનાવીને હમણાં ઓબીસી ધારાસભ્યોને પ્રધાનપદોની લહાણી કરવામાં આવી છે. ગુજરાતમાં ઓબીસી મતબેંક મોટી છે તેથી ૨૦૨૭માં તેના જોરે ભાજપની નૈયા પાર થઈ જશે એવું હાઈકમાન્ડને લાગે છે. આ માન્યતા સાચી પડે એવી પ્રબળ શક્યતા છે, પણ સામે ઓબીસીને વધારે મહત્ત્વ આપવામાં સવર્ણો વંકાઈ જાય એ ખતરો પણ છે. ૨૦૧૭ની ચૂંટણીમાં પાટીદારો વંકાયા તેમાં ભાજપ માંડ માંડ સત્તા ટકાવી શકેલો. આ વખતે ભાજપે પાટીદારો નારાજ ના થાય તેનું અત્યારથી ધ્યાન રાખ્યું છે તેથી ૨૦૧૭ જેવી સ્થિતિ ના સર્જાય એવું બને , પણ 'ચેતતા નર સદા સુખી' એ હિસાબે ભાજપે અત્યારથી ગોઠવણ કરી દીધી છે.

ભાજપને વાણિયા- બ્રાહ્મણ- ક્ષત્રિયો વગેરે સવર્ણોની ચિંતા નથી કેમ કે આ મતદારો બીજે ક્યાંય જવાના નથી એવું ભાજપને લાગે છે. જ્યારે ઓબીસી કે બીજા સમુદાયો જેવી એકતા સવર્ણ સમુદાયોમાં નથી તેથી પણ ભાજપ નચિંત છે. ■

## સી.ડી. પટેલ પછી ગુજરાતને ૩૦ વર્ષે ફુલટાઈમ ગૃહ મંત્રી મળ્યા!



ગુજરાતમાં લાંબા સમયથી ગૃહ મંત્રાલય મુખ્યમંત્રી પાસે જ રહેતું. મુખ્યમંત્રીના હાથ નીચે રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી હોય પણ ગૃહ ખાતાના કેબિનેટ મંત્રી મુખ્યમંત્રી જ હોય એવું બનતું. આ વખતે એ પરંપરા તૂટી છે અને ૩૦ વર્ષ પછી ગુજરાતને હર્ષ સંઘવીના રૂપમાં કેબિનેટ કક્ષાના એક સ્વતંત્ર ગૃહ મંત્રી મળ્યા છે.

વર્તમાન કેન્દ્રીય મંત્રી અમિત શાહ પણ ગુજરાતના ગૃહ મંત્રી હતા ત્યારે શાહ પણ રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી હતા અને ગૃહ ખાતું મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પાસે જ હતું.

યોગાનુયોગ ગુજરાતના છેલ્લા મુખ્યમંત્રી ના હોય છતાં કેબિનેટ કક્ષાના ગૃહ મંત્રી પણ હર્ષ સંઘવીની જેમ દક્ષિણ ગુજરાતના જ હતા એમનું નામ છગનભાઈ દેવાભાઈ પટેલ હતું. 'સી.ડી. પટેલ' તરીકે જાણીતા છગનભાઈ નવસારી પાસેના જલાલપોર વિધાનસભા બેઠક પરથી કૉંગ્રેસની ટિકિટ પર ચૂંટાયા હતા. સી.ડી. પટેલ પહેલાં ચીમનભાઈ પટેલ અને પછી છબિલદાસ મહેતાના કાર્યકાળમાં કેબિનેટ કક્ષાના ગૃહ મંત્રી હતા.

સી.ડી. પટેલ કૉંગ્રેસી હતા. ચીમનભાઈ પટેલે પોતાના પ્રાદેશિક પક્ષ 'જનતા દળ (ગુજરાત)'નું કૉંગ્રેસમાં વિલિનીકરણ કર્યું ત્યારે કૉંગ્રેસના દિગ્ગજ નેતાઓને મંત્રીમંડળમાં સ્થાન અપાયું હતું. તેમાં સી.ડી. ગૃહ મંત્રી બન્યા હતા. સી.ડી. પટેલે ગૃહ મંત્રી તરીકે સારી કામગીરી બજાવી હતી અને મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલને તાબે થયા વિના નિષ્પક્ષ રીતે કામ કરનારા મંત્રી તરીકે નામના મેળવી હતી.

કલોઝ અપ
ભરત ઘેલાણી
feedback@
bombaysamachar.com

# આજનાં જુવાન હૈયાંઓનું લીલુછમ્મ 'ઈલ્લુ...ઈલ્લુ'!

### વડીલોની સરખામણીએ આજની યુવાપેઢી છાતી ફાડીને જેમ પ્રેમ કરી જાણે છે તેમ પર્યાવરણ સુરક્ષાની પાઠશાળા પણ ચલાવી જાણે છે!

વર્ષો પૂર્વે મુંબઈથી પ્રકાશિત થતા એક ગુજરાતી અખબાર ('જન્મભૂમિ પ્રવાસી')ની રવિવાર આવૃત્તિમાં એક કોલમ પ્રગટ થતી હતી. એ કોલમે શરૂઆતથી જ વાચકોમાં ભારે ઉત્કંઠા જગાડી હતી, કારણ કે એ જમાનામાં એનો વિષય નવો હતો અજાણ્યો હતો.


એ જમાનામાં ડો. રશ્મિ મયુરની એ કોલમમાં વાચકોને સર્વપ્રથમવાર પર્યાવરણ- પર્યાવરણનાં દૂષણ એનું નૈસર્ગિક પ્રકૃતિ અને માનવજીવન પર થતી એની આડ અસરો વિશે માહિતી મળી. ચોંકાવનારી, પણ સરળ ભાષામાં રજૂ કરેલી એ હકીકતસભર કોલમ વાચકોમાં ખાસ્સી લોકપ્રિય બની ગઈ હતી. સમાજશાસ્ત્રીઓથી લઈને કુદરતપ્રેમીઓમાં એની વિશેષ ચર્ચા થતી રહેતી.

એ વખતે સંભવતઃ એ પ્રથમ ગુજરાતી (કે અંગ્રેજી) અખબાર હતું, જે પર્યાવરણશાસ્ત્રી ડૉ.રશ્મિ મયુરની આ કોલમ દ્વારા વાચકોને પ્રદૂષણ વિશે સવિસ્તર માહિતી આપીને સચેત કરતું હતું. પછી તો ડૉ. મયુરનાં પર્યાવરણનાં જાહેર પ્રવચનો સેમિનાર પણ જાણીતાં થયાં. વાચકોમાં પર્યાવરણ પ્રદૂષણ વિશી નવી જાગૃતિ આવી રહી હતી ત્યાં રશ્મિભાઈનું ક-વેળા અવસાન થયું અને એમણે શરૂ કરેલી પર્યાવરણની પ્રવૃત્તિ છૂટાછવાયા પ્રયાસના અપવાદ સિવાય સમેટાઈ ગઈ...

આજે તો યુગ પલટાઈ ગયો છે. આજની પ્રજા વૃદ્ધથી લઈને યુવા સુધીના રોજિંદા જીવનમાં 'પર્યાવરણ' અને 'પ્રદૂષણ' શબ્દોથી વધુને વધુ સજાગ થઈ રહ્યા છે અને પ્રકૃતિની સંભાળ લેવા સજ્જ થઈ રહ્યા છે.

આજે 'પર્યાવરણ -પ્રદૂષણ' એ સદા બદલાતો વિષય છે. જગત આખામાં આજની બદલાતી પલટાતી પેઢી એમની આગવી રીતે પ્રદૂષણનો સામનો કરવા સાબદી થઈ રહી છે.

છેલ્લાં શ્વાસ સુધી કાર્યરત રહી શતાયુની આવરદા ઉજવનારા વિચક્ષણ રાજકીય સમીક્ષક નગીનદાસ સંઘવી વૃક્ષ કે પર્યાવરણની વાત નીકળે ત્યારે અમને કહેતા :'આજની પેઢીને વૃક્ષની ખરી કિંમત કે ઉપયોગિતા જલદી નહીં સમજાય. અમે નાનપણમાં નિશાળે જતા ત્યારે પગમાં ચપ્પલ તો હોય નહીં. આકરા ઉનાળામાં ધરતી ધોમ ધખી ગઈ હોય. એના પર ઉઘાડા પગે થોડું ચાલીએ, પછી પગ એવા દાઝવા માંડે કે દોડીને નજીકના ઝાડ નીચે ઊભા રહી જઈએ... એ વખતે એની છાયામાં જે સાતા પહોંચે ત્યારે અમને વૃક્ષની ખરી મહત્તા સમજાતી!'



આ તો વૃક્ષ વિશે એક પ્રખર અનુભવીની વાણી હતી. આજની પેઢી પણ પર્યાવરણ વિશે વધુ સચેત થવા લાગી છે.

છેલ્લાં પાંચેક વર્ષથી અચાનક પલટાતી મોસમને લીધે કુદરતી હોનારતો ખાસ્સી વધી ગઈ છે. એમાં માનવસર્જિત હોનારતો પણ ઉમેરાય છે. આ બધાનાં પરિણામે કુદરતી સંપત્તિનો ન ધારી હોય એટલી ખુવાર થાય છે. જે વૃક્ષોને ઉગતાં પાંગરતાં વર્ષોનાં વર્ષો લાગ્યાં હોય એ નજર સામે નષ્ટ થઈ જાય છે. જળવાયુ પરિવર્તનથી થયેલી કુદરતી આફતોને લીધે એકલા ૨૦૨૪માં જ વિશ્વભરમાં અધધધ...રૂપિયા ૨૫ લાખ કરોડથી પણ વધુ સંપત્તિનું સ્વાહા થઈ ગયું છે!

આમ તો પર્યાવરણશાસ્ત્રીઓ પણ સ્વીકારે છે કે અમુક તબક્કે 'કલાઈમેટ ચેન્જ' એટલે કે બદલાતી મોસમ પૃથ્વીની તબિયત માટે ઉપકારક છે, છતાં યુવાનોના એક વર્ગ એ વિશે વધુ પડતી ચિંતા કરે છે. એ માટે 'અમેરિકન સાયકોલોજિકલ એસોસિએશન' (APA)એ અંગ્રેજીમાં એક નવો શબ્દપ્રયોગ યોજ્યો છે. એ શબ્દ છે 'ઈકો ઍંગ્ઝાયટિ'...જળ-વાયુ દૂષણની ચિંતાથી પીડાતા વધુ પડતા સંવેદનશીલ યુવાનોનો ભય એક રીતે સાચો પણ છે.

આમ છતાં આવી ચિંતામાંથી મુક્ત થવા આ સંસ્થા કેટલાક ઉપાય પણ સૂચવે છે, જે પાછો એક સાવ અલગ ચર્ચાનો વિષય છે, જેને આપણે અહીં સ્થળઃ સંકોચનને કારણે નહીં ઉખેળીએ...

આજના યુવાનની પોતાની એક આગવી એવી એન્ટિટી છે અસ્તિત્વ છે, જેની પાસે બોલવાની ભાષા છે અને લખવાની લિપિ છે. અને એ ખરા અર્થમાં પોતાના 'મન કી બાત' વિવિધ માધ્યમમાં બોલીને લખીને વ્યક્ત કરી શકે છે, જેમાં જોગ-સંજોગનો પ્રત્યક્ષ- પરોક્ષ પડઘો એમની વિચારણસરણી પર પડે છે. ઉદાહરણ તરીકે, વન નાઈટ સ્ટેન્ડ- ફીટનેસ - ફેશન - સ્ટાર્ટઅપથી લઈને સોશ્યલ મીડિયા અને પર્યાવરણ સુધ્ધાંની વાતમાં એ પેઢી પાછી પાની કરતી નથી. એમની વાત-વિષયમાં કોઈ છોછ નથી. નવીનતા છે-પ્રામાણિકતા છે. હવે તો યુવા પેઢી પાસે નવી ઓળખ-મૈત્રી-પ્રેમના સંદેશની આપ-લે માટે નવી નવી ઍપ્સ આવી ગઈ છે.

કોરોના પછીની ઘરબંધીના માહોલમાં આવી બધી ઍપ્સનો વપરાશ ઘણો વધી ગયો છે. આમ છતાં જુવાન હૈયાં માટે જેટલો ગમતીલો વિષય પ્રેમ છે એટલી જ એ પેઢી ગંભીર છે પર્યાવરણ માટે.

એમને મન ઍન્વાયરમેન્ટ એટલે ઍવરીથિંગ- ઘણું બધુ. પ્રદૂષણ પર અંકુશથી લઈને પર્યાવરણની રક્ષા સુધી. જો કે, એમને મન પર્યાવરણ એટલે માત્ર વૃક્ષારોપણ કે વૃક્ષનું જતન જ નહી. નવી પેઢી ધરતીને વધુ ને વધુ લીલીછમ્મ બનાવવા ઈચ્છે છે. છાતી ફાડીને જેમ એ પ્રેમ કરી જાણે છે તેમ પર્યાવરણ સુરક્ષાની પાઠશાળા પણ ચલાવી જાણે છે!

આજનું આ યંગિસ્તાન 'ઈલુ ઈલુ' એટલે કે 'આઈ લવ યુ..આઈ લવ યુ'ના ડેટિંગ મેસેજમાં પણ પ્રેમની સાથે પર્યાવરણને પણ લીલુછમ્મ બનાવવાના સંદેશની આપ-લે કરે છે.

સભાનતા સાથે થતી આ પ્રવૃત્તિ આજે 'કલાઈમેટ એકટિવિઝમ'ના નામે પણ ઓળખાય છે. આ પ્રકારની કામગીરીમાં અમેરિકાની પેલી તરુણી ગ્રીટા થમ્બર્ગનું નામ પણ સંકળાયેલું છે. ડોનલ્ડ ટ્રમ્પ ૨૦૧૭માં પ્રથમ વાર અમેરિકાના પ્રેસિડન્ટ બન્યા ત્યારે એમની વિવાદાસ્પદ પર્યાવરણની નીતિ-રીતિ સામે તમને યાદ હોય તો સ્વિડનની આ તરુણી ગ્રીટા થમ્બર્ગે પ્રથમ વાર ટ્રમ્પ સામે રીતસરની જબરી ઝુંબેશ ઉપાડી હતી. તરુણ-તરુણીઓમાં ખાસ્સી લોકપ્રિય એવી આ ગ્રીટાને પગલે 'ઓકે ક્યુપિડ' જેવી બહુ જાણીતી ડેટિંગ ઍપ પર્યાવરણની રક્ષા કરનારાની ચળવળને 'થમ્બર્ગીંગ' ના હુલામણા નામથી ઓળખાવે છે.

પર્યાવરણની આ ઝુંબેશને બીજી અનેક જાણીતી ડેટિંગ ઍપ્સ 'ગ્રીન લવ' તરીકે પણ ઓળખાવે છે. એ બધી જ ડેટિંગ ઍપની દરેક યુવાનો સાથે પૂર્વ શરત એ જ હોય છે કે તમે ઉન્માદભર્યો રોમાન્સ ભલે કરો, પણ એની સાથે શુધ્ધ પર્યાવરણનોય પ્રચાર ને પ્રસાર કરો!

તરુણોને 'ગ્રીન લવ' ઝુંબેશ'માં આવા મેસેજની નિયમિત આપ-લે થાય છે, જેમ કેઃ 'હું પર્યાવરણ શુદ્ધ રહે એ માટે ઈકો-બાઈસિકલ વાપરું છું. મને કારનો વપરાશ પસંદ નથી. તું પણ આવી સાઈકલ વાપરે તો મને વધુ ગમે..!'

આ બીજો મેસેજ પણ જુવોઃ

'તને જો આપણી આ ધરતીને પ્રદૂષણથી ઉગારવામાં રસ ન હોય તો મને પણ તારી સાથે સંબંધ આગળ વધારવામાં જરા પણ રસ નથી!'


આ જ રીતે, કેમિકલ્સ-રસાયણ રહિત શેમ્પુ-સાબુ-મેકઅપની સામગ્રી વાપરવાની સલાહ પણ પ્રેમી યુગલ એકમેકને આપતાં રહે છે. કેટલાંક યુગલ કોફી કે પબમાં ડેટ પર જવાને બદલે માત્ર વેગન વાનગીઓ પીરસતી રેસ્ટોરાંમાં જવું વધુ પસંદ કરે છે. વૃક્ષારોપણની ઝુંબેશની જેમ ઘણાં યુવા યુગલ એકબીજાના શહેર કે વિસ્તારમાં એકમેકનાં નામ આપીને અનાથ વૃક્ષને અપનાવીને ઉછેરે પણ છે!

'આપણે જ ખુદ આ છેલ્લી જનરેશન છીએ, જે સતત પ્રદૂષણ સામે લડીને પૃથ્વીને બચાવી શકે..' એવું દ્રઢપણે માનતી આજની યુવાપેઢી વાતાવરણને દૂષિત કરતાં મૂળ તત્ત્વો પર અંકુશ મેળવવા પ્રયત્નો પણ કરે છે. વધુ ને વધુ કપાતાં જંગલ અટકે એ સાથે નવાં વૃક્ષારોપણને લીધે વન્યસૃષ્ટિ વધુ લીલીછમ્મ થાય, જેથી એ કુદરતી આફતો સામે આપણું સુરક્ષા ચક્ર બની રહે. વૃક્ષોની સાથે વધુ વનસ્પતિ ઉગાડવાના પ્રયાસ સાથે લોકો વધુ સંખ્યામાં વેજિટેરિયન બને અને માંસાહાર ત્યાગી શાકાહાર તરફ વળે એવા પ્રયાસમાં આપણા યુવાનો રહે છે. કેટલાંક ગ્રૂપ સંસ્થાઓ તો પર્યાવરણના રક્ષણ માટે એક અવનવી ફોર્મ્યુલા લઈ આવ્યાં છે, જે Local-Organic-Vegetarian - Eating અર્થાત્ એ LOVEના નામે જાણીતી છે. લોકલ એટલે સ્થાનિક ખોરાક-તાજાં ફળ ખાવ - ઑર્ગેનિક અર્થાત્ કૃત્રિમ ખાતર વગર તૈયાર કરલી વેજિટેરિયન ખાદ્ય સામગ્રી - વાનગી આરોગો. આ 'લવ' ફોર્મ્યુલાના ઉપયોગથી પ્રદૂષણ પર અંકુશ મેળવી શકાય છે અને પર્યાવરણનું રક્ષણ પણ શક્ય બને છે.

આવી સમજ સાથે આજની પેઢી એકમેકને સંદેશ પણ આપે છે કે 'આ પૃથ્વી-ધરતી કંઈ આપણા બાપની કઈ જાગીર નથી. આપણા પછીની પેઢીને આ ધરતી ઓછી દૂષિત અને વધુ સુરક્ષિત આપવાની આપણી નૈતિક ફરજ પણ છે..!'

આવે વખતે વૃક્ષ માટે પેલું ફિલ્મ ગીત યાદ કરવા જેવું છે :

'અંગ્રેજીમેં કહેતે હૈ : I love you.. ગુજરાતીમાં કહું છું : તને પ્રેમ કરું છું...બંગાલી મેં કહેતે હૈ : આમી તુમાકે ભાલો બાસી...!'■



## શું છે સિનારિયો આપણા ગુજરાતમાં...?

* બે મહિના પહેલાં ૩૦ ઓગસ્ટના ગુજરાતમાં ૭૬ મો 'વન મહોત્સવ-૨૦૨૫' ઉજવાઈ ગયો. એમાં રાજ્યના વન વિસ્તારના ૧૯, ૮૯૫ હેક્ટર પર ૧૫૩.૯૦ લાખ રોપાનું વાવેતર થયું...
* એ જ રીતે 'એક પેડ મા કે નામ ૨.૦' ઝુંબેશ હેઠળ ૧૦.૫૫ કરોડ રોપાનું વિતરણ થયું.
* ૨૫ ઓગસ્ટ -૨૫ સુધી ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં ૫.૫૬ કરોડ અને શહેરી વિસ્તારમાં ૪૯ લાખ વૃક્ષ વાવવામાં આવ્યા છે...
* રાજયને વધુ લીલુછમ્મ બનાવવાની કામગીરીમાં ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં ગુજરાત ૬ કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે દેશમાં ત્રીજે ક્રમે છે. જયારે ઉત્તર પ્રદેશ ૩૩ કરોડ વૃક્ષારોપણ સાથે દેશમાં પ્રથમ ક્રમે અને ૮ કરોડ વૃક્ષારોપણ સાથે રાજસ્થાન દેશમાં બીજા ક્રમે છે..

આ બધા વચ્ચે, ૨૦૨૫ -૨૬ દરમિયાન ૧૦ કરોડથી પણ વધુ વૃક્ષારોપણનો લક્ષ્યાંક સિદ્ધ કરવાનું ગુજરાત રાજ્ય સરકારનું આયોજન છે...

# આ આખું નાટક શા માટે? (૨)

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com



સપરમા અને પરમ ઉત્સવના દહાડાની હજી શરૂઆત થઇ નથી તો એ પહેલાં, લગભગ તો સારા નિર્ણયનો ચહેરો ધરાવતા શાસનને નજર ન લાગી જાય માટે એના એક કુનિર્ણય બદલ એનું ધ્યાન દોરતો, શાસનના ચહેરા ઉપર કાળું ટપકું મૂકતો આજનો આ લેખ...

મને યાદ છે મારા એ ૧૯૮૪થી ૧૯૯૩ સુધીના દર વર્ષના નવેમ્બર ડિસેમ્બરના દિવસો. ક્રિકેટ મેચનું જીવંત પ્રસારણ એ દિવસોમાં હજીય નવું હતું. પાકિસ્તાન - ઈમરાન ખાન - ઝહિર અબ્બાસ - મુશ્તાક અહમદ - મિયાંદાદ ઈ. આપણા ગાવસકર - વિશ્વનાથ - વેંગસરકર - કપિલ દેવ ઈ.ને આરામથી ધોતા'તા અને છતાંય કદાચ હારતા ભારતને 'નિરખવા'નો અને ક્રિકેટરોને માફ કરવાનો અને મનોમન સાંત્વન ધર્યા કરવાનો જુવાળ, ક્રેઝ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ પર માથે ટોપલો મૂકી બેગારીકામ કરતાં કોશિયા સુધી વ્યાપ્યો હતો. કોઈક દુકાનમાં ટીવી ચાલતું હોય તો બેગારી મજૂરી ભૂલીને રાહદારીઓ સાથે ઊભો રહી જાય અને બે ઓવર તો જૂએ જ. આવી આપણી ભારત 'મા' ને કૈં કેટલીયવાર મેચ ફિક્સિંગથી માંડી ટીમમાં આંતરિક વિભાજનથી માંડી આવડત વગરના નર્યા રાજકારણીઓ વહીવટકર્તા તરીકે મેળવવાથી માંડીને અનેક બટ્ટા લાગ્યા હોવા છતાં ક્રિકેટ પોતાના સંતાનો ધર્મ સમજે એ વિચારને પણ સ્વીકારી લઈ સદા સૌમ્ય ભારત 'મા' હજી અક્ષુણ્ણ, અખંડ અને અપાર છે અને રહેશે... માટે આજની આ વાત.

૧૯૭૦થી નિરાશ્રિતોની હિજરત શરૂ થઈ પૂર્વ બંગાળ (આજના બંગ્લાદેશ)માંથી... અને ૧૯૭૧માં એક નારીએ મહા નરનો હાઉ ઊભો કરવા પાકિસ્તાનને તોડી પણ નાંખ્યું. સામ માનેકશો અને બીજા કેટલાક જાંબાઝ મિલિટરી ભૂષણોએ પાકિસ્તાનને વાંકા વળાવીને લાળા પણ ચવાડાવ્યા અને 'મેડમ'ની સંમતિથી છોડી પણ મુક્યા. એ વખતે નાટક ત્રિઅંકી ચાલતા મુંબઈની રંગભૂમિ પર, એના આ ત્રણ અંક. પણ હિંસામાંથી જ જે આખો ધર્મ નિપજ્યો છે એ વાત એના કેટલાક સજ્જનો કદાચ ભૂલી ગયા હોય. પણ મોટા ભાગના ના ભૂલ્યા, અને કાશ્મીરનું કેન્દ્રિકરણ કરાયું આતંકવાદના વર્લ્ડ હેડક્વાર્ટર તરીકે ભારતને તહસનહસ કરવાની કોશિશના ચોઘડિયા મંડાણા ૧૯૮૮-૮૯માં. પછી શું અને શું શું થયું એ વાત સર્વવિદિત હોય તો અહીં હું શું કામ સમય બગાડું! પણ એમ સમજોને...૨૦૧૪ પછી થોડી ઘણી ઠેકાણે પડવાની શરૂઆત થઈ અને ૨૦૧૯ પછી તો કાશ્મીર પાછું આવી ગયું ભારતમાં એ પછી તો અમે સૂચિ વ્યાસ અને મિત્રો સાથે પાછા (૧૯૮૫માં હનીમૂન પછી) કાશ્મીર જઈ આવ્યા ય ખરાં, અને આ બાજુ પાકિસ્તાન ('તુમ્હારે કીયે કી સઝા તૂમ્હેં યહીં મિલેગી' - દર ત્રીજી હિન્દી ફિલ્મનું વાક્ય) નાદાર ઉધાર દેવાદાર વધુને વધુ બનવા માંડયું, એવા અત્યારના સમયમાં આપણે આ ટુચ્ચા જેવી મેચ રમી પાકિસ્તાનને દેડકીમાંથી હાથણી બનવા માટે ઊભા થવાનું બળ again આ ટુચ્ચા જેવડી એશિયા કપની મેચ રમીને પૂરું પાડ્યું એ વાત જો હું ને તમે જાણતા હોઈએ તો શું આટલા વિચક્ષણ આપણા પોલીસીમેકર્સ શાસકો ન જાણે?! તો પછી, આ આખું નાટક શા માટે? નહીં સમજ્યા? સમજાવું... પણ એ પહેલાં એટલું જણાવી દઉં નવા વર્ષની પધરામણી પહેલા કે આપણી એક બે ટકાની ટુચ્ચી જીતમાં ને માટે આપણે પાયમાલ પાકિસ્તાનને થોડે ઘણે અંશે બેઠું કરી દીધું, અને જ્યાં સુધી ભારત પાકિસ્તાનનો સવાલ છે,

*અહીં બીજે કશે પણ ધ્યાન દેવાની મનાઈ છે,*
*સળંગ રસ્તો અગર જોયો તો એ જોયોં અદાવતમાં. - મરીઝ*

આ હરામખોર મુલ્કને કચડી નાંખવાનો હોય (મેહદી હસનની માફી સાથે) એને બદલે એને આઈસીસીનો એના ભાગનો રેવન્યૂ પહોંચાડી આપણે એનો બેઠો કરીએ છીએ. આપણે તો ગંજાવર જાહેરાતના ભાવ અને એથી ય હાઉસફુલ 'ઓડિટોરિયમ'ની ટિકિટોના ભાવ દ્વારા ઓલરેડી આત્મનિર્ભર હોવા છતાં કમાણી કરીએ જ છીએ પણ આપણે તદ્દન ભિખારી પાકિસ્તાની રાજકારણીઓના ગજવા પણ ભરીએ છીએ, રમવાની હા પાડીને.

હજારો સાલથી આ નાટક ચાલે છે. રાજાઓ પહેલાં પણ સવાલોથી ડરતા હતા. તો એમણે શું કર્યું? એમણે અખાડા બનાવડાવ્યાં, પાંજરામાં લડાઈઓ કરાવી. વાઘથી માણસને ભિડાવ્યો. જનતાએ ચીસો પાડી, તાળી વગાડી, ભુખ, ટેક્સ, અન્યાય શાસકોની જાડી ચામડી બધું ભૂલી ગઈ. સમય બદલાયો. રાજા ગયા, પણ ખેલ એના એ જ રહ્યાં. આજે મોટા મોટા સ્ક્રીન પર યુએફસી, ડબલ્યુડબલ્યુએલ, આઈપીએલ છે. એર ઈન્ડિયાનું વિમાન પડયું કોઈએ પૂછ્યું કેમ? નહીં. કારણ કે હમણાં હમણાં ઈંગ્લેન્ડને ઈન્ડિયાએ એજબાસ્ટનમાં પહેલીવાર હરાવ્યું. પહલગામમાં શું થયું? કોઈને ખબર છે? અરે કોણ યાદ રાખે? કારણ? આરસીબી પહેલીવાર આઈપીએલ જીત્યું. આપણે વ્યસ્ત છીએ ક્રિકેટ, ધર્મ, જાત, રીલ્સ, બીગ બોસમાં. હસીએ છીએ, નાચીએ છીએ, ગાઈએ છીએ પણ પૂછતા નથી. કારણ કે જો આપણે સવાલ પૂછયા તો એમના તખ્ત હાલી જશે. એટલે નાટક ચાલે છે આપણે બસ પ્રેક્ષક બનીને બેઠા છીએ. મોટી મોટી સરકારોએ અને કોર્પોરેટ્સે સામાન્ય માણસને એટલો વ્યસ્ત કરી નાંખ્યો છે રોટલીની ગોળાઈમાં કે ક્રાંતિનો તો સમય જ ના બચ્યો, સવાલ પૂછવાનો તો સમય જ ન બચ્યો. જે બચ્યો એને હું ને તમે ઈન્સ્ટાગ્રામ ઉપર રીલ સ્ક્રોલ કરવામાં વિતાવીએ છીએ. હું-તમે અને દરેક આમાં હિસ્સેદાર છે.

આવતા વર્ષે આપણે સવાલો પૂછવાની હિમ્મત ઉઠાવીએ એવી શુભકામના સાથે

આજે આટલું જ...

---

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

'શું થયું હશે નિર્મલને?' અમંગળ વિચારો પવિત્રાના મનને ઘેરી વળ્યા.

એના કપાળ પર પરસેવાની બુંદોની સાથે એની નિઃસહાયતા અને ચિંતા બાઝી ગઇ. કિનુના રડવાનો અવાજ ઘરના ખુણેખુણે ફરી વળ્યો.

મમ્મીના હિબકાં શાંત પડી ગયાં, પણ આંસુ દડદડ વહેતાં રહ્યાં. આંખોમાં ઝળઝળિયાં ભરીને બેઠેલા પપ્પાજી કિનુના આંસુ લૂછી રહ્યા હતા. મમ્મીજીએ પવિત્રાના પીઠ પર હાથ ફેરવ્યો ને એના કાનમાં જાણે શ્રદ્ધા અને પોઝીટીવીટીનો નાદ ગૂંજી ઉઠયો. પવિત્રાએ હથેળીઓ વડે પાંપણે થીઝેલા આંસુઓ લૂછ્યા. એણે સુકેતૂને ફોન લગાડ્યો.

'હેલ્લો...સુકુ.' સ્વસ્થ રહેવા મથી રહેલી પવિત્રાએ આખી વાત કહી.

'હું તપાસ કરીને કહું તને.' સુકેતુએ કહ્યું

***************

સુકેતુએ નિર્મલના મોબાઇલ પર ફોન જોડ્યો. ઇલિયાસે તરત જ ફોન ઉપાડી લીધો.

'આપ કૌન?' સુકેતુએ પૂછ્યું.

'ઇલિયાસ....બાજુવાલા બેડ...નિર્મલ કા મોબાઇલ ઇધર હી હૈ.' એણે મોબાઇલના સ્ક્રીન પર જોયું. પછી બોલ્યોઃ 'બેટરી ડાઉન હૈ. કભી ભી ફોન બંધ હો જાયેગા.'

'હેલો મેં નિર્મલ કા દોસ્ત સુકેતૂ....નિર્મલ કો ક્યા હુઆ હૈ...તબિયત કૈસી હૈ?' બેટરીનું સાંભળતા જ સુકેતુ ઉતાવળે બોલ્યો.

'ઉસકો સાંસ લેને મેં તકલીફ હો રહી થી. ડોક્ટર મેડમ બોલી કી ઓક્સિજન લેવલ કમ હોય ગયા હૈ!'

સુકેતુને નિર્મલની કન્ડિશનનો અંદાજ મળી ગયો. વાત ઓક્સિજન લેવલે પહોંચી છે. સંકેત સારા નથી. શું કહેવું એની મૂંઝવણ સાથે એણે ફોન કટ કરીને પવિત્રાને કોલ લગાડ્યો.

'પવિત્રા, નિર્મલનું ઓક્સિજન લેવલ ઓછું થયું છે, પણ સમયસર ઓક્સિજન આપવાથી લેવલ નોર્મલ પણ થઇ શકે છે.'

કોણ જાણે કેમ પણ પહેલીવાર પવિત્રાને સુકેતુની વાત ખોખલી હૈયાધારણ લાગી. એ ચૂપ રહી.

'જો મારી વાત સમજ, કદાચ આમાં ઓક્સિજન લેવલ ઘટી જવું સામાન્ય છે. ઓક્સિજન લેવલમાં આવી જશે.' સુકેતુએ સમજાવવાની કોશિશ કરી.

'સૂકુ, જે હોય તે મને સાચું કહી દે...'

'પવિત્રા, હું તને સાચું જ કહી રહ્યો છું.'

ખોટું કહેવાથી હકીકત બદલાઇ નથી જતી અને જે બદલાઇ જાય તે હકીકત નથી હોતી..સુકેતુને એ ઘડીએ પવિત્રાને ખોટો દિલાસો આપવાનું સૂઝ્યું.

******************

હરેશને એટુઝેડ ચેનલ પર ન્યૂઝ સાંભળ્યા પછી સંજુને ફોન કરવાની ઇચ્છા થઇ, પણ પછીથી એવો વિચાર આવ્યો કે આ રીતે ચેનલવાળાને ફોન કરવાથી પોતે ફસાઇ જશે, મૂંગીને પાછી લાવવી પડે...અને બચીબાઇ મૂંગીને રાખવા તૈયાર નથી...એટલે સીધું જી. જી. ભોય હોસ્પિટલે જ પહોંચી જવું પડે. મૂંગી સાજી થઇ જાય પછી સમજાવી-પટાવીને એની સાથે ઘર માંડી લઉં, ધંધો કરાવું ને એયયય પછી જલસા જ જલસા. આમેય સાલી બચી હવે સાવ ટાઢી થઇ ગઇ છે. સાલ્લું આ લૉકડાઉનમાં હૉસ્પિટલે પહોંચવું કઇ રીતે. એના મનમાં જાગેલો સવાલ કોરોનામાં ઘરાકને અડ્ડામાં તાણી લાવવા કરતાય વધુ અઘરો હતો. જોકે હરેશ દલાલ હતો અને એ પણ બાઇઓનો દલાલ. એણે ઝટ દઇને સવાલને હલાલ કરી નાખ્યો. બચીબાઇ નહાવા ગઇ કે તરત જ એ ત્યાંની એક છોકરીની ઓરડીમાં ગયો. કોઇ સાંભળે નહીં એમ એના કાનમાં કંઇક કહ્યું. છોકરીએ હકારમાં માથું ધુણાવ્યું. હરખાતો હરેશ ટીવીની ચેનલ ફેરવવામાં મશગુલ થઇ ગયો.

******************

> **ખોટું કહેવાથી હકીકત બદલાઇ નથી જતી અને જે બદલાઇ જાય તે હકીકત નથી હોતી...**

સુકેતુને જવાબ આપ્યા પછી ક્યાંય સુધી ઇલિયાસ ચૂપચાપ બેસી રહ્યો. એની નજરની સામે એણે નિર્મલને ઇમરજન્સી વોર્ડમાં લઇ જતા જોયો હતો, એને તરફડતો જોયો હતો, ઉપરનીચે થતો શ્વાસ, મોઢેથી શ્વાસ લેવા માટેનો તડફડાટ, અદ્ધર ચડી ગયેલી આંખો...'અલવિદા દોસ્ત' કહેતી એની નજર...બધું એની નજર સામે તરવા લાગ્યું.

કોરોનામાં આવું બધું થતું હશે? એને આ ચેપી રોગની ભયંકરતાનો ખ્યાલ આવ્યો. થોડી થોડીવારે એ ગભરાઇને પથારીમાં બેઠો થવા લાગ્યો. નિર્મલની હાલત કેવી હશે? પોતાના આ દોસ્ત વિશે કોણ કહેશે? નર્સ કે વોર્ડબોય દેખાય તો પૂછી લઉં. વોર્ડનો દરવાજો ખુલતો નથી. કોઇ આવતું જતું નથી. ઇલિયાસની બેબસી વધી રહી હતી. 'કોઇ તો બતાવો...મારો દોસ્ત કેમ છે. કોઇ તો બતાવો...' એણે મોટેથી બૂમ મારી. આસપાસ ફફડતી કેટલીક આંખોએ એને તાકતી રહી. એ દરવાજાની બહાર ધસી ગયો. લોબીમાં પણ કોઇ ન મળ્યું. ઉપર જઇને જોઇ આવવાની એને ઇચ્છા થઇ. અચાનક એણે હરિને ઓક્સિજનના બાટલા સાથે ઉતાવળે લિફ્ટનો દરવાજો ખોલતા જોયો. હરિએ ઓક્સિજનનો બાટલો અંદર ધકેલ્યો. ઇલિયાસની નજર ઓક્સિજનના બાટલા પર પડી. એના પેટમાં ફાળ પડી. એ દોડતો ત્યાં પહોંચી ગયો.

'ઠહેરો, ઠહેરો' ઇલિયાસે બૂમ મારી.

'બાદમેં બાદમેં અભી ઇમરન્સી હૈ...' લિફ્ટના દરવાજાની જાળી ખેંચાઇ અને ઑક્સિજનના બાટલા સાથે ડચકાં ખાતી લિફ્ટ ઉપર જવા લાગી.

લિફ્ટની જાળીમાંથી ઉપર જોઇને એ બૂમ મારતો રહ્યોઃ 'નિર્મલ, મેરા દોસ્ત નિર્મલ કૈસા હૈ...?'

કોઇ જવાબ આવ્યો નહીં. ઇલિયાસ વોર્ડમાં પાછો ફર્યો. નમાઝની તૈયારી કરી. આંખો મીંચી. માથું જમીન પર ટેકવીને બોલ્યોઃ 'યા રબ્બા, મૈં મેરે લિયે કૂછ નહીં માગ રહા હું. મેરે દોસ્ત કો અચ્છા કર દો. મેરે દોસ્ત કો અચ્છા કર દો.' નમાઝ અદા કરી રહેલા ઇલિયાસનું શરીર અચાનક ડાબી બાજુ નમી ગયું. એ ઢળી પડ્યો.

******************

નિર્મલના બેડ પર પડેલો મોબાઇલ વાગ્યો. ક્યાંય સુધી વાગતો રહ્યો. કોઇ જવાબ નહીં મળતા બેબાકળી બનેલી પવિત્રાએ સોલંકીના મોબાઇલ પર ફોન કર્યો. સોલંકી પવિત્રા સાથે વાત કરતા કરતા ઇલિયાસના વોર્ડમાં જઇ રહ્યો હતો.

'હા, હા, પવિત્રાબેન ડોક્ટરો લાગેલા જ છે. બધું ભગવાન પર છોડી દો. હું તાં જ ચાયલો, નિર્મલભાઇનો મોબાઇલ મારી પાસે લઇ લેવા....હમણાં જ લઇ લેવા...સોલંકી વાત કરતા અટકી ગયો. એણે ઢળી પડેલા ઇલિયાસને જોયો.

'બેન, બેન, પછી વાત કરું ઇમરજન્સી છે.' એણે ફોન કટ કર્યો. પવિત્રા થરથર કાંપવા લાગી.

'ઇમરજન્સી? શું થયું હશે નિર્મલને?'

સોલંકીએ નીચે વળીને જોયું. ઇલિયાસ બે પલંગની વચ્ચે પડ્યો હતો.... ડાબી બાજુ ઢળેલો. સોલંકીને એના ઊંહકારા સંભળાયા.

'જ્યોતિ, હરિ, ગોપાળ, કોણ છે....જલ્દી આવો.' સોલંકીએ બૂમ મારી.

રમેશ દોડતો આવ્યો. 'રમેશ, ડોક્ટરને જલદી બોલાવ.' નવોસવો ગભરાઇ ગયેલો રમેશ ડોક્ટરને બોલાવા દોડી ગયો. તરત જ આવી પહોંચેલી જ્યોતિને જોઇનેઃ 'જ્યોતિ, ટ્રીટમેન્ટ ચાલુ કરાવ. હું ચાયલો ઇન્જેક્શનનો સ્ટોક લેવા બીએમસી ઓફિસે.'

*****************

સોલંકી મહાનગરપાલિકાની હેડ ઓફિસે પહોંચ્યો. એક્ઝિક્યુટિવ હેલ્થ ઓફિસર સંજય બાગ્વે એની રાહ જોઇને જ બેઠા હતા. દરવાજે ટકોરો મારીને એ કેબિનમાં દાખલ થયો. એના આશ્ચર્યની વચ્ચે કેબિનમાં અન્ય એક જણ પણ હતો. સોલંકીએ એની સામે જોયું કે તરત જ બાગ્વેએ ઓળખાણ કરાવીઃ 'યે રસિકભાઇ હૈ....દવા બાઝાર કે મહારથી...ઔર યે મેરા સબ સે કાબિલ હેલ્થ ઓફિસર ઔર મેરા ખાસ સોલંકી.'

'જાનતા હું....યે મુઝે નહીં જાનતે. અમારો ગુજરાતી જણ છે.' રસિકભાઇએ માસ્ક હટાવતા કહ્યું. સોલંકીએ માસ્ક પાછળનું મોં મલકાવ્યું. બાગ્વેએ ટેબલની નીચે મૂકેલું નાનું બોક્સ કાઢીને ટેબલ પર મૂક્યું. 'દસ ઇન્જેક્શન હૈ...'

'સર, બહુત કમ હૈ...પેશન્ટ્સ બઢ રહે હૈ...' સોલંકી બોલ્યો.

'ઔર ભી મિલેગા.' બાગ્વેએ થર્મોસમાંથી ચા કપમાં રેડવાની શરૂઆત કરી.

'સર, મુઝે ચાય નહીં ચાહિયે. ઘર કી બનાઇ હુઇ ચાય હૈ...બાગ્વે બોલ્યો.

'નહીં સર, મૈં નીકલતા હું...ઔર સર, ઓક્સિજન બોટલ્સ કા સ્ટોક ભી ચાહિયે.'

'મૈં જલ્દ હી બંદોબસ્ત કરતા હું ડોન્ટ વરી.' બાગ્વેએ કહ્યું.

'આવજો રસિકભાઇ.' કહીને સોલંકી નીકળી ગયો.

********************

ડો. શાહ અને ડો. સાળુંખે ઇમરજન્સી વોર્ડમાં દાખલ થયા. બન્નેએ પર્સનલ પ્રોટેક્શન ઇક્વિપમેન્ટ (પીપીઇ) પહેર્યા હોવાથી તેઓ ઝડપથી ચાલી શકતાં નહતાં, પણ મનની ઉતાવળ એમની ચાલને ઝડપી બનાવવાનો પ્રયાસ કરતી હતી. બંને નિર્મલના બેડ પાસે ઊભા રહી ગયાં જ્યાં નિર્મલને કન્ટિન્યુઝ પોઝિટિવ એર-વે પ્રેશર (સીપીએપી-વેન્ટિલેટર) પર રાખવામાં આવ્યો હતો. ડો. સાળુંખે એમને નિર્મલની છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિથી વાકેફ કરવા લાગ્યાં.

'સર, અચાનક એમને શ્વાસની તકલીફ થવા લાગી એટલે અત્યારે તો સીપીએપી ટ્રિટમેન્ટ ચાલુ કરી છે. કદાચ નોર્મલ થઇ જાય.' ડો. શાહ અને ડો. સાળુંખે અર્ધબેભાન અવસ્થામાં પડેલા નિર્મલની ધીમી શ્વસન ક્રિયા જોઇ રહ્યાં હતાં.

'લેટ્સ હોપ એન્ડ લેટ્સ વેઇટ....' ડો. શાહે નિર્મલ પરથી નજર હટાવ્યા વિના જ કહ્યું.

'સર, હી ઇઝ યંગ એટલે સીપીએપી ટ્રિટમેન્ટથી ફરક પડી જવો જોઇએ. ડો. સાળુંખેએ કહ્યું.

'ડોક્ટર, હી ઇઝ કમિંગ ફ્રોમ અમેરિકા...આપણને એની મેડિકલ હિસ્ટ્રીની ખબર નથી. જોકે હવે એમની મેડિકલ હિસ્ટ્રી મેળવવાનું મોડું પણ થઇ ગયું છે.'

'સર, એમની વાઇફને પૂછી શકાય.' ડો. સાળુંખેએ કહ્યું.

'હા બિલકુલ પૂછી શકાય. ધેટ મે બી હેલ્પફુલ. સોલંકીના કહેવા મુજબ એ છેલ્લાં દોઢેક વર્ષથી અમેરિકા હતા. એટલે એ દરમિયાન એમને ત્યાં બીજી કોઇ તકલીફ થઇ હોઇ શકે. બટ લેટ્સ નોટ લૂઝ ધી હોપ.'

બન્ને ડોક્ટરો આવ્યાં હતાં એ જ ગતિએ બહાર જવા લાગ્યાં એ જ વખતે અચાનક સ્ટ્રેચરના ધક્કા સાથે ઇમરજન્સી વોર્ડનો દરવાજો ખુલ્યો. બન્ને ડોક્ટરો તેજ ગતિએ અંદર લવાયેલા ઇલિયાસને જોઇ રહ્યાં. ડો. શાહે સ્ટ્રેચરની સાથે સાથે ચાલતા રહીને ઇલિયાસને જોયો. એ પરસેવે રેબઝેબ હતો. એણે એક હાથ છાતી પર ડાબી બાજુ દાબી રાખ્યો હતો. દર્દથી કણસી રહેલા ઇલિયાસને જોઇને ડો. શાહ બોલ્યાઃ 'કદાચ હાર્ટ અટેક છે. પહેલા કાર્ડિયો કાઢવો પડશે. જલ્દી એને નીચે લઇ જઇને કાર્ડિયો કરો. એને અહીં ઉપર લાવવાનું તમને કોણે કહ્યું?' ડો. શાહ જ્યોતિની સામે જોઇને તાડૂક્યા. જ્યોતિએ નવાસવા યંગ શીખાઉ ડોક્ટર સચીન સામે જોયું.

'ડો. ત્રિવેદી ક્યાં છે? જલદી કરો હવે' પહેલીવાર ડો. શાહનો અવાજ ઊંચો થતા સ્ટાફે જોયો. (ક્રમશઃ)■

---


# ગોબર ક્રાફ્ટઃ સો ટકા સ્વદેશી કળા...


વલો કચ્છ
ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

**દિવાળીનો** તહેવાર પ્રકાશ, પવિત્રતા અને શુદ્ધતાનું અવિનાશી જોડાણ છે. આ તહેવાર આપણને માત્ર ઘરની જ નહીં પરંતુ મનની પણ સફાઈ કરવાની પ્રેરણા આપે છે. આજના સમયમાં જ્યારે લોકો આરોગ્ય અને પર્યાવરણ પ્રત્યે વધુ જાગૃત બન્યા છે, ત્યારે સ્વદેશી અને કુદરતી ઉત્પાદન તરફનો ઝોક વધી ગયો છે. આ જ સંદર્ભમાં કચ્છની ધરતી પર એક અનોખી અને પ્રેરક કળા વિકસેલી છે 'ગોબર ક્રાફ્ટ', જે સો ટકા સ્વદેશી અને સાવ દેશી છે.

ગાયના ગોબરને આપણા શાસ્ત્રોમાં પવિત્ર ગણવામાં આવ્યું છે. તેનું ધાર્મિક તેમ જ ઔષધીય મહત્ત્વ છે. પ્રાચીન કાળથી ઘરોની લીપાઈ, કૃષિ, ઉપચાર અને પૂજાપાઠમાં ગોબરનો ઉપયોગ થતો આવ્યો છે, પરંતુ હવે આ જ ગોબરમાંથી અવનવી કલાત્મક વસ્તુઓ બનાવી શકાય તેવો એક નવો ઉદ્યોગ ઊભો થયો છે, જે ગ્રામીણ સ્તરે રોજગારનું શક્તિશાળી સાધન બની ગયો છે.

કચ્છમાં છેલ્લાં કેટલાક વર્ષોથી ગાયના ગોબરમાંથી દીવડા, રાખડીઓ, અગરબત્તી, ધૂપ, વોલપીસ, મુર્તિ, મોબાઈલ સ્ટેન્ડ જેવી ૨૫થી ૩૦ પ્રકારની વસ્તુઓ બનાવવામાં આવે છે. પ્રતિ વર્ષ ઓછામાં ઓછા પાંચથી સાત લાખ દીવડા અને દસેક હજાર જેટલી રાખડીઓ બનાવવામાં આવે છે. આટલો મોટો ઉત્પાદનનો માપદંડ કારીગરોની





મહેનત અને ગૌસેવાના સંકલ્પને વ્યક્ત કરે છે. સીઝન દરમિયાન કારીગરો રોજ ૧૫-૧૭ કલાક સુધી સતત કામ કરે છે. છતાંય ઓર્ડર એટલા વધી જાય છે કે કેટલાકને કેન્સલ કરવા પડે છે. આ સ્થિતિ દર્શાવે છે કે સ્વદેશી વસ્તુઓ માટે લોકોમાં વિશ્વાસ અને માગ વધી રહી છે.

કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના નાગલપર ગામે 'નીલકંઠ ગૌવિજ્ઞાન કેન્દ્ર' કાર્યરત છે, જ્યાં મેઘજીભાઇ હિરાણી ગૌસેવા અને સ્વદેશી ઉત્પાદનોના પ્રચારમાં વર્ષોથી સંકળાયેલા છે. બીજી બાજુ કુકમા ગામે 'રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ'ના મનોજભાઈ સોલંકી પણ ગાય આધારિત સ્વાવલંબન અને સજીવ ખેતીના પ્રખર સમર્થન સાથે સેવામગ્ન છે.

'નીલકંઠ ગૌવિજ્ઞાન કેન્દ્ર' કચ્છમાં સૌથી વધુ ગોબર ક્રાફ્ટ માટે પ્રસિદ્ધ છે. અહીં ૨૫ જેટલા સ્વયંસેવકો સવારે ૫ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી કાર્યરત રહે છે. તેમાં ૨૦ જેટલી મહિલાઓ છે, જેમણે ઉચ્ચ શિક્ષણ લીધું છે, છતાંય પોતાના હાથે આ કળાને જીવનનો આધાર બનાવી છે. આ બહેનો પ્રતિમાસ ₹૧૨,૦૦૦ થી ₹૧૬,૦૦૦ સુધી કમાઈ લે છે અને ઘણી બહેનો માટે તો આ કમાણી પરિવારનો મુખ્ય આધાર બની ગઈ છે.

આ કેન્દ્રોમાં ગોબરથી વસ્તુઓ બનાવવાની તાલીમ પણ આપવામાં આવે છે. છેલ્લાં પાંચેક વર્ષમાં ૫૦૦ જેટલી મહિલાઓએ આ તાલીમ મેળવી લીધી હશે. ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આવતી મહિલાઓએ આ કળા શીખી સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યા છે. કેટલાક ઉદાહરણો તો ખરેખર પ્રેરણાદાયક છે.

ડીસાની આરતીબહેન, જેમની પાસે પહેલાં ફક્ત બે ગાયો હતી, આજે ૫૦થી વધુ ગાયો ધરાવે છે. તેમણે ગોબર ક્રાફ્ટ દ્વારા પશુપાલન અને હસ્તકલા બંને ક્ષેત્રમાં સફળતા મેળવી છે. અંજારની આશા સોરઠીયા, જે પહેલાં મલ્ટિનેશનલ કંપનીમાં કાર્યરત હતી, કોરોના કાળમાં નોકરી ગુમાવી દીધી હતી, તેમણે ગોબર ક્રાફ્ટની તાલીમ મેળવી અને આજે માસિક ₹૧૫,૦૦૦થી વધુ કમાઈને આત્મનિર્ભર બની છે.

મેઘજીભાઇ હિરાણીની પુત્રી દીપિકા હિરાણી કહે છે, આજનાં યુવાઓને ગોબરમાં હાથ નાખવો પસંદ નથી, પરંતુ આજ એ જ ગોબરમાંથી 'ગોલ્ડ' ખરીદી શકાય એટલી કમાણી શક્ય છે. આ વાક્ય માત્ર પ્રતીક નથી, પણ તે સ્વદેશી ઉદ્યોગની શક્તિ દર્શાવે છે. ગોબર, જે પહેલાં માત્ર કૃષિ અથવા ધાર્મિક ઉપયોગ સુધી મર્યાદિત હતું, આજે આર્થિક શક્તિનું પ્રતીક બની ગયું છે.

ગોબર ક્રાફ્ટ માત્ર રોજગાર પૂરતો નથી, પરંતુ પર્યાવરણમૈત્રીક અને સ્વાસ્થ્યપ્રદ ઉદ્યોગ છે. ગોબરથી બનેલા દીવડા અથવા ધૂપબત્તી કોઈ પણ રસાયણ વગર બને છે. તેથી તે હાનિકારક ધુમાડો પેદા કરતા નથી અને હવાની ગુણવત્તા સુધારે છે. આ કળા 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરે છે, જ્યાં દરેક ગ્રામીણ મહિલાઓ પોતે કમાણી કરી શકે, પરિવારને સહાય કરે અને રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપે.

દિવાળી એટલે પ્રકાશનું, શુદ્ધતાનું અને નવી શરૂઆતનું પ્રતિક. 'ગોબર ક્રાફ્ટ' જેવી સ્વદેશી કળાઓ આપણને યાદ અપાવે છે કે આત્મનિર્ભરતા એટલે માત્ર કમાણી નહીં, પણ સંસ્કૃતિનું પુનર્જીર્વન. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# દશ્યો જુદાં છે, ચિત્ર છે એક જ નિસર્ગનું કન્દીલ છે ભિન્ન રંગની, એક જ ઉજાસ છે

ગુજરાતી કવિતા સાહિત્યની વાત કરીએ તો અત્યારે ભાગ્યે જ સૉનેટ, છાંદસ અને ગદ્ય કાવ્યો લખાય છે. લખાય છે તો ફક્ત લય અને લહેકામાં વહી રહેલાં ગીતો અને ગઝલો. આ મારું સામાન્ય નિરીક્ષણ છે, કદાચ પરિસ્થિતિ જુદી પણ હોઈ શકે. ઉમાશંકર જોશીએ પહેલા ગઝલકાર બાલાશંકર કંથારિયાની કવિતાની ચર્ચા કરતા કહ્યું છે કે 'મસ્તી કવિતાની જનની છે.' 'મસ્તી એટલે જગતને - વ્યવહારને સાપ કાંચળી ઉતારીને ફેંકી દે છે એમ ફેંકી દેવાની શક્તિ. આવી શક્તિ વગર કવિતા તત્ત્વનો પણ ઉદય અસંભવિત છે. આવી મસ્તી હોય તો જ ગઝલનો મિજાજ બને, ગઝલનો રંગ તગઝ્ઝુલ બને. ગમે તેટલા નવા કલ્પનો લાવીએ તો પણ એમાંથી ગઝલનો મિજાજ બને નહીં. ગઝલની શૈલીની અને કાવ્યતત્ત્વની હિફાજત ગઝલના રંગથી, મિજાજથી પણ થાય છે જેમ કે:

**લાગે છે થાક એવો કે ક્યારેક વાટમાં**
**સમજી હવાને ભીંત અઢેલી જવાય છે**

આ શેર અમૃત ઘાયલનો છે. ઘાયલની ભાષા, મિજાજ, મૌસિકી અને તગઝ્ઝુલનો અંદાજ હંમેશાં નિરાળો અને નોંધનીય રહ્યો છે. ક્યારેક આપણને પરિચિત વાત પણ સતત આપણાં ખ્યાલમાં રહેતી નથી. ક્યારેક



વિચારાઈ જતી હોય છે.

ગઝલ રચનાની તમામ ખૂબીઓ ધરાવતી બળકટ રચનામાં કવિના ઉદ્ગારો સાહજિક અને સમર્થ હોવા જોઈએ અને ભાવકને વાંચતા એમ લાગે કે આ મારી-તમારી અને આપણાં સૌ કોઈની વાત છે જેમ કે ઘાયલ સાહેબની એક ગઝલમાં તેઓ કહે છે કે:

**દુ:ખી કેવા છીએ એ વાત જગજાહેર છે સાકી,**
**છતાં કહેવું પડે છે કે પ્રભુની મ્હેર છે સાકી.**

અહીં સધાતો કટાક્ષ નોંધપાત્ર છે. એક વિધાન અને તેના સમર્થનમાં બીજું વિધાન અથવા એકમાંથી નીપજતું બીજું વિધાન અને એ બંનેના સંયોજનથી લાગતી લાક્ષણિક ચોટ ગઝલની અભિવ્યક્તિની વિશિષ્ટ ઘટના છે.

## ગઝલના અનેકવિધ મિજાજ

ગઝલમાં રોજ-બરોજની લોકબાનીનો રણકો એ ઘાયલની વિશિષ્ટતા છે. જેમ કે:

**પરિવર્તન થયું છે મૂલ્યમાં કે બસ તૌબા**
**હતા જે લાખના તે ત્રાંબિયાના તેર છે સાકી**

**મજાની ચાંદનીમાં નોતરી બેઠા ઉદાસીને**
**અમે હાથે કરીને રાત અંધારી કરી લીધી.**

ગઝલના મૂળમાં વાતચીત છે એટલે એ કંઈક કમ્યુનિકેટ કરે છે. આપણે પ્રત્યાયન કરીએ છીએ. આવી ગઝલો તો સ્વાભાવિક રીતે જન્મ પામતી હોય છે. એને માટે આયાસ થઈ શકે નહીં! ગઝલની વાણી, વિચારોની રવાની, ભાવનું ઊંડાણ, સાદગી, સચ્ચાઈ, નવીનતા, પ્રતીક અને અલંકારોનો ઉપયોગ સમૂચિત રીતે થયો હોય તો શેરિયત બને. સૈફ પાલનપુરીના બે શેર જોઈએ:

**સમજદારીની કોઈ વાત સ્વીકારી નથી શકતો**
**કહે છે કોણ? પાગલને બંધન નથી હોતા**

**પ્યાસ સાચી હોય તો મૃગજળને શરમાવું પડે**
**હોય જો પીનાર તો ખુદ ઝાંઝવા છલકાય છે**

ટૂંકી બહેરમાં, ઓછા શબ્દોમાં ગઝલ કેવી ચોટ સાધે છે તે જુઓ કાબિલ ડેડાણવીના આ શેરમાં

**ઠેસ પહોંચાડવી છે હૈયાને?**
**કોઈ તાજુ ગુલાબ લઈ આવો.**

આવી જ રીતે સામાન્ય વાતને કવિ પોતાની આગવી શૈલીથી કેવો નિખાર આપે છે એનો ખ્યાલ નસીમના આ શેરમાંથી આવે છે:

**દશ્યો જુદાં છે, ચિત્ર છે એક જ નિસર્ગનું**
**કન્દીલ છે ભિન્ન રંગની, એક જ ઉજાસ છે.**

મનોજ ખંડેરિયા એ ગુજરાતી ગઝલમાં મોખરાનું નામ છે. એમની વિશિષ્ટ પ્રતિભા એમના સર્જનમાં દેખાય છે. શેરિયત કેમ સધાય છે તે જોઈએ.

**મારો અભાવ મોરની માફક ટહુકશે**
**ઘેરાશે વાદળો અને હું સાંભરી જઈશ**

જ્યારે શ્યામ સાધુ પ્રશ્ન પૂછીને જવાબ આપે છે:

**જુસ્તજૂ મેના સમી ટહુકી શકે પણ**
**એવું ક્યાં જાદુ હવે વાતાવરણમાં**

ગઝલના દરેક શેરમાં પોતાનું ભાવવિશ્વ અલગ હોય છે. શેરના પ્રથમ ચરણમાં કોઈ વિચાર કે ભાવ વહેતો મુકાય છે અને બીજા ચરણમાં ચોટદાર રીતે વિચાર સ્ફોટ થાય છે. શૂન્ય પાલપુરીનો શેર છે:

**આંખો ભરીને બેઠી છે દરબાર દર્દનો**
**દિલમાં કોઈની યાદનો રાજ્યાભિષેક છે.**

ભગવતીકુમાર શર્માની શૈલી અને ભાષાકર્મ આપણને અનેક પ્રભાવશાળી રચનાઓ આપે છે:

**બારણાં ખુલ્લાં ટકોરા બંધ છે**
**આંગળીમાં ઝૂરતો સંબંધ છે**

ક્યારેક તો એક જ રદીફ લઈને કે હમ કાફિયાથી ગઝલ લખાય છે, પણ શાયરની પોતાની શૈલી નવાં પરિમાણો સર્જે છે. જેમ કે 'યાદ' રદીફ લઈને મરીઝ કહે છે કે:

**રહેશે મને આ મારી મુસીબતની દશા યાદ**
**બીજા તો બધા ઠીક છે, આવ્યો ન ખુદા યાદ?**

**આ દર્દ મહોબતનું જે હરગિઝ નથી મટતું**
**ઉપરથી મજા એ કે મને એની દવા યાદ**

જ્યારે સૈફ પાલનપુરી 'યાદ' રદીફ પાસેથી આ રીતે કામ લે છે:

**ના મારા ગુના યાદ કેના એની સજા યાદ**
**રહી ગ્યો છે અમસ્તો જ મને મારો ખુદા યાદ**

**બે ચાર પ્રસંગો છે જે હું કહેતો ફરું છું**
**ક્યા છે હવે મારી મને સંપૂર્ણ કથા યાદ**

આજ 'યાદ' રદીફ લઈને હરીન્દ્ર દવે લખે છે કે:

**કોને ખબર તને હશે એ મારી દશા યાદ?**
**મુજને તો આ ઘડી સુધી છે તારી સભા યાદ**

**પૂછો તો અંશમાત્ર બતાવી શકું નહીં**
**મનમાં તો એની છે મને એક્કે અદા યાદ**

અભિવ્યક્તિ માટે યોગ્ય શબ્દોની વરણી અને એનું કલામય સંયોજન એટલા વાનાં આવશ્યક છે.

મરીઝનો શેર જોઈએ:

**કહો દુશ્મનને દરિયા જેમ હું પાછો જરૂર આવીશ**
**એ મારી ઓટ જોઈને કિનારે ઘર બનાવે છે**

બેફામનો આ શેર પણ આવી જ ચોટ સાધે છે,

**રડયા બેફામ સૌ મારા મરણ પર એ જ કારણથી**
**હતો મારો જ અવસર ને મારી હાજરી નહોતી**

સચ્ચાઈ પણ તગઝ્ઝૂલને ઉપકારક છે, જેમ કે જલન માતરીનો આ શેર:

**કૈં એવું મસ્ત દિલ હતું નિજ વેદના મહીં**
**વીતી ગઈ છે રાત સવારે ખબર પડી.**

ઘાયલ સાહેબની સચોટતા અને એ પણ સરળતામાં જુઓ આ શેર:

**બે વાત કહીને પારેવાં થઈ જાયે છે આડાં અવળાં**
**કૈં આમ પરસ્પર ગૂંથાઈ, વીખરાઈ જવામાં લિજ્જત છે...**

ગઝલની ખૂબી એ છે કે એને શબ્દનો છોછ નથી હોતો. શયદા મદભરી, વાણી અને વ્યાકરણ એ ત્રણેય શબ્દોને એક જ શેરમાં સાથે મૂકે છે:

**મદભરી આંખ એમની જોતાં**
**છૂટી વાણી ન વ્યાકરણ છૂટ્યું** ■

---

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# મૃત્યુ નિશ્ચિત છે એ યાદ રાખીને જીવીએ

**જો બધાને શાળાની શરૂઆતના સમયથી જ એવું શીખવવામાં આવે કે 'આ બ્રહ્માંડમાં તમારું અસ્તિત્વ તણખલાના પણ કરોડોમાં ભાગ સમું છે' તો માણસોનાં મન પર કોઈ પણ પ્રકારનો અહંકાર સવાર થવાની શક્યતા ઘટી જાય.**

થોડા દિવસો અગાઉ ગુજરાતમાં એક ઓડિયો વાયરલ થયો, જેમાં એક જ્ઞાતિનો આગેવાન એક શિક્ષિકાને ગાળો આપી રહ્યો હતો અને વારેવારે કહી રહ્યો હતો કે 'જાણે છે, હું કોણ છું?' ફફડી ગયેલી શિક્ષિકા કહી રહી હતી કે 'પ્લીઝ, તમે ગાળો ન આપો. તમારે આ મુદ્દે કંઈ પણ વાત કરવી હોય તો સ્કૂલના મેનેજમેન્ટ સાથે વાત કરો. તમે જે વાત કરી રહ્યા છો તેની સાથે મારે કશી જ લેવાદેવા નથી. એ સ્કૂલના મેનેજમેન્ટનો વિષય છે એટલે તમે સ્કૂલના સંચાલકો સાથે વાત કરો....પ્લીઝ!.' જોકે પેલી શિક્ષિકાની વિનંતી- વિનવણી સાંભળ્યા વિના તે માણસ સતત ગાળો આપી રહ્યો હતો. એ ઓડિયોમાં તે માણસ જે રીતે ગાળો આપી રહ્યો હતો અને 'હું કોણ છું એ જાણે છે?' એવું પૂછી રહ્યો હતો તે માણસની માનસિકતા માટે ગુસ્સો આવવાના બદલે દયા આવી ગઈ. તે બિચારો કેટલા અહંકાર સાથે જીવતો હશે!

બે દિવસ અગાઉ એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં ગુજરાતના એક ઉદ્યોગપતિનો યુવાન દીકરો અને તેના મિત્રો શરાબના મોટા જથ્થા સાથે ઝડપાયા. એ વખતે તે યુવાન પોલીસ સાથે ઝપાઝપી કરવા લાગ્યો. એ વખતે તેનો એક સાથીદાર પોલીસને ધમકી આપી રહ્યો હતો કે 'જાણો છો, અમે કોણ છીએ?'

થોડા સમય અગાઉ મુંબઈના ચાર પોલીસ કર્મચારીઓએ એક નિર્દોષ માણસને ડ્રગ્સ કેસમાં ફસાવી દેવાની કોશિશ કરી હતી. તેમણે પોતાના ખિસ્સામાંથી તે માણસના ખિસ્સામાં ડ્રગનું પેકેટ મૂક્યું અને પછી કહ્યું કે 'તારી પાસે ડ્રગ છે એટલે અમે તારી ધરપકડ કરીએ છીએ!' તે માણસના સદનસીબે ત્યાં સીસીટીવી કેમેરા લગાવાયેલા હતા એટલે તે બાલબાલ બચી ગયો નહીં તો તે વર્ષો સુધી જેલમાં સબડ્યો હોત!

હમણાં જ એક કિસ્સો જાણવા મળ્યો , જેમાં વિદેશ રહેતા એક માણસે પોતાના નાના ભાઈને સેટલ કરવા માટે તેના નામે અહીં સંપત્તિ ખરીદી. અને બેકાર રખડતા નાના ભાઈને ધંધો શરૂ કરાવી આપ્યો. દાયકાઓ પછી મોટો ભાઈ વિદેશથી પાછો આવ્યો અને તેણે નાના ભાઈને કહ્યું કે 'મેં હવે બહુ દોડી લીધું. હવે હું અહીં જ તારી સાથે રહીશ. આપણે સાથે હળીમળીને રહીશું અને ધંધો પણ સાથે સંભાળશું.' નાના ભાઈએ કહી દીધું કે 'તમારે તમારી રીતે રહેવાનું છે. તમારું અહીં કશું નથી!'

મોટાભાઈને આઘાત લાગ્યો. તેણે કહ્યું, 'મેં તને અહીં સંપત્તિ ખરીદવા માટે, ધંધો શરૂ કરવા માટે કરોડો રૂપિયા મોકલાવ્યા છે એ ભૂલીને અત્યારે તું આવી રીતે વાત કરે



છે! હું સમાજના આગેવાનોને વચ્ચે નાખીશ.'

નાના ભાઈએ કહ્યું, 'સમાજના આગેવાનો મારું શું બગાડી લેશે? અત્યારે મારી પાસે કોન્ટેક્ટસ છે, પાવર છે. તમે મારું કશું નહીં બગાડી શકો.'

મોટાં ભાઈએ કહ્યું, 'હું તારી સામે કેસ કરીશ.'

નાના ભાઈએ કહ્યું, 'સારું. તો તમે પોલીસ પાસે જાવ, કોર્ટના દરવાજા ખખડાવો. કોર્ટમાં જઈને સાબિત કરો કે આ સંપત્તિ તમારી છે! ચુકાદો આવશે ત્યાં સુધીમાં તમારી ત્રીજી પેઢી આવી ગઈ હશે. એના હાથમાં કદાચ થોડુંઘણું હાથમાં આવશે!'

આવી ઘટનાઓ જાણી, આવી ઘટનાઓ જાણવા-સાંભળવા-વાંચવા મળે ત્યારે મનમાં એવો સવાલ ઊઠે કે આવા લોકોને ક્યારેય એવું નહીં થતું હોય કે એક દિવસ આપણા જીવનનો પણ અંત આવશે?! આપણું નિર્જીવ શરીર ચિતા પર ખડકાયેલું હશે કોઈ એને આગ લગાવશે અને થોડીવારમાં આપણું શરીર રાખમાં ફેરવાઈ જશે (અથવા તો કબ્રસ્તાનમાં દફન થઈ જશું). અંતે તો આ શરીર માટીમાં મળી જવાનું છે. આટલી સહજ વાત લોકો યાદ રાખે તો દુનિયામાં કેટલા ગુનાઓ અટકી જાય, કેટલી કટુતા ઘટી જાય, અદાલતોમાં કેટલા કેસ ઘટી જાય! દરેક માણસે એ યાદ રાખીને જીવવું જોઈએ કે એક દિવસ મૃત્યુ આવવાનું છે એ નિશ્ચિત છે.

જેની પાસે સત્તા, સંપત્તિ કે અન્ય કોઈ પ્રકારની શક્તિ હોય સત્તા હોય એવી લગભગ દરેક વ્યક્તિના મનમાં એક પ્રકારનો ફાંકો હોય છે કે અમે 'મોટા' માણસ છીએ. આ મોટા હોવાનો નશો માણસને ભુલાવી દેતો હોય છે કે આ સૃષ્ટિમાં તેનું અસ્તિત્વ એક રજકણ સમાન પણ નથી! અને તેના અસ્તિત્વનો એક દિવસ અંત આવવાનો છે.

વિરાટ સૃષ્ટિને સમજવા માટે દરેક માણસે સ્પેસ-અંતરિક્ષનો- બ્રહ્માંડનો થોડો અભ્યાસ કરવો જોઈએ. ખરેખર તો સરકારે વિદ્યાર્થીઓ શિક્ષણના એક તબક્કે સ્પેસ વિશે ભણે એ નિશ્ચિત કરવું જોઈએ. અખિલ બ્રહ્માંડમાં આપણે કશું જ નથી એ વાત ભાવિ પેઢીના મગજમાં ઉતારવી જોઈએ. બ્રહ્માંડ વિશે વધારે કંઈ નહીં તો એટલું તો ભણાવવું જ જોઈએ કે કોઈ માણસ ઉદ્યોગપતિ હોય, બિઝનેસ ટાઇકૂન હોય, પ્રધાન હોય, સંસદસભ્ય કે વિધાનસભ્ય હોય, મેયર કે મ્યુનિસિપલ કમિશનર કે પોલીસ કમિશનર હોય તો પણ તે અખિલ બ્રહ્માંડનો રણધણી નથી થઈ જતો! ક્યારેક કોઈ ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ કોઈ વાહનચાલકને અટકાવે ત્યારે લાઈસન્સની માગણી એવી રીતે કરતો હોય છે કે જાણે આખી સૃષ્ટિનો કર્તાહર્તા તે પોતે જ હોય! આવા શ્રીમંતો કે સત્તાધીશો જ્યારે સામાન્ય માણસોને હેરાન કરે ત્યારે ભૂલી જતા હોય છે કે એક દિવસ મોત આવવાનું છે.

જો બધાને શાળા-શિક્ષણની શરૂઆતના સમયથી જ એવું શીખવવામાં આવે કે 'એક દિવસ મૃત્યુ નિશ્ચિત છે એ યાદ રાખીને જ જીવવું જોઈએ. આ બ્રહ્માંડમાં તમારું અસ્તિત્વ તણખલાના પણ કરોડોમાં ભાગ સમું છે' તો તેના મન પર કોઈ પણ પ્રકારનો અહંકાર સવાર થવાની શક્યતા ઘટી જાય. ■

---

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# આજની દિવાળી... ત્યારની દિવાળી: થોડી ખરબચડી... થોડી સુંવાળી!

*ટાઈટલ્સ:*
*હવે ફટકડાંઓનું નામ 'CBI' ને 'ED' રાખવું જોઈએ.*
*(છેલવાણી)*

દિવાળી પર કંજૂસ પતિએ પત્નીને પૂછ્યું, 'દિવાળી પર નવાં કપડાં લઇશ?'

ભડકેલી પત્નીએ કહ્યું, 'ના રે, જૂના કપડાંને ઊંધા કરીને પહેરીશ!'

એક જમાનામાં અમે બહુ નાના હતા, પણ નિર્દોષતામાં બહુ મોટા હતા. દિવાળીની કાગડોળે રાહ જોતા...અને હવે? આજે દિવાળીમાં બધું છે, લોકો પાસે પહેલાં કરતાં વધુ પૈસા છે, ઓન-લાઇન સેલ છે, મોલમાં ભારી ભીડ છે, પણ તો યે પહેલાં જેવી દિવાળીમાંનું દિલ ગાયબ છે. ત્યારે ઘરે ઘરે દિવાળીમાં ઘૂઘરા, મઠિયાં, મોહનથાળ, મગજ... વગેરે જાતજાતની વાનગીઓ બનતી. ત્યારે થતું કે ઘૂઘરામાંથી કોઈ અવાજ તો આવતો નથી તો પછી એને ઘૂઘરા કેમ કહેવાય છે? મગજ કોના મગજમાંથી બનતો હશે? મોહનથાળ, મોહનદાસ ગાંધીએ કે મુરલીમોહનને નામે કહેવાતો હશે? હવે તો ઘરોમાં અગાઉ જેમ દિવાળીની મીઠાઈઓ બનતી નથી પણ બહારથી તૈયાર પેકેટ આવે છે.

બાળકોને ચિપ્સ કે ચોકલેટ સિવાય ચોળાફળી કે ચેવડામાં રસ નથી. તૈયાર કોર્પોરેટ ગિફ્ટોએ આપણી સંવેદનાઓ પર સાત ફેણવાળા નાગની જેમ ભરડો લઇ લીધો છે. નાનપણમાં અમે માનતાં કે વાઘબારસ એટલે નવરાત્રિમાં દેવીમા વાઘ પર આવેલાં એટલે એમનાં વાહનને ખુશ કરવા વાઘબારસ આવતી હશે. પછી સમજાયું કે વાઘ-બારસનું સાચું નામ વાક્-બારસ છે. 'વાક્' એટલે વાણી એટલે કે વાણીની દેવી સરસ્વતીની પૂજા કરવાની હોય.

પછી મોટા થઇને મોટા ઉપાડે લેખક બન્યા એટલે ત્યારે જાત સામે આજે સવાલ થાય કે આખા વરસભર અન્યાય, અસત્ય અને સત્તા કે સમાજ સામે શું લખ્યું? કે પછી હવે કલમપૂજા કરવાની હેસિયત બચી છે?

પછી આવે ધનતેરસ. જેનેટિકલી આપણને ગુજરાતીઓને ધનપૂજામાં વિશેષ રસ પડે. સાંજે ધનપૂજન થાય, નવાં કપડાં પહેરવામાં આવે અને ફટાકડા ફોડવાનું ઉદ્ઘાટન થાય. અગાઉ એમાં તારામંડળ, કોઠી, ચક્કરી, હવાઇ, સૂતળી બોમ્બ, ટીકડી, રોકેટ, નાગ, એવા જાતજાતનાં ફટાકડા રહેતા. ફટાકડાની આખી લાંબી લૂમ ફોડવામાં જગ જીત્યાનો ક્ષણિક પણ કોલરટાઇટ આનંદ મળતો.

આજે તો ૨-૫ દિવસ ફટાકડા ફોડીને જાણે ધરતી પર પ્રદૂષણ વધારવાનો ગુનો કર્યો હોય એટલી હદે આપણામાં અપરાધભાવનો આરોપ રોપવામાં આવે છે.

ત્યારે કાળીચૌદશને દિવસે ભૂત-પ્રેતની વાતો સાંભળતાં સાંભળતાં સૂઈ જતા. કોઈ



અડધી રાતે સ્મશાનમાં કાળભૈરવની સાધના કરે એ કલ્પના જ રોમાંચક ને ભયપ્રેરક હતી. (જો કે પછી અમે ફિલ્મ-ટીવી લાઇનમાં આવ્યા બાદ ખરેખર જોયું કે ટીવીની સૌથી સફળ નિર્માત્રી સ્મશાને પૂજા કરવા જાય છે, જેથી એની સિરિયલો ચાલે પણ ત્યારે પછી નવાઇ લાગવાની પણ ખતમ થઇ ગઇ!)

બાળપણમાં અડદના વડાં લઈને ચાર રસ્તે મૂકી કકળાટ કાઢવા જતા. કેવી કલ્પનાઓ હતી કે આખા વર્ષનાં વિસંવાદ, દુઃખ અને જૂનું ભૂલી જવાનું ને કકળાટ કાઢવાનો. હવે તો ટીવીની ન્યૂઝ ચેનલો કે ફેસબુક, ટ્વિટર જેવાં માધ્યમોની ચર્ચામાં બારેમાસ કકળાટ ચાલુ જ રહે છેને? આજનાં મશીની જીવનમાં સંવાદ બદલે વિસંવાદને લીધે કકળાટનો ઉકળાટ વધતો જ જાય છેને?

*ઇન્ટરવલ:*
***અમે તો કવિ, કાળને નાથનારા, અમારા તો આઠે પ્રહર છે ખુશાલી,***
***આ બળબળતું હૈયું, આ ઝગમગતા નૈનો, ગમે ત્યારે હોળી, ગમે ત્યાં દિવાળી.***
*(શૂન્ય પાલનપુરી)*

ત્યારે દિવાળીના દિવસે વ્યવસ્થિત ચોપડા-પૂજન થતું. હવે આપણે માર્ચ એન્ડિંગ અપનાવ્યું ને તેમાં પહેલાં જેવું ચોપડા-પૂજનનું મહત્ત્વ પણ ઝાંખું પડવા માંડ્યું છે. ઓનલાઇન ટ્રેડિંગના જમાનામાં, બજારોમાં યે હવે ફોર્માલિટી જ બચી છે. રુટિનનું રંગવીહિન જીવન જ અગાઉ જેવું રંગબેરંગી નથી રહ્યું તો રેડીમેઇડ રંગોળીના ફિક્કા રંગમાંથી ઊછીનો ઉત્સાહ ક્યાંથી લાવવો? બજારૂ પ્લાસ્ટિકની કે પૂઠ્ઠાંની રંગોળીને દીવાની આસપાસ ગોઠવીને હવે કલાકારીનું કામ ચલાવી લેવાય છે.

પછી આવે બેસતું વરસ. એવી માન્યતા છે કે નવા વરસે જે કંઈ કરો, એના જેવું આખું વર્ષ જાય. ત્યારે અમારા મુંબઇમાં નવા વરસે ગરીબ કે લોઅર મિડલક્લાસનાં ઘરોમાં ભાઇ-બહેનો માટે એક જ તાકામાંથી બનાવેલા યુનિફોર્મ જેવા એકસરખાં નિસ્તેજ કપડાંઓ બનાવવામાં આવતાં... પણ એમાં યે કેવો સતરંગી સંતોષ હતો. એ નવાં કપડાં પહેરીને મંદિરે જવાનું, પછી મહોલ્લામાં અને પછી સગાંવહાલાંને ત્યાં. નૂતન વર્ષાભિનંદન અને સાલ-મુબારકનો વણમાગ્યો વરસાદ વરસતો. કોઈ મિત્રને 'બાલ-મુબારક' કહીને બાલિશ મસ્તી પણ કરી લેવાતી.

કાંપતા હાથે બિચારા વડીલો, બાળકોને એક રૂપિયો આપીને આશીર્વાદ આપતા ને એમની આંખો, અકારણ ભીની થઇ જતી. આવાં ભોળપણથી જ હૈયું ભરાઈ જતું ને ઉત્સવનો ઉભરો આવી જતો.

ત્યારે દિવાળીનો નશો લાભ-પાંચમ સુધી રહેતો. હવે દિવાળી, માત્ર કેલેંડરમાં છપાયેલા રજાના દિવસો બનીને કેવળ રહી ગયા છે. શહેરોમાં લોકો દિવાળી કરવા હિલ-સ્ટેશન કે ફોરેન જતા રહે છે.

એક જમાનામાં દિવાળી ગ્રિટીંગ્ઝ કાર્ડ લખવામાં આવતાં. હવે એસ.એમ.એસ., વ્હોટ્સ એપ પર એનાં એ જ ફોર્વર્ડેડ મેસેજ મોકલીને મોકલી દેવાય છે.

એક સમયે ગુજરાતીમાં અનેક દિવાળી અંકો આવતાં અને લોકો ખરીદીને વાંચતા પણ ખરા.

આજે, વોટ્સ-એપના ચતુર વાક્યો મોકલી કે વાંચીને સહુ સગવાડિયા થઇને સુખી છે. (એની સામે આજે ય મરાઠી ભાષામાં ૧૦૦-૧૫૦થી વધુ ખાસ દિવાળી અંકો નીકળે છે!)


આપણી આસપાસ જાલિમ જીવન જ બદલાઈ રહ્યું છે તો દિવાળીનો નિર્દોષ આનંદ પણ બદલાય જ જાય ને? કદાચ અમુક વરસો પછી આજની દિવાળી પણ કદાચ રંગીન લાગી શકે! ત્યાં સુધી તો વિતેલી દિવાળીની રંગીનિયતને યાદ કરીને હરખાઇ લઇએ. ઝાંખી યાદોની રંગોળીઓ અને સ્મૃતિશેષ સંવેદનાઓ પણ એક ઉત્સવ જ છેને?

*એન્ડ-ટાઈટલ્સ:*
*આદમ: દિવાળીમાં સૌ દીવા કેમ પ્રગટાવે છે?*
*ઈવ: અત્યારે પેટાવું કે રીસર્ચ કરવા બેસું?* ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# જય હોય કે પરાજય... કેમ અલગ તરી નથી આવતા?



બે વર્ષના લોહિયાળ જંગ પછી ઇઝરાયલનું ગાઝા યુદ્ધ સમાપ્ત થયું છે. ૬૭,૦૦૦ લોકોનાં મૃત્યુ, ૧૬૯,૦૦૦ લોકોને ઈજા, ૧૯૮,૮૮૩ ઈમારતો ધ્વંસ અને (ઇઝરાયલ તરફે) ૫.૫ લાખ કરોડ રૂપિયાના ધુમાડા પછી ઇઝરાયલ અને હમાસ વચ્ચે શાંતિ કરાર થયા છે.

ઇઝરાયલે હમાસને નેસ્તનાબૂદ કરવાના નિર્ધાર સાથે ૭૩૬ સુધી તોપો ગગડાવી હતી અને અંતે ૨૦ ઇઝરાયલી અપહૃતોને જીવતા છોડાવવા માટે હમાસ સાથે મંત્રણાના ટેબલ પર બેસીને શાંતિનો હાથ લાંબો કરવો પડ્યો હતો. જે હમાસનો એકડો કાઢી નાખવા માટે ઇઝરાયલે આંતરરાષ્ટ્રીય અવાજોની ઐસીતૈસી કરીને કત્લેઆમ ચલાવી હતી, તે જ હમાસે હવે કહ્યું છે કે આ સમજૂતી યુદ્ધ-વિરામ છે, શાંતિ કરાર નહીં અર્થાત્ હમાસ કહે છે કે તે હથિયાર ત્યારે છોડશે જ્યારે સ્વતંત્ર પેલેસ્ટાઈનનો રસ્તો ખુલ્લો થશે. બીજા શબ્દોમાં પેલેસ્ટાઈન માટેનું તેનો સંઘર્ષ જારી રહેશે એટલા માટે એ પ્રશ્ન પણ એટલો જ પ્રાસંગિક છે કે આ સમજૂતી શાંતિ ટકાવી રાખશે કે પછી તે કેવળ નવા યુદ્ધ સુધીનો પહેલો વિરામ છે?

જો મંત્રણા અને સંવાદથી જ સંઘર્ષ અટકતો હોય તો આટલું લોહિયાળ અને ખર્ચાળ યુદ્ધ કરવાની જ ક્યાં જરૂર હતી? યુદ્ધો ભાગ્યે જ વિવાદનું સમાધાન કરતાં હોય છે. બલકે, યુદ્ધો બીજા વિવાદોને જન્મ આપતાં હોય છે અને એ રીતે યુદ્ધ અવિરત ચાલતું રહે છે.

આજે વિશ્વમાં ૨૦૦ દેશ છે. તે તમામ દેશના પોતાના ધર્મ, પોતાની પરંપરા અને પોતાની સંસ્કૃતિ છે. તમામના રાષ્ટ્રીય આદર્શ છે. એમાંથી કોઈ તેના આદર્શને કોરાણે મૂકતા નથી, કારણ કે તે આદર્શ જ તેમના દેશની ઓળખ અને અસ્તિત્વનો પાયો છે. તો પછી બીજા દેશે એ આદર્શ ત્યજવા જોઈએ એવી ઈચ્છા કોઈ દેશ રાખે તે કેટલું વાજબી છે? સ્વેચ્છાએ એવું નથી થતું એટલે હિંસાનો સહારો લેવો પડે છે, જે યુદ્ધના મૂળમાં છે.

અનેક દેશો વચ્ચે વર્ષોથી સંઘર્ષ ચાલી રહ્યા છે, અને તેમ છતાં કોઈપણ સમસ્યાનું સમાધાન થયું નથી. બધા યુદ્ધગ્રસ્ત દેશ તેમાં વધુને વધુ ગૂંચવાતાં ગયાં છે, કારણ કે યુદ્ધથી આજ દિવસ સુધી કોઈનું ભલું થયું નથી. હિંસા હંમેશાં અન્યાયપૂર્ણ હોય છે. તે જવાબને બદલે પ્રશ્ન ઊભા કરે છે. ઈરાન, ઈરાક, ઇઝરાયલ, હમાસ, રશિયા, યુક્રેન, ભારત, પાકિસ્તાન અને અન્ય ઘણા દેશ યુદ્ધ કરી ચૂક્યા છે, પરંતુ સરવાળે તો પેલી કટાક્ષમય ઉક્તિની જેમ 'ખાયા પિયા કુછ નહીં, ગિલાસ તોડા બારહ આના...' જેવો ઘાટ થાય છે. યુક્રેન 'નાટો'ની મદદથી રશિયા સામે લડતું રહ્યું અને અંતે બંને દેશ તબાહીનો સામનો કરી રહ્યા છે. પોતાની મનમાની અને જિદ્દમાં બંને દેશ ખખડી ગયા. અરબો ડૉલરની આગમાં એકબીજાની રાષ્ટ્રીય સંપત્તિને સ્વાહા કરીને હવે તે શાંતિ ઝંખી રહ્યા છે.

યુદ્ધમાં જીતનાર દેશ ઘણી વખત સૌથી વધુ હિંસક, આક્રમક અને નિર્દયી હોય છે- પરંતુ તેનો અર્થ એ નથી કે તેના વિચારો સાચા છે. વાસ્તવમાં, યુદ્ધ એ સવાલથી બચવાનો એક માર્ગ છે કે શું સાચું છે અથવા શું ખોટું, શું સારું છે અથવા શું ખરાબ, શું ઉપયોગી છે અથવા વિનાશક... યુદ્ધને ગહેરાઈથી જુવો તો ખ્યાલ આવે કે મોટાભાગનાં યુદ્ધ ખોટાં કારણ કે ખોટા નિર્ણયોથી શરૂ થાય છે- અને તેનું પરિણામ એ આવે છે કે તેમાં બધા પક્ષો ભોગવે છે.

ફ્રેંચ વિચારક જ્યાં-પોલ સાર્ત્રએ એકવાર કહ્યું હતું કે- 'વિજયનો જો હિસાબ માંડવામાં આવે તો, તે પરાજયથી અલગ નજર ન આવે.' એનો અર્થ એ છે કે જ્યારે આપણે કોઈ 'વિજય'ની કથાને ગહેરાઈથી સાંભળીએ છીએ ત્યારે તેમાં ફક્ત જીતનું ગૌરવ જ દેખાતો નથી- પરંતુ તેમાં પારાવાર દુઃખ, બલિદાન, વિનાશ અને નુકસાન પણ ઝળકતાં હોય છે,

જે તે વિજય માટે ચૂકવવું પડ્યું હતું. દરેક યુદ્ધ, દરેક સંઘર્ષ, દરેક સફળતાની પાછળ પારાવાર પીડાઓ, નિષ્ફળતાઓ અને નુકસાન છુપાયેલાં હોય છે. આપણે જ્યારે નુકસાનની નજરથી જીતને જોઈએ, ત્યારે સમજાઈ જાય છે કે 'વિજેતા' પણ વાસ્તવમાં હારેલો હોય છે- કારણ કે એણે પણ કંઈક ગુમાવ્યું છેઃ માનવતા, નૈતિકતા, કરુણા અથવા શાંતિ.

સાર્ત્ર એમ કહેવા ઈચ્છે છે કે દરેક વિજયની અંદર પરાજયનો પડછાયો હોય છે. જેટલી મોટી જીત હોય છે, તેના પાછળ એટલું જ મોટું દુઃખ અને નુકસાન છુપાયેલું હોય છે. વિજયનો ઉત્સવ જેટલો મોટો હોય છે, એટલું જ સ્પષ્ટ થાય છે કે જીત અને હાર, બંને એક જ સિક્કાની બે બાજુ છે.

યુદ્ધનો અર્થ એ થાય છે- બે વિરુદ્ધ પક્ષો દ્વારા સત્ય અને ન્યાય માટે સંઘર્ષ. પરંતુ સમસ્યા એ છે કે 'સત્ય' અને

'ન્યાય' ક્યારેય સર્વવ્યાપી નથી- તેઓ વ્યક્તિ, સમાજ, ધર્મ, સંસ્કૃતિ અને સમય પ્રમાણે બદલાય છે. વિજ્ઞાનમાં જેમ એક વત્તા એક બરાબર બે થાય છે, તેવું ધર્મ કે અને સંસ્કૃતિમાં નથી થતું.

દર દાયકામાં, દર શતાબ્દીમાં યુદ્ધ થયાં છે- કારણ કે માણસની અંદર હિંસા, અહંકાર અને અસહિષ્ણુતાની વૃત્તિ કુદરતી રીતે મોજૂદ હોય છે. સમય સાથે આ હિંસા અને ઘૃણા અંદર જ તગડી થતી રહે છે, અને પછી એક દિવસ તે 'કારણ' તરીકે ફૂટે છે- ધર્મના નામ પર, રાષ્ટ્રના નામ પર, રંગ, જાતિ, ભાષા, વર્ગ અથવા સંસાધનોના નામ પર. પરંતુ આ બધાં તો ફક્ત સાધનો છે- અસલ સમસ્યા માનવની અંદરની હિંસા અને અહંકારમાં છે.

માણસો હંમેશાં જૂથ બનાવે છે- પરિવાર, જાતિ, ધર્મ, દેશ, સંગઠન અને દરેક જૂથ માનવા લાગે છે કે તેઓ જ સર્વોત્તમ છે, અથવા બીજા કરતાં વધુ સારું છે. જૂથ બને એટલે હેરાર્કી (ઊંચનીચ) ઉત્પન્ન થાય છે અને અહીંથી અહંકારની અથડામણ શરૂ થાય છે. જ્યારે બે જૂથ પોતપોતાના વિચારો અને માન્યતાઓને 'સત્ય' માને છે, ત્યારે એ એક બીજાને પોતાનાં સત્ય સમજાવવાનો પ્રયત્ન કરે છે. બીજો પક્ષ એ સત્યને ન સમજે (ન સ્વીકારે) એટલે વિચારોની એ લડાઈ યુદ્ધમાં પલટાઈ જાય છે એટલા માટે અસલી યુદ્ધ હથિયારો વડે નહીં, પરંતુ અહંકાર અને અસહમતીથી લડાય છે અને એટલા માટે જ યુદ્ધ ક્યારેય પૂરું નથી થતું.

ક્યારેક થોડા દાયકાઓ માટે શાંતિ દેખાય છે, ક્યારેક યુદ્ધોની સંખ્યા ઘટી શકે છે અથવા વધી શકે છે, પરંતુ આ પ્રવૃત્તિ સંપૂર્ણ રીતે દૂર નથી થતી કારણ કે અસલી યુદ્ધ તો અંદર હોય છે. જ્યાં સુધી માનવીય ચેતના હિંસક અને પ્રતિસ્પર્ધી છે, જ્યાં સુધી અહંકાર તેને 'અમે' અને 'એમને'માં વિભાજિત કરતો રહેશે ને યુદ્ધ ચાલુ રહેશે. યુદ્ધ ત્યારે જ સમાપ્ત થઇ શકે છે જ્યારે સમગ્ર માનવતા આધ્યાત્મિક જાગૃતિ તરફ વધે- જ્યારે વ્યક્તિ પોતાની અંદરની હિંસા, ભય અને અહંકારને ઓળખીને શાંતિમાં સ્થિર થાય, પરંતુ આ અવસ્થા ખૂબ દુર્લભ છે- ઇતિહાસમાં આવું ક્યારેય સામૂહિક રીતે થયેલું નથી. હા, એક એકલો માણસ જરૂર એની અંદરની હિંસા પર વિજય મેળવી શકે છે- જેમ કે બુદ્ધ અથવા ગાંધી. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# વૈશ્વિક સંઘર્ષો વચ્ચે સબકથી લઈને સફળતા સુધીનું વરસ...


## આ વિતેલા વરસમાં આર્થિક જગતમાં શું બન્યું ? ચાલો, તેની ઝલક મેળવીને એમાંથી શું તારવવું એ પણ જાણી લઈએ.

**વાતની** શરૂઆતમાં તો આપણે ટ્રમ્પસાહેબને જ યાદ કરવા પડશે. ટૅરિફ દ્વારા વેપારીજગતને - વીઝા દ્વારા આઈટી ફિલ્ડના નોકરિયાતોને અને વિદ્યાર્થી જગતમાં એમણે કાળો કેર વર્તાવી દીધો.

આયાતકાર-નિકાસકાર વર્ગને નવું વિચારવા પર મજબુર કરી દીધા. તેમ છતાં 'જો હોતા હૈ અચ્છે કે લિયે હોતા હૈ' એવો પોઝિટિવ અભિગમ રાખીએ.

હવે ટ્રમ્પે લીધેલા ટેરિફિક પગલાંની ઊંધી ચત્તી અસરોની વાત કરીએ. ચીન, રશિયા, જપાન અને બ્રિટન સહિત અન્ય દેશો સાથેની. ભારતની મિત્રતા વધી. ભારત માટે નવાં બજારો ખુલ્યાં, જેના લાભ ભારતને લાંબે ગાળે ચોકકસ થશે. યુવા ટેલેન્ટ-વિદ્યાર્થી જગત માટે પોતાના દેશમાં જ નવી તકો ઊભી થશે યા કરવી જ પડશે. આમાં ખરા અર્થમાં આત્મનિર્ભર થવું પડશે. વિદેશી કંપનીઓને ભારતમાં આઉટસોર્સ વધારવાની ફરજ પડશે. હાલના સતત અનિશ્રિત સંજોગોમાં પણ ભારતે તેની ઈકોનોમીને વિકાસની દિશામાં આગળ લઈ જવા વધુ જહેમત કરવી પડશે,. ભારતે નવેસરથી સ્વદેશી બનવા તરફ વધુ જોર કરવું પડશે. એના માટે અર્થતંત્રને સતત વધુ સક્ષમ બનાવવા આર્થિક સુધારા( ઈકોનોમિક રિફોર્મ્સ)ને જોર આપવાનું થશે.

આ તમામની અસર જોઈએ-સમજીએ તો દૂર-દૂર વિકસિત ભારતની-આત્મનિર્ભર હિંદુસ્તાનની ઝલક દેખાઇ શકે. વિશ્વના ટોચના અર્થતંત્રોમાં ભારતનું પ્રથમ ત્રણમાં સ્થાન જોઈ શકાશે. નરસિંહરાવ અને ડૉ. મનમોહન સિંહના સમયકાળમાં જે આર્થિક સુધારા થયા તેને એક દાયકાથી મોદી સરકાર આગળ વધારી રહી છે, જેથી કુલ યશ આ ત્રિપુટીને આપવો રહ્યો. અલબત્ત, મોદી સરકારના કાળમાં ઈકોનોમીક રિફોર્મ્સની ગતિવિધિ વધુ પ્રભાવશાળી રહી. આ સમય દરમિયાન વૈશ્વિક પડકારોનો સામનો કરતાં-કરતાં મહત્ત્વના નિર્ણયો પણ લેવામાં આવ્યા છે. ભારત ખરાં અર્થમાં પડકારોને તકમાં ફેરવી નાખતું નજરે પડે છે. GSTના બીજા તબકકાના ક્રાંતિકારી સુધારાએ ઈકોનોમી અને કન્ઝમ્પશન સેગમેન્ટને નવી દિશા આપીને વેપાર-ઉદ્યોગને નવું બળ આપ્યું છે. આ સાથે દેશના મધ્યમ વર્ગ અને નિઓ મિડલ કલાસને પણ રાહત મળે એવાં પગલાં ભરાયાં છે, જેમ કે બજેટમાં સરકારે આવકવેરામાં રાહત આપી હતી. આમ સરકાર સતત સુધારા સાથે વિકાસ તરફ દેશ આગળ વધે એ લક્ષ્ય પર કામ કરતી રહી છે.



જોકે, બીજી તરફ દેશના 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા'ની સફળતા હાલ હજી અધુરી ગણાય. આ વિષયમાં સાવચેતી રાખવી પણ જરૂરી છે, કારણ કે લેભાગુઓ પણ તક જોઈને બેઠાં જ હોય છે. અહી ઈશારો IPO તરફ છે, શેરબજારમાં સટ્ટાકીય માનસિકતાનો ફેલાવો તંદુરસ્ત ગણાય નહીં. દરમિયાન, સરકારે રિઅલ એસ્ટેટ સેક્ટરમાં રોકાણ માટેનો માર્ગ પણ રિટેલ રોકાણકારો માટે સરળ બનાવ્યોં છે. સોના-ચાદીમાં હાલ ચાલી રહેલી વિક્રમી તેજી ગ્લોબલ અનિશ્ચિતતાના સંકેત સમાન ગણાય. અહીં ફુગ્ગો ફુલી રહયો હોવાથી ચોકકસ અંશે સાવચેતી આવશ્યક છે.

આમ વિતેલા વરસમાં આપણે સંઘર્ષ સાથે સફળતા પણ જોઈ, પડકાર સાથે તક પણ જોઈ. આપણે વૈશ્વિક બનવા શું જરૂરી છે તેના સબક પણ પ્રાપ્ત કર્યા છે.

**નિરાશાજનક અનેક બાબત પર પણ ધ્યાન જરૂરી**

આ બધી ઉજળી વાતો વચ્ચે દેશમાં હજી અનેક નબળી બાબત પણ પ્રવર્તી રહી છે. દેશમાં હજી માળખાકીય સુધારા મામલે ઘણું કામ બાકી છે. ક્યાંક તો આ સુવિધાઓ એટલી કંગાળ છે કે શું આ જ વિકાસ છે એવો સવાલ થવા લાગે. દેશમાં ૭૫ વરસ બાદ પણ સાદા રસ્તાઓથી લઈ હાઈ-વે સુધી ભયંકર શરમજનક સ્થિતિ જોવા મળે છે. શહેરોની ભયાનક ગીચતા સાથે ઉદ્ભવતી આરોગ્યની સમસ્યાઓ બહુ જ ગંભીર છે, પણ તેના ઉપાય પર ખાસ કંઈ ધ્યાન અપાતું નથી. કહેવાતા મહાનગરોની મહા સમસ્યા ભાવિ પેઢીને કેવા દિવસો બતાવશે એ કલ્પના ભયભીત કરે એવી છે. સર્વાંગી કાયદાકીય માળખું હજી કરુણ અવસ્થામાં છે. રોજગારીના મામલે જે દુર્દશા હજી છે તે પણ નિરાશાજનક ગણાય. ધર્મ - ભાષા કે પ્રાંતના નામે હજી ચાલી રહેલા વિવાદ દેશ માટે ગંભીર ચિંતાનો વિષય ગણવો પડે. માત્ર આર્થિક વિકાસ કે શેરબજારની તેજી, જીડીપીનો ઊંચો વૃદ્ધિદર, ફુગાવાનો નીચો દર, વધતો મૂડીવાદ, સંપત્તિવાનોની મોટી થતી યાદી એ જ માત્ર વિકાસ નથી. સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ, અસમાનતાનો ઘટાડો. નીચલામાં નીચલા વર્ગ સુધી પહોંચતા લાભ, ગ્રામ્ય અને કૃષિ વિકાસ સાથે-સાથે પ્રજાનો માનસિક વિકાસ પણ આવશ્યક છે.

બાય ધ વે, હાલ તો નવા વરસની શુભેચ્છા વ્યકત કરીએ અને દેશના વિકાસમાં પ્રજા તરીકે આપણે પણ કંઈક બહેતર પ્રદાન કરીએ..... ■

વ્યંગ

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# આ જાણીને પગ નીચેની જમીન સરકી જશે...

**'સાહેબ,** આ કાગળ જુવો તો' પ્રવીણ પ્રામાણિકે એના ખિસ્સામાંથી ચાર ગડી વાળેલો કાગળ કાઢ્યો. ચંદુ ચૌદસ અમારે ત્યાં ટ્રાફિક કન્ટ્રોલર હતો. ચંદુની સાચી અટક ચૂડગર, ચૂડાસમા કે ચૌધરી હતી, પરંતુ, ચંદુની ચૌદશવેડા કરવાની ટેવને લીધે ચંદુ ચૌદસ તરીકે કુખ્યાત હતો.

'પ્રવીણ, કાગળમાં શું છે?' ચંદુએ કાગળ પકડતાં પૂછ્યું. ચંદુને ફેસબુક કે બેંક પાસબુક સિવાય કોઇ પણ કાગળિયા વાંચવાનો ભયંકર કંટાળો હતો.

'સાહેબ, તમે જ વાંચી લો.' પ્રવીણ પ્રામાણિકે કાગળ વાંચવાનો આગ્રહ કર્યો.

'પ્રવીણ, આ તો તારો સસ્પેન્શન ઓર્ડર છે. એમાં મેં જ સહી કરી છે.' ચંદુ બોલ્યો.

'સાહેબ, મને શું કામ સસ્પેન્ડ કર્યો? મારો વાંક શું? મારો ગુનો શું? પ્રવીણે કેશુબાપા જેવી લોંગ પ્લે રેકર્ડ વગાડી.

'પ્રવીણ , તું વાંકમાં આવે ત્યાં સુધી મારે રાહ જોવાની? તું ઘાટમાં આવ્યો હોઇશ એટલે તને અમે લસોટી નાાંખ્યો.' ચંદુએ સફાઇ મારી.

'સાહેબ, હું એસટીમાં કેટલા વરસથી નોકરી કરું છું?' પ્રવીણે લેગબ્રેક બોલ જેવો સવાલ પૂછયો.

'પ્રવીણ, તારી નોકરીને પચીસ વરસ થયા.' ચંદુએ ગણતરી કરીને કહ્યું.

'પચીસ વરસની નોકરીમાં એક પણ પેસેન્જરની તમને મારા વિરુધ્ધમાં ફરિયાદ મળી છે? હું પેસેન્જરને સાહેબ, મેડમ, બા, દાદા કહીને જ પ્રેમથી બોલાવું છું. કોઇને તુંકારો કર્યો નથી.' પ્રવીણ ગૌરવથી બોલ્યો.

'એ તારી વાત સાચી. કોઇની ફરિયાદ નથી. ઊલટાનું લોકો તો તારો રૂટ પણ ન બદલવા સિફારીસ કરે છે.. પણ...' ચંદુએ જવાબ આપ્યો

'કોઇ પેસેન્જરને છૂટા ન આપ્યા હોય તેવી રાવ ઉઠી છે? મારી પાસે છૂટા ન હોય તો પેસેન્જરની ટિકિટ પાછળ લખીને સહી કરી આપી છે.' પ્રવીણે બીજો બચાવ રજૂ કર્યો. પ્રવીણ ચાર્જશીટ સિવાય બચાવનામું પેશ કર્યું.

'ના એવું પણ બન્યું નથી, પણ ચંદુએ કાન પકડ્યો



'પેસેન્જરને ઇસ્યુ કરેલ ટિકિટ પેસેન્જર બસમાંથી ઉતરે ત્યારે એ ટિકિટ પરત લઇ કોઇ પેસેન્જરને ધાબડી એસટીની આવકને ચૂનો ચોપડ્યો એવી મારી વિરુધ્ધ કમ્પ્લેઇન્ટ આવી છે?' પ્રવીણે તેની બેગુનાહીનો વધુ એક પુરાવો રજૂ કર્યો.

'ના, હઅમમમ્... પણ. ચંદુ શું બોલી શકે?'

'સાહેબ, બસમાં ડયુટી પર હોઉં તો બસમાં મારા બાપા કે બૈરી મુસાફરી કરતાં હોય તો ખુદના પૈસે તેમની ટિકિટ લીધી છે. સગાં વ્હાલાને ખુદાબક્ષ કે સ્ટાફ કહીને મફત મુસાફરી કરાવી નથી.' પ્રવીણે પ્રામાણિક્તાનો પુરાવો રજૂ કર્યો.

'પ્રવીણ, તું એસટી તંત્રમાં અપવાદરૂપ આદમી કમ ઓલિયો છે, પણ. ચંદુએ પ્રવીણની ફરજ પરસ્તીને બિરદાવી પડી.

'સાહેબ, મેં કદી એસટીએ નક્કી કરી હોય તેવી હાઇવે હોટલ પર બસ ઉભી રાખી મફત જમવા ઉપરાંત બક્ષિસ લેવાનો કડદાકાંડ કર્યો નથી.' પ્રવીણે તેની બેગુનાહીનો વધુ એક પુરાવો રજૂ કર્યો.

'હું જાણું છું પ્રવીણ, પણ...' ચંદુ બોલ્યો.

'સાહેબ, આપણી એસટીનું સૂત્ર છે કે હાથ લાંબો કરો અને મુસાફરી કરો. એક પેસેન્જરે સ્મશાન પર હાથ લાંબો કરેલ અને મેં તેને બસમાં લીધેલ પછી ખબર પડી કે તે ભૂત હતો. બીજા કોઇ પણ ડ્રાઇવર તો બસ સ્ટેન્ડ પર પણ ગાડી ઊભી રાખતા નથી. મને કેમ મારી કર્તવ્ય નિષ્ઠાની સજા મળી?; પ્રવીણે સવાલ રજૂ કર્યો.

'હું એ પણ જાણું છું. પણ...' ચંદુની કેસેટ બરાબર ચોંટી ગઇ હતી.

'સાહેબ, મેં સો લિટર ડીઝલ બસમાં ભરાવી બસો લિટરનું બિલ રજૂ કરી સો લિટર ડીઝલના ફદિયાં ગજવે ઘાલ્યાં નથી. ગાડી વોશ ન કરાવી હોય તો ગાડીવોશ કરાવ્યાનું બિલ રજૂ કર્યું નથી.'

'પ્રવીણ, કળયુગમાં તું સત્યવાદી હરિશ્ચંદ્ર છું... પણ...'

'સાહેબ, એસટીના બીજા ડ્રાઇવર ઉનાળાની બપોરમાં જાણી જોઇને પેસેન્જરને પરેશાન કરવાની પરપીડનવૃત્તિ દાખવીને ધક્કા મરાવતા હોય છે. મેં ક્યારેય પેસેન્જર પાસે બસને એક ધક્કા ઓર દો, હઇસો કરાવેલ નથી.' પ્રવીણે ચંદુનું ધ્યાન દોર્યું .

'માય ડિયર, પ્રવીણ આઇ નો ધેટ, પણ...' ચંદુએ સ્ટાઇલ મારી.

'સાહેબ, હમણા એક એસટી બસના ડ્રાઇવર-કંડકટરે બસમાં પંકચર પડતાં પેસેન્જર પાસેથી ઉઘરાણું કરીને પંકચર રીપેર કરાવેલ હતું. મેં મારા ખિસ્સાના રૂપિયા કાઢીને પંકચર કે નાનું મોટું રિપેરીંગ કરાવેલ હતું તેનો શિરપાવ આપવાને બદલે સસ્પેન્શન? આ તો અન્યાય છે. મારા જેવા કર્મઠ કર્મચારીઓના નૈતિક જુસ્સા પર વિપરીત અસર પડશે.' પ્રવીણે સંદેહ દર્શાવ્યો.

'પ્રવીણ, તું એસટીની એસેટ એટલે કે મિલકત છે.' ચંદુએ પ્રવીણની પ્રસંશા કરી. કોઇ તંત્ર સસ્પેન્ડ થયેલ કર્મચારીની તારીફ કરે એવું પહેલી વાર બન્યું હશે.

'સાહેબ, મને એસટીએ ત્રણ વાર બેસ્ટ એમ્પ્લોયી- 'શ્રેષ્ઠ કર્મચારી'નો એવોર્ડ પણ આપેલ છે અને આજે તમે મારા એવોર્ડ પર પાણી ફેરવી દીધું.'

'પ્રવીણ, તું સસ્પેન્શનનું કારણ જાણવા માગે છે?' ચંદુએ ગંભીર થઇને પૂછયું.

'હા કેમ નહીં? મેં કેવા ગુલ ખિલાવ્યા છે કે તમે મને સસ્પેન્ડ કરવા જેવું આત્યંતિક પગલું લેવું પડ્યું?' પ્રવીણે કટાક્ષ કરતાં પૂછયું.

' પ્રવીણ, તે એસટી જેવી મહાન સંસ્થાની આબરૂને બટો લગાડ્યો છે.' ચંદુએ રહસ્યોદઘાટન કરવાની શરૂઆત કરી.

'કેવી રીતે ?' પ્રવીણે ડઘાઇને પૂછયું.

'પ્રવીણ, તે એસટીની આબરૂને જ બટો લગાવ્યો નથી, પરંતુ આર્થિક નુકસાન પણ કરાવેલ છે. એ પણ અસાધ્ય .' ચંદુએ પ્રવીણને તહોમતનામું સંભળાવી દીધું.

'એટલે તમે કેવા શું માગો છો?' પ્રવીણ કોલસાની જેમ ધગી ગયો.

'પ્રવીણ , કંડકટરની ડયુટીનો ટાઇમ સવારના આઠથી સાંજના આઠ એટલે કે બાર કલાક હોય છે. તું મહિનામાં બે વાર સવારે ૮.૦૦ વાગ્યાને બદલે ૮.૦૧ વાગ્યે એટલે કે એક મિનિટ મતલબ સાંઠ સેકન્ડ મોડો આવ્યો હતો. મહિનાનાં એક મિનિટ એટલે બે મિનિટ મોડો આવ્યો છું. તારા મોડા આવવાને લીધે એસટીને ૧૫,૦૦૦ રૂપિયાનું માતબર નુકસાન થયું છે.' ચંદુએ પ્રવીણને સસ્પેન્શનનું કારણ જણાવી દીધું. અહીં તો ચંદુએ વટાણા, અડદ, મગ, મઠ વેરી દીધા. પ્રવીણે એસટીને ૧૫,૦૦૦ નુકસાન કેવી રીતે થયું તેની ગણતરી કેવી રીતે કરી હશે એ તો ભગવાન પણ જાણતા નહીં હોય.

એક મિનિટ એટલે સાંઇઠ સેકન્ડ. એક મિનિટનું ડીલે કોઇને સસ્પેન્ડ કરાવી શકે?

લો બોલો, ખોદ્યો ડુંગરને કાઢ્યો ઉંદર. ફિલ્મમાં હંમેશાં પોલીસ ઘટના સ્થળે મોડી પડતી હોય છે. કેટલાક લોકો આખી જીંદગી નોકરીના સ્થળે મોડા તો ઠીક પહોંચતા નથી. છતાં, પૂરો પગાર તોડતા હોય છે. સરકારી ઓફિસમાં કાયમ મોડા પડતા હોય છે. તેમને સજા થવાના બદલે સોનાના થાળમાં પ્રમોશન મેળવતા હોય છે અને તગડા પેન્શન પણ મેળવતા હોય છે. આપણે ત્યાં મોડા પડવાની ઘટનાને 'ઇનિડિયન સ્ટાન્ડર્ડ ટાઇમ' જેવું મજાકિયું નામ આપવામાં આવે છે. ભારતમાં રેલવે પણ ચોવીસ કલાક મોડી પડતી હોય છે. ફલાઇટ પણ ચારપાંચ કલાક મોડી પડતી હોય છે.

પ્રવીણ તો હકકોબકકો થઇ ગયો. ચંદુએ આપેલ કારણ સાંભળી પ્રવીણના પગ નીચેની જમીન સરકી ગઇ.

વાંચકો, તમારા પગ નીચેની જમીન સાબુત છે ને?! ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@
bombaysamachar.com

# અમેરિકાના પ્રવાસમાં આનંદનો ગુણાકાર...

**દીકરાએ** પત્નીની તરફદારી કરવી પડી હોવાથી માએ એટલે કે મેં એના ઘરમાંથી ચાલતી પકડી અને મારી મોટી દીકરી દર્શના (ચેરી)ને ત્યાં અંધેરીના ઘરે રહેવા જતી રહી. અલબત્ત, એને ત્યાં કેટલું રહીશ એનો મને પોતાને કોઈ અંદાજ નહોતો. જોકે, મારા દીકરાએ જ એની સાથે વાત કરી બધી ગોઠવણ કરી હશે એટલે એમ તો કોઈ વાંધો નહોતો. હું ક્યારેક વિચારે ચડી જતી હતી કે ખૂબ મહેનત કરી પોતાનું ઘર બે વાર બનાવ્યું હોવા છતાં આજે હું ઘર વિનાની થઈ ગઈ હતી. સેનેટોરિયમના ધક્કા ખાતી હતી એ દિવસો પણ મને યાદ આવી ગયા. જોકે, એ સંઘર્ષના દિવસો દરમિયાન મારું મનોબળ વધુ ને વધુ મક્કમ બન્યું હતું. પ્રતિકૂળતામાં જ માનવીની ખરી કસોટી થતી હોય છે. એમાં જો એકાદ બે વાર સાંગોપાંગ ઉતરી ગયા તો પછી મુશ્કેલી કોઠે પડી જતી હોય છે. હચમચાવી નથી દેતી, બલકે વધુ સ્ટ્રોંગ બનાવે છે. દીકરીને ઘરે રહેવા ગઈ એને હજી દસ - બાર દિવસ થયા હશે ત્યાં રાગિણીની ફોન આવ્યો. ઔપચારિક વાતચીત પૂરી થઈ એટલે તેણે મને પૂછ્યું,

'મહેશ્વરી બહેન, અમેરિકા આવશો? બે મહિનાની ટૂર છે.'

રાગિણીની ઓફર સાંભળી મારા મગજમાં અસંખ્ય બાબતો દોડાદોડ કરવા લાગી. અમેરિકા? અત્યંત સમૃદ્ધ દેશ. સંપત્તિની રેલમછેલ. હરીફરી માણવાનો દેશ. નાટક કરવા અમેરિકા જવાની ઓફર આવે એટલે કલાકાર થનગની ઊઠે. જોકે, અગાઉ અમેરિકાની બે મહિનાની કરેલી ટૂર દરમિયાન મને માણવા જેવા કરતા અણગમો પેદા કરતા અનુભવ વધુ થયા હતા. આફ્રિકાના પ્રવાસમાં આનંદ આવ્યો હતો, પણ અમેરિકા તો જવાય જ નહીં એવી ગાંઠ મેં ત્યારે વાળી લીધી હતી. પણ રાગિણીની ઓફર આવી ત્યારે મારી માનસિક અવસ્થા જુદી હતી.

આપણે આર્થિક પ્રગતિની સાથે વૈચારિક પ્રગતિ ઘણી કરી છે. અનેક જૂની પ્રથા - વિચારો ફગાવી નવી પ્રથા, નવા વિચારો અપનાવ્યા છે, પણ કેટલીક વિચારસરણી આજની તારીખમાં પણ જડમૂળથી નથી નીકળી. પરણેલી દીકરીને ત્યાં વધુ સમય રહેવાય નહીં એ એવી જ માનસિકતા છે. દીકરીને તો મા માટે અપાર સ્નેહ હોય અને જમાઈ પણ દીકરાની જેમ રાખતો હોય તો પણ... હા, તો પણ માતા - પિતા 'દીકરીના ઘરનું ન ખપે' એ માનસિકતામાંથી પૂર્ણપણે હજી સુધી મુક્ત નથી થઈ શક્યા. હું પણ એ જ પંગતમાં બિરાજમાન હતી. એટલે મને વિચાર આવ્યો કે દીકરીના ઘરે પડ્યા પાથર્યા રહેવાને બદલે આ ઓફર સ્વીકારી લઉં. ભલે ઝાઝા પૈસા ન મળે, બે મહિનાનો મૂલ્યવાન સમય તો નીકળી જશે. એ સમય દરમિયાન મારા વન રૂમ કિચનના નાનકડા ફ્લેટમાં રહેતા શાંતાબહેન અને એમના દીકરાને ભાડાનું ઘર મળી જશે અને હું મારા ઘરમાં રહેવા જતી રહીશ એવા સમીકરણ મારા મગજમાં રમવા લાગ્યા.

અને મેં અમેરિકા પ્રવાસ માટે રાગિણીને હા પાડી દીધી. 'મને હતું જ કે તમે ના નહીં પાડો' એમ રાગિણીએ ફોન પર કહ્યું ત્યારે મારું મન એક તરફ રાજી હતું તો બીજી તરફ સહેજ ઉદાસ પણ હતું. મને મનોજ કુમારની ફિલ્મ 'શોર'નું ગીત 'જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહ - ઓ - શામ' યાદ આવી ગયું. મન મક્કમ કરી અમેરિકા પ્રવાસ માટે જરૂરી તૈયારીમાં લાગી ગઈ.

રાગિણી કોઈ નવું નાટક નહોતી કરી રહી. મુંબઈમાં ચાલી રહ્યું હતું એ જ નાટક લઈ અમેરિકા જવાનું હતું. જોકે, એમાં રોલ કરતાં એક અભિનેત્રી ટૂરમાં નહોતા જોડાવાનાં. એટલે એમના રિપ્લેસમેન્ટ તરીકે મારે કામ કરવાનું હતું. મેં વિઝા મેળવવા માટે ફોર્મ વગેરે ભરવાની અને બીજી જરૂરી કાર્ય વિધિ શરૂ કરી દીધી. બીજી તરફ રાગિણીના ઘરે રિહર્સલ પણ શરૂ થઈ ગયા. મારા સહ કલાકારોમાં સમીર રાજડા, મલ્લિકા, નિમેષ શાહ વગેરે હતા. એકંદરે ગ્રૂપ સારું હતું.



નાટકના કલાકારો માટે રોલની સાથે સાથે કયા ગ્રૂપ સાથે કામ કરવાનું છે એ બાબત પણ મહત્ત્વ ધરાવતી હોય છે.

વિઝા માટે અરજી કરી દીધી પણ જે દિવસે વિઝા મેળવવા ગયા તો ખબર પડી કે એમ્બેસીએ અમારા વિઝા રિજેક્ટ કર્યા છે. બધા આર્ટિસ્ટ ચોંકી ગયા, કારણ કે દિમાગમાં રનવે પર દોડી રહેલા વિમાનની ફ્લાઈટ જ કેન્સલ થાય એવી આ વાત હતી. વિશેષ ટેન્શન તો નિર્માતાને થાય, કારણ કે અમેરિકામાં બધા શો બુક થઈ ગયા હોય. ટિકિટો પણ વેચાઈ ગઈ હોય. જો નાટક ન પહોંચે તો અમેરિકાના આયોજકને બહુ મોટો ફટકો પડે અને બીજી વાર તમને આમંત્રણ પણ ન આપે એવું બની શકે. જોકે, હજુ સમય હાથમાં હતો એટલે અમે બીજી વાર વિઝા માટે નવેસરથી અરજી કરી. બીજા પ્રયાસે સફળતા મળી પણ કોન્સ્યુલેટના નિયમ અનુસાર અમારે એમના ઓફિસર સમક્ષ જે નાટક લઈ જવાના હતા એનું પરફોર્મન્સ આપવું પડ્યું હતું. બધું ઓકે થઈ ગયું, અમારો જવાનો દિવસ નક્કી થઈ ગયો અને હું ઉપડી અમેરિકા... સાત સમુંદર પાર...

રાગિણી અને દિપક ઘીવાલાએ કલાકાર તરીકે તો ઉત્તમ કોટિનું દંપતી, પણ પતિ - પત્નીનો સ્વભાવ પણ ઉમદા. નાટકના શો ન હોય ત્યારે રાગિણીએ અમારા હરવા ફરવાની ગોઠવણ પણ કરી હતી. ફ્લોરિડામાં હોલિવૂડ સ્ટુડિયોની સફર કરાવી. 'ટેન કમાન્ડમેન્ટ્સ', 'બેન હર' 'ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક', 'ગોન વિથ ધ વિન્ડ' વગેરે ઓલટાઈમ ગ્રેટ વિદેશી ફિલ્મો વિશે ઘણું સાંભળ્યું હતું પણ એ જ્યાં બની હતી એ જગ્યા જોવા મળશે એવું તો સપનામાંય નહોતું વિચાર્યું. સિનિયર સિટીઝન માટે પ્રખ્યાત સન સિટી જોયું, એના ગોલ્ફ કોર્સ ભવ્ય હતા. જોકે, એ રમત વિશે કોઈ ગતાગમ નહોતી પણ જે જોયું એમાં મજા પડી.

બધું બરાબર ચાલી રહ્યું હતું ત્યાં એક પ્રોબ્લેમ ઊભો થયો. એક એવી સમસ્યા જેનો અમને કોઈને અંદાજ - અણસાર પણ નહોતા. વાત એમ હતી કે નાટકના શો થયા એને એક મહિનો પૂરો થયો ત્યાં વચ્ચે નવરાત્રી આવી ગઈ. એ સમયે ત્યાં નાટકના શો થાય નહીં. નવરાત્રીના ૧૫ દિવસ અને પછી દિવાળી હોવાથી લગભગ એકાદ મહિનો નવરા બેસી રહેવું પડે એમ હતું. યુએસના આયોજકની દલીલ હતી કે જો બધાને પાછા મોકલી ફરી અમેરિકા બોલાવે તો બહુ ખર્ચ થઈ જાય. એની બદલે જો બધા કલાકાર એકાદ મહિનો વધુ ખેંચવા તૈયાર થઈ જાય તો વ્યવસ્થા થઈ જાય. અમને બધાને પૂછવામાં આવ્યું અને મેં તો હા પાડી દીધી. સાચું કહું તો મારા માટે તો ભાવતું'તું ને વૈદે કીધા જેવો ઘાટ થયો. વધુ એક મહિનો નીકળી જશે અને ત્યાં સુધીમાં બીજી વ્યવસ્થા થઈ જશે અને દીકરીના ઘરે રહેવા નહીં જવું પડે એ વિચારે મને બહુ નિરાંત થઈ. એટલે બે મહિનાની ટૂર લંબાઈને સાડા ત્રણ મહિનાની થઈ ગઈ. પણ ગ્રૂપ મજાનું હતું એટલે સમય સરસ રીતે પસાર થઈ ગયો. ભેગા રહીએ ત્યારે કોઈવાર ભાગાકાર થાય અને ભાગી જવાનું મન થાય અને ક્યારેક ગુણાકાર પણ થાય તો સથવારો વધુ લંબાય એવી ઈચ્છા થાય. સદભાગ્યે આ વખતે અમેરિકાના પ્રવાસમાં આનંદનો ગુણાકાર થયો.

ટૂર સરસ રીતે સમાપ્ત થઈ અને હું મુંબઈ પછી ફરી. આવીને જોયું તો ખબર પડી કે શાંતાબહેન અને એમના દીકરા માટે વૈકલ્પિક વ્યવસ્થા નહોતી થઈ. જોકે, દીકરીના ઘરે રહેવા નથી જવું એ મેં નક્કી કરી નાખ્યું હતું. એટલે મારા વન રૂમ કિચનમાં શાંતાબહેન સાથે રહેવા જતી રહી. રાત્રે પાડોશમાં રહેતી મારી ફ્રેન્ડને ત્યાં સુવા જતી રહેતી હતી. આમ દિવસો પસાર થઈ રહ્યા હતા ત્યાં એક દિવસ દીકરો મને મળવા આવ્યો અને... ■

## 'સો ટચનું સોનું' ઉર્દૂમાં ભજવાયું

મુંબઈમાં એક સમયે જે વિવિધ નાટ્ય કંપની કાર્યરત હતી એમાં એક નામ હતું મધર ઈન્ડિયા થિયેટર્સ. નામવંત તેરસિંહ ઉદેશી આ કંપનીના સ્થાપક હતા. તેમણે લખેલા 'સો ટચનું સોનું' નાટકને ગજબનાક સફળતા મળી હતી અને મુંબઈ ઉપરાંત સુરત અને અમદાવાદમાં મળી એના એક હજારથી વધારે પ્રયોગ થયા હતા. આ નાટકમાં તેરસિંહ ભાઈએ ડબલ રોલ કર્યો હતો. મળતાવડો સ્વભાવ ધરાવતા તેરસિંહભાઈ લેખક ઉપરાંત એક અચ્છા અભિનેતા સુધ્ધાં હતા. ૧૯૬૦ - ૭૦ના દાયકામાં મુંબઈમાં ઉર્દૂ નાટકોની ભજવણી થતી હતી. બબ્બન ખાનના 'અદરક કે પંજે' નાટકે મુંબઈ ઉપરાંત વિદેશમાં પણ ધૂમ મચાવી હતી. એ નાટકના ૫ હજારથી વધુ શો થયા હતા. ઉર્દૂ રંગભૂમિનો ઈતિહાસ પ્રભાવી છે અને એની શરૂઆત કરવાનો યશ અયોધ્યાના નવાબ વાજીદઅલી શાહને નામે નોંધાયો છે. તેરસિંહભાઈએ ૧૯૬૭માં 'સો ટચ નું સોનું' નાટકનું ઉર્દૂમાં રૂપાંતર કરાવ્યું હતું અને એનું નામ 'શરીક - એ - હયાત' રાખ્યું હતું. આ નાટકમાં તેરસિંહભાઈએ સલીમ અને બુલબુલ એમ ડબલ રોલ કર્યો હતો. ત્યારબાદ તેમણે 'મૃગજળ' અને 'હીરા માણેક' જેવા નાટકો પણ લખ્યા હતા. જોકે, તેરસિંહભાઈની નાટ્ય કંપની બરાબર ચાલી નહીં અને સ્થાપનાના પાંચેક વર્ષમાં જ એનો વીંટો વળી ગયો હતો. જોકે, તેમની કલમને વધુ નિખાર આવી રહ્યો હતો. 'હીરા માણેક' નાટકમાં તો તેમણે માણેકની ભૂમિકા ભજવી દર્શકોને દંગ કરી દીધા હતા. નાનપણમાં 'બંકિમચંદ્ર' નાટકમાં અછૂત બાળકની તેમણે ભજવેલી ભૂમિકાની ખાસ્સી પ્રશંસા થઈ હતી. પોતે જ લખેલા 'જાગૃતિ' તેમજ 'મૃગજળ' નાટકમાં તેરસિંહભાઈએ મુખ્ય ભૂમિકાને યોગ્ય ન્યાય આપ્યો હતો. 'મૃગજળ' નાટકમાં તો તેમની સાથે માસ્ટર અશરફખાન અને પ્રાણસુખ 'એડિપોલો' જેવા ખ્યાતનામ નટ પણ હતા. નાટક ઉપરાંત ચિત્રપટ લેખનમાં પણ તેમણે હાથ અજમાવ્યો હતો. 'છોગાળા છગનલાલનો વરઘોડો' નામનું ચલચિત્ર તેમણે ૧૯૬૦ના દાયકામાં બનાવ્યું હતું. ■

---

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@
bombaysamachar.com

# પ્રોમિસ ને પ્રતિજ્ઞા... તોડવા માટે જ હોય છે?

ભીષ્મપ્રતિજ્ઞા પછી એવું કોઈ વચનબદ્ધ પાત્ર જ ન આવ્યું? 'પથ્થર કી લકીર' નામનો હિન્દી ફિલ્મી શબ્દપ્રયોગ જાણીતો છે. એક સમયે માણસે આપેલા શબ્દો પથ્થર પર કોતરેલા શબ્દો જેવા ગણાતા , જે દૂરથી પણ દેખાય અને જેને ભૂંસી ન શકાય. એવો જ એક બીજો રૂઢિપ્રયોગ હતો 'લકીર કા ફકીર..' જો કોઈ માણસે નક્કી કરી લીધું તો તેના સાવ સીધી પાતળી લીટી જેવા મિશન ઉપર પણ અડગ રહેશે, ભલે ને તેને ફકીર બની જવું પડે.

વ્યક્તિનો શબ્દ એટલે પથ્થર જેટલો મજબૂત. ગામડાના ચોકમાં, રણના કાફલામાં કે ભીડસભર બજારમાં થયેલું હેન્ડશેક સૌથી વધુ વિશ્વસનીય ગણાતું. આપણા દાદા-દાદીના સમયની વાર્તાઓ હજુ પણ ગુંજી રહી છેઃ 'અમે સહીઓ કર્યા વિના ઉધાર લીધા હતા, રામ ભરોસે.' એક સમયના સોદામાં કાગળ ઉપર શાહી ન થતી, આંખો પર વિશ્વાસ મુકાતો.

આજે, સહી કરેલા દસ્તાવેજો - સ્ટેમ્પ્ડ, નોટરાઇઝ્ડ ડોક્યુમેન્ટ્સ અને ડિજિટલ સિગ્નેચર - પણ એ જ મજબૂતી અને પવિત્રતા જાળવવા માટે સંઘર્ષ કરે છે, પણ.... આપણને ખબર છે કે કેવી સ્થિતિ છે. આપણે એવા યુગમાં પ્રવેશ કર્યો છે જ્યાં વકીલો ભાગી જવાના રસ્તા બનાવીને કરાર બનાવે છે. નેતાઓ ડેડલાઇન સાથે ભ્રામક વચનો આપે છે અને અલ્ગોરિધમ્સ આપણા અંતરાત્મા કરતાં વધુ કાળજીપૂર્વક આપણી પ્રતિબદ્ધતાઓને પોષીને આપણો સમય અને માનસિક શાંતિ હણે છે.

એક વિચિત્ર વિડંબના એ છે કે આપણા શબ્દ અવિશ્વસનીય બન્યા પછી જ આપણે વધુ સારા અમલીકરણ સાધનોની શોધ કરી. રેકોર્ડિંગ ડિવાઇસ અને સીસીટીવી કેમેરા માનવજાતની શોધ નથી પણ મનુષ્યના સમાજની નિષ્ફળતા છે. સાબિતીઓ રાખવા માટે દરેકની સતત ચોકીદારી કરવી પડે એવા યુગમાં આપણે પ્રવેશ્યા છીએ. અહીં સાબિતી ફક્ત ગુનેગાર માટે જ નહીં, નિર્દોષ હોવા માટે પણ જરૂરી બની ગઈ છે.

ભારતની પૌરાણિક કથાઓમાં વચન એટલે જાણે દેવની હાજરીમાં લીધેલી પ્રતિજ્ઞા. રાજા હરિશ્ચંદ્રએ પોતાનું રાજ્ય, પત્ની અને પુત્ર ગુમાવ્યા, પરંતુ સત્યનું પોતાનું વ્રત ગુમાવ્યું નહીં. કુંતીને આપેલા વચનથી બંધાયેલા, કર્ણે પોતાના દિવ્ય કવચ ને કુંડળ આપી દીધા, એ જાણતા હોવા છતાં કે હવે તો મૃત્યુ થશે. મહાભારતમાં, શસ્ત્રો કરતાં વધુ વચનોએ યુદ્ધો, જોડાણો અને વિશ્વાસઘાતને પ્રભાવિત કર્યા. વચનબદ્ધ હોવું એટલે આજીવન પાળવું.

સદીઓ વીતી ગઈ. ઔદ્યોગિક યુગે પરિસ્થિતિ બદલી નાખી. જ્યારે એન્ડ્રુ કાર્નેગીએ



તેમના કર્મચારીઓને પેન્શનનું વચન આપ્યું હતું ત્યારે આજના કોર્પોરેટ કલ્ચર કરતાં તે સમયના સમાજમાં વિશ્વાસનું પ્રમાણ વધુ હતું. ૧૯મી સદીમાં, બે અમેરિકન તેલ ઉદ્યોગો વચ્ચે માત્ર હાથ મિલાવવાથી લાખો ડૉલરના સોદા થઈ શકતા હતા. કોઈ સહી સિક્કા વિના કોન્ટ્રાકટ થતા. અને આજે? સિલિકોન વેલીની સ્ટોરી સાંભળો. તે જગ્યાએ અબજો ડૉલરના સ્ટાર્ટ-અપ્સ ટેકનોલોજી નિષ્ફળ જવાને કારણે નહીં, પરંતુ પારદર્શિતા, સમાનતા અને નીતિશાસ્ત્રના વચનો તૂટી ગયા હોવાથી તૂટી પડે છે. ઉબેરનું ડ્રાઇવરો પ્રત્યે ન્યાયીપણુંનું 'વચન', ફેસબુકનું ગોપનીયતાનું 'વચન', વીવર્કનું નવા વર્ક-કલ્ચરનું વચન - આ બધું તપાસ હેઠળ આવ્યું. બધાનું જુઠાણું બહાર આવ્યું.

આ બધા વચ્ચે શું બદલાયું? કદાચ ગતિ. પરંપરાગત સમાજોએ ધીમે ધીમે પ્રગતિ કરી માટે આદર કે સન્માનને મૂળિયાં પકડવાનો સમય મળ્યો. તૂટેલો શબ્દ સમુદાય તરફથી દેશનિકાલ, અપમાન, શાપનું પણ પ્રતીક હતો, પરંતુ આધુનિક જીવન ગતિમાં ખીલે છે. રાજકારણીઓ દરરોજ ચૂંટણીનાં વચન ટ્વિટ કરે છે. પ્રેમીઓ 'હંમેશાં માટે'ના શપથ સાથે જમણી બાજુ સ્વાઇપ કરે છે, જે આગામી સપ્તાહના અંત સુધી માંડ ચાલે છે. મિત્રતામાં પણ ઉપર શરતો જેવી ફૂદરડી થઈ ગઈ હોય છે - 'જ્યાં સુધી તે અનુકૂળ હોય ત્યાં સુધી.'

સમાજશાસ્ત્રી ઝિગ્મન્ટ બૌમન આ યુગને 'પ્રવાહી આધુનિકતા'નો યુગ કહે છે - બધું વહે છે, કંઈ સ્થિર રહેતું નથી. આવી પ્રવાહિતામાં, વચનો પણ ઓગળી જાય છે.

જો બધા નિયમો અને કાયદાઓ દૂર કરવામાં આવે તો શું બાકી રહે છે? સભ્યતા વચનોનું સંકીર્ણ જાળું છે. ખેડૂત વાવણીનું વચન આપે છે, શિક્ષક શીખવવાનું વચન આપે છે. બંધારણ પોતે રાજ્ય અને નાગરિક વચ્ચેનું વચન છે. તમારા હાથમાં રહેલા પૈસા પણ એક વચન છે : 'હું ધારકને આટલી રકમ રકમ ચૂકવવાનું વચન આપું છું.... ' જ્યારે વચનો તેમનું વજન ગુમાવે છે ત્યારે પાયામાં તિરાડ પડે છે. ફુગાવો ફક્ત આર્થિક નથી - તે નૈતિક પણ છે.

રાજ્યો અને કોર્પોરેશનોથી આગળ, ખાનગી દુનિયાનો વિચાર કરો. એક બાળક શાંતિથી સૂઈ જાય છે, કારણ કે માતા-પિતાએ તેને બોલ્યા વિના સુરક્ષાનું વચન આપેલું છે. એક વૃદ્ધ માતા હજુ પણ દરવાજા પર રાહ જુએ છે, કારણ કે તેના દીકરાએ એક વખત કહ્યું હતું, 'હું દિવાળી સુધીમાં પાછો આવીશ.' વચનો અદ્રશ્ય દોરાનો પુલ છે. એકવાર તૂટ્યા પછી તમે તેમને ગાંઠોથી બાંધી શકતા નથી - પુલ હંમેશાં ઢીલો પડી જાય છે.

હજુ પણ આશા છે. ઇતિહાસ સાક્ષી છે કે લોલક અવિરત ગતિમાં ડોલન કરે છે. જાપાની વ્યવસાય સંસ્કૃતિમાં, સન્માન અને પ્રતિષ્ઠા હજુ પણ કરાર કરતાં વધુ વજન ધરાવે છે. સમગ્ર આફ્રિકાના આદિવાસી સમુદાયોમાં, પવિત્ર વૃક્ષ નીચે લેવાયેલી શપથ કોર્ટના સમન્સ કરતાં વધુ મજબૂત ગણાય છે. આપણા અતિ-ડિજિટલ જીવનમાં પણ, મૃત્યુશય્યા પર બોલાયેલી શપથ અથવા પ્રેમના શપથ હજુ પણ પ્રાચીન ભારેપણું ધરાવે છે તો પણ આપણે 'અભી બોલા અભી ફોક'ને નવો સિદ્ધાંત આદર્શ માનીને આગળ વધી રહ્યા છીએ.

કદાચ પડકાર એ નથી કે વચનો ગાયબ થતા જાય છે, પરંતુ આપણે તેમને એટલા બધા અતિશયોક્તિપૂર્ણ બનાવી દીધા છે કે તે સસ્તા થઈ ગયા છે. આપણે વચનો ખૂબ સરળતાથી, ઘણી વાર, ખૂબ હળવાશથી આપીએ છીએ અને તેનું પાલન કરતા નથી. સંસ્કૃતિઓ વચનોના પાયા પર સમૃદ્ધ થાય છે અને જ્યારે માણસો દગો કરે છે ત્યારે સમાજની વ્યવસ્થામાં લૂણો લાગે છે. કરાર સોદાનું રક્ષણ કરી શકે છે, પરંતુ ફક્ત એક શબ્દ જ આત્માનું રક્ષણ કરે છે. શું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-AIને આપણે નવી ક્રાંતિ માની લઈશું? પોતાના શબ્દો પર ખરું ઉતરવું એ જ અસલી ચાવી નથી? ■

---

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@
bombaysamachar.com

# નવી નવી વાત અપનાવી કહોઃ હેપી દિવાળી...

**દિવાળીના** શુભ દિવસો ચાલી રહ્યા છે. નવા વર્ષનું સ્વાગત કરવા સૌ આતુર છે. વેપારીઓ ચોપડા પૂજનની તૈયારીમાં વ્યસ્ત છે અને ગયા વર્ષનું સરવૈયું કાઢી આવતા વર્ષના ટાર્ગેટ સેટ કરશે. આપણો વિષય માર્કેટિંગ અને બ્રાન્ડનો છે અને આજની તારીખે તે કોઈપણ વેપાર માટે મહત્ત્વનો છે તો આજના આ દિવાળીના દિવસોમાં આવનારા વર્ષ માટે આ વિષયને આધારિત કઈ કઈ વાત ધ્યાનમાં રાખવી અને અપનાવવાની કોશિશ કરવી તેની અમુક યાદી બનાવીએ...

**માર્કેટિંગની માનસિકતા કેળવો :**

માર્કેટિંગને હંમેશાં કોસ્ટ સેંટર તરીકે જોવામાં આવ્યું છે. માર્કેટિંગ એટલે ખર્ચો અને આથી ઘણા વેપારીઓ તેને જોઈતું મહત્ત્વ નથી આપતા. આજનો અને આવનારો સમય નવી નવી વાત- વિચાર અને આયામ લાવશે. સ્પર્ધા પણ વધશે ને લોકો વધુ જાગૃત અને માહિતગાર થશે.

આવા સમયે ફક્ત નવાં ઉત્પાદન અથવા માર્કેટિંગના નામે ફક્ત કેમ્પેઇન બનાવવા નહિં ચાલે. પહેલે દિવસથી માર્કેટિંગનું માઈન્ડસેટ તૈયાર કરવું પડશે, જે તમને પ્રોડક્ટ ડેવલપમેન્ટથી લઈને વેચાણ સુધી અને ત્યારબાદ જે તમારો ઘરાક બન્યો છે તેની સાથે સતત સંબંધ કેવી રીતે જાળવવો તેના માટે તૈયાર કરશે.

**ઇનસાઇટ આધારિત વેચાણ :**

આને સરળતાથી સમજીએ તો ગ્રાહકો સાથે વિશ્વાસ અને તાલમેલ સ્થાપિત કરવા માટે ગ્રાહકોની ઊંડી સમજણનો લાભ મેળવવો. બ્રાન્ડની ખરી તકલીફ શું છે અને તે બ્રાન્ડના ગ્રાહકોની વિશેષ માહિતીઓ મેળવી કઇ રીતે તકલીફનું નિવારણ લાવી શકાય તેની વાતો કરવી. આજે ગ્રાહક જાગૃત છે તેથી એ જાણે છે કે એને શું જોઈએ છે, તે તમે આપશો તે નહિ પણ એને જે જોઈએ છે તે ખરીદશે.

આથી ઇનસાઈટ આધારિત વેચાણમાં ગ્રાહકનો અભ્યાસ અને માહિતીના આધારે એના જીવનમાં કઇ રીતે તમારી બ્રાન્ડ કામની છે જે એણે ના વિચાર્યું હોય તે મુજબ વેચવી પડશે. આજની સેલ્સ પ્રક્રિયામાં તમે ગ્રાહકને કેટલું સમજો છો અને તે માહિતીના સહારે કઇ રીતે એના જીવનમાં તમારી બ્રાન્ડ દ્વારા ઉકેલ આપો છો તે મહત્ત્વનું છે. આજે વેપારી પાસે કે સેલ્સ કરતી વ્યક્તિ પાસે ખરીદદારો અને ખરીદદારોના વ્યવસાય હેતુઓની ઊંડી સમજ હોવી આવશ્યક છે. આજે કન્ઝ્યુમરનો ડેટા ઉપલબ્ધ છે, તેનું વિશ્લેષણ કરી તારણ કાઢવા પડશે તો સફળતા મળશે અને તેને ખરા અર્થમાં ઇનસાઈટ આધારિત વેચાણ કહી શકાશે.



**પ્રતિસ્પર્ધીને ઓળખો :**

તમારો પ્રતિસ્પર્ધી કોણ? આપણે કહીશું, મારો જે વેપાર છે તેવો જ વેપાર જે કરે છે તે મારો પ્રતિસ્પર્ધી. આજની તારીખે તમારો પ્રતિસ્પર્ધી એ એવા વિચારો છે જે તમારા હેતુ સાથે સ્પર્ધા કરે છે અથવા એની સાથે સંઘર્ષ કરે છે. ઉદાહરણ જોઈએ તો સ્પોર્ટ્સ વેર બ્રાન્ડ નાઈકી, જેનાથી આપણે પરિચિત છીએ. આપણે કહીશું કે નાઇકીનો પ્રતિસ્પર્ધી એડિદાસ કે પ્યુમા હશે પણ હકીકતમાં એ નાઇકીનો પ્રતિસ્પર્ધી નથી. તે બધા સમાન વ્યવસાયમાં છે, નાઈકીની સ્પર્ધા ઉદાસીનતા સાથે છે. તે લોકો છે જેઓ કોઈ બાબતની કાળજી લેતા નથી અથવા કંઈપણ કરવા માગતા નથી. તેમની ટેગલાઈન છે 'જસ્ટ ડુઈટ' અને તેના આધારે તે લોકોને કશુંક કરવા પ્રેરિત કરે છે. નાઇકીના સ્થાપક ફિલ નાઈટ માને છે કે જો તમારી પાસે શરીર છે તો તમે એથ્લેટ છો.

**બ્રાન્ડનું પોઝિશનિંગ :**

જેવી રીતે પ્રોડક્ટને બ્રાન્ડનું સ્વરૂપ આપીયે છીએ તેને બીજા પ્રોડક્ટ કરતા અલગ દર્શાવવા તેવી જ રીતે બ્રાન્ડને અલગતા પ્રદાન કરે છે તેનું પોઝિશનિંગ.

**પોઝિશનિંગ શું છે?**

તમારી પ્રોડક્ટ અને વેપારની દૃષ્ટિએ તમે તમારા સ્પર્ધકોના ઉત્પાદનોથી કેવી રીતે અલગ છો તેની વાત એટલે પોઝિશનિંગ, જેના આધારે તમારો ગ્રાહક તમને યાદ રાખે અને એના મનમાં અને દિલમાં તમને સ્થાન આપે.

બીજા શબ્દોમાં, પોઝિશનિંગ એ બ્રાન્ડ અથવા ઉત્પાદનની ઓળખ સ્થાપિત કરવાની પ્રક્રિયાનો સંદર્ભ આપે છે, જેથી ગ્રાહકો તેને ચોક્કસ રીતે સમજી શકે.

**રિપીટ પરચેઝ :**

કોઈ પણ વેપાર ગ્રાહકને એકવાર માલ વેચીને સફળ નથી થતો, પરંતુ એ ગ્રાહક ફરી ફરીને તમારો માલ ખરીદે તેમાં વેપારની સફળતા છે. રિપીટ પરચેઝ અથવા પુનરાવર્તિત ખરીદીઓ ત્યારે થાય છે જ્યારે ગ્રાહકો અગાઉ ખરીદેલા ઉત્પાદનો અથવા સેવાઓ ફરી પાછી ખરીદે છે અથવા તે જ દુકાન કે પ્લેટફોર્મ પર બીજો કોઈ માલ ખરીદે છે. પુનરાવર્તિત ખરીદી બ્રાન્ડ પ્રત્યે ગ્રાહકની વફાદારી દર્શાવે છે.

તમારા વ્યવસાયને વધારવા માટે ૮૦/૨૦ નિયમને ધ્યાનમાં રાખો. ૮૦% વ્યવસાય સામાન્ય રીતે ૨૦% ગ્રાહકો પાસેથી આવે છે અને આ ૨૦% ગ્રાહકો એટલે જ રિપીટ અથવા પુનરાવર્તિત ગ્રાહકો. અને આ ગ્રાહકો વેપારની સફળતામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**પર્સનલ બ્રાન્ડ :**

પર્સનલ બ્રાન્ડનો અર્થ છે કે તમારી ગેરહાજરીમાં લોકો તમારા વિશે શું બોલે છે. જો તમે તમારી પોતાની બ્રાન્ડનું પોઝિશનિંગ નહીં કરો તો દુનિયા તૈયાર જ છે તમારી બ્રાન્ડનું પોઝિશનિંગ કરવા અને તે તમને વધુ નુકસાન પહોંચાડી શકે છે. આજના સ્પર્ધાના જમાનામાં કદાચ પ્રોડક્ટ અને સર્વિસને કોપી કરવું આસાન હોઈ શકે ત્યારે મારી પર્સનલ બ્રાન્ડ પ્રતિસ્પર્ધીની સામે ડિફરેન્શિયેટ કરવામાં મદદરૂપ થશે.

-તો ચાલો, આ દિવાળીએ નક્કી કરીયે કે આવનારા વર્ષમાં પરિસ્થિતિ અને સ્પર્ધાઓનો સામનો ઉપરના અને બીજા એવા મુદ્દાઓના સહારે કરીશું. પોતાની લીટી મોટી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીશું તો ખરા અર્થમાં હેપી દિવાળી થશે. દિવાળી અને આવનારા નવા વર્ષની તમને સહુને દિલથી શુભેચ્છા. ■




# આન્ટી મત કહોના...

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

**ઓક્ટોબરમાં** શર્વરી પચાસની થઈ. પતિ સારાંશે પત્ની શર્વરીની હાફ સેન્ચ્યુરીની શાનદાર પાર્ટી પ્લાન કરી હતી.

છ કપલ્સ-અંગત મિત્રો ભેગા થઈને ઉદયપુર પહોંચ્યા અને ત્યાંની શાહી પ્રોપર્ટીમાં સારાંશે ચાર મહિના પહેલેથી બુકિંગ કરાવી રાખ્યું હતું. ગમતાં લોકો, લક્ઝરી હોટલ, ટુ નાઇટ થ્રી ડેઝનું બુકિંગ, સાથે ખાવા-પીવાનું અને પાર્ટીના જલસા આ ટ્રીપને લઈને શર્વરી ખૂબજ ઉત્સાહિત હતી, પરંતુ પચાસમી વર્ષગાંઠ? હજી એને માન્યામાં નહોતું આવતું કે એ પચાસ વર્ષની થઈ ગઈ છે. દેખાવ અને મિજાજથી એ હજી પણ પાંત્રીસની આસપાસની જ લાગતી. યંગ, ફિટ અને કૂલ...!

શર્વરી સ્વાસ્થ્યની સાથે પોતાના દેખાવ પ્રત્યે પણ સભાન હતી. એને કોઈ ઉંમર કરતાં ઓછી ધારે એ ખૂબ ગમતું. એ ‘દીકરાની મમ્મી કરતાં એની બહેન જેવી દેખાય છે ’ એ શબ્દો શર્વરી માટે સર્વોપરી હતાં. જો કે આ બધા માટે એ મહેનત પણ ખૂબ કરતી.

પૌષ્ટિક આહાર, સમયસર ઊંઘવા- ઉઠવાનું, રોજ ૪૫ મિનિટ ચાલવાનું, અઠવાડિયામાં ત્રણ દિવસ યોગ, બે દિવસ જિમ અને રવિવારે મિત્રો સાથે ક્લબમાં સ્વિમિંગ કરવાનો એનો નિયમ ... આજે વર્ષગાંઠની પાર્ટીમાં પહેરવા માટે એણે યંગ લુકવાળો બ્રાન્ડેડ મિની ડ્રેસ લીધો હતો. અને સાચેજ, એ પાર્ટીમાં તૈયાર થઇને આવી ત્યારે સૌની નજર એના પર અટકી ગઈ હતી!

શરૂઆતમાં થોડાં ડ્રિંક અને સ્ટાર્ટર અને પછી કેક કટિંગ. કેક જોઈને એક અજાણ્યું બાળક ત્યાં આવ્યું અને એ બાળકે શર્વરીને નિર્દોષ સ્મિત સાથે વિશ કર્યું :

‘હેપ્પી બર્થ-ડે આન્ટી...!’

અચાનક કરંટ લાગ્યો હોય એમ શર્વરી હચમચી ગઈ. એણે બાળકને ‘થેન્ક યુ’ કહીને કેક આપી અને બાળક ત્યાંથી જતું રહ્યું, પણ શર્વરીને પોતાના માટે આન્ટી સંબોધન સાંભળીને નહોતું ગમ્યું. એણે મિત્રો સાથે પાર્ટી કરી પણ મનમાં ને મનમાં મુંઝાતી રહી, કંઈક ખટકી રહ્યું હતું એને પાર્ટી પૂરી થઈ ને સારાંશ અને શર્વરી રૂમમાં ગયાં. સારાંશને લાગ્યું ખરું કે શર્વરીનો મૂડ અચાનક જ ઑફ થઈ ગયો હતો. એણે શર્વરીને કારણ પૂછ્યું પણ શર્વરીએ કોઈ ચર્ચા કરવાનું ટાળ્યું અને થાકનું બહાનું કાઢીને સૂઈ ગઈ.

આટલાં વર્ષોથી કોઈ પણ છોકરાઓ શર્વરીને ‘આન્ટી’ કહેતાં તે એને ના ગમતું. કારણ કંઈ ખાસ નહીં બસ, એવી એક માનસિક અવસ્થા. એ મોઢે જ છોકરાઓને કહી દેતી કે ‘મને આન્ટી નહિ કહેવાનું...’ સોસાયટીના છોકરાઓ તો એને ‘આન્ટી મત કહોના’ વાળા આન્ટી પણ કહેતાં. શર્વરીને પહેલેથી જ ઉંમર કરતાં નાના દેખાવું ગમતું. દેખાવડી અને સુડોળ તો એ હતી જ પણ સાથે સાચી ઉંમર કોઈને ના જણાવવાની એની ફિતરત.

હાલના સમયમાં આપણી વચ્ચે આવી કેટલીયે શર્વરી રહે છે. પહેલાનાં સમય કરતાં હવે યુવાન હોવાની અને લાગવાની વ્યાખ્યા બદલાઈ છે. પહેલાંના સમયમાં લગ્ન થાય, બાળકો થાય એમ હોદ્દો અને મોભો બદલાતાં, બોલનું વજન બદલાતું, બોલ ચાલની રીત અને સાથે પહેરવેશમાં પણ ફેરફાર થતો. જ્યારે અત્યારનાં સમયમાં ઉંમર અને પહેરવેશ, વાતચીતનો ઢંગ, કાર્ય ક્ષમતા વગેરેને બહુ લેવાદેવા નથી. સ્ત્રી કોઈ પણ ઉંમરે દીકરી, વહુ કે પૌત્રી જેવાં કપડાં પહેરે છે, જવાબદારીઓ એકલી ઉપાડવાના બદલે વહેંચી દે છે. સામે પુરુષ પણ પોતાને અનુકૂળ આવે એવાં કપડાં પહેરવાનું પસંદ કરે છે. નવી પેઢીને અનુકૂળ થઈને રહે છે જેના માટે પોતાની જાતને શક્ય એટલું બદલે છે. આમ ઉંમર પચાસની હોય કે પંચોતેરની, હાલની પેઢીમાં યંગ હોવાની વ્યાખ્યા બદલાઈ છે. અત્યારનાં જમાનામાં યુવાનો અને વડીલોનાં વાતચીત, વ્યવહાર, કપડાંની પસંદગી, શિસ્તબદ્ધતા, હરવું ફરવું અને એકંદરે સમગ્ર જીવનશૈલીમાં એટલો તફાવત નથી રહ્યો જેટલો આજથી ૧૦-૨૦-૩૦ વર્ષ પહેલાં હતો. આજથી ૨૦ વર્ષ પહેલાં બાપ-દીકરો સાથે ઊભા હોય તો ઉંમરનો ભેદ સ્પષ્ટ વર્તાતો , જ્યારે હવે બે ભાઈ સાથે ઊભા હોય એમ પણ લાગે.

યુવાન દેખાવાની માનસિકતા પાછળનું સચોટ કારણ કહેવું તો મુશ્કેલ છે, પરંતુ એટલું ચોક્કસપણે કહી શકાય કે હવેનાં વડીલો પોતાની તંદુરસ્તી અને માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જેટલા સજાગ થયા છે અને એ સાચવવા માટેની જે મહેનત કરે છે એ પ્રમાણે અંકલ કે આન્ટીનું સંબોધન કેટલાક લોકોને પોતાની ‘યુવાન’ દેખાવાની મહેનત પર પાણી ફરી જતું લાગે છે. આપણા સમાજની ધારણા મુજબ ‘અંકલ-આન્ટી-કાકા-બા ’ વગેરે જેવાં સંબોધન અમુક ઉંમર પછી જ કરવામાં આવે છે. અત્યારના દિલથી યુવાન વડીલો ઉંમરને માત્ર એક આંકડા તરીકે જુએ છે. નામથી બોલાવવાની પાશ્ચાત્ય સંસ્કૃતિની થોડીઘણી અસર પણ હોઈ શકે. આમતો સંબોધન કોઈ પણ હોય, મનમાં સામેવાળી વ્યક્તિનું માન અને આદર જળવાય અને અને એમને ગમે એવું સંબોધન થાય એનાથી વધુ રૂડું શું હોય શકે?

બોલો, તમે શું કહો છો? ■

# દિવાળીના તહેવારમાં દુનિયાનાં શોરથી સાવ અલિપ્ત વિશ્વઃ પાર્વતી વેલી

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી feedback@bombaysamachar.com

**તહેવારોની** ઊજવણી કુદરતના સાંનિધ્યમાં હોય તો દિવાળી સાર્થક સમજો. કુદરતનાં નોટિફિકેશન સિવાય કોઈ નોટિફિકેશન, ઇમેઇલ, ટાર્ગેટ, ચેટ વિન્ડો જેવું કશું જ નહી. કોઈ વેબ સિરીઝ કે ફોન સ્ક્રીન પર જબરદસ્તી ઘૂસણખોરી કરીને મન પર હાવી થઈ જતાં સમાચારો નહી. બસ તમારો પોતાનો અલાયદો સમય, આદુંવાળી ચાની ચૂસ્કી અને જાતને આપેલો સમય એટલે હિમાલયના ખોળે વહેતી પાર્વતી વેલીમાં વિતાવેલો સમય. શિયાળાને આવકારતા મનોરમ્ય વાતાવરણમાં તાજગી સાથે આંખોને ઠંડક અને મનને શાંતિ આપે તેવી જગ્યાએ આરામદાયક દિવસો વિતાવવાનું સપનું કોને ન હોય? સ્ટ્રેસ અને ભાગદોડ ભરેલી જિંદગીને એક તરફ મૂકીને આંખોમાં કુદરતનો નશો મન ફાવે ત્યાં સુધી ભર્યા કરો, સવારે વહેલા આપોઆપ આંખ ઊઘડી જાય અને લાકડાંની છતથી બનેલા ઘરની બહાર પગ મૂકો કે તરત જ ચોતરફ હિમાલયનાં ગગનચુંબી બરફથી છવાયેલાં શિખરો અને દેવદારના વૃક્ષોમાંથી ચાળણી માફક ગળાઈને આવતો સૂર્ય પ્રકાશ નજરે ચઢે કે એવું લાગે કે અહીં સમય ઘડીભર થંભી જવો જોઈએ. ટેક્નોલોજી અને પ્લાસ્ટિક દુનિયાથી સાવ વિપરીત અહીં સાદગીભર્યું પણ આનંદદાયક જીવનની ક્ષણો માણવાનો લાભ મળે છે. અહીં આવીને ફરી પાછા શહેરી જીવનમાં આવવાનું મન નથી થતું. અહીં આવ્યા પછી કુદરત સાથેનો લગાવ અસીમિત થવા લાગે છે.


વેકેશન કે પછી કોઈ પણ વાર તહેવારને આપણે બહાનું બનાવી દેતા હોઈએ છીએ કે આપણે ઘરથી દૂર ક્યાંક જઈએ પણ આવા અદ્‌ભુત સૂર્યોદય કે સૂર્યાસ્તનાં કોઈ વાર તહેવાર નથી હોતા, તેઓ તો નિયત સમયે ઉગે અને આથમે જ છે. કુદરતના ખોળામાં બેસીને સૂર્યોદય અને સૂર્યાસ્તના રંગોના ઘૂંટડા ભરવા અને આવા મનોહર દશ્યોને પોતાની આંખો સાથે કેમેરામાં કંડારીને યાદોની ગેલેરીમાં સાચવીને રાખી શકાય છે. દરેક વ્યક્તિ આવી મહામૂલી ક્ષણને જીવી જ શકે છે, શરત એટલી જ કે સમય જોયા વિના કુદરતને ઘૂંટડા ભરીને પીવા અને અઢળક વાર્તાઓને જીવવા માટે ઝાઝો પ્લાન કર્યા વિના મુસાફર માફક નીકળી પડવું પડે. હિમાચલના બરશેની ગામની એક ઘાટીમાં સવારની રોનક જાણે લટાર મારવા નીકળી હોય એમ મને હાઈ હેલ્લો કરવા નીકળી પડીને મને પૂછે છે જાણે, ક્યાં હતો હમણાં સુધી?

હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં આવેલ પાર્વતી વેલીમાં કુદરતે છુટ્ટા હાથે વેરેલ સ્વર્ગની ઝાંખી થાય છે. અહીંના લોકો કુદરતના લાડલા છે એવું હું ચોક્કસપણે કહી શકું. વેગીલી ગતિથી વહેતી પાર્વતી નદી અહીં પથ્થરો સાથે અથડાઈને મેડિટેશનનાં સૂર છેડે છે. વિશ્વભરમાંથી લોકો અહીં મનની શાંતિ માટે આવે છે અને અહીંના નાનકડાં એવાં ગામડાઓમાં રહીને સાદગીભર્યો સમય માણે છે.


હિમાચલ પ્રદેશમાં ભુંતુરથી કસોલ પહેલું હોટસ્પોટ છે. અહીં સામાન્ય રીતે ઈઝરાયલી ટુરિસ્ટ્સનો અડ્ડો હોઈ આ ગામ ‘મિની ઇઝરાયલ’ તરીકે ઓળખાય છે. ઈઝરાયલી લોકો અહી સ્ટ્રેસ સાથે ડીલ કરવા માટે મહિનાઓ સુધી ડેરો જમાવે છે. અહીંનાં અલગ અલગ કેફે અને અહીં મળતી ખાણી પીણી ખૂબ જ પ્રસિદ્ધ છે. અહીં અલગ અલગ પ્રકારની બ્રાઉની, ઈઝરાયલી અને અમેરિકન ફૂડ સાથે સાથે ભારતીય લિજ્જત પણ માણવા જેવી છે. અહીં છલાલ નામનું નાનકડું ગામ છે જે કસોલથી આશરે બે કિમીના નાનકડા પણ રસપ્રદ એવા નદી કિનારે કિનારે ચાલીને થતાં ટ્રેકથી જ પહોંચી શકાય છે. અહીંનાં મોટા ભાગનાં ગામડાઓ એવાં જ છે જ્યાં છેક સુધી વાહન જઈ જ ન શકે એટલે જ એની સુંદરતા અદ્દલ એવી ને એવી જ છે. અહીં કોઇ પણ કેફેમાં બેસીને વહેતી પાર્વતી નદીનું સંગીત, હિમાલયનાં પંખીઓનો કલરવ અને ગજબ શાંતિનો એહસાસ કરી શકો છો.

કસોલ અને મણિકરણ બંને ખૂબ જ નજીક છે. મણિકરણમાં શીખ ધર્મનું આસ્થાનું કેન્દ્ર એવું ભવ્ય ગુરુદ્વારા આવેલું છે અને અહીં ગરમ પાણીનાં ઝરા પણ છે. પાર્વતી વેલીમાં વાંકા ચૂકા રસ્તાઓ પર આગળ વધતાં બરશેની આવે છે. બરશેનીથી કુદરતી સૌંદર્ય એની ચરમસીમા વટાવી દે છે. વચ્ચે પાર્વતી નદી અને આસપાસ ઊંચા દેવદાર અને પાઈનનાં વૃક્ષો, આકાશમાં ઊંચે ઊડતાં ગિધોનો સમૂહ અને બરફથી છવાયેલા વિશાળ હિમશિખરો સામે આપણું અસ્તિત્વ શૂન્ય થતું જણાય. હિમાલયમાં હોઈએ અને આવું કોઈ નાનું ગામડું મળી જાય જ્યાં પથ્થરનું ઘર





હોય અને નિયત સમયે સવાર ઉઘડે કે આપણે કઈ કામ હોય કે ન હોય પહાડમાં મહાલવા નીકળી જ પડીએ ત્યારે લાગે કે દરેક વાર્તાઓ ગૂગલ પર નથી હોતી પણ કેટલીક વાર્તાઓ આવા અંતરિયાળ વિસ્તારમાં જીવાય છે. સાવ જ અલિપ્ત એવી જગ્યામાં ચોતરફ પહાડો વચ્ચે ભગવાનનાં આશિર્વાદ જેમનાં પર સતત હોય એવું નાનકડું ગામ ‘તોષ’ આવે છે. અહીં પ્રવેશતા જ બાળકોનાં ચહેરા પરનું નિર્દોષ હાસ્ય, બકરીઓ લઈને જતી વૃદ્ધ સ્ત્રીનાં ચહેરા પરની પ્રસન્નતા, લાકડાં અને પથ્થરોથી બનેલાં સરસ ઘરનાં ઓટલે બેઠેલાં વૃદ્ધ પણ સંતોષી એવા કોઈ દાદાનાં ચહેરા પર ઝળકતો આનંદ...આ સઘળું અહીંની ખુશહાલ જીવનશૈલીની ચાડી ખાય છે. અહીંના બાળકોની કેળવણી નિસર્ગ જાતે જ કરે છે અને એટલે જ તેઓ સોનાનું નસીબ લઈને જ જન્મ્યા છે. કુદરત એ જ આપણું ભવિષ્ય છે, જેઓ કૂદરતની સોડમાં રહે છે તેઓ જ ધનવાન છે દોસ્ત એવું હું અહીંના ગામડાઓમાં વસતા જનોને જોઈને માનું છું. અહીં એક જ હોસ્ટેલ છે એ સિવાય નાનકડાં હોમસ્ટે છે જયાં પહાડી જીવનશૈલીને અપનાવીને સાદગીથી રહી શકાય છે. ચાની ચૂસકી મારતા મારતા અહીંથી હિમાલયનાં અદ્‌ભુત ગ્લેશિયરને જોઈ શકાય છે, અહીંથી બુનબુની માઉન્ટેન ખૂબ જ સુંદર દેખાય છે. અહીંના ૯૯% ઘરો લાકડાનાં જ બનેલા છે એ અહીંનું મુખ્ય આકર્ષણ છે જેમાં આપણે રહી પણ શકાય છે. અહીંથી ટ્રેક કરીને કુટલા ગામ જઇ શકાય છે જ્યાં એક વોટરફોલ છે જે ડબલ રેઇનબો વોટરફોલ તરીકે ઓળખાય છે, પાણીમાં પડતા સૂર્યપ્રકાશનાં કારણે અહીં એક સાથે બે મેઘધનુષ દેખાય છે. તોષ ગામમાં જમદગ્નિ ઋષિનું ખૂબ જ જૂનું મંદિર છે જે માત્ર જાન્યુઆરી મહિનામાં એક જ વાર ખોલવામાં આવે છે. અહીં કોઈને પણ કઈ પણ સ્પર્શ કરવાની મનાઈ છે. તોષ શબ્દનો અર્થ જ મનને તૃપ્ત કરનાર, સંતુષ્ટિ આપનાર, આનંદ અને પ્રસન્નતા આપનાર થાય છે અને આ સ્થળ પર આવીને એ ચોક્કસ રીતે કહી શકાય કે આ સ્થળને માણ્યા પછી તેના નામની સાર્થકતા સંપૂર્ણ પણે અનુભવી શકાય અને તે સંપૂર્ણ સાર્થક છે.



તોષની સામે જ કુલગા, તુલગા અને પુલગા ગામ છે આ બધા જ ગામોમાંથી હિમાલયનાં અલગ અલગ ગ્લેશિયર દેખાય છે એ સિવાય અહીંનાં ગામો તેનાં સૌંદર્ય માટે ખૂબ જાણીતાં છે. તોષ એ બરશેનીથી નજીક છે જે ખીરગંગા ટ્રેકનો બેઝકેમ્પ છે. અહીંથી બરશેની પણ ખૂબ જ સુંદર દેખાય છે. આ ત્રણે ગામોની સુંદરતા, જુના ટ્રેડિશનલ લાકડાનાં બનેલાં ઘરો, અહીંના પ્રેમાળ લોકો અને એમની જીવનશૈલી, અહીંના હિમાલયન કુતરાઓ અને નેટવર્ક રહિત શાંતિનું અલાયદું વિશ્વ એટલે વર્ષમાં એક વાર પોતાની જાતને રિચાર્જ કરવાની ક્યારેય ન ચૂકવા જેવી તક. અહીં ઝૂલતાં પુલ પર ચાલીને વચ્ચો વચ્ચ બેસીને ડાયરીનાં પાનાં પર લખેલા વિચારો એટલે જાત સાથેનો ગોસિપ. આવા સ્થળ પર જ્યાં મોબાઈલનાં નેટવર્ક વીક થતા જાય છે પણ કુદરતના સાંનિધ્યમાં સ્વ સાથેનું જોડાણ અહીંની ગહન ખીણોની જેટલા ઊંડાણમાં સ્વમાં ડોકિયું કરાવી ને જાત સાથેનું નેટવર્ક સ્ટ્રોંગ કરી જાય છે. આ જ છે જાદુ કુદરતનો અહીં પહોચવા માટે ટેક્સી સરળતાથી મળી રહે છે એ સિવાય બાઇક અથવા એક્ટિવા પણ મનાલીથી ભાડે મળી રહે છે. આમ તો આ જગ્યા સોલો ટ્રાવેલિંગ હોટસ્પોટ છે છતાં સહપરિવાર પણ માણી શકાય છે. ૫ દિવસથી એક અઠવાડિયાની ટૂંકી છતાં રસપ્રદ ટ્રીપ પ્લાન કરવી હોય તો આ શ્રેષ્ઠ વિકલ્પ છે. ખાણીપીણીમાં ખાસ અહીંયનાં કેફેની સ્નિકર ચપાટી ક્યારેય ન ચુકી શકાય. ■

# પરફેક્ટ વીડિયો કે રીલ્સ કેમ બનાવશો?

## જાણી લો, એની સચોટ ટિપ્સ...

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ feedback@bombaysamachar.com

**રીલ્સની** સિરીઝમાં અનેક ચહેરાઓ સેલિબ્રિટી બન્યા છે. દરરોજ માહિતીનો રંગબેરંગી ઢગલો મોબાઈલ સ્ક્રિન પર ઠલવાય છે. અનેક એવા વિષયોના વીડિયો, ઓડિયો અને ગ્રાફિક્સના વૈવિધ્યમાં સારું એવું નોલેજ પીરસાય છે. હાઈરિઝોલ્યુશન વીડિયો જોવામાં એટલા મસ્ત લાગે કે, ટ્રાવેલના વીડિયોમાં તો સ્ક્રીનમાંથી જે તે સ્થળે ડોકિયું કરવાનું મન થાય.

વીડિયો અને રીલ્સની દુનિયા વિશાળ છે. ઓછા સમયમાં શ્રેષ્ઠ સર્જનાત્મકતા સાથે અદ્‌ભુત વસ્તુઓ આપણા સુધી પહોંચી રહી છે. જેની પાછળ એડિટિંગ અને રિસર્ચનો મોટો ફાળો હોય છે. એ પછી એ માહિતીની રજૂઆતકર્તા આવે છે. આવા વીડિયો તૈયાર કરવામાં ખાસ તો કોઈ એવું જટિલ વિજ્ઞાન નથી. થોડી સામાન્ય ટિપ્સ અને કેટલીક વિડિયો એડિટિંગ એપ્સથી ઘણું કામ આસાન થઈ જાય છે. રીલ્સ કે વીડિયો તૈયાર થયા બાદ એની સાઈઝ વધારે હોય તો પણ સાચવવા માટે અઘરું પડે. લાઈટ્સ, પ્રોપ, રેકોર્ડિંગ અને થોડું એડિટિંગ ફાવી જાય એટલે બેસ્ટ વીડિયો બને.

વીડિયોમાં ઓછામાં ઓછું એડિટિંગ કરવું પડે એને બેસ્ટ શૂટ માનવામાં આવે છે. શૂટિંગ માટેની ટિપ્સમાં ઊંડા ઊતરીએ તો દરિયો પણ ટૂંકો પડે. એકવાત એ પણ સમજીએ. વીડિયો હંમેશાં આડા હોય. જેમ કે, યુટ્યુબના વીડિયો, ફેસબુકના વીડિયો વિભાગમાં આવતા વીડિયો, સિનેમાના પડદે રજૂ થતા વીડિયો. આડા હોય એ વીડિયો જ્યારે મોબાઈલની સ્ક્રીનને રોટેટ કર્યા વગર જ જે સ્પષ્ટ અને ક્લિયર દેખાય. ફૂલ સ્ક્રિનમાં ફીટ થાય અને કોઈ જ રૂકાવટ વગર પ્લે થાય એ રીલ્સ, શોટ્સ. વીડિયોની શરૂઆત કેવી રીતે થાય છે એના પર એ વાયરલ થવાનો આધાર છે. વિડિયો ચાલું હોય અને પછી મોબાઈલ રોટેટ કરવો પડે એ વીડિયોને સારો વીડિયો ગણવામાં આવતો નથી. આવું ન થાય એટલા માટે જરૂરી છે કે, પહેલા નક્કી કરવું પડે. રીલ્સ બનાવવી છે કે વીડિયો. જો વિષય કોન્ટેન્ટ લાંબુ હોય તો વીડિયો બને અને સંક્ષિપ્તમાં બધુ જ કહી દેવાનું હોય તો રીલ્સ બને.

આવા વીડિયો બનાવવા માટે પહેલી ટિપ્સ એ છે કે, મોબાઈલ કેમેરામાં વીડિયો શૂટિંગ ચાલુ કર્યા બાદ હાથ વધારે પડતો હલવો ન જોઈએ... ડાબેથી જમણી બાજુ કે જમણેથી ડાબી બાજુ ફેરવવાનું હોય તો દરેક વસ્તુઓ પર કેમેરો ધીમે ધીમે ફરે તો આરામથી એ



વીડિયોમાં કટ મૂકી શકાય... જે મુવમેન્ટ રેકોર્ડ કરવી છે એના પર પૂરતી લાઈટ્સ હોવી જોઈએ... નાઈટ મોડમાં રેકોર્ડિંગ હોય તો લાઈટ સીધી જ મોબાઈલના કેમેરા પર ન પડે એનું ધ્યાન રાખવું, જેથી વીડિયોમાં પિક્ચર ફાટે નહીં.

આજ રીતે, વધારે પડતું ઝૂમ કરવાથી વીડિયોની ક્વોલિટી બગડે છે. ખાસ કરીને જ્યારે મોબાઈલથી રેકોર્ડિંગ થાય ત્યારે બને ત્યાં સુધી ઝૂમ ફિચરનો ઉપયોગ ટાળવો....જે વસ્તુ રેકોર્ડ કરવી છે એની નજીક જવું શક્ય ન હોય તો દૂરથી એ જ કેપ્ચર કરો અને એક સરસ ફોટો એ જગ્યાનો અંદર મિક્સ કરી દો. આનાથી વીડિયો પણ સારો આવશે અને એડિટિંગ પણ સારું દેખાશે. ખાસ તો નજીકમાં કોઈ પાળી, ફ્લોર, રેલિંગ કે આગળના ભાગમાં સમતોલ સપાટી હોય તો એના પર હાથ ટેકવી રેકોર્ડ કરવાથી વીડિયો સ્ટેબલ થશે. દાખલા તરીકે, બાલ્કનીમાં હાથ ઊંચા કરીને વીડિયો લેવા કરતા એની પાળી પર મોબાઈલ રેકોર્ડિંગ ઓન કરી પાળીને સમતોલ મોબાઈલને લેફ્ટ-રાઈટ્સ ફેરવી દો. વચ્ચે વીડિયોમાં કોઈ ગ્લિચ પણ નહીં આવે, રેકોર્ડિંગ પણ સારું થશે.....એકવાર રેકોર્ડિંગ શરૂ કર્યા બાદ મોબાઈલને રોટેટ કરવાનું ટાળો. આનાથી રેકોર્ડિંગની ક્વોલિટી બગડે છે.... ચાલુ શૂટિંગ દરમિયાન વારંવાર ફોક્સ કરવાનું ટાળો. શૂટિંગ શરૂ થાય એ પહેલા જ જે તે વિષયનો એક ફોટો ક્લિક કરી પછી ક્લેરિટી સાથે રેકોર્ડ કરો.

જરૂરી નથી કે, રીલ્સ કે વીડિયોમાં દેખાય એને જ અનુસરવું. વીએન, વીડિયો એડિટ્સ, વીડિયો કટ જેવા ફીચર્સ અતિ કામના છે. વીઓં, વીડિયો એડિટ, કાઈન માસ્ટર જેવી એપ્સ સરળતાથી વીડિયો એડિટ કરવા આપે છે. હા, એના આઉટપુટમાં મળેલા વીડિયોમાં વોટરમાર્ક નડતો હોય તો વીડિયો જ એટલો મસ્ત બનાવો કે વોટરમાર્ક સુધી કોઈની નજર ન પડે. જેમ કે, વધારે પડતા કટ ન મૂકો, વીડિયોમાં એક વાર્તા રજૂ થાય એ કરો, જ્યાં વોલ્યુમને અંકુશમાં રાખવું શક્ય નથી ત્યાં એ જ ઓરિજિનલ વીડિયો સાથે એ સેવ કરી લો. એના એડિટિંગ વખતે બેકગ્રાઉન્ડમાં ઓરિજિનલમાં વાગતું મ્યુઝિક મૂકી શકો. એકથી દોઢ મિનિટથી લાંબી વીડિયો ક્લિપ ન બનાવો. ૪૦ કે ૫૦ સેકન્ડની ક્લિપમાં બધુ આવે એવો પ્રયાસ સૌથી બેસ્ટ માનવામાં આવે છે.

વીડિયો હોય કે રીલ્સ, સ્ક્રીનની વચ્ચે કંઈ ન લખવું જ શ્રેષ્ઠ છે. જે વિગત જેમ કે, લોકેશન, તારીખ-વાર, ટેગ એ બધુ જમણી બાજુ ઉપર અથવા ડાબી તરફ નીચે રાખવાથી વીડિયોમાં સ્ક્રીન સ્પેસ વધારે દેખાય છે. એક જ વીડિયોમાં બધી જ ઈફેક્ટનો ઉપયોગ કરવો ઓવરએક્સપોઝ જેવું છે. મહત્તમ ચાર અને ઓછામાં ઓછી બે ઈફેક્ટથી વીડિયો સારો બને.

વીડિયોમાં જે ભાગ સારી રીતે કેપ્ચર ન થયો હોય અથવા કેમેરો વધારે પડતો હલી જતો હોય ત્યાં એ જ લોકેશન કે વિષયલક્ષી ફોટો મૂકવાથી વીડિયો સ્મૂથ થઈ જાય છે. વોઈસઓવર કરવાનું થાય તો વીડિયો રેકોર્ડિંગ વખતે જ સ્ક્રીનની હિલચાલ વખતે જે રીતે મેચમાં કોમેન્ટ્રી આવે છે એ લયથી બોલવામાં આવે તો વીડિયો રસપ્રદ બને છે..... દિવાળીના ફટાકડા કે આતશબાજી રેકોર્ડ કરવાનો પ્લાન હોય તો નીચેથી ઉપર જતા રોકેટને કેપ્ચર કરવાની જરૂર નથી. ડાયરેક્ટ જે ફૂટે છે એને જ કેપ્ચર કરવામાં આવે તો એની ઈફેક્ટ અલગ આવે છે. ■

### આઉટ ઓફ ધ બોક્સ

*કોઈપણ સોશ્યલ મીડિયા પર હાઈરિઝોલ્યુશન વીડિયો અપલોડ થવામાં સમય લે છે. એના કરતા માત્ર એચડી વીડિયો હોય તો બીજી વધારાની ઈફેક્ટ સોશ્યલ મીડિયાના ટુલ્સમાંથી મળે છે.*

# લો...સાંભળો, બુધમાં બુધવાર નથી હોતો!

હાસ્ય વિનોદ

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ

feedback@bombaysamachar.com

'બુધ ગ્રહમાં બુધવાર નથી હોતો...' એવો પ્રચાર જ્યોતિષીઓ કરતા હોય છે તેમ છતાં આ બુધ ગ્રહને યુવરાજ તરીકે ઓળખવામાં આવે છે. તે ચિરયુવાન રહે છે. આ બુધથી પ્રભાવિત જાતકને મોટી ઉંમર સુધી માથા પર હેરડાઈ કરવી પડતી નથી. તેના વાળ કાળા રહે છે. અલબત્ત, તેને કારણે, તેના સંપર્કમાં આવનાર માણસોના વાળ સફેદ થઈ જાય છે! તે રજોગુણી મનાયો છે. ઉત્તર દિશાને તો કદાચ એની ખબર પણ નહીં હોય કે તે ઉત્તર દિશાનો સ્વામી છે. તેની પ્રકૃતિ સ્વામી થવાની છે એટલે તેથી અર્થવેદનો પણ સ્વામી ગણવામાં આવે છે. સૂર્યનો તે ખાસ લાડકો - નિયરેસ્ટ અને ડિયરેસ્ટ હોવાને કારણે સૂરજની તે તદ્દન નજીક રહે છે. ગમેતેવી ઈમર્જન્સીમાં પણ સૂર્યથી તે વધારે દૂર રહેવાનું પસંદ નથી કરતો. સૂર્યથી તે ખાસ દૂર પણ નથી - ફક્ત પાંચ કરોડ સાત લાખ કિલોમીટરના અંતરે જ છે, પરંતુ સૂર્યની પ્રદક્ષિણા કરતી વખતે તે તેની નજીકમાં નજીક, એટલે કે માંડ બે કરોડ એક્યાસી લાખ કિલોમીટર જેટલો દૂર હોય છે. કરોડની પાછળ ઘણાં, ગણવામાં અગવડ પડે એટલાં બધાં મીંડા હોવાથી આ અંતર આપણને વધારે લાગે. પણ પૃથ્વીની તુલનામાં તે સૂર્યની સાવ પાસે છે. આ કારણે સૂરજ તરફથી તેને આપણા કરતાંય સાતગણાં વધારે પ્રકાશ અને ગરમી સાવ મફતમાં મળ્યા કરે છે. આ હિસાબે ત્યાં વસવાટ કરનારને ઈલેક્ટ્રિકનાં મસમોટાં બિલ ન આવે. સૂર્યની પ્રદક્ષિણા તે ફક્ત અઠ્યાસી દિવસમાં જ પૂરી કરે છે અને પોતાની ધરીની આસપાસ ૫૯ દિવસમાં ફરે છે. ત્યાં વર્ષ ૮૮ દિવસનું જ હોય છે. પૃથ્વી પર ૩૬૫ પાંસઠ દિવસનું વરસ હોય છે, જેમાં ભારતની જ વાત કરીએ તો તેની સરકારી કચેરીઓમાં શનિ-રવિ, રાષ્ટ્રીય, સામાજિક તેમ જ ધાર્મિક ઉત્સવોની રજાઓ, પ્રધાનો પાછા થાય એ દિવસની રજા, સી.એલ., ઈ.એલ., મેડિકલ લીવ, ફ્રેન્ચલીવ, હડતાળો, ગો-સ્લો, નો મૂડ સ્ટ્રાઈક વગેરે વગેરે, હોવા છતાં વરસ ઘણું વસમું, લાં...બું અને કંટાળાજનક લાગે છે એ રીતે ધારો કે બુધ પર લોકો વસતાં હોય તો તેમને પણ ૮૮ દિવસનું વર્ષ સ્વાભાવિકપણે જ લાં...બું અને બોરિંગ લાગવાનું - માણસ કોને કહ્યો છે!

બુધ પર દિવસે ૭૭૦ ફેરનહીટ ગરમી પડે છે અને રાત્રે માનવશરીરનાં હાડકાંનો ભૂકો થઈ જાય એવી અસહ્ય ઠંડી પડે છે. આથી અહીંથી કોઈને બુધ પર ધંધો કરવા જવાનું મન થાય તો એ લોકો દિવસના ભાગમાં બરફ, આઈસક્રીમ, ઠંડાં પીણાં, ફ્રીજ, એરકંડીશનર્સ, કુલર્સ વગેરે વેચી શકે ને એ જ લોકો રાતે ગરમ કોર્ટ, સ્વેટર્સ, ધાબળા તેમજ રૂમ હીટર્સનો ધંધો અનાયાસે સફળતાથી કરી શકે.

કેટલાક પ્રેમી પોતાની સખીને ચૌદહવીં કા ચાંદ અથવા તો ચંદ્રમુખી કહીને ચંદ્રને નાનો બનાવી દીધો છે અને બુધનું કદ પણ લગભગ ચંદ્ર જેવડું છે. આ બુધ પર માત્ર કહેવા પૂરતું જ વાતાવરણ છે. ત્યાં હવા અને પાણીનો સદંતર અભાવ છે. આ પરથી કહી શકાય કે બુધ પાસે આપવા જેવું ખાસ કશું છે જ નહિ. ત્યાંની સ્થિતિ ભારતના છેવાડાનાં ગામડાંઓ જેવી છે, જ્યાં પીવાનું શુદ્ધ પાણી કે ચોખ્ખી હવા નથી. ત્યાં જોકે વસતિ હોવાના પુરાવા મળ્યા નથી. બાકી તેમ હોત તો ત્યાંના નેતાઓ એક વાતે સુખી હોત. ચૂંટણી ટાણે પોતાના પ્રચારમાં તે કહી શકત કે અમને ચૂંટશો તો અમે ઘેર ઘેર ચોખ્ખું પાણી મળે એ માટેનો પ્રબંધ કરીશું ને અહીંનું વાતાવરણ છે એનાથી વધારે ખરાબ નહીં થવા દઈએ, પ્રદૂષણથી વાતાવરણને કલૂષિત નહીં થવા દઈએ - બસ, તમે અમને સત્તા આપો એટલી જ વાર... બુધ પર વાદળો ઘેરાતાં નથી એટલે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને એ વાતે નિરાંત રહેશે કે ત્યાંના કોઈ કવિ કાલિદાસને 'મેઘદૂત' લખવાની પ્રેરણા નહીં મળે એટલે તે ટેક્સ્ટબુક બની અભ્યાસક્રમમાં નહીં આવે. આમ 'મેઘદૂત' ગોખવામાંથી વિદ્યાર્થીઓને આપોઆપ મુક્તિ મળી જશે !

શુક્ર અને મંગળના ગ્રહો નરી આંખે જોઈ શકાય છે એ રીતે બુધ નરી આંખે નીરખી શકાતો નથી. અલબત્ત, કોપરનીક્સે મરણપથારીએથી ફરિયાદના સ્વરે કહ્યું હતું કે પોતે બુધના ગ્રહને જોયા વગર જ ગુજરી જશે! આમ તેને મરી જવા કરતાં બુધને નહીં જોઈ શકવાનો વસવસો વધારે હતો... આંકફરક રમનાર સટોડિયાઓની જાણ માટે લખવાનું કે બુધનો આંક પાંચ છે.

બુધને શાણા, સહનશીલ અને નિરુપદ્રવી માણસ સાથે સરખાવાયો છે. સજ્જન માણસોના ભાગે ગાળગલોચ અને અપમાનો વેઠવાનાં આવે છે એવી જ સ્થિતિ બુધની પણ છે. બુધ પર આકાશમાંથી અસંખ્ય વાર પથ્થરમારો થયા કરે છે, છતાં આ અંગે તે લાગતાવળગતાઓને પૂછવા નથી જતો કે ભાઈ, આ પ્રેમવર્ષા કયા ઉત્સવની ઉજવણી નિમિત્તે કરો છો? પથર સામે પથ્થરો ફેંકવાને બદલે તે સ્થિતપ્રજ્ઞની માફક આ પથ્થરબાજી સહન કર્યા કરે છે.

આ બુધના જન્મની એક કથા એવી છે કે કશ્યપમુનિને ધનુ યાને ધનગૌરી નામની પત્ની હતી. અને તેમને રજ નામનો પુત્ર હતો. તેનાં લગ્ન વરુણની પુત્રી જોડે થયાં. સંસ્કારી હોય કે અર્ધસંસ્કારી, પણ પતિ-પત્ની વચ્ચે નાની-મોટી વાતે તકરાર થતી જ હોય છે. પતિને બતાવી આપવા જ કદાચ રજની પત્ની એક દિવસ નદીમાં કૂદી પડી. શક્ય છે કે એ સમયમાં ચંદ્ર ફાયર બ્રિગેડમાં માનદ્ સેવાઓ આપતો હશે. તેને આ છોકરીને પાણીમાંથી જીવતી બહાર કાઢી લાવવાની કામગીરી સોંપવામાં આવી. ચંદ્ર પાણીમાં પડ્યો, પણ દીકરી હાથ લાગી નહીં, એને બદલે એક પુત્ર પાણીમાંથી મળી આવ્યો, જેનું નામ બુધ પાડવામાં આવ્યું. જાત્તીય -પરિવર્તનનો આ કદાચ પ્રથમ કિસ્સો હશે, પણ ત્યારથી બુધને એક નપુંસક ગ્રહ તરીકે ઓળખવામાં આવે છે. તેનામાં કોઈનું અહિત કરવાની તાકાત નથી એમ કહેવામાં આવે છે. તે નિર્દોષ હોવાને લીધે આમ તો તેને શુભ માનવામાં આવે છે. (સામેથી આવતા વ્યંઢળને પણ આ કારણસર આપણે શુકનવંતો માનીએ છીએ.) કોઈને છેડછાડ ન કરે, ફોન પર કોઈની જાતીય પજવણી ન કરે એવો આ બિનહાનિકર્તા ગ્રહ છે. તે બુદ્ધિનો કારક મનાયો છે, એ અર્થમાં બુદ્ધિજીવીઓને પણ ઈમ્પોટન્ટ ગણવામાં આવે છે, જે માત્ર વિચારવા સિવાય બીજું કશું જ કરી શકતા નથી. નિષ્ક્રિય રહે છે. દલીલબાજી તેમની હોબી હોય છે, પાછળથી કેટલાકનો તે ધંધો બની જાય છે. મારામારી કરી શકવાની ત્રેવડ નહીં હોવાથી બુધપ્રધાન જાતકનો સ્વભાવ મિલનસાર હોય છે, તેમનું મિત્રવર્તુળ વિશાળ હોય છે. સ્ત્રીઓને તે આકર્ષી શકે છે, પણ તેમને પ્રેમ કરવામાં તે સફળ થતા નથી, કેમ કે પ્રેમ એ હૃદયનો વિષય છે.

જે મનુષ્ય ૧૨૦ વરસનું આયુષ્ય ભોગવે છે તેના જીવન દરમિયાન બુધની દશા ટુકડે ટુકડે સત્તર વર્ષ સુધી આવતી હોય છે. આથી જ ભારતના લોકો ૧૨૦ વર્ષ જેટલું લાં...બું અને કષ્ટદાયક જીવન જીવવાનું પસંદ નથી કરતા.

આમ તો આ ગ્રહ શુભ અર્થાત્ પોઝિટિવ છે, પરંતુ તે પ્રવાહી પ્રકૃતિનો છે, જે પાત્રમાં તેને રેડવામાં આવે એનો આકાર તે ધારણ કરી લે છે, જે ગ્રહોની સોબત મળે એ અસરો ગ્રહી લે છે - સંગ તેવો રંગ તેના પર લાગી જાય છે. તે પાપગ્રહ સાથે જોડાય ત્યારે અશુભ બને છે. બાકી વ્યક્તિગત રીતે તે કોઈને ફાયદો યા નુકસાન કરાવતો નથી. તે લાંચ નહીં લેનાર તેમ જ કોઈનું કાયદેસર કામ પણ નહીં કરનાર એક પ્રામાણિક, બીકણ ગવર્નમેન્ટ ઑફિસર જેવો છે - આ તેનો જન્મગત સ્વભાવ છે.

જોકે, કેટલાક જ્યોતિષીઓની દૃષ્ટિએ બુધની ગણતરી એક શૂરવીરની છે, જે એક સ્ત્રીની આંખ પર પ્રેમથી હાથ દાબી, બીજી પપી કરી લેનાર, એકબીજીને ખબર ન પડે એટલી ચોકસાઈ સાથે ઘણી સ્ત્રીઓને ચાહનાર, તેમની સારસંભાળ રાખનાર, જરૂર પડે તેમના માટે જીવ આપનાર કે લેનાર થવાનું તેને ગમે છે - સાથે સાથે એ પણ એટલું સાચું છે કે પ્રાણ આપવા યા લેવા સુધી જવાનું તે કોઈ ને કોઈ તરકીબ વડે ટાળી શકે છે.

બુધનો જે જાતક પર પ્રભાવ હોય તેને હસતાં હસતાં વાત કરવાની ટેવ હોય છે. કોઈને 'જોક' સંભળાવતી વખતે પણ તેના પર પહેલો અને છેલ્લો હસનાર એ પોતે જ હોય છે. તેની પ્રિય ધાતુ કાંસું છે, તેને કાંસાના તાંસળામાં દૂધ અને રોટલો પીરસવામાં આવે ત્યારે પ્રસન્નાથી તેના બત્રીસે કોઠે દીવા થયાની લાગણી તે અનુભવે છે. મિશ્ર ધાન્ય કે મિશ્ર રસનો તે ભોગી છે અર્થાત્ જે બુધથી ગ્રસિત હોય એ જાતકને કોઈ એક બ્રાન્ડનો દારૂ પીવાને બદલે 'કોકટેલ' પીવાનું વધારે ગમે છે. કયા પદાર્થમાં શું ભેળવી શકાય એની હૈયાઉકલત બુધ પાસેથી તેને મળી રહે છે. તેને રાતોરાત ધનવાન બની જવાની ખેવના હોય છે. તે ગણિતમાં પાકો હોય છે. દરેક વાતમાં તે ગણિત માંડે છે. પ્રેમમાં પણ લાકડાવાળાનું ગણિત કામે લગાડવા મથે છે. મંગળે ભેટમાં આપેલી આ તેની ખાસિયત છે.

લેખનમાં તેને રહસ્યકથાઓ લખવાનું વધારે ગમે છે. વાર્તામાં ખોટો સસ્પેન્સ ઊભો કરી, વાર્તાનાં સાવ નિર્દોષ પાત્રો તરફથી શંકાની સોંય તાકી વાચકોને ગૂંચવી નાખી ગેરમાર્ગે દોરવામાં તેને ક્રૂર આનંદ આવે છે, આ પ્રકારના પરપીડનથી તેનો આત્મા ખુશખુશાલ થઈ જાય છે. આ રહસ્યકથાઓને વધારે રસપ્રદ બનાવવા તેમાં આવતી વિષકન્યાઓનું અફલાતૂન વર્ણન કરવાની કલા તેને સહજસાધ્ય હોય છે.

આ પ્રકારના લેખન દ્વારા સુંદર સ્ત્રીઓને વશ કરી લેવાનું સામર્થ્ય તે ધરાવે છે. પણ એક વાત છે - તેણે પોતે લખેલ રહસ્યકથાના પ્લોટ મુજબ જાતક કોઈ આર્થિક કૌભાંડ આચરવા જશે તો તેમાં તે ધરાર નિષ્ફળ જશે ને એમાં સપડાઈ જવાનો પૂર્ણ યોગ છે. જેનો બુધ બળવાન હોય એ જાતક બેંકોના કામકાજમાં પાવરધો, અંગ્રેજીમાં કહીએ તો પાવરફુલ બની જાય છે અને પછી આત્મવિશ્વાસ વધી જવાથી તે બેંકના નાણાં અને પોતાનાં નાણાં વચ્ચે અદ્વૈત રચી લે છે. પણ એમાં એકાદ ખોટી ગફલત થઈ જવાથી તેમાં ક્યાંય એકાદ એન્ટ્રીનું છીંડું રહી જાય છે - જે છીંડામાંથી પોલીસ તેની તરફ ધસી જાય છે.

બુધથી ગ્રસિત જાતક દૂધમાંથી પોરા શોધવાની હોંશ ધરાવે છે. તેનામાં પડેલી આ વૃત્તિ ક્રિટિક કહેતાં વિવેચક અથવા તો વિરોધ પક્ષના નેતા તરીકે સફળતા અપાવે છે. બુધને સુંવાળપ સાથે ઘરવટ છે એ કારણે બુધથી પ્રભાવિત નરજાતકો માદાઓને બંગડીઓ પહેરાવવાનો, શૃંગાર પ્રસાધનોનો તેમજ બ્યૂટી પાર્લરનો ધંધો સરળતાથી ચલાવી શકે છે. આ ઉપરાંત તેને ગમતા વ્યવસાયોમાં ચોપડા કે ચોપડી લખવાનો (કે ભૂતિયા લેખકોને રોકીને તેમની પાસે લખાવવાનો) અથવા તો છાપાં કાઢીને તે દ્વારા બ્લેકમેલિંગ કરવાનો હોય છે. જો એ જાતકના બુધ સાથે રાહુની યુતિ થતી હોય એવા સંજોગોમાં તે કાવ્ય-સંગ્રહો તેમજ દીકરાના દીકરા નિરાંતે વેચી શકે એવા દળદાર વિવેચનગ્રંથો પ્રગટ કરવા ભણી દોરવાશે. જાતકનો બુધ જો મંગળ અને રાહુ યા કેતુથી દૂષિત હોય તો તે એકસરસાઈઝ નોટબુકો છાપવાનો ધંધો કરે છે તેમ જ એ નોટોની વચ્ચે વચ્ચે કરન્સી નોટો છાપવામાંય લલચાય છે. આ જાતક જો સટ્ટો યા જુગાર રમવાની કલબો ચલાવવાના ધંધામાં પડે અને પોલીસખાતાને સાચવી લે તો ધંધામાં તેને સારી એવી બરકત મળે... ■

---

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી

feedback@bombaysamachar.com

# જેનું કામ તેનું થાય, બીજા કરે ગોતા ખાય



ગુજરાતી અને મરાઠી ભાષા આમ તો બે છૂટા પડેલા રાજ્યોની ભાષા છે. ૧૯૬૦ પહેલા ગુજરાત અને મહારાષ્ટ્ર બોમ્બે સ્ટેટનો હિસ્સો હતા. પહેલી મે, ૧૯૬૦ના દિવસે ગુજરાત અને મહારાષ્ટ્ર સ્વતંત્રપણે અસ્તિત્વમાં આવ્યા. ભાષાના મુદ્દે થયેલી ચળવળ - આંદોલન વિખુટા પડવા માટે નિમિત્ત હતા. ગુજરાતની મુખ્ય ભાષા ગુજરાતી અને મહારાષ્ટ્રની મરાઠી, પણ તેમ છતાં બંને ભાષાની કેટલીક કહેવતો સેમ ટુ સેમ જોવા મળે છે, આજની તારીખમાં પણ. એનું સૌથી વધુ પ્રચલિત ઉદાહરણ છે **'જેનું કામ તેનું થાય, બીજા કરે ગોતા ખાય'**. કહેવતનું તાત્પર્ય એટલું જ કે કપડાં સીવવાનું કામ દરજીનું અને જોડા સીવવાની જવાબદારી મોચીની. દરજી જો જોડા સીવવા બેસે અને મોચી સંચો લઈ કપડાની સિલાઈ કરવાની કોશિશ કરે તો ગોતા ખાય મતલબ કે એનાથી થાય નહીં. કામ બગડી જાય. ગોતા ખાવા એટલે ડૂબી જવું. ૧૪ જૂન, ૨૦૨૨ના દિવસે 'મુંબઈ સમાચાર'ના દ્વિશતાબ્દી સમારોહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ કહેવતનો ઉલ્લેખ કરતા અનેક લોકો સુધી એ પહોંચી હતી. ભૂલી ગયા એમને યાદ આવી ગઈ અને નહોતા જાણતા એમના જ્ઞાનમાં વધારો થયો. હવે આ કહેવત મરાઠી ભાષામાં કયા સ્વરૂપે હાજર છે એ જાણીએ. મરાઠી કહેવત છે **जेनुं काम तेनुं ठाय, बिजा करे सो गोता खाय.ज्याचे काम त्यालाच साधते, भलत्याने केल्यास त्यास गोता मिळतो.** મૂળ ભાવાર્થ એ જ છે કે સોનારનું કામ લુહાર ન કરી શકે અને કરવાની કોશિશ કરે તો એને ગુલાંટ ખાવાનો વારો આવે એવી રજૂઆત છે. ગુજરાતીમાં ડૂબવાની વાત છે અને મરાઠીમાં ગુલાંટ ખાવાની વાત છે. ભાવાર્થ બેયનો સરખો છે - નિષ્ફળતા.

બીજા કહેવત યુગ્મમાં પણ લગભગ આવી જ અવસ્થા છે. **બાપ દેખાડ કે શ્રાદ્ધ સરાવ** કહેવત તમે સાંભળી હશે. સત્ય વસ્તુ ન હોય તેને અસ્તિત્વ વિનાની ગણવી એ એનો ભાવાર્થ છે. બેમાંથી એક પર્યાય પસંદ કરવા બાબત પણ ઈશારો છે. મૂળે આ કહેવત શ્રદ્ધા - અંધશ્રદ્ધા વચ્ચે ફંગોળાય છે. મરાઠીમાં આ કહેવત અસ્સલ ગુજરાતીના સ્વરૂપમાં જ હાજર છે. **बाप दाखव नाहीतर श्राद्ध कर: दोनपैकी एक पर्याय निवडायला लावणे.** બાપ દેખાડ નહીંતર શ્રાદ્ધ કર. બેમાંથી એક વિકલ્પ પસંદ કરવા માટે આગ્રહ રાખવો. જાત મહેનતનો મહિમા ગાતી કહેવત આપ મૂઆ વગર સ્વર્ગે ન જવાય તમે જરૂર જાણતા હશો. એવાજ અર્થની અન્ય કહેવત છે **જાત વિના ભાત ન પડે જાત મહેનત ઝિંદાબાદ.** બીજા પર આધાર રાખવા કરતા જાતે કામ કરવામાં જ ફાયદો છે એ એનો ભાવાર્થ છે. મરાઠી કહેવત છે. **मेल्याशिवाय स्वर्ग दिसत नाहीः प्रत्यक्ष अनुभव घेतल्याशिवाय कळत नाही.** સ્વર્ગ જોવું હોય તો મૃત્યુ થાય એ જરૂરી છે. ટૂંકમાં પ્રત્યક્ષ અનુભવે જ હકીકત સમજાય એ સમજાવવાનો ઉદ્દેશ છે. **પાણીમાં રહેવું ને મગર સાથે વેર રાખવું** કહેવત ખૂબ જાણીતી છે. કાયમ જેની સાથે રહેવાનું હોય એની સાથે દુશ્મનાવટ રાખવામાં સાર નથી એ આ કહેવત દ્વારા સમજાવવામાં આવ્યું છે. સહજીવનમાં સુમેળ ન રહે અને જીવન પ્રોબ્લેમ બની જાય. મરાઠીમાં આવી જ કહેવત એક બદલાવ સાથે હાજર છે. **पाण्यांत राहुन माशांशी वैर करूं नये ज्याचा नित्याचाच सहवास त्यांच्याशी वैर करणे म्हणजे सदोदित धोका, संकट होय, तेव्हां तें टाळावे.** પાણીમાં રહી માછલી સાથે વેર નહીં રાખવાનું. કાયમનો સહવાસ હોય એની સાથે વેરભાવ રાખવાથી જોખમ, સંકટ જ નિર્માણ થાય. જોકે, એક વાતનું આશ્ચર્ય થાય છે જે ગુજરાતીમાં મગર, મરાઠીમાં માછલી કેમ થઈ ગયો હશે?

---

हिंग्लिश VINGLISH

## BRING TO LIGHT - याने राज़ खोलना



હિન્દી અને ગુજરાતી એ બંને ભાષા એક કૂળમાંથી ઊતરી આવી છે. એ ભાષા આશરે ૬ હજાર વર્ષ પહેલા ભારત અને યુરોપના વિસ્તારમાં બોલવામાં - સાંભળવામાં આવતી હતી. બંને ભાષાના કેટલાક શબ્દોમાં ગજબનું સામ્ય છે જેમ કે Heart - **हृदय**, Nose - **नासिका**, Day - **दिवस**, Door - **द्वार**. મહત્ત્વની વાત એ છે કે અંગ્રેજી ભાષાએ કેટલાક હિન્દી શબ્દો લગભગ મૂળ સ્વરૂપમાં અપનાવી લીધા છે. દાખલા તરીકે Shampoo, Pajamas,Thug. ૨૦૨૪માં Chaiwala, Chuddies હિન્દી શબ્દો ઓક્સફર્ડ ડિક્ષનરીમાં સામેલ કરવામાં આવ્યા હતા. કેટલાક અંગ્રેજી - હિન્દી રૂઢિપ્રયોગની જુગલબંધી જાણીએ અને સમજીએ. Body and Soul. He gave himself Body and Soul to the pursuit of learning. જ્ઞાન મેળવવા તેણે તન મન લગાવીને મહેનત કરી એવો ભાવાર્થ છે. હિન્દીમાં **जी जान से** કહેવાય છે. **परीक्षा में अच्छे अंक लाने के लिए मैंने जी जान से पढाई की.** બીજો રૂઢિપ્રયોગ છે Bosom Friend એટલે જાની દોસ્ત, અંતરંગ મિત્ર. Nikhil and Naresh are Bosom friends. નિખિલ અને નરેશ જીગરજાન મિત્રો છે. હિન્દીમાં આ પ્રયોગ **जिगरी दोस्त** તરીકે ઓળખાય છે. **जिगरी दोस्त हर मुश्किल में साथ खड़ा रहता है.** દરેક મુસીબતમાં જાની દોસ્ત પડખે ઊભો રહે છે. બીજો એક પ્રયોગ છે Break Cover. આશ્રયસ્થાનમાંથી અચાનક બહાર નીકળવું એવો એનો અર્થ છે. The enemy resumed heavy firing as the soldier Broke the Cover. સૈનિકો છુપાયેલી જગ્યાએથી બહાર નીકળ્યા એટલે દુશ્મન સૈનિકોએ મોટાપાયે ગોળીબાર શરૂ કરી દીધો. હિન્દીમાં **छुपन के स्थान से बाहर आना. अफवाहों का जवाब देने के लिए वह आखिरकार छिपने के स्थान से बाहर आया.** અફવાઓ અંગે ખુલાસો કરવા અંતે એ સંતાયેલી જગ્યામાંથી બહાર નીકળ્યો. Bring to Light એટલે વાત ઉઘાડી પાડવી કે રહસ્ય પરથી પડદો ઊંચકી લેવો. The CID Brought to Light a hideous conspiracy to assassinate the police chief. પોલીસ વડાની હત્યા કરવાનું તરકટ સીઆઇડીએ ઉઘાડું પાડ્યું. હિન્દીમાં એને માટે **राज़ खोलना** કહેવાય છે. **अगर तुमने यह राज़ खोला, तो बहुत नुकसान होगा.** જો રહસ્ય છતું કર્યું તો તમને ભારે નુકસાન થશે. Broad Daylight માટે ગુજરાતીમાં ધોળે દિવસે કે પછી નજરની સામે એવા પ્રયોગ છે. yesterday, the bank near our house was robbed in Broad Daylight. ગઈ કાલે અમારા ઘર નજીકની બેંક ધોળે દિવસે લૂંટી લેવામાં આવી. હિન્દીમાં **दिन दहाड़े बैंक में डकैती हुई** કહેવાય છે. Brown Study એટલે વિચારોમાં તલ્લીન રહેવું. Suresh is in the habit of getting into Brown Studies. સુરેશને પોતાનામાં જ મશગૂલ રહેવાની ટેવ છે. હિન્દીમાં એને માટે **विचारों में मग्न रहना.** પ્રયોગ જાણીતો છે.

**शोरगुल के बावजूद, चाचा अपने विचारों में मग्न रहे.** ઘોંઘાટ - ધમાચકડી હોવા છતાં કાકા એમના વિચારોમાં તલ્લીન હતા. Call a Spade a Spade એટલે સાચું લાગ્યું હોય એ સ્પષ્ટપણે કે નિખાલસતાથી કહી દેવું. I am not rude but I don't hesitate to call a Spade a Spade. હું બોલવામાં ઉદ્ધત નથી, પણ સાચી વાત કહેતા હું અચકાતો નથી. હિન્દીમાં આ જ વાત **साफ साफ कह देना.** તરીકે જાણીતી છે. **अगर कोई समस्या है, तो साफ साफ बता दो.** કોઈ તકલીફ હોય તો નિખાલસપણે જણાવી દો. ■

---

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ

feedback@bombaysamachar.com



# હસવા સાથે જ બેહોશી જેવી ઊંઘમાં સરી પડે!

આજકાલ હસવું મુશ્કેલ બનતું જાય છે. નફરતનો માહોલ વધતો જાય છે. કડવાશ, કટાક્ષ, બદનામી, બદમાશી, આક્ષેપબાજી, ભ્રષ્ટાચાર અને જુઠ્ઠાડાપણા વચ્ચે કોઈ હસી કેવી રીતે શકે? આપણે સાંભળતા રહીએ છીએ કે હસવું સ્વસ્થ આરોગ્ય માટે લાભદાયક છે. હસતા રહેવાથી શરીરમાં બ્લડ સર્ક્યુલેશન બરાબર રહે તો હૃદયની માંદગીય ન થાય એ મતલબનું ડૉક્ટર કહેતા રહેતા હોય છે.

પરંતુ એક યુવતીને હવે હસવાથી ડર લાગે છે. એને હસતા અગાઉ આસપાસ જોવું પડે છે. સતત ફફડાટ રહે છે કે અચાનક હસવું આવી ગયું તો મારું શું થશે? આવા વિચારોથી બેલા કિલમાર્ટિનને સતત લાગે છે કે હસના મના હૈ. બ્રિટનના બર્મિંગહામની રહેવાસી બેલા હાલ પચીસ વર્ષની છે. ફાર્માસિસ્ટ તરીકે કામ કરતી બેલા ટીનએજર હતી ત્યારે પુલમાં અકસ્માત નડ્યા બાદ તેની જિંદગી એકદમ બદલાઈ ગઈ હતી. એ વર્ષ હતું ૨૦૧૫નું.

આ અકસ્માતને લીધે કે યુગાનુયોગે એના પછી બેલાને તકલીફ થવા માંડી. તબીબી તપાસમાં ડૉક્ટરોએ નિદાન કર્યું કે એ નાર્કોલેપ્સી (Narcolepsy)થી પીડાઈ રહી છે. હકીકતમાં આ કોઈ રોગ નથી પણ ડાયાબિટીઝ, થાઈરોઈડ અને એલોપેશિયા જેવો એક ડિસઓર્ડર છે. આ ડિસઓર્ડરથી માણસને બહુ વધારે ઊંઘ આવે. આટલું ઓછું હોય એમ વધુ એક ડિસઓર્ડર એના શરીરમાં ઘર કરી ગયો. બીજાનું નામ કેટાપ્લેક્સી (cataplexy). આમાં કોઈ પણ માનવીય સંવેદના વધુ પડતી પ્રભાવશાળી બની જાય એટલે મગજ તરત શરીર પરથી અંકુશ ગુમાવી બેસે. બેલાના કેસમાં આ સંવેદના નીકળી હસવાની.

પહેલી નજરે આ બંને ડિસઓર્ડરથી થનારી તકલીફ ન સમજાય. એટલે બેલા સાથે શું થવા માંડ્યું એ જાણીએ. બેલાને હસવું આવે કે તરત ઊંઘ આવી જાય. જ્યાં, જે સ્થળે, જે અવસ્થામાં હોય ત્યાં ઊંઘી જાય. હાસ્યને લીધે એનું શરીર શટડાઉન મોડ પર જતું રહે. ઘૂંટણ એકદમ નબળા પડી જાય. પગ પાણી-પાણી થઈ જાય. માથું નીચે તરફ ઢળવા માંડે. એ ભાનમાં હોય અને શું બની રહ્યું છે, એની સાથે શું બની રહ્યું છે એની જાણ સુધ્ધાં હોય પણ તે કંઈ કરી ન શકે. એ શરીરને હલાવી જ ન શકે. ક્યારેક ચા પીતી વખતે કોઈ કોઈક રમૂજી બોલે ને બેલાને હસવું આવે તો ગરમાગરમ ચા એના પર ઢોળાઈ જાય. એ ન ચાના પ્રવાહીને હાથ લંબાવીને રોકી શકે કે ન દૂર હટી શકે. આ અચાનક બને અને એ રોકી ન શકે. એને તરત ઊંઘ આવી જાય.

એક વખત સ્વીમીંગ પુલમાં હસવું આવ્યું ને એને પાણીમાં જ ઊંઘ આવી ગઈ. એ માંડમાંડ ડૂબી જતા બચી હતી. એક વાર તો નાઈટક્લબમાં પાર્ટીમાં ઓચિંતા હસવાથી ઊંઘી ગઈ હતી.

આ સ્થિતિ જોખમી છે. ક્યારેક જીવલેણ બની શકે છે. આનો ઉપાય કે ઇલાજ નથી. આથી બેલાને હસવા પહેલા બેવાર વિચારવું પડે છે, પરંતુ એ કાયમ શક્ય બનતું નથી. કોઈ ક્યારે રમૂજી વાત કરી દે એ કેવી રીતે ખબર પડે? આથી બેલા ખાસ ધ્યાન રાખે કે અન્ય કોઈ સાથે વાતચીત કરે ત્યારે પોતે સલામત સ્થળે હોય. ઘરની અંદર, ખુરશીમાં બેઠી હોય, ઑફિસની કેબિનમાં હોય કે પલંગ પર હોય, ત્યારે વાતચીત કરવાનું પસંદ કરે. અચાનક હસવું આવે અને ઊંઘી જવાય તો વાંધો નહીં. હવે એ રોડ પર, બગીચા, જાહેર સ્થળ, દરિયા કિનારે કે નાઈટક્લબ જેવાં સ્થળે જવાનું ઓછું પસંદ કરે છે. સ્વિમિંગ પુલ અને ડ્રાઈવિંગને તો કાયમ માટે તિલાંજલી આપી દેવાની ફરજ પડી છે.

હકીકતમાં બેલા કિલમાર્ટિનને થયેલા ડિસઓર્ડર એકદમ દુર્લભ-રેર છે. આની શરૂઆત વખતે તો અલગ જ સીનારિયો સર્જાયો હતો. કેટાપ્લેક્સીના આરંભે પોતાને હૃદયની બીમારી થયાનું સમજીને એ ખૂબ ગભરાઈ ગઈ હતી. આરંભમાં તો હસવું આવે એટલે સાધારણ ચક્કર આવવા માંડે. પછી આંખ ખોલ-બંધ થવા લાગે. આંખ જોઈને એવું લાગે કે તેણે નશો કર્યો છે. કુટુંબીજનોય ડરી ગયા કે બેલા કેફી દ્રવ્યો લેવા માંડી છે. શરૂઆતનાં દિવસોમાં તો કંઈ ન સમજાતા એ પડી જતી હતી, ઇજા પણ થતી હતી, પરંતુ નિદાન થયા બાદ સંજોગોને સ્વીકારીને બેલા કિલમાર્ટિને પોતાની જીવન-શૈલી બદલી નાખી. કહો કે બદલી નાખવી પડી. બાકી, એની ઉંમરે કાર ડ્રાઈવિંગ, સ્વિમિંગ પુલ કે ક્લબ-પાર્ટીથી દૂર રહેવું થોડું ગમે?

આપણે ટેન્શન વહોરી લઈને હસવાનું ભૂલી જઈએ છીએ ત્યારે બિચારી બેલા જેવી વ્યક્તિઓને હસવાનું રોકી રાખવું પડે છે. મનમાં સતત ફફડાટ રહે કે ક્યાંક હસવું આવી ન જાય, નહીંતર પોતે બેહોશ થઈ જશે.■

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૬. પરચુરણ

**R.K. ANTIQUE ARTS**
ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી જૂનો માલ લઈએ. 8879388883, 9867814407. (૩૦૪)

### ૮. શુભ પ્રસંગો માટે

### ૯. લગ્ન સંબંધી

■ અમેરિકામાં (ટોરન્ટો) ૧૯૯૬ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્માર્ટને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય ૯૯૨૦૮૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.) (૩૫૮-સી)


### ૧૦. મહિલાઓ માટે

■ *જામનગરવાળા SUTARIA's મસાલા-અથાણા ફ્રી હોમ ડિલેવરી ₹ 999 મોબાઈલ 8200644970/ 9426239355.* (બી-૧૬૫૪૫)

**મહેમાનોનો ઉતારો**
લગ્નપ્રસંગના બોરીવલી/કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નીશ્ડ-બાપલી બંગલો. 9821112796. (૩૨૮/એ)


આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત મુંબઈના નામાંકિત
છેલ્લા ૯૦ વર્ષથી આપની સેવામાં

Mohanlal S Mithaiwala®
સ્થાપના 1936
MUMBAI • AHMEDABAD
HALWA • MITHAI • NAMKEEN ©



મોહનલાલ એસ મીઠાઈવાલાની અધિકૃત મીઠાઈઓ માત્ર નીચેની શાખાઓમાં જ મળે છે.
આ શાખાઓ સિવાય અમારી કોઈ દુકાનો નથી. નકલખોરોથી સાવધાન.
® ટ્રેડમાર્ક, © કોપીરાઈટ જોઈને જ માલ ખરીદવો.

H.O.: 271/273, Zaveri Bazar, Mumbai- 2.
Tel.: 23439944, 23410374 * E-mail: msmzaveribazar@gmail.com

BRANCHES
- 45, Bhuleshwar Road, Mumbai - 2. Tel.: 22410955, 22411268
- 399, Grant Road, Mumbai - 7. Tel.: 23824031, 23871167
- 95, Bhuleshwar Road, Mumbai - 2. Tel.: 22412526
- 23, Goyal Shopping Arcade, L. T. Road, Borivali (West), Mumbai - 92. Tel.: 28936012
- Dharam Pram Co-Op. Society Ltd., Shop No. 12/12A, Nehru Road, Vile Parle (East), Mumbai- 57. Tel.: 26189776, 8767331123
- G-1, Golden Triangle, Near Sardar Patel Stadium, Navrangpura, Ahmedabad - 14. Tel.: 26421133
- 4. Mahalaxmi Corner, Opp. Sardar Patel Hospital, Rambaug, Maninagar, Ahmedabad- 8. Tel.: 25463300

Available On zomato & SWIGGY Also.

અમારી ઘાટકોપર, વિલે પાર્લે પશ્ચિમ અને ભાયંદરમાં કોઈ શાખા નથી.
અમારી બોરીવલી, વિલે પાર્લે પૂર્વ અને અમદાવાદની બન્ને શાખાઓ દર રવિવારે ખુલ્લી રહેશે.

(૩૮૩-ડી)


### ૯. લગ્ન સંબંધી

■ પાર્લામાં ૧૯૭૪, B.COM દેખાવડી જૈન ડાયવોર્સીને વેલસેટ યુવક આવકાર્ય ૯૯૨૦૮૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ જુહુસ્કીમ ૧૯૮૪, M.B.A. હેન્ડસમને કપોળને દેખાવડી શિક્ષિત કન્યા આવકાર્ય ૯૯૨૦૮૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)


રવિ ૨ ડિસે : મુંબઈ
સર્વ જ્ઞાતિય મેળાવડો
ફક્ત ઉમેદવારોને પ્રવેશ!
રવિ ૧૬ નવે : અમદાવાદ
વાલીઓ માટે
સ્નેહ સંમેલન (સર્વ જ્ઞાતિ)
રવિ ૭ ડિસે : અમદાવાદ
સર્વ જ્ઞાતિય મેળાવડો
ફક્ત ઉમેદવારોને પ્રવેશ!
રવિ ૭ ડિસે : અમદાવાદ
જૈન સર્વ જ્ઞાતિય મેળાવડો ફક્ત ઉમેદવારોને પ્રવેશ!
ફક્ત કુંવારા ઉમેદવારો માટે.
વધુ ૨૫ થી ૩૨ વર્ષ, વર ૨૬ થી ૩૬ વર્ષ
ઓનલાઈન નોંધણી ઉપલબ્ધ
ગુજરાતી અને મરાઠી ભાવિ વર-કન્યાઓ માટે
॥અનુરૂપ॥™
www.anuroopwiwaha.com
સંપર્ક : 1800 267 7991
(દહેજ નહીં) (બી-૧૬૬૪૫)


■ ચોપાટીમાં ૧૯૮૦ B.I.M.B.A. બિઝનેસ જૈનને શિક્ષિત કન્યા આવકાર્ય ૯૯૨૦૮૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ M.B.A.M.S.C. ૧૯૮૩ વૈષ્ણવ એક્ટિવને અમેરિકાસ્થિત યુવક આવકાર્ય ૯૯૨૦૮૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)

■ તારદેવમાં ૧૯૮૨ બૅન્કમાં ઉચ્ચ પોસ્ટ કપોળ હેન્ડસમને કન્યા આવકાર્ય ૯૯૨૦૮૧૭૫૫૧. (દહેજ નહીં.) (૩૮૧-એ)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


**દેશી પધ્ધતિથી બનેલા**
દવા વગરના ખાતરથી બનેલું અનાજ ઘંટુલામાં પીસેલા બધી જાતના લોટ (આંટા), ઘાણીમાંથી કાઢેલું તેલ, રાગીના આટા તેમજ ઘઉંના આટામાંથી બનાવેલી પાણી પુરી તળેલી તેમજ બેક પાણી પુરી, દિવાળી માટે ગ્લુટોન ફ્રી નાસ્તા અને બાળકો માટે દિવાળીની ગીફટ જ્ઞાન તેમજ ગમ્મત સાથે જુદી જુદી ટાઈપની ગેમ્સ ગીફટ બોક્ષ સાથે તૈયાર મળશે. કોન્ટેક: ૯૯૬૭૦૨૮૪૯૯, નોંધ અમારી કંપની પાસે FSSAI No. અને GST No. છે. (બી-૧૬૬૨૯)

### ૧૨. યાત્રા સહેલગાહ

**કુદરતના ખોળે ડુંગરની ટોચે**
**પધારો શ્રી મલ્લીનાથ જૈન તીર્થ કોસબાડ (દહાણુ). કુદરતના સાનિધ્યમાં મૂળનાયક શ્રી મલ્લીનાથ દાદાની સેવા-પૂજા કરવા માટે પધારો. ઉત્તમ ભોજનશાળા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા છે. બુકિંગ માટે સંપર્ક: પુનમબેન 9226297975, 8308676398. (એસડીબી-૨૯૦૮)**

**દિવ્ય ટુર**
જગન્નાથપુરી સાથે ગંગાસાગર, દુબઈ, ચારધામ, આસામ મેઘાલય અરૂણાચલ પ્રદેશ અને યુપી ટુર, ગોકુળ મથુરા અને સફેદ રણ: 9819304112. (૩૭૩-એ)

### ૧૪. નોકરી ખાલી છે

CAREER OPPORTUNITY!! Retired/ Housewives/ Bankers/ Pensioners. Age: 35+ / 45+. Fixed Salary + Incentives + Medical Benefits. : 8097181975. (B-16606)

### ૧૭. જગ્યા આપવી છે

**ચેંબુર તિલકનગર**
**3 બેડરૂમ હોલ કિચન, ભાડેથી / વેચાણથી, આપવું છે, ઓનર:- 9821045046. (૩૫૯-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**2 બેડરૂમ હોલ કિચન, વલ્લભબાગ લેન, ભાડેથી, 3 બેડરૂમ હોલ કિચન, 90 ફીટ રોડ, વેચાણથી. સંપર્ક:- દલાલ ભાવેશ મીરાની - 9870019019. (૩૫૯-ઈ)**

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**
૬૦', ૯૦', ઓડિયન વલ્લભબાગ, રાજાવાડી, ૧ થી ૬ બેડરૂમના ફ્લેટસ તથા ઓફિસ, શોપ રેડી, બંધાતામાં લેવા, વેચવા, ભાડે થી હિતેશભાઈ 9920927958, 9820008003. (૩૫૯-સી)

**કાંદિવલી (વેસ્ટ)**
સ્ટેશન 0.5 km, એસવી રોડ, 22 માળના નવા બંધાતા ટાવરમાં, 2 બેડરૂમ 1.45 કરોડ/ 1.83 કરોડ+, 3 બેડરૂમ 2.68 કરોડ+, 20+ અમેનિટીસ, પોડિયમ, RoofTop Garden marketed by: M. G. Realtors 9820964062 Radha estate agency 9821034272. (જેપી/૪૫૨૦-એ)

**જુહુ - 3 બેડ**
**1000' 1100' 1240' 1400' નવા બિલ્ડીંગમાં એમેનિટીસ સાથે વેચાણથી. (6.25 - 7.50 cr) અનિલભાઈ- 9004900290. (૩૮૭/એ)**

### ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા - 3 બેડ**
**1000' 1150' 1240' નવા બિલ્ડીંગમાં જીમ, સ્વિમિંગ પુલ સાથે વેચાણથી. (4.25 - 6 cr) અનિલભાઈ- 9004900290. (૩૮૭/બી)**

**દાદર**
ઈન્ડસ્ટ્રીયલ ગાલા, ઓફિસ, ગોડાઉન, શોરુમ, ફ્લેટ, ભાડેથી- લેવા- વેંચવા. કેતન ગાલા- 9892077714. (બી-૧૬૫૫૮)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૧૫૫-એ)

**કાંદિવલી (વેસ્ટ)**
1 બેડરૂમ નવા ટાવરમાં, 1.32 કરોડ, પાર્કિંગ સાથે, 10 માળની ઉપર, મથુરાદાસ રોડ એક્સટેન્શન, સંજીવ - 9821925693. (જેપી/૪૫૨૦-બી)

**REDEVELOPMENT ગયેલા બિલ્ડિંગોમાં ફ્લેટ/ શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 7666644727. (૩૮૧-બી)**

**ઘાટકોપર**
**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડરકન્સ્ટ્રક્શન, લેવા-વેચવા-ભાડેથી. ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૩૮૬-એ)**

**પવઈ**
**એલ એન્ડ ટી, સાકીવિહાર રોડ, વેલ ફર્નિશ્ડ 1 બેડરૂમ હોલ કિચન (પાર્કિંગ સાથે) વેચાણથી. 9222431307. (૩૪૩-એ)**

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૯૦૬)

**''નવા બિલ્ડિંગમાં...''**
મુંબઈભરમાં : દલાલી વગર - બુકીંગ કરાવા સંપર્ક : ''અવન્તે રીયલ્ટી'' - 9819766658, 8356926392. (બી-૧૬૬૧૪)

**અંધેરી (વેસ્ટ)**
ભાડેથી ભરડાવાડી, સ્ટેશન પાસે, નવું બિલ્ડિંગ, 2 બેડરૂમ, 650' કારપેટ, અનફર્નિશ્ડ, 1 પાર્કિંગ, ફક્ત વેજીટેરીયન ફેમિલી માટે, 2,50,000/ 75000, બંકિમ - 9322246219 અથવા હેમંત - 9833720382. (૩૭૮-સી)

**વિલેપાર્લે (વેસ્ટ)**
2 બેડ હોલ કિચન, પહેલા માળે, લિફ્ટ નથી, સ્ટેશન, દેરાસર, સંન્યાસ આશ્રમ નજીક. (55,000/2,00,000/-) ભાડે થી. Call- 9372035575. (૩૭૭-એ)

**મલાડ વેસ્ટમાં**
ભાડા પર શુભ પ્રસંગ માટે લિબર્ટી ગાર્ડન, 2 Bed (દિવસ દીઠ 6,000/-) અને 3 Bed (દિવસ દીઠ 9000/-) ઉપલબ્ધ (AC) 7021469923. (બી-૧૬૬૩૨)

**ઘાટકોપરમાં ગેરેંટી**
**1% દલાલીમાં 100% શાંતિ, ફ્લેટ ઘણા મળશે, ફસાયા વગર ગોઠવાઈ જાવ. ફ્લેટ, ઓફિસ ભાડેથી/ લે-વેંચ બજાર ભાવે 30 દિવસમાં સોદાની ગેરંટી. BHIMANI - 9820814333, CHABHADIA - 9820204041. (૨૮૯-એ)**

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK 705' અને 3 BHK, 951', વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ. સંપર્ક: 9930333456. (P51800055546). (૩૩૩/એ)

**તીન બત્તી**
2 BHK - એરિયા 900' 1 પાર્કિંગ, ફર્નિશ્ડ, તૈયાર કબજો. ભાડું 2.00 લાખ દર મહિને, લેવા - વેચવા. ''અગરવાલ'' 9821231619. (૩૭૦-એ)

**બ્રીચ-કેન્ડી**
3 BHK - એરિયા 1400' 1 પાર્કિંગ, ફર્નિશ્ડ, તૈયાર કબજો. ભાડું 3.50 લાખ દર મહિને, લેવા - વેચવા. ''અગરવાલ'' 9821231619. (૩૭૦-બી)

**વરલી**
રુનવાલ રિઝર્વ 3 BHK, એરિયા 1500' તૈયાર કબજો, 2 પાર્કિંગ,. 10.50 Cr., લેવા - વેચવા. ''અગરવાલ'' 9821231619. (૩૭૦-ડી)

**મલબાર હિલ**
3 BHK, એરિયા 1850', ફર્નિશ્ડ 2 પાર્કિંગ,. ભાડું દર મહિને 5 લાખ (Nego), લેવા - વેચવા. ''અગરવાલ'' 9821231619. (૩૭૦-ઈ)

**તિરુપતિ એપાર્ટમેન્ટ પાસે**
પેડર રોડ 2/3 BHK, એરિયા 1200', મિડલ ફ્લોર, 1 પાર્કિંગ, તૈયાર કબજો. 8 Cr., લેવા - વેચવા. ''અગરવાલ'' 9821231619. (૩૭૦-એફ)

**અંધેરી ઈસ્ટ**
ભાડેથી (60) ટુ બેડ ફુલ્લી ફર્નિશ્ડ હાઈવે નજીક (લીફ્ટ/પાર્કિંગ) ગંગર - 8080524858. (બી-૧૬૬૫૨)

**MINERVA**
For Rent 3 BHK - 2150' Higher Floor - Furnished - 2 Parking, Ready Poss. Per Month 3.50 Lac. Buying - Selling "Agarwal" 9821231619. (370-A)

# 'આધાર' પરથી પ્રેરણા લઈને યુકે લઈ આવશે 'બ્રિટ-કાર્ડ'

લંડનઃ મુંબઈની તાજેતરની મુલાકાત બાદ બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરે ભારતની આધાર ડિજિટલ બાયોમેટ્રિક ઓળખ પ્રણાલીને 'મોટી સફળતા' ગણાવી હતી. ભારતના આધાર કાર્ડને બ્રિટનના ડિજિટલ ઓળખ કાર્યક્રમ 'બ્રિટ કાર્ડ' માટે એક મોડલ તરીકે જોવામાં આવી રહ્યું છે.

આધાર કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓ પૂરી પાડવા માટે બાયોમેટ્રિક ડેટાનો ઉપયોગ કરે છે તો બ્રિટનની યોજનાનું ફોકસ અલગ હશે. શરૂઆતમાં આનો હેતુ ગેરકાયદે પ્રવાસી શ્રમિકોને રોકવાનો હતો. જો કે ગોપનીયતા સંબંધી ચિંતાઓ અને સરકારી અતિક્રમણના ભયને કારણે જનતાના ભારે વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે.

ભારતમાં ૧૫ વર્ષ પહેલા શરૂ કરવામાં આવેલ આધાર હવે લગભગ ૧.૪ અબજ નાગરિકોને આવરી લે છે. દેશવાસીઓને એક અજોડ ૧૨ અંકનો બાયોમેટ્રિક આઇડી નંબર આપીને બેંકિંગ, કલ્યાણ અને અન્ય સેવાઓની એક્સેસની સુવિધા આપે છે. એક અખબારી અહેવાલ અનુસાર ભારતમાં ટીકાકારોએ ડેટા સુરક્ષા મુદ્દો અને ઓળખ કાર્ડ ન હોવાના કારણે લોકોને લાભ અથવા સેવાઓથી વંચિત રાખવાના અહેવાલો તરફ ધ્યાન દોર્યું છે.

અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારતીય અર્થતંત્રને વહીવટી ખર્ચ અને ભ્રષ્ટાચારમાં અબજો ડૉલર બચાવવાનો શ્રેય આ સિસ્ટમને જાય છે. 'ધ ગાર્ડિયન'ના અહેવાલ અનુસાર આધારની ટીકાનો જવાબ આપતા બ્રિટન સરકારના પ્રવક્તાએ ભારપૂર્વક જણાવ્યું કે આ દરખાસ્ત ભારતના અનુભવ પરથી લેવામાં આવી છે. પરંતુ તેની ડિઝાઇન અલગ હશે અને તેમાં બાયોમેટ્રિક ડેટાનો સમાવેશ નહીં થાય.

સમાવેશકતા અને ડેટા સુરક્ષાને મુખ્ય પ્રાથમિકતાઓ તરીકે ટાંકવામાં આવી છે. તેમજ આઇડીને શરૂઆતમાં માત્ર રોજગાર માટે ફરજિયાત બનાવવામાં આવી છે. જેથી ગેરકાયદે કામનો સામનો કરી શકાય કે જે સરકારનું મુખ્ય ફૉકસ છે. મુંબઈની મુલાકાત દરમિયાન સ્ટાર્મરે પત્રકારોને જણાવ્યું હતું કે તેમને આશા છે કે ડિજિટલ ઓળખ કાર્ડની જાહેરાત બાદ તેમની લોકપ્રિયતામાં ઘટાડો થયો હોવા છતાં તેમની સુવિધાને કારણે બ્રિટનમાં લોકોનો વિશ્વાસ પાછો મેળવશે. ■

# ઝુબીન ગર્ગ કેસના આરોપીને બકસા ખસેડાયાઃ જેલની નજીક હિંસાચાર, નવ લોકોની ધરપકડ

ગુવાહાટી : ઝુબીન ગર્ગના મૃત્યુ કેસમાં પાંચ આરોપીને આસામના બક્સા જિલ્લાની જેલમાં ખસેડવામાં આવ્યા હતા તે દરમિયાન થયેલી હિંસાના સંદર્ભમાં અત્યાર સુધીમાં નવ લોકોની ધરપકડ કરવામાં આવી છે, એમ પોલીસે શનિવારે જણાવ્યું હતું.

હિંસામાં સામેલ અન્ય ઘણા લોકોની ઓળખ થઈ ગઈ છે, અને તેમની ધરપકડ માટે શોધ ચાલી રહી છે, તેવું બક્સાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) ઉજ્જ્વલ પ્રતિમ બરુઆએ જણાવ્યું હતું.

અમે અત્યાર સુધીમાં નવ લોકોની ધરપકડ કરી છે. વધુ લોકોની ઓળખ થઈ ગઈ છે. કેટલાક આરોપીઓ ફરાર છે પરંતુ અમે તેમને ટૂંક સમયમાં પકડી લઈશું. અમે આ તપાસને ખૂબ જ ગંભીરતાથી લીધી છે, અને એક ટીમ તેને આગળ ધપાવી રહી છે. મીડિયા, સ્થાનિક લોકો, બધા અમારી મદદ કરી રહ્યા છે, એમ બરુઆએ જણાવ્યું હતું. ગુવાહાટીની એક કોર્ટે ગર્ગના મૃત્યુ કેસમાં પાંચ આરોપીને ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યા બાદ બુધવારે બક્સા જેલ નજીક જ્યારેગર્ગના મૃત્યુ કેસમાં પાંચ આરોપીને ત્યાં લાવવામાં આવ્યા ત્યારે હિંસક વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા.

પાંચ આરોપીને લઈ જતા વાહનો પર પ્રદર્શનકારીઓએ પથ્થરમારો કર્યો હતો અને અન્ય ઘણા વાહનોને આગ ચાંપી દીધી હતી, જેમાં પોલીસ કર્મચારીઓ અને મીડિયા કર્મચારીઓ સહિત અનેક લોકો ઘાયલ થયા હતા.

પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસના શેલ છોડવા પડ્યા હતા. અશાંતિ બાદ જિલ્લામાં ઇન્ટરનેટ અને મોબાઇલ ડેટા સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી, પરંતુ શુક્રવારે પરિસ્થિતિ સામાન્ય થતાં તેને પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. ■

# ઉત્તરાખંડ લિવ-ઈન સંબંધી જોગવાઈઓમાં સુધારો કરશે

નૈનિતાલઃ ઉત્તરાખંડ સરકારે એમ કહીને હાઈ કોર્ટમાં ૭૮ પાનાનું સોગંદનામું દાખલ કર્યું હતું કે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) અંતર્ગત લિવ-ઈન-રિલેશનશિપની જોગવાઈઓમાં સુધારા કરાશે. લિવ-ઈન-રિલેશનશિપ રજિસ્ટર ન કરાવી શકાય એમ જણાવતાં રજિસ્ટ્રાર ઑફિસના નિયમ ૩૮૦માં સુધારો કરાશે એમ જણાવતું સોગંદનામું ઍડવોકેટ જનરલ એસ. એન. બાબુલકરે મુખ્ય ન્યાયાધીશ જી. નરેન્દ્ર અને જસ્ટિસ ઉપાધ્યાયની બનેલી ખંડપીઠ સમક્ષ ૧૫ ઑક્ટોબરે રજૂ કર્યું હતું જેમાં દંપતી પ્રતિબંધિત સ્તરનો સંબંધ ધરાવતું હોય કે પછી બેમાંથી એક પરિણિત હોય છતાં લિવ-ઈનમાં રહેતું હોય કે પછી બેમાંથી એક સગીર વયનું હોય જેવી પરિસ્થિતિનો સમાવેશ થાય છે. આ સોગંદનામામાં કરવામાં આવેલા પ્રસ્તાવિત ફેરફારમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં સુધારો કરવો, પતિ-પત્નીની જેમ રહેવાનો અંત આણવા પોલીસને આપવામાં આવતી માહિતી અંગે સ્પષ્ટતા અને નકારવામાં આવેલી અરજીને મામલે અપીલમાં જવાનો સમયગાળો લંબાવવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. (એજન્સી)■

### ૧૭. જગ્યા આપવી છે

**MATUNGA EAST EXCLUSIVE**
**1 Flat Per Floor, Open on all sides, 2000 + usable Large Balcony, Beautiful views Motivated Seller 12 Cr. revised 11.25 Cr. Open to offers 9004078342. (B-16362)**

**GHATKOPAR (EAST)**
Luxurious Residential & Commercial Underconstruction Projects also Resale Buy, Sell, Rent Flats and Offices. SJ Real Estate 9022279684. (368-F)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડે થી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

### ૩૧. નાણાંકીય

**FUNDING**
For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (365-E)

### ૩૨. જમીન-મિલકત


**દેવલાલી**
5 બેડરૂમ અતિ સુંદર બંગલો વિલા With Garden ભરપૂર હવા ઉજાસ પાણી તુરંત કબજો સુરેશભાઈ - 9869170308. (બી-૧૬૫૮૦)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૯. જેમ એન્ડ જ્વેલરી

**LOOKING FOR DIAMOND**
**Jewellery Salesman for USA (Only Male) Speak perfect English have USA Visa Be able to drive Car Must be connected with the Diamond market. Position is to work 6-8 Months per year in USA selling Diamond Jewellery. (2-3 trips of 2-3 Months each) Contact Premal: +917977427785. (B-16565)**


READY POSSESSION WITH OC
SHOPS & OFFICES
(NO GST)

SHOPS

OFFICES
➤ Shop 300 sq. ft. Onwards
➤ Office 805 sq. ft. Onwards
@ Ram Mandir (E)
IDEAL FOR CLASSES, STOCK BROKER, FINANCIAL INSTITUTIONS, CORPORATES, MNC'S ETC
Site: Delta House, Next to Raheja Ridge Wood & Lotus Business Park, Ram Mandir (E)
9594947878
9594948787
(JP-4522-K)


**PRELEASED OFFICE**
**મહિને 60,000/= ભાડેથી લાગેલી ઓફિસ વેચવાની (1.44 CR) (2 પાર્કિંગ સાથે) (300' + 300' LOFT) યુઝેબલ - 600' મહાવીર નગર, CROMA/ D'MART પાસે, કાંદિવલી (વેસ્ટ). OWNER - 76666 44727. (૩૮૧-ડી)**

**"MARINE LINES"**
"Fully Furnished with AC Prime Office Approx 1000' for Rent Near Marine Lines & Metro Station 5 Minutes - 25 to 30 Work Station with 3 Cabins, Attached Toilet Bathroom & Pantry. 3rd Floor, Lift":- 9819445558. (338/A)

### ૨૩. મનોરંજન

**SHREENATH - બજેટથી**
પ્રાર્થનાસભા + લગ્નગીત + મામેરું + મહેંદી + એનિવર્સરી + ડાયરો. કિરણભાઈ - 9821795355. (બી-૧૬૬૩૪)

### ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૬૬૪૦)

**ગ્લોબેક્સ વર્લ્ડવાઈડ**
એક્સપ્રેસ કુરિયર કંપનીઃ અમેરિકા, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા, દુબઈ, દિવાળી ફરાળ, કપડાં, હોમ ડિલિવરી સેવા પિકઅપ: 7738371832 (બી-૧૬૬૦૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

# ધનતેરસના શુભ દિવસે નવી કેબિનેટના પ્રધાનોએ પદભાર સંભાળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં પ્રધાનમંડળ વિસ્તરણ બાદ ધનતેરસના શુભ દિવસે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી, રિવાબા જાડેજા, કૌશિક વેકરિયા સહિતના પ્રધાનોએ ઓફિસમાં પૂજા વિધિ કરીને પદભાર સંભાળ્યો હતો. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ વિજય મુહૂર્તમાં ગાંધીનગરસ્થિત સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે તેમના કાર્યાલયનો પદભાર સંભાળી લીધો હતો. સ્વર્ણિમ સંકુલ-૧ના બીજા માળે નાયબ મુખ્ય પ્રધાન તરીકે તેમને ચેમ્બર ફાળવવામાં આવી છે. પદભાર ગ્રહણ કરતા પહેલા હર્ષ સંઘવીએ વિધિવત રીતે પૂજા-અર્ચના કરી હતી અને ત્યાર બાદ તેમણે નાયબ મુખ્ય પ્રધાન તરીકે ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં તેમના શુભેચ્છકો, સમર્થકો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમને અભિનંદન પાઠવ્યા હતા.

જામનગર ઉત્તરના ધારાસભ્ય અને રાજ્યકક્ષાનાં પ્રધાન રિવાબા જાડેજાએ પોતાની ઓફિસમાં દીકરી નિધ્યાનાબા સાથે પૂજા-અર્ચના કરી મંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગે તેમના પતિ અને ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી રવીન્દ્ર જાડેજા પણ ઉપસ્થિત રહ્યા હતા. અમરેલીના ધારાસભ્ય અને કાયદા અને ન્યાય તંત્ર વિભાગના રાજ્ય પ્રધાન કૌશિક વેકરિયાએ પ્રધાન તરીકેનો પદભાર સંભાળતાની સાથે જ નવા સચિવાલય સ્થિત કાયદા અને ન્યાય તંત્ર વિભાગની મુલાકાત લીધી હતી અને વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. પ્રધાન પ્રવીણ માળીએ ચાર્જ સંભાળતા પહેલા અંબાજી ખાતે મા અંબાના દર્શન કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા અને રાજ્યના ઉત્તમ વહીવટ માટે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ પ્રધાન પ્રવીણ માળીએ ચાર્જ સંભાળ્યો હતો.

આદિજાતિ વિકાસ પ્રધાન નરેશ પટેલે અને શ્રમ અને રોજગાર પ્રધાન કાંતિ અમૃતિયાએ પણ વિજય મુહૂર્તમાં પ્રધાન તરીકેનો ચાર્જ સંભાળીને પોતાના કાર્યની શરૂઆત કરી હતી. કનુ દેસાઈએ પણ વિજય મુહૂર્તમાં પ્રધાન તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. પ્રદ્યુમન વાજા, રમણભાઈ સોલંકી, ઈશ્વરસિંહ પટેલ, પ્રફુલ પાનસેરિયાએ પણ ચાર્જ સંભાળી લીધો હતો. ■

# વડોદરાની પાદરા એપીએમસીની ચૂંટણીમાં ભાજપના તમામ ૧૦ ઉમેદવારોની હાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં પ્રધાનમંડળ વિસ્તરણના બીજા દિવસે ભાજપને મોટો ઝટકો લાગ્યો હતો. વડોદરા જિલ્લાના પાદરા એપીએમસીની ચૂંટણીમાં ભાજપના તમામ ૧૦ ઉમેદવારોની કારમી હાર થઈ હતી. પ્રવીણ સિંધા અને ભીખા સ્વામીની ખેડૂત સહકાર પેનલના તમામ ૧૦ ઉમેદવારોની જીત થઈ હતી. ખેડૂત સહકારના તમામ ૧૦ ઉમેદવારોએ બાજી મારી લીધી હતી. ભારે રસાકસી બાદ આખરે ભારતીય જનતા પાર્ટ એ પાદરા એપીએમસી ગુમાવવી પડી હતી.

પાદરા તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં કુલ ૬૬૧ માંથી ૬૫૧ખેડૂત મતદારોએ ઉત્સાહભેર પોતાના મતાધિકારનો ઉપયોગકર્યો હતો. ભાજપ પ્રેરિત ખેડૂત પ્રગતિ પેનલ અને ચંદ્રકાંત પટેલ ઉર્ફે ભીખા સ્વામી અને પ્રવિણસિંહસિંધા પ્રેરિત ખેડૂત સહકાર પેનલમળી બંને પેનલમાંથી ૧૦-૧૦ ઉમેદવારો મેદાનમાં ઉતરતાં કુલ ૨૦ ઉમેદવારો વચ્ચે રસપ્રદ જંગ જામ્યો હતો. જોકે ભાજપ પ્રેરિત ખેડૂત પ્રગતિ પેનલની હાર થતાં ખળભળાટ મચી ગયો હતો. ■

# સાબરકાંઠાના પ્રાંતિજના મજરા ગામે હિંસક જૂથ અથડામણ: ૧૨૦ ઈસમો સામે ગુનો દાખલ, પીઆઈ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા ગામે જૂથ અથડામણ થઈ હતી. પથ્થરમારા સાથે હુમલો કરાતા ૨૦ લોકોને ઈજા પહોંચી હતી. તેમજ અનેક વાહનોમાં તોડ ફોડ અને આગચંપી કરવામાં આવી હતી.

જોકે, ઘટનાની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. તેમજ ઇજાગ્રસ્તોને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને લઈ પ્રાંતિજ પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

આ અંગે મળતી માહિતી પ્રમાણે ધાર્મિક કાર્યક્રમના આયોજનમાં વિવાદને લઈને બે જૂથ આમનેસામને આવ્યાં હતાં. તેમાં વિવાદ ઉગ્ર બનતા સામસામે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. તેમજ પથ્થરમારામાં ૨૦થી લોકોને ઈજા પહોંચી છે. જયારે ૨૬ કાર, ૫૧ બાઈક, ૨ ટેમ્પોમાં નુકસાન પહોંચાડ્યું છે. જેમાં ચાર મીની ટેમ્પો, ત્રણ ટ્રેક્ટર, ૧૦ મકાનને પણ નુક્સાન પહોંચાડયું હતું. આ અંગે પોલીસે સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી હતી.

આ ઘટના પોલીસે ૬૦ વ્યક્તિ સામે નામજોગ સહિત ૧૨૦ સામે ગુનો દાખલ કર્યો હતો.

આ વિવાદ જૂની અદાવતમાં થયો હતો. સમગ્ર ઘટના બાદ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

પોલીસે રાઉન્ડ ધ કલોક પેટ્રોલિંગ પણ શરૂ કર્યું હતું. પ્રાંતિજ તાલુકાના મજરા ગામે બે જૂથ વચ્ચે થયેલી હિંસક અથડામણ ભૈરવ મંદિરના વહીવટની જૂની અદાવતના લીધે સર્જાયું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. જેમાં દિવાળીના તહેવારને લઈને ત્રણ દિવસ માટે મંદિરના ચોકમાં ગરબાનું આયોજન કરવાનું હતું. પરંતુ તેના પૂર્વે જ ગામમાં બે જૂથ વચ્ચે હિંસક જૂથ અથડામણ થઈ હતી.

મજરા ગામમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને એ માટે પોલીસનો મોટો કાફલો તહેનાત કરવામાં આવ્યો હતો અને સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ હતી.

પોલીસે બંને જૂથ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુ તપાસ શરૂ કરી હતી. પ્રાંતિજ પીઆઈ રશ્મિન દેસાઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. મજરા જૂથ અથડામણ મામલામાં બેદરકારી બદલ કાર્યવાહી કરવામાં આવી હતી.

એસપી પાર્થરાજસિંહ ગોહિલે પ્રાંતિજ પીઆઈને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો હતો. પ્રાંતિજ પોલીસ સ્ટેશનના નવા પીઆઈ તરીકે એનઆર ઉમટ ચાર્જ સંભાળશે. ■

# નવસારી ભાજપ યુવા મોરચાના પ્રમુખે જાહેરમાર્ગ પર બર્થ-ડે સેલિબ્રેશન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જાહેર માર્ગો પર જન્મદિવસની ઉજવણી કરવાના કિસ્સાઓ ચર્ચાનું કેન્દ્ર બન્યા છે ત્યારે ગુજરાતમાં ભાજપના વધુ એક નેતાનો જાહેર માર્ગ પર બર્થ ડે સેલિબ્રેશનનો વીડિયો વાયરલ થયો હતો. પરંતુ હવે જાહેર રોડ પર ગેરકાયદેસર ઉજવણીનો 'વાયરસ' રાજકીય નેતાઓને પણ લાગી ગયો હોય તેમ લાગે છે.

નવસારી ભાજપ યુવા મોરચાના પ્રમુખ ભાવેશ પાટીલ ઉર્ફે સોનુએ જાહેર માર્ગ પર જન્મદિવસની ઉજવણી કરી હતી. તેણે ફિલ્મી સ્ટાઈલમાં કારમાંથી એન્ટ્રી લીધી હતી. ઉપરાંત સમર્થકોની હાજરીમાં કેક કટિંગ પણ કર્યું હતું. ભાજપના નેતા દ્વારા જ કાયદાના ધજાગરા કરવામાં આવતા સમગ્ર મુદ્દો ચર્ચાનો વિષય બન્યો હતો. આ વાયરલ વીડિયો મુદ્દે, પોલીસે કહ્યું, ઉપરી અધિકારીઓ સાથે ચર્ચા કરીને વીડિયોની તપાસ કરવામાં આવશે.

થોડા દિવસ પહેલા શહેરના ભાજપ વોર્ડ નં. ૨૪ના પ્રમુખ પ્રકાશ ખેરનારે પોતાનો જન્મદિવસ ઉધના વિસ્તારમાં ધામધૂમથી ઊજવ્યો હતો. આ ઉજવણી ઉધનામાં આવેલી સાંઇબાબા સોસાયટીના ગેટ પર જાહેર માર્ગ પર કરવામાં આવી હતી. આ ઉજવણીમાં તેમણે કેક કાપી હતી, જેના પર મુખ્ય પ્રધાન અને પૂર્વ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલનો ફોટો પણ હતો. વોર્ડ પ્રમુખના સમર્થકોએ જાહેર માર્ગ પર ફટાકડા ફોડ્યા હતા અને રસ્તા પર ઉજવણી કરીને આખા રોડને જાણે બાનમાં લીધો હતો. જાહેર માર્ગો પર આવી ઉજવણી પર સ્પષ્ટ પ્રતિબંધ હોવા છતાં ખેરનારે પોતાના જન્મદિવસની ઉજવણી જાહેરમાં કરીને જાહેરનામાનો સરેઆમ ભંગ કર્યો હતો. ■

# રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ-રોડ નેટવર્કના ૧૨૪ કામો માટે ₹ ૭૭૩૭ કરોડની ફાળવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના માર્ગ મકાન વિભાગને વિવિધ યોજના અંતર્ગત કુલ ૧૨૪ કામો માટે રૂ.૭૭૩૭ કરોડ ફાળવવાનો નિર્ણય કર્યો હતો. ભૂપેન્દ્ર પટેલે વિકાસ માટે માર્ગો અને પુલોની મહત્ત્વતા ધ્યાને લેતા સમગ્ર ગુજરાતને સુવિધાસભર અને સલામત માર્ગોની કનેક્ટિવિટી દ્વારા છેવાડાના વિસ્તારો સુધી મજબૂત માર્ગોનું નેટવર્ક પૂરું પાડવાના દિશાનિર્દેશો માર્ગ મકાન વિભાગને આપ્યા હતા.

તેમણે રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓને ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર તરીકે વિકસાવીને વધુ સરળ, સલામત અને ઝડપી વાહનવ્યવહાર યોગ્ય બનાવવા માટે ૮૦૯ કિલોમીટર લંબાઈના નવ ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર માટે ૫૫૭૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા.

તદ્અનુસાર બગોદરા ધંધુકા બરવાળા બોટાદના ૯૨.૨૩ કિલોમીટર લંબાઈ માટે ૬૭.૪૩ કરોડ, બોટાદ ઢસા ચાવંડ અમરેલી બગસરા બિલખા મેંદરડાના ૬૭.૩૦ કિ.મી. માટે રૂ.૧૫૮.૬ કરોડ, મેંદરડા કેશોદ માંગરોળના ૪૮.૫૫ કિ.મી માટે રૂ.૮૧.૩૮ કરોડ, ઊંઝા-પાટણ-શિહોરી-દિયોદર-ભાભરના ૧૦૫.૦૫ કિ.મી રોડ માટે રૂ.૮૫૮.૩૯ કરોડ, કરજણ - ડભોઇ બોડેલીના ૭૧.૧૦ કિ.મી રોડ માટે રૂ.૩૩૧.૧૬ કરોડ, દહેગામ બાયડ લુણાવાડા સંતરામપુર ઝાલોદના ૧૬૭.૫૪ કિ.મી. માટે રૂ.૧૫૧૪.૪૧ કરોડ, અમદાવાદ હરસોલ ગાંભોઈ વિજયનગરના ૧૪૩.૩૦ કિ.મી. રોડ માટે રૂ.૬૪૦.૩૦ કરોડ, સંતરામપુર મોરવા હડફ સંતરોડના ૪૯.૯૦ રોડ માટે રૂ. ૮૬૧.૭૧ અને સંતરોડ દેવગઢ બારિયા છોટાઉદેપુરના ૬૪.૦૫ કિ.મી. રોડ માટે રૂ.૧૦૬૨.૮૨ કરોડ મંજૂર કર્યા હતા.

આ નવા હાઈસ્પીડ કોરિડોરનું નિર્માણ થવાથી પરિવહન વધુ ઝડપી બનશે તેમજ પી.એમ. ગતિશક્તિ અન્વયે લોજિસ્ટિક્સ કાર્યક્ષમતામાં સુધારો અને ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે. હાઈસ્પીડ કોરિડોર બનવાના પરિણામે નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ થશે અને તેની આસપાસના વિસ્તારોમાં આર્થિક વિકાસ તથા વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન મળશે. એટલુ જ નહિં, મહત્વના શહેરો સાથે ઝડપી જોડાણ મળતા અને મુસાફરી સરળ અને પ્રવાસનને પણ વેગ મળશે.

મુખ્ય પ્રધાને રાજ્યના માર્ગોને ક્લાઈમેટ રેઝિલિયેન્ટ અને નવી ટેકનોલોજીયુક્ત બનાવવા માટે રૂ.૧૧૪૭ કરોડ મંજૂર કર્યા હતા. તેમાંથી ૨૭૧ કિ.મી. લંબાઈમાં ૨૦ કામો હાથ ધરવામાં આવશે.

આ ક્લાઈમેટ રેઝિલિયન્ટ અને નવતર ટેક્નોલોજીસભર રસ્તાઓના નિર્માણમાં વેસ્ટ પ્લાસ્ટિક, વ્હાઇટ ટોપિંગ, જીઓ ગ્રીડ અને ગ્લાસ ગ્રીડ, સિમેન્ટ/સ્ટેબીલાઈઝેસન, ફ્લાય-એશ, ગ્રીન ટેકનોલોજી જેવી નવી ટેકનોલોજીના ઉપયોગથી લાંબું આયુષ્ય ધરાવતા વધુ ટકાઉ અને મજબૂત, લાઈફ-સાઇકલ કોસ્ટમાં બચત થાય તેવા અને પર્યાવરણને અનુરૂપ માર્ગોનું નિર્માણ થશે. આ ઉપરાંત તેમણે રાજ્યના રસ્તાઓની સપાટી સુધારણાના ૭૯ કામો ૮૦૩ કિ.મી.માં હાથ ધરવા માટે ૯૮૬ રૂપિયાની મંજૂરી આપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂપેન્દ્ર પટેલે આ વર્ષના બજેટમાં રોડ નેટવર્કને વધુ સુદ્રઢ અને સંગીન બનાવવા માટે ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર અંતર્ગત ૧૩૬૭ કિ.મી.ના ૧૨ નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવવાની મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી હતી. તેમણે આ નવ હાઈસ્પીડ કોરિડોરના નિર્માણ માટેની મંજૂરી આપી હતી. ■

# સસ્તા અનાજના દુકાનદારોએ એક નવેમ્બરથી હડતાળ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના સસ્તા અનાજના દુકાનદારો રાજ્ય સરકારના પુરવઠા વિભાગ દ્વારા જારી કરાયેલા તાજેતરના 'તઘલખી' અને અવ્યવહારુ પરિપત્રો સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આ પરિપત્રો વ્યવહારમાં મુશ્કેલીઓ સર્જે તેવા હોવાથી, રાજ્યના ૧૭,૦૦૦ વાજબી ભાવના દુકાનદારોએ ૧લી નવેમ્બરથી હડતાળ પર જવાની અને માલસામાનની પરમિટ નહીં ઉપાડવાની ચીમકી ઉચ્ચારી હતી. ગુજરાતના બે મુખ્ય સંગઠનોગુજરાત ફેર પ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર્સના પ્રમુખ પ્રહલાદભાઈ મોદી અને ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશનના પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજાએ સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું. પત્રમાં જણાવાયું છે કે જો આ અવ્યવહારુ પરિપત્રો રદ કરવામાં નહીં આવે અને લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોનું નિરાકરણ નહીં લાવવામાં આવે, તો ન છૂટકે ગાંધીજીના માર્ગે અસહકારનું આંદોલન શરૂ કરવામાં આવશે. પ્રથમ તબક્કમાં ૧લી નવેમ્બરથી 'નો પરમિટ' આંદોલન શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત સરકાર દ્વારા નવેમ્બર માસ માટે જ્યારે પણ માલની પરમિટ ઓનલાઈન મૂકવામાં આવે, ત્યારે કોઈપણ દુકાનદારે પરમિટ કાઢવી નહીં અને ચલણ જનરેટ કરવું નહીં તેમ જણાવાયું હતું. આમ થવાથી દુકાનદારો માલનો ખરીદી નહીં કરી શકે, જેના કારણે નવેમ્બર મહિનાથી વિતરણ પ્રક્રિયાથી અળગા રહેશે.

બંને એસોસિએશને સંયુક્તપણે તમામ ૧૭,૦૦૦ દુકાનદારોને જ્યાં સુધી સરકાર ચર્ચા કે નિર્ણય માટે તૈયાર ન થાય, ત્યાં સુધી આ આંદોલનને સંપૂર્ણ સમર્થન આપવાની વિનંતી કરી હતી. આ ઉપરાંત વિતરણ અટકી જવાના કારણે ઊભી થનારી અવ્યવસ્થાની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે તેવી ચેતવણી આપી હતી. ■

# ગુજરાત એસટી નિગમના કર્મચારીઓની તહેવાર પેશગીમાં ₹૧૦,૦૦૦નો બમણો વધારો કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ પદભાર સંભાળતાની સાથે જ તેમના હસ્તકના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો યોજી હતી. આ પૈકી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી)ના ઉચ્ચ અધિકારીઓ સાથેની બેઠકમાં તેમણે નિગમના ૩૬,૦૦૦ થી વધુ કર્મશીલ કર્મચારીઓના હિતમાં મહત્ત્વનો નિર્ણય લીધો હતો.

આ નિર્ણયો રાજ્યના નાગરિકોને સમયસર અને સુદ્રઢ પરિવહન વ્યવસ્થા પૂરી પાડવા રાત-દિવસ કાર્ય કરતા જીએસઆરટીસી કર્મચારીઓ અને તેમના પરિવારજનો માટે લેવામાં આવ્યા હતા.

નિગમના તમામ કર્મચારીઓને ₹૧૦,૦૦૦ 'તહેવાર પેશગી એડવાન્સ' તરીકે આપવામાં આવશે. અગાઉ માત્ર ફિક્સ પગારના કર્મચારીઓને ₹૫,૦૦૦ સુધી આ પેશગી મળતી હતી. નાયબ મુખ્ય પ્રધાને પ્રથમ બેઠકમાં જ આ પેશગીની રકમમાં બમણો વધારો કરીને તમામ કર્મચારીઓને આ લાભ આપવાનો નિર્ણય લીધો હતો. ■

# અમદાવાદ મનપામાં ભ્રષ્ટાચાર, ગેરશિસ્ત વધ્યાં: છ મહિનામાં બાવીસ કર્મચારી સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મ્યુનિ.માં છેલ્લા કેટલાય સમયથી ભ્રષ્ટાચાર, ગેરશિસ્ત, ગેરવર્તણૂક અને નાણાકીય ગોટાળાનું પ્રમાણ ચોંકાવનારી હદે વધ્યું છે, પરંતુ મ્યુનિ. સત્તાધીશોએ છેલ્લા છ મહિનામાં ફક્ત ૨૨ કર્મચારીને સસ્પેન્ડ કરી સંતોષ માન્યો છે, તેમાં ચોથા અને ત્રીજા વર્ગનાં કર્મચારીઓની સંખ્યા વધુ છે.

મ્યુનિ. સૂત્રોનાં જણાવ્યા અનુસાર, મ્યુનિ.નાં જુદા જુદા વિભાગોમાં કહ્યાં વગર રજા રાખવી, સહકર્મચારીઓ કે ઉપરી અધિકારી અને નાગરિકો સાથે ગેરવર્તણૂક, નાણાકીય ગેરરીતિ, ભ્રષ્ટાચાર વગેરેએ માઝા મૂકી છે અને મ્યુનિ.માં પણ કોઈ કામ પૈસા વગર થતું નથી તેવી ધારણા બંધાઈ ગઈ છે. બીજી બાજુ ભ્રષ્ટાચાર મુક્ત અને પારદર્શક વહીવટ આપવાની મોટી મોટી વાતો કરનારા ભાજપનાં રાજમાં જ આવા કર્મચારીઓ અને અધિકારીઓ સામે પગલાં લેવાને બદલે આંખ આડા કાન કરવામાં આવતાં હોય તેમ ત્રીજા અને ચોથા વર્ગનાં કર્મચારીઓ ઉપર જોર કરીને કાર્યવાહી કર્યાનો સંતોષ લેવામાં આવે છે.

મ્યુનિ. સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા છ મહિનામાં કુલ ૨૨ કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, તેમાં વર્ગ ચારનાં સાત અને વર્ગ ૩નાં ૧૧ કર્મચારીનો સમાવેશ થાય છે. જ્યારે વર્ગ-૨નાં ત્રણ અને વર્ગ એકનાં એક કર્મચારીનો સમાવેશ થાય છે. મ્યુનિ.માં જુદા જુદા પ્રકારની ફરિયાદો બદલ સૌપ્રથમ વિજિલન્સ તપાસ યોજવામાં આવે છે અને પછી શો કોઝ નોટિસ, ચાર્જશીટ અને શિક્ષાત્મક કાર્યવાહીની પદ્ધતિ અમલમાં છે, પરંતુ મ્યુનિ.માં તાજેતરનાં સમયમાં નાના-મોટા કર્મચારી અને અધિકારીને શો કોઝ નોટિસ આપી ચીમકી આપવામાં આવી રહી છે અને વર્ગ ૩-૪નાં કર્મચારીઓ સામે જ સસ્પેન્શન જેવા પગલાં લેવાય છે તેવી લાગણી કર્મચારી આલમમાં પ્રવર્તી રહી છે.

મ્યુનિ. સૂત્રોનાં જણાવ્યા અનુસાર, સસ્પેન્ડ કરાયેલા કર્મચારીને પ્રથમ ૬ મહિના ૫૦ ટકા પગાર આપવામાં આવે છે અને ત્યાર પછી ૭૫ ટકા પગાર આપવામાં આવે છે. આ પ્રકારે સસ્પેન્ડેડ કર્મચારીઓ પૈકી મોટાભાગનાને પાછા ફરજ ઉપર હાજર કરવામાં આવે છે. તેમાંય મ્યુનિ.ની વર્ષો જૂની પ્રથા મુજબ ભ્રષ્ટાચારનાં કેસમાં સસ્પેન્ડ થયાં હોય તેવા કર્મચારી કે અધિકારીને ફરી મલાઈદાર જગ્યાએ મૂકવામાં આવતા નથી અને જ્યાં કાણી પાઈની કમાણી ના થાય તેવી જગ્યાએ મુકાતા હોય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ પ્રથાનો પણ અસરકારક રીતે અમલ થતો નથી તેવું જણાઈ રહ્યું છે. ■

# સુરતના ડીંડોલીમાં ધોળા દિવસે યુવકની ચપ્પુના ઘા ઝીકી હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરના ડીંડોલી વિસ્તારમાં એક યુવકની ચપ્પુના ઘા ઝીકી હત્યા કરવામાં આવી હતી. આ ઘટના બાદ ત્યાં લોકો એકઠા થઇ ગયા હતા. બનાવની જાણ થતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોચ્યા હતા. જ્યાં રોષે ભરાયેલા પરિવારજનો અને સ્થાનિક લોકોએ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જવાનો ઇનકાર કરીને વિરોધ પણ નોંધાવ્યો હતો.

મળતી માહિતી મુજબ સુરતના ડીંડોલી વિસ્તારમાં રેલવે પટરી પાસે એક યુવકની ચપ્પુના ઘા ઝીકી હત્યા કરવામાં આવી હતી. મૃતક યુવકની ઓળખ દિલીપ સુનીલ જમાદાર (ઉ.વ. ૧૯) તરીકે થઈ છે, જે મૂળ બિહારનો વતની અને સુરત શહેરમાં નવાગામ ડીંડોલી સ્થિત શ્રીનાથ નગર સોસાયટીમાં માસાના ઘરે રહેતો હતો અને જરીના કારખાનામાં નોકરી કરતો હતો. મૃતક દિલીપ નોકરી પરથી ઘરે પરત ફરી રહ્યો હતો તે વેળાએ અજાણ્યા ઈસમોએ તેને રોકીને મોબાઈલ લૂંટવાની કોશિશ કરી હતી જેમાં દિલીપે પ્રતિકાર કરતા તેને ચપ્પુના ઘા ઝીકી દેવાયા હતા.

યુવકની હત્યાને પગલે ત્યાં લોકો પણ એકઠા થઇ ગયા હતા, યુવકના પરિવારજનોએ મૃતદેહને તાત્કાલિક પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલ લઈ જવાનો ઇનકાર કરી દીધો હતો. તંગદિલીભર્યા માહોલ વચ્ચે ભીડમાંથી કોઈએ પથ્થરમારો કરતાં, એક પોલીસ કર્મીના માથામાં ઈજા થઈ હતી. આ ઘટના બાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઉચ્ચ અધિકારીઓએ લોકોને યોગ્ય કાર્યવાહીની ખાતરી આપી હતી. લાંબી સમજાવટ અને કડક કાર્યવાહીના આશ્વાસન બાદ આખરે પરિવારજનો મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલ લઈ જવા માટે તૈયાર થયા હતા અને ત્યારબાદ જ મૃતદેહને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ડીંડોલી પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને હત્યા કરનાર અજાણ્યા આરોપીઓને ઝડપી પાડવા માટે જુદી-જુદી ટીમો બનાવીને તપાસ શરૂ કરી છે. ■

# દિવાળીમાં અમદાવાદ એરપોર્ટ પર મુસાફરોનો ધસારો વધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવાળીના તહેવારોને પગલે સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરોનો ધસારો વધી રહ્યો છે. સામાન્ય દિવસોમાં રોજ આશરે ૩૮ હજાર મુસાફરોના આવાગમન થતા હોય છે, ત્યાં તહેવારો દરમિયાન આ આંકડો ૪૦ હજારને પાર કરી જશે એવી શક્યતા છે. એરપોર્ટના સૂત્રો અનુસાર દિવાળીના અવસરે પેસેન્જર ફૂટફોલમાં ૧૫થી ૨૦ ટકા જેટલો વધારો નોંધાઈ રહ્યો છે.

મુસાફરોના વધતા ધસારાને ધ્યાનમાં રાખીને સીઆઈએસએફ દ્વારા સુરક્ષા તપાસની પ્રક્રિયા વધુ કડક બનાવવામાં આવી છે, જેના કારણે ચેક-ઈન અને બોર્ડિંગમાં સામાન્ય કરતા વધુ સમય લાગી શકે છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા એરપોર્ટ સત્તાધીશો દ્વારા એડવાઇઝરી જાહેર કરવામાં આવી છે. એડવાઇઝરી મુજબ મુસાફરોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ પોતાની ફ્લાઇટનું શિડ્યૂલ એરલાઇનની વેબસાઈટ પરથી પહેલેથી ચકાસી લે અને ફ્લાઇટના સમય કરતાં પૂરતો સમય રાખીને એરપોર્ટ પર વહેલાં પહોંચે. એરપોર્ટ મેનેજમેન્ટના જણાવ્યા મુજબ આ પગલાં મુસાફરોની સુવિધા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવ્યા છે, જેથી તહેવારની ભીડ છતાં મુસાફરીમાં કોઈ વિલંબ કે મુશ્કેલી ન પડે. ■

# અમદાવાદના રામોલમાં ખાનગી લક્ઝરી બસના મુસાફર પાસેથી ₹ ૧.૦૨ કરોડની બિનહિસાબી રોકડ ઝડપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની રામોલ પોલીસને વાહન ચેકિંગ દરમિયાન મોટી સફળતા હાથ લાગી હતી. જેમાં સીટીએમ એક્સપ્રેસ વે પર ખાનગી લક્ઝરીમાંથી રૂ. ૧.૦૨ કરોડની બિનહિસાબી રોકડ રકમ સાથે મુસાફરને ઝડપી પાડવામાં આવ્યો હતો. દિવાળીના તહેવારો દરમિયાન હવાલા મારફતે નાણાંની ગેરકાયદેસર હેરાફેરી અટકાવવા માટે સઘન વાહન ચેકિંગના આદેશ આપવામાં આવ્યા છે. જે અંતર્ગત રામોલ પોલીસની ટીમ સીટીએમ એક્સપ્રેસ વે પર ટોલટેક્સ નજીક વાહનોનું ચેકિંગ કરી રહી હતી.

આ દરમિયાન વડોદરા તરફથી એક ખાનગી લક્ઝરી બસને પણ ચેકિંગ માટે ઊભી રાખવામાં આવી હતી. જે બાદ પોલીસનો સ્ટાફ બસમાં મુસાફરોની ચકાસણી કરી રહ્યો હતો, ત્યારે એક વ્યક્તિ નીચે ઉતરી ગયો હતો. જેથી પોલીસને શંકા જતાં વ્યક્તિને અટકાવીને તેની તલાસી લેવામાં આવી હતી. જેમાં યુવક પાસેથી રૂ. ૧.૦૨ કરોડની રોકડ રકમ મળી આવી હતી.

પોલીસની પૂછપરછમાં યુવકની ઓળખ મૂળ ઉત્તર પ્રદેશના શમશેર બહાદૂર ઉર્ફે વિનયસિંહ તરીકે થઈ છે. જે મોટેરા સ્થિત આસારામના આશ્રમમાં રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. આટલી જંગી રકમ પોતાની પાસે ક્યાંથી આવી અને કોને આપવાની હતી, તે બાબતનો હિસાબ વિનયસિંહ આપી શક્યો નહતો. આખરે રામોલ પોલીસે રોકડ રકમ કબજે કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# બાવરી ગેંગ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ કડક કાર્યવાહી, ચારની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં ગુનાખોરીના કૃત્યો પર અંકુશ મેળવવા માટે શહેરની ક્રાઇમ બ્રાન્ચે વધુ એકવાર ગુજસીટોક (ગુજસીટોક)નું હથિયાર ઉગામ્યું હતું. શહેર સહિત રાજ્યભરમાં ઘરફોડ ચોરી, લૂંટ અને વાહનચોરી જેવી ઘટનાઓને અંજામ આપતી બાવરી ટોળકી સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ક્રાઇમ બ્રાન્ચના ડીસીપી હિમાંશુ વર્માએ માહિતી આપતા જણાવ્યું હતું કે, નવરાત્રી દરમિયાન શહેરમાં તલવારની અણી પર પરિવારને બંધક બનાવી લૂંટની ઘટનામાં સંડોવાયેલા નવ આરોપીઓની ઓળખ બાદ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ બધા જ આરોપીઓ સંગઠિત રીતે વિવિધ જિલ્લામાં ચોરી અને લૂંટને અંજામ આપતા હતા. જેના આધારે તમામ સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પકડાયેલા આરોપીઓમાં સુનિલ પાનસિંહ બાવરી (૩૦ ગુના), ભીલસિંગ રતનસિંહ સિકલીગર (૨૫ ગુના), રાજસિંગ મધુસિંગ સિકલીગર (૨૩ ગુના), પ્રેમસિંગ સતનામસિંહ બાવરી (૧૩ ગુના), રવિસિંગ તારાસિંહ સરદાર (૧૫ ગુના), કિરપાલસિંહ તતારાસિંહ તિલપીતિયા (૮ ગુના), ગુરુમુખસિંહ કલ્લુસિંહ જૂની (૩ ગુના), કુલદીપસિંહ ભગતસિંહ બાવરી (૬ ગુના) અને અમરસિંહ લોહરસિંહ બાવરી (૯ ગુના) નો સમાવેશ થાય છે. ■

# ક્રિકેટમાં પાકિસ્તાન પર મૂકી દો પ્રતિબંધ

### ▶ હવાઈ હુમલામાં ત્રણ સ્થાનિક ક્રિકેટરો મૃત્યુ પામવાને પગલે અફઘાનિસ્તાનના ક્રિકેટપ્રેમીઓ સહિત અનેકની જોરદાર માગણી



(ડાબેથી) કબીર આગા, હારુન અને સિબગાતુલ્લા. ત્રણેયના મૃત્યુ પાકિસ્તાનના હવાઈ હુમલામાં થયા હોવાનું જાણવા મળ્યું છે.



અફઘાનિસ્તાનમાં મૃત્યુ પામેલા ત્રણ યુવાન ક્રિકેટરોને અંજલિ આપવામાં આવી હતી.

કાબુલઃ અફઘાનિસ્તાનમાં ક્રિકેટની ફ્રેન્ડ્લી મૅચ રમીને પાછા આવી રહેલા ત્રણ સ્થાનિક યુવાન ખેલાડીઓ સહિત કુલ આઠ જણની હવાઈ હુમલામાં પાકિસ્તાને હત્યા કરી એને પગલે ક્રિકેટ જગતમાં જોરદાર માગણી ઉઠી છે કે ક્રિકેટમાં પાકિસ્તાન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવો જોઈએ. સોશ્યલ મીડિયામાં ક્રિકેટપ્રેમીઓએ પાકિસ્તાન પર તાબડતોબ બૅન મૂકી દેવાની ડિમાન્ડ ક્રિકેટ રમતા મોટા દેશો તેમ જ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) સમક્ષ કરી છે.

#### અફઘાનિસ્તાન હટી ગયું ટ્રાય સિરીઝમાંથી

ક્રિકેટરોને લક્ષ્યાંક બનાવવાના કાયરતાભર્યા કૃત્ય બદલ પાકિસ્તાનની વિશ્વભરમાં ટીકા થઈ રહી છે. અફઘાનિસ્તાનના પીઢ સ્પિનર અને કૅપ્ટન રાશિદ ખાને આ બર્બરતા બદલ પાકિસ્તાનની આકરી ટીકા કરી છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે પાકિસ્તાનમાં રમાનારી આગામી ત્રિકોણીય ટી-૨૦ સિરીઝમાંથી પોતાની ટીમનું નામ રદ કરાવી નાખ્યું છે. આ ટ્રાયેન્યૂલર ૧૭મી નવેમ્બરથી પાકિસ્તાનના રાવલપિંડી તથા લાહોરમાં રમાવાની હતી અને એમાં શ્રીલંકાની ટીમ પણ ભાગ લેવાની હતી.

ભારતે પોતાની ટીમને પાકિસ્તાની ક્રિકેટરો સામે રમવા ન મોકલવી જોઈએ એવી થોડા મહિનાઓથી ભારતમાં માગણી થઈ છે, પરંતુ હકીકત એ છે કે આઇસીસીના અને (ક્રિકેટની રમત હવે ઑલિમ્પિક ગેમ્સનો પણ હિસ્સો બની ગઈ હોવાથી) ઑલિમ્પિક્સના નિયમો મુજબ ક્રિકેટના પ્રત્યેક મેમ્બર-રાષ્ટ્રએ બહુરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ક્વૉલિફાય થતા દરેક દેશ સામે (પછી ભલે એ દુશ્મન દેશ હોય તો પણ એની સામે) રમવું જ પડે. ભારત ૨૦૦૯ની સાલથી પાકિસ્તાન સાથે દ્વિપક્ષી શ્રેણી નથી રમતું, પરંતુ વર્લ્ડ કપ અને એશિયા કપ જેવી મલ્ટિનૅશનલ ઇવેન્ટ્સમાં ભારતે પાકિસ્તાન સામે રમવું જ પડે છે અને ભારત જો પાકિસ્તાન સામે રમવાનો ઇનકાર કરી દે તો ભારત ડિસ્ક્વૉલિફાય થઈ શકે.

#### કયા ત્રણ ખેલાડીનાં મૃત્યુ થયાં

પાકિસ્તાનના હુમલામાં શહીદ થયેલા અફઘાનિસ્તાનનાં ત્રણ સ્થાનિક ક્રિકેટરમાં કબીર, સિબગતુલ્લા અને હારુનનો સમાવેશ હતો. તેઓ શરાના નામના શહેરમાં પ્રદર્શનીય મૅચ રમીને પાછા આવી રહ્યા હતા. તેઓ પક્તિકા પ્રાન્તના ઉર્ગુન જિલ્લામાં પાછા આવી રહ્યા હતા ત્યારે પાકિસ્તાની સૈન્યનો શિકાર થયા હતા. આ હિચકારા હુમલામાં બીજા સાત જણ ઘાયલ પણ થયા હતા.

#### ઇરફાન પઠાણે શોક વ્યક્ત કર્યો

ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર ઇરફાન પઠાણે સોશ્યલ મીડિયામાં અફઘાનિસ્તાનના સ્થાનિક ક્રિકેટરોના મૃત્યુ બદલ તેમને અંજલિ આપતા લખ્યું છે, 'મને આ સમાચાર જાણીને ખૂબ આઘાત લાગ્યો છે. અફઘાનિસ્તાનની પ્રજા માટે હું શોકની લાગણી વ્યક્ત કરું છું.'

#### મીડિયામાં ક્રિકેટપ્રેમીઓએ કયા શબ્દોમાં રોષ ઠાલવ્યો?

(૧) વઝમા સાયેલ નામની મહિલા ક્રિકેટપ્રેમીએ માગણી કરી છે કે 'પાકિસ્તાન સાથે ખેલકૂદ સ્તરે દરેક પ્રકારના સંબંધો કાપી નાખવા જોઈએ. પાકિસ્તાનને ટૉટલ બ્લૅક આઉટ કરી દો. તેની સામેની દરેક મૅચ પર બૅન મૂકી દો. શહીદ થયેલા અફઘાનિસ્તાની ક્રિકેટરો વિશે માત્ર શોક વ્યક્ત કરવો એ પૂરતું નથી.'

(૨) જયપુરના યશ નામના ક્રિકેટપ્રેમીએ મીડિયામાં લખ્યું છે, 'ઑલિમ્પિક્સ અને વર્લ્ડ કપ જેવી સૌથી મોટી સ્પર્ધાઓમાંથી જો રશિયા પર પ્રતિબંધ મૂકી શકાતો હોય, ઇઝરાયલના ખેલાડીઓને ફૂટબૉલ ક્લબ જો પોતાની મૅચોમાં રમવાથી અટકાવી શકતી હોય તો પાકિસ્તાન કેમ હજી ક્રિકેટ રમતું રહ્યું છે એ જ નથી સમજાતું. શું ક્રિકેટની રમતનું માનવતામાં કોઈ યોગદાન નથી?'

(૩) સૌરવ ત્રિવેદી નામના ક્રિકેટપ્રેમીએ લખ્યું છે, 'ક્રિકેટરો હંમેશાં શાંતિ, એકતા અને આશાના પ્રતીક ગણાય છે, પરંતુ તેમને નિશાન બનાવવા એ પાકિસ્તાનની બર્બરતા અને કાયરતા જ કહેવાય. અફઘાનિસ્તાનના સામાન્ય નાગરિકો અને સ્પોર્ટ્સમેનને ટાર્ગેટ બનાવવા એ શું પાકિસ્તાનની સંરક્ષણ નીતિ છે? એ તો કાયરતા જ છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે હવે પાકિસ્તાનની બાબતમાં ચૂપ ન બેસવું જોઈએ.'

(૪) ટી. વરદ નામના ક્રિકેટચાહકે લખ્યું છે, '૨૦૦૯માં લાહોરના ગદાફી સ્ટેડિયમ નજીક પાકિસ્તાનના આતંકવાદીઓ શ્રીલંકન ટીમને ટાર્ગેટ બનાવીને જે ધાર્યું નહોતા કરી શક્યા એ હિચકારું કામ પાકિસ્તાનની ટેરરિસ્ટ આર્મીએ અફઘાનિસ્તાનના ક્રિકેટરો સાથે કર્યું છે. પાકિસ્તાનને આઇસીસીમાંથી કાઢી જ નાખવું જોઈએ. ક્રિકેટ જેન્ટલમૅન્સ ગેમ તરીકે ઓળખાય છે અને આ મહાન રમત પર પાકિસ્તાન બહુ મોટો બોજ બની ગયું છે.'

#### નફ્ફટ પાકિસ્તાનને ગમે એમ કરીને ટ્રાય-સિરીઝ રમવી જ છે

પાકિસ્તાની સૈન્યના હુમલામાં અફઘાનિસ્તાનમાં ત્રણ સ્થાનિક ક્રિકેટરોના મૃત્યુ થતાં અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે આવતા મહિને રાવલપિંડી અને લાહોરમાં રમાનારી ટી-૨૦ની ટ્રાયેન્ગ્યૂલરમાંથી પોતાની ટીમનું નામ પાછું ખેંચી લીધું એ બદલ અફઘાનિસ્તાનના આ નિર્ણયને ક્રિકેટ જગતમાં માનપૂર્વક સ્વીકારવામાં આવી રહ્યો છે, પરંતુ નફ્ફટ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ગમે એમ કરીને એ ટ્રાય-સિરીઝ રમવા માગે છે. પીસીબી ઇચ્છે છે કે અફઘાનિસ્તાનના સ્થાને નેપાળ અથવા યુએઇ જેવો કોઈ અસૉસિયેટ દેશ પાકિસ્તાન અને શ્રીલંકા સાથે ટ્રાન્ગ્યૂલરમાં જોડાઈ જાય. જોકે ક્રિકેટ જગતમાં પાકિસ્તાન સામે પ્રચંડ વિરોધ થઈ રહ્યો હોવાથી કોઈ દેશ આ ટ્રાયેન્ગ્યૂલરમાં રમશે કે કેમ એમાં શંકા છે. ■

# પાકિસ્તાને અફઘાનિસ્તાનના ક્રિકેટરોની હત્યા કરી એના પર આઇસીસી ચૅરમૅન જય શાહે કહ્યું કે...



દુબઈઃ પાકિસ્તાની સૈનિકોના હવાઈ હુમલામાં અફઘાનિસ્તાનના ત્રણ સ્થાનિક ક્રિકેટરો મૃત્યુ પામ્યા એ ઘટનાથી સમગ્ર ક્રિકેટ જગતમાં હાહાકાર મચી ગયો છે, કાયરતા બદલ પાકિસ્તાનને વિશ્વભરમાં વખોડવામાં આવી રહ્યું છે અને આ બનાવથી આઘાતમય ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના ચૅરમૅન જય શાહે પણ પ્રતિક્રિયા આપી છે. અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનના સૈનિકોને આતંકવાદી ગણાવવામાં આવી રહ્યા છે અને તેમના હિચકારા કૃત્યમાં અફઘાનિસ્તાનના ત્રણ આશાસ્પદ ક્રિકેટરના મૃત્યુ નીપજ્યા છે. એમાં કબીર આગા, સિબગાતુલ્લા અને હારુનનો સમાવેશ હતો.

જય શાહે એક્સ પર લખ્યું છે, 'અફઘાનિસ્તાને ત્રણ આશાસ્પદ ક્રિકેટરો ગુમાવ્યા એનો મને ઊંડો આઘાત લાગ્યો છે. હિંસાએ ત્રણેય ખેલાડીના જીવન ટૂંકાવી નાખ્યા. ત્રણ-ત્રણ ટૅલન્ટેડ ખેલાડીઓ ગુમાવવામાં આવ્યા એ એકલા અફઘાનિસ્તાનની નહીં, પણ સમગ્ર ક્રિકેટ જગત માટે મોટી ટ્રૅજેડી છે. અમે દુઃખના આ સમયે અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ (એસીબી) તેમ જ અન્ય શોકમગ્ન તમામ લોકોની પડખે છીએ.'

#### ત્રણ ટૅલન્ટેડ અફઘાનિસ્તાની ક્રિકેટર વિશે આ જાણી લો...

(૧) કબીર આગાઃ ટૉપ-ઑર્ડરનો આ બૅટ્સમૅન આક્રમક બૅટિંગ માટે જાણીતો હતો. તે અફઘાનિસ્તાનની અન્ડર-૨૩ ટીમમાં સિલેક્ટ થવાની તૈયારીમાં જ હતો. તે ઘણી યુવા મૅચોમાં સારું રમી ચૂક્યો હતો અને પોતાની ટીમને જિતાડી ચૂક્યો હતો.

(૨) સિબગાતુલ્લાઃ પક્તિકાનો આ પેસ બોલર પ્રાદેશિક સ્પર્ધામાં ઉર્ગૂન વૉરિયર્સ ટીમ વતી રમી ચૂક્યો હતો. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા માન્યતાપ્રાપ્ત સ્પર્ધાઓમાં તેનું નામ ચમકતું હતું. કૅપ્ટન બનવા માટે તેનામાં બહુ સારા ગુણો હતા.

(૩) હારુનઃ આ ટૅલન્ટેડ ઑલરાઉન્ડરે અફઘનિસ્તાનની ડોમેસ્ટિક સ્પર્ધાઓમાં ખૂબ નામ કર્યું હતું. તે ઑફ સ્પિનર અને રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન હતો. અફઘાનિસ્તાનની ડોમેસ્ટિક ક્રિકેટમાં તેના જેવી વિવિધ પ્રકારની ટૅલન્ટ ધરાવતો ભાગ્યે જ બીજો કોઈ ખેલાડી છે. તે આખો દિવસ ક્રિકેટ રમીને જ વીતાવતો હતો. ■

# મુંબઈ, બરોડા જીત્યાઃ સૌરાષ્ટ્ર ઉપરાંત ગુજરાતની મૅચ પણ ડ્રૉ

શ્રીનગર/કટકઃ રણજી ટ્રોફીની નવી સીઝનના પ્રથમ રાઉન્ડમાં શનિવારે ચોથા અને આખરી દિવસે મુંબઈ તેમ જ બરોડાની ટીમે પોતપોતાની મૅચમાં રોમાંચક વિજય મેળવ્યો છે, જ્યારે સૌરાષ્ટ્ર અને ગુજરાતે પોતપોતાના મુકાબલા ડ્રૉમાં જતા જોવા પડ્યા છે.

બેન્ગાલે ઉત્તરાખંડને આઠ વિકેટે હરાવ્યું હતું. મોહમ્મદ શમી કુલ સાત વિકેટ લેવા બદલ મૅન ઑફ ધ મૅચ બન્યો હતો.

શ્રીનગરમાં મુંબઈએ શાર્દુલ ઠાકુરના સુકાનમાં ૩૫ રનથી વિજય મેળવ્યો હતો. જમ્મુ-કાશ્મીરની ટીમ ૨૪૩ રનના લક્ષ્યાંક સામે ૨૦૭ રનમાં આઉટ થઈ ગઈ હતી. મુંબઈના શમ્સ મુલાનીએ સૌથી વધુ સાત વિકેટ લીધી હતી.

બરોડાને ઓડિશા તરફથી જીતવા માત્ર ૩૩ રનનો ટાર્ગેટ મળ્યો હતો.

બરોડાએ ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ શિવાલિક શર્મા (૩૨ અણનમ, ૨૬ બૉલ, છ ફોર)ની વધુ એક શાનદાર ઇનિંગ્સની મદદથી ૩/૩૬ના સ્કોર સાથે વિજય મેળવ્યો હતો.

રાજકોટમાં સૌરાષ્ટ્ર અને કર્ણાટકની મૅચ ડ્રૉમાં ગઈ હતી. જોકે પ્રથમ દાવની ચાર રનની સરસાઈ બદલ સૌરાષ્ટ્રને ત્રણ પૉઇન્ટ મળ્યા હતા, જ્યારે કર્ણાટકને એક જ પૉઇન્ટ મળ્યો હતો.

અમદાવાદમાં ગુજરાત અને આસામની મૅચ પણ ડ્રૉમાં પરિણમી હતી. ગુજરાતે પ્રથમ ઇનિંગ્સમાં ૭૨ રનની લીડ લીધી એ બદલ એને ત્રણ પૉઇન્ટ મળ્યા હતા. આસામને એક જ પૉઇન્ટ મળ્યો હતો. ■



કોલકાતામાં ઉત્તરાખંડ સામેની રણજી મૅચ જીત્યા પછી બેન્ગાલની ટીમના ખેલાડીઓ અભિમન્યુ ઈશ્વરન (ડાબે), ઇશાન પોરેલ (ડાબેથી બીજો) મોહમ્મદ શમી (ડાબેથી ત્રીજો), આકાશ દીપ (જમણેથી બીજો), સૂરજ સિંધુ જયસ્વાલ (જમણે) તથા અન્ય. (પીટીઆઇ)

# આજે પર્થમાં ભારત-ઑસ્ટ્રેલિયા મૅચ કદાચ સમયસર શરૂ ન પણ થાયઃ જાણો છો શું છે કારણ

### ▶ મૅચ શરૂ થવાનો નિર્ધારિત સમય સવારે ૯.૦૦ઃ કાંગારુંઓ માટે નવું સ્ટેડિયમ નસીબવંતુ નથી





પર્થઃ ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે આજે અહીં પર્થ સ્ટેડિયમમાં સિરીઝની પ્રથમ વન-ડેના આરંભ પહેલાં વરસાદ પડવાની સંભાવના હોવાથી મૅચ કદાચ મોડી શરૂ થશે અને મૅચ દરમ્યાન પણ મેઘરાજા નડી શકે એવી સંભાવના છે. પર્થમાં ઑસ્ટ્રેલિયાના સમય મુજબ સવારે ૧૧.૩૦ વાગ્યે (ભારતીય સમય અનુસાર સવારે ૯.૦૦ વાગ્યે) વન-ડે મુકાબલો શરૂ કરવાનું નક્કી થયું છે. આજે સવારે પર્થમાં વરસાદ પડવાની ૭૦ ટકા સંભાવના છે અને શક્યતા વધી પણ શકે. પરિણામે, બન્ને ટીમ માટે તેમ જ પ્રેક્ષકો માટે રવિવારનો દિવસ સંઘર્ષભર્યો બની શકે.

આ મૅચનો ટૉસ પણ નિર્ણાયક બની શકે. સામાન્ય રીતે ટૉસ જીતનારી ટીમ પ્રથમ બોલિંગ લેવાનું પસંદ કરશે કે જેથી કેટલો લક્ષ્યાંક મળશે એના પરથી એ ચેઝ કરવા માટેની યોજના નક્કી કરી શકાય. પિચ પેસ બોલર માટે વધુ ફેવરેબલ હોવાને કારણે પ્રથમ બોલિંગ લઈને હરીફ ટીમને સસ્તામાં આઉટ કરી નાખવાનો પણ ટૉસ જીતનારી ટીમનો પ્લાન હોઈ શકે. ટૂંકમાં, વાદળિયું હવામાન મૅચના પરિણામ પર મોટી અસર પાડી શકે. પર્થ સ્ટેડિયમની પિચ પર બાઉન્સ સારા મળતા હોવાથી સ્વિંગ બોલરને વધુ ફાયદો મળી શકશે. એ જોતાં, ખાસ કરીને મિડલ-ઑર્ડરના બૅટ્સમેનોએ વધુ આકરી કસોટી આપવી પડશે.

#### પર્થ સ્ટેડિયમમાં ભારતની પહેલી જ વન-ડે

ઑસ્ટ્રેલિયાની ક્રિકેટમાં પર્થ શહેર દાયકાઓથી મશહૂર છે. જોકે આ શહેરમાં ગ્રીન પિચ માટે જાણીતા વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયન ક્રિકેટ અસૉસિયેશન (ડબ્લ્યૂએસીએ-વાકા) ગ્રાઉન્ડ પર હવે મૅચો નથી રમાતી. વાકામાં ૧૯૭૦થી ૨૦૧૭ સુધી આંતરરાષ્ટ્રીય મૅચો રમાઈ હતી, પણ ત્યાર બાદ ૨૦૧૮ની સાલથી પર્થમાં ઇન્ટરનૅશનલ મૅચો નવા પર્થ સ્ટેડિયમમાં રમાય છે અને રવિવારે ભારતની વન-ડે ત્યાં જ રમાવાની છે.

ભારત પહેલી જ વખત આ મેદાન પર વન-ડે રમશે. આ ગ્રાઉન્ડ પર ભારત બે ટેસ્ટ રમ્યું છે (જેમાં એક જીત્યું છે અને એક હાર્યું છે). જોકે ભારતીયો આ સ્ટેડિયમમાં વન-ડે પહેલી જ વખત રમશે. ઑસ્ટ્રેલિયા પર્થ સ્ટેડિયમમાં ત્રણ વન-ડે (પાકિસ્તાન, સાઉથ આફ્રિકા, ઇંગ્લૅન્ડ સામે) રમ્યું છે અને ત્રણેયમાં કાંગારુંઓનો પરાજય થયો છે.

#### પિચ રિપોર્ટ શું કહે છે?

પર્થ સ્ટેડિયમમાં ત્રણ વન-ડે રમાઈ છે અને આ ત્રણમાંથી બેમાં પછીથી બૅટિંગ કરનારી ટીમનો વિજય થયો છે. અહીંની પિચ ફાસ્ટ બોલર માટે સ્વર્ગ સમાન છે. ફાસ્ટ બોલરને આ પિચ પર સારા બાઉન્સ મળે છે અને તેના બૉલની ઝડપ પણ ઘણી સારી રહેશે જેને લીધે બૅટ્સમૅનને પહેલાં તો સેટલ થવામાં અને પછી ઇનિંગ્સને આગળ વધારવામાં તકલીફ થઈ શકે. આ પિચ પર કોઈ પણ બૅટ્સમૅને ધૈર્યથી રમવું પડશે અને શૉટ સિલેક્શનમાં ખૂબ કાળજી રાખવી પડશે. ■

#### બન્ને દેશની સંભવિત ઇલેવન

ભારતઃ શુભમન ગિલ (કૅપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ (વિકેટકીપર), અક્ષર પટેલ, નીતીશ કુમાર રેડ્ડી, વૉશિંગ્ટન સુંદર/કુલદીપ યાદવ, હર્ષિત રાણા, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્ના/અર્શદીપ સિંહ.

ઑસ્ટ્રેલિયાઃ મિચલ માર્શ (કૅપ્ટન), ટ્રૅવિસ હેડ, મૅટ શૉર્ટ, જૉશ ફિલિપ (વિકેટકીપર), મૅટ રેન્શૉ, મિચ ઓવેન, કૂપર કૉનોલી, મિચલ સ્ટાર્ક, નૅથન એલિસ, મૅટ કુહનેમન અને જૉશ હૅઝલવૂડ.

#### સિરીઝનું શેડ્યૂલ

પ્રથમ વન-ડેઃ રવિવાર ૧૯મી ઑક્ટોબર, પર્થ, સવારે ૯.૦૦ વાગ્યાથી

બીજી વન-ડેઃ ગુરુવાર ૨૩મી ઑક્ટોબર, ઍડિલેઇડ, સવારે ૯.૦૦ વાગ્યાથી

ત્રીજી વન-ડેઃ શનિવાર ૨૫મી ઑક્ટોબર, સિડની, સવારે ૯.૦૦ વાગ્યાથી

# સૂર્યકુમારને શેનો ભય સતાવતો હતો?

### ▶ પત્રકારને કહ્યું કે 'હું જરાય ખોટું નહીં બોલું'

મુંબઈઃ રોહિત શર્માએ આ વર્ષે ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ લીધી એટલે શુભમન ગિલને ટેસ્ટ ટીમનું સુકાન સોંપાયું અને હવે રોહિત પાસેથી વન-ડેની કૅપ્ટન્સી પાછી લઈને ગિલને સોંપી દેવામાં આવી એટલે સ્વાભાવિક છે કે ટી-૨૦ ટીમના સુકાની સૂર્યકુમાર યાદવને નેતૃત્વની જવાબદારી પોતાના હાથમાંથી જઈ શકે એવો ભય લાગે જ. ખુદ સૂર્યકુમારે એક જાણીતા અંગ્રેજી દૈનિકને આપેલી મુલાકાતમાં આ ભય વિશે નિખાલસતાથી ચર્ચા કરી છે.

જોકે સૂર્યકુમાર એવું પણ કહે છે કે ગિલ વ્યક્તિ તરીકે બહુ સારો છે અને તેની સાથે બહુ સારી મિત્રતા છે. બીજી તરફ, ભારતીય ક્રિકેટમાં એવી ચર્ચા છે કે ગિલને ટેસ્ટ અને વન-ડેનું સુકાન સોંપાયું એટલે હવે તેને થોડા સમયમાં ટી-૨૦ ટીમની કમાન પણ સોંપી દેવામાં આવશે કે જેથી કરીને તે ત્રણેય ફૉર્મેટનો સુકાની બની જાય અને સૂર્યકુમાર પોતાનો બૅટિંગ પર્ફૉર્મન્સ સુધારવા પર વધુ ધ્યાન આપી શકે.

આઇપીએલની ગુજરાત ટાઇટન્સ ટીમની કૅપ્ટન્સી સંભાળી ચૂકેલા ગિલને ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને અત્યારથી જ રોહિતના સ્થાને વન-ડેનો કૅપ્ટન બનાવી દેવામાં આવ્યો છે. રોહિત શર્મા અને વિરાટ કોહલી વન-ડેમાં રમવાનું પણ છોડે એ પહેલાં તેઓ વન-ડેની ટીમમાં રહીને ગિલને કૅપ્ટન્સીની બાબતમાં સારી એવી પ્રત્યક્ષ તાલીમ આપશે.

ટી-૨૦ ટીમના સુકાની સૂર્યકુમારે 'શું તમને તમારી ટી-૨૦ ટીમની કૅપ્ટન્સી જતી રહેશે એવો ભય ક્યારેય લાગ્યો છે?' એવું અંગ્રેજી દૈનિકના પત્રકારે મુલાકાતમાં પૂછતાં તેણે કહ્યું, 'ગિલને ટેસ્ટ અને વન-ડેની કૅપ્ટન્સી સોંપાઈ એ બાબતમાં હું ખૂબ ખુશ છું. તે સુકાની તરીકે સારું પર્ફૉર્મ કરી રહ્યો છે. જોકે હું જરાય ખોટું નહીં બોલું. સ્વાભાવિક રીતે એવો ભય કોઈને પણ લાગે. જે કંઈ હોય, હું એવું પણ માનું છું કે આવા પ્રકારનો ભય જ ખેલાડીને (કૅપ્ટનને) મૉટિવેટ કરતો રહે છે.' ■

# ભારતની તીરંદાજ જ્યોતિએ રચ્યો ઇતિહાસઃ વર્લ્ડ કપમાં ચંદ્રક જીતી

### ▶ બ્રૉન્ઝ મેડલ જીતતાં જ યુવાન આર્ચર પર અભિનંદનની વર્ષા થઈ



નૅન્જિંગ (ચીન)ઃ ભારતની જ્યોતિ સુરેખા વેન્નમ નામની તીરંદાજે દેશ માટે નવો ઇતિહાસ રચ્યો છે. તે તીરંદાજીમાં વર્લ્ડ કપના કમ્પાઉન્ડ વર્ગમાં મેડલ જીતનારી દેશની પ્રથમ મહિલા આર્ચર બની છે. ૨૯ વર્ષની જ્યોતિ એશિયન ગેમ્સ ચૅમ્પિયન છે. તે અહીં બ્રૉન્ઝ મેડલ જીતી છે. કાંસ્ય ચંદ્રક માટેની હરીફાઈમાં જ્યોતિએ ૧૫ તીર સચોટ નિશાન પર લગાવીને બ્રિટનની એલ્લા ગિબ્સનને હરાવી દીધી હતી. આ મુકાબલાને અંતે જ્યોતિએ ૧૫૦-૧૪૫ના સ્કોરથી જીત હાંસલ કરી હતી અને ત્રીજું સ્થાન મેળવતાં બ્રૉન્ઝ મેડલ જીતી હતી. જ્યોતિ પર કેન્દ્ર સરકાર સહિત દેશભરમાંથી અભિનંદનની વર્ષા થઈ છે.

આઠ સ્પર્ધક વચ્ચેના વર્લ્ડ કપ ફિનાલેમાં જ્યોતિએ ક્વૉર્ટર ફાઇનલ મુકાબલો પણ ભારે રસાકસી વચ્ચે જીતી લીધો હતો. તેણે એમાં અમેરિકાની ઍલેક્સીસ રુઇઝને ૧૪૩-૧૪૦થી પરાજિત કરી હતી. જોકે રસાકસીભરી સેમિ ફાઇનલમાં જ્યોતિનો મેક્સિકોની વર્લ્ડ નંબર-વન ઍન્ડ્રિયા બેકેરા સામે ૧૪૩-૧૪૫થી પરાભવ થયો હતો. જ્યોતિએ એ મુકાબલામાં વિશ્વની નંબર-વનને જોરદાર ટક્કર આપી હતી અને જરાક માટે ફાઇનલમાં પહોંચવાનું ચૂકી ગઈ હતી.

જ્યોતિ ૨૦૨૧ની વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતી હતી. વર્લ્ડ કપની ફાઇનલમાં તેનો આ ત્રીજો પ્રવેશ હતો અને એમાં મેડલ જીતી. અગાઉની બે ફાઇનલમાં (૨૦૨૨માં અને ૨૦૨૩માં) તે પ્રથમ રાઉન્ડમાં સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી.

પુરુષોના વર્ગમાં ભારતનો નંબર-વન તીરંદાજ રિષભ યાદવ જરાક માટે બ્રૉન્ઝ મેડલ ચૂકી ગયો હતો. ■

# ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચે આજે ઇન્દોરમાં રસાકસી



મહિલાઓના વર્લ્ડ કપમાં આજે પૉઇન્ટ્સમાં ત્રીજા નંબરના ઇંગ્લૅન્ડ અને ચોથા નંબરના ભારત વચ્ચે ટક્કર છે. વરસાદની સંભાવના વચ્ચે સ્મૃતિ મંધાનાએ પિચ ચકાસી હતી. શનિવારે કોલંબોની મૅચ ધોવાઈ જતાં સાઉથ આફ્રિકા જીત્યા વગર સેમિમાં પહોંચી ગયું. પાકિસ્તાન ઑલમોસ્ટ આઉટ થઈ ગયું છે. ઑસ્ટ્રેલિયાએ ત્રણ દિવસ પહેલાં જ સેમિમાં એન્ટ્રી કરી હતી. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# સોનાચાંદીમાં ધનતેરસે ઇન્વેસ્ટર્સ પર ધનવર્ષાઃ ૭૨ ટકા સુધીનું તોતિંગ વળતર

મુંબઈ : સોનાચંદીના ભાવમાં એકાએક લાવારસ જેવો ભડકો થયો છે અને હાલની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને પરિબળો જોતાં તે વહેલી તકે શાંત થાય એવા અણસાર હાલ તો દૂર સુધી જણાતાં નથી. જો આપણે ઇન્વેસ્ટમેન્ટના ધોરણે વિચારીએ તો સોનાએ ધનતેરસથી ધનતેરસ દરમિયાન અન્ય એસેટ ક્લાસથી અનેકગણું વધુ વળતર આપ્યું છે.

એક અંદાજ અનુસાર સોનામાં ઉપરોક્ત સમયગાળાની ગણતરીએ ૬૪ ટકા અને ચાંદીમાં ૭૨ ટકાનું વળતર મળ્યું છે. ભારતમાં સોનાના ભાવ ગ્લોબલ માર્કેટ પર અવલંબે છે, પરંતુ અલબત્ત ભારતમાં વિવિધ શહેરોમાં ભાવ અલગ રહેતા હોવાથી ટકાવારીમાં મામૂલી ફેરફાર રહી શકે છે. ગ્લોબલ માર્કેટમાં શુક્રવારે સપ્તાહ અંતે સોનામાં ૧૦૦ ડોલરની ઊથલપાથલ જોવા મળી હતી. ચાંદી તથા અન્ય કિંમતી ધાતુમાં પણ મોટી વધઘટ રહી હતી. સોનાના ભાવ ૪૩૦૦ ડોલરને પાર કરીને ફરી ગબડયા હતા. જ્યારે ચાંદી ઉપરમાં ૫૪ ડોલરને આંબી જઈ ઢીલી પડી હતી. સંવત ૨૦૮૦ની ધનતેરસ તથા સમાપ્ત થઈ રહેલા સંવત ૨૦૮૧ની ધનતેરસ દરમિયાન મુંબઈ ઝવેરી બજારમાં સોનાના રોકાણ પર રોકાણકારોને જંગી વળતર છૂટયું છે. એક વર્ષના ગાળામાં રોકાણકારોને સોના પર ૬૪ ટકા જ્યારે ચાંદી પર ૭૨ ટકા વળતર છૂટયું છે.

સંવત ૨૦૮૦માં ધનતેરસ ૨૯ ઓકટોબરના હતી. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના ડેટા પ્રમાણે ૯૯.૯૦ દસ ગ્રામ સોનાનો ભાવ જીએસટી વગર રૂ. ૭૮૭૪૫ રહ્યો હતો જે વર્તમાન સંવતની ધનતેરસની પૂર્વસંધ્યાએ રૂ. ૧,૨૯,૫૮૪ પહોંચી ગયો હતો. ભાવ સતત વધી રહ્યા હોવાથી તેની હાલની વેલ્યૂ ધ્યાનમાં લેવામાં આવી નથી.

## એસજીબીના ₹ ૨૮૬૬ના ઇશ્યૂ ભાવ સામે રિડમ્પશન ભાવ ₹૧૨૫૬૭

મુંબઈ: ૨૦૧૬-૧૭ના ઓક્ટોબરમાં સોવેરિન ગોલ્ડ બોન્ડ (એસજીબી)ના જાહેર કરાયેલા અંતિમ રિડમ્પશન ભાવ પ્રમાણે આ એસજીબીમાં રોકાણકારોને ૩૩૮ ટકા વળતર છૂટી રહ્યું છે. ૧૬ ઓકટોબર ૨૦૧૭ના જારી કરાયેલ એસજીબી ૨૦૧૭-૧૮ શ્રેણી-થ્રી માટે રિઝર્વ બેન્કે એક ગ્રામના રૂપિયા ૧૨૫૬૭નો રિડમ્પશન ભાવ જાહેર કર્યો છે.

આ એસજીબીની મુદત આઠ વર્ષની હતી. એસજીબીનો રિડમ્પશન ભાવ ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (ઈબજા) દ્વારા જાહેર કરાયેલા ૯૯.૯૦ સોનાના છેલ્લા ત્રણ કામકાજના દિવસોના સરેરાશ ભાવને આધારે નિશ્ચિત કરવામાં આવે છે. ૧૬ ઓકટોબર ૨૦૧૭ના એસજીબી ૨૦૧૭-૧૮ શ્રેણી થ્રી પ્રતિ એક ગ્રામ રૂપિયા ૨૮૬૬ના ભાવે જારી કરવામાં આવી હતી.

સોના ઉપરાંત સમાપ્ત થઈ રહેલા સંવત ૨૦૮૧માં ચાંદીએ પણ રોકાણકારોને જોરદાર વળતર પૂરું પાડયું છે. ગયા વર્ષની ધનતેરસે .૯૯૯ ટચની હાજર ચાંદી એક કિલોનો જીએસટી વગર ભાવ રૂ. ૯૭૮૭૩ રહ્યો હતો જે આ વખતે રૂ. ૧,૬૯,૨૩૦ બોલાઈ રહ્યો છે. વિદાય લઈ રહેલા સંવત ૨૦૮૧માં સોનામાં રૂ. ૫૦૮૩૯ અથવા તો ૬૪ ટકા અને ચાંદીમાં રૂ. ૭૧૩૫૭ અથવા ૭૨ ટકા વળતર છૂટયું છે.

# ડીઆઈઆઈએ ૧૮ વર્ષનો રેકોર્ડ તોડ્યો, ઈક્વિટીમાં ₹છ લાખ કરોડનો વિક્રમી નેટ ઈન્ફ્લો

મુંબઈઃ ૨૦૦૭થી જ્યારથી બીએસઈ દ્વારા ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોના રોકાણ ડેટા જાળવવાનું શરૂ કરાયું છે ત્યારથી ૧૮ વર્ષના ગાળામાં ૨૦૨૫માં પહેલી જ વખત ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)નો ઈક્વિટી સેગમેન્ટમાં નેટ ઇનફ્લો રૂપિયા છ લાખ કરોડને પાર કરી ગયો છે.

કોઈ એક કેલેન્ડર વર્ષમાં ડીઆઈઆઈનું આ સૌથી વધુ ઈક્વિટી રોકાણ રહ્યું છે એમ પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે. ૨૦૨૪ના કેલેન્ડર વર્ષમાં ડીઆઈઆઈ દ્વારા ભારતીય બજારમાં રૂપિયા ૫.૨૬ લાખ કરોડ ઠલવાયા હતા. ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોમાં બેન્કો, મ્યુચ્યુઅલ ફન્ડસ, વીમા કંપનીઓ, પેન્શન સ્કીમ્સનો મુખ્યત્વે સમાવેશ થાય છે.

બજારમાં નરમાઈની સ્થિતિમાં પણ ફન્ડ હાઉસોની ઈક્વિટી સ્કીમમાં સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) મારફત નાણાંનો પ્રવાહ જળવાઈ રહેતા બજારમાં સંસ્થાકીય રોકાણની ગતિ જળવાઈ રહી છે.

વૈશ્વિક આંચકા નહીં આવે તો ૨૦૨૬માં ડીઆઈઆઈનો ફ્લો ૨૦૨૫ કરતા પણ વધી જવાની એક એનાલિસ્ટે શકયતા વ્યકત કરી હતી. એક તરફ ડીઆઈઆઈની લેવાલી જ્યારે બીજી તરફ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)એ વર્તમાન વર્ષમાં અત્યારસુધીમાં રૂપિયા ૨.૦૩લાખ કરોડ પાછા ખેંચી લીધા છે. જો કે તેમણે પ્રાઈમરી માર્કેટ મારફત ઈક્વિટીસમાં રૂપિયા ૫૦,૦૦૦ કરોડ જેટલા ઠાલવ્યા છે. એફઆઈઆઈ માટે હાલમાં અમેરિકા, ચીન, બ્રાઝિલ તથા જર્મની આકર્ષક મથકો બની રહ્યા છે.

આ બજારોમાં એફઆઈઆઈના સારા વળતર મળી રહ્યા છે. આની સામે જાપાન, ભારત, વિયેતનામ તથા દક્ષિણ કોરિઆમાંથી વિદેશી રોકાણકારો પીછેહઠ કરી રહ્યા હોવાનું પણ એનાલિસ્ટે વધુમાં જણાવ્યું હતું.

જ્યારે જ્યારે પણ ભારતીય બજારમાં કડાકો બોલાઈ જાય છે અથવા પ્રમાણમાં નરમ હોય છે ત્યારે ડીઆઈઆઈ આક્રમક ખરીદી કરવાનો વ્યૂહ રાખે છે. ભારતીય બજારમાં ડીઆઈઆઈ તથા એફઆઈઆઈના મોટાભાગે સામસામા રાહ જોવા મળે છે. એક વેચે છે તો બીજા ખરીદે છે.

વિદેશી રોકાણકારોની મોટી વેચવાલીના સમયે ડીઆઈઆઈની લેવાલી દેશની બજારોનું માનસ ખરડાતું અટકાવે છે. છેલ્લા એક વર્ષમાં ડીઆઈઆઈનું ધ્યાન મુખ્યત્વે બીએફએસઆઈ, કેપિટલ ગુડસ, હેલ્થકેર અને ઓટો ક્ષેત્રના શેરોમાં રહેલું હોવાનું અન્ય એક વિશ્લેષકે જણાવ્યું હતું.

# સોનાના ભાવ આઠેક મહિનામાં ₹ ૪૬૦૦ ડોલરને આંબી જશે!

મુંબઇઃ સ્પોટ ગોલ્ડનો ભાવ ૪૨૨૫ ડોલર પ્રતિ ઔંસના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે પહોંચ્યું છે. જોકે આગામી સમયમાં આ તેજી યથાવત રહેવાનો અંદાજ એએન્ડઝેડ બેંક દ્વારા વ્યકત કરવામાં આવ્યો છે.

બેંકના અહેવાલ અનુસાર આ વર્ષના અંત સુધીમાં સોનાના ભાવ પ્રતિ ઔંસ ૪૪૦૦ ડોલર સુધી પહોંચી શકે છે અને જૂન ૨૦૨૬ સુધીમાં લગભગ ૪૬૦૦ ડોલર સુધી પહોંચી શકે છે. જોકે આવતા વર્ષના બીજા ભાગમાં ભાવમાં ઘટાડો થવાની ધારણા છે.

આ વર્ષે સોનાના ભાવમાં રેકોર્ડ વધારા પાછળના મુખ્ય કારણો ભૂરાજકીય તણાવ, વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા, નબળો ડોલર અને યુએસ વ્યાજ દરમાં સંભવિત ઘટાડો છે. જોકે હવે જો યુએસ ફેડરલ રિઝર્વ પોતાનું વલણ કડક કરે અથવા યુએસ અર્થતંત્ર અપેક્ષા કરતાં વધુ સારું પ્રદર્શન કરે તો સોનાના ભાવમાં ઘટાડો થઈ શકે છે. બેંક એ પણ અંદાજ લગાવે છે કે ૨૦૨૬ના મધ્ય સુધીમાં ચાંદીના ભાવ પ્રતિ ઔંસ ૫૭.૫૦ ડોલર સુધી પહોંચી શકે છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટિસ**

નીચે જણાવેલ ટેલિકોમ કામ માટે ભારતના રાષ્ટ્રપતિ વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી), રતલામ, પશ્ચિમ રેલવે ઈ-ટેન્ડરને આમંત્રે છે. ટેન્ડર નં.: SandT-RTM-25-Tele-09, તા. ૧૬.૧૦.૨૫. કામનું નામઃ દિવ્યાંગજનોને મદદરૂપ થવા ઉજ્જૈન સંબંધિત ટેલિકોમ પેસેન્જર એમિનિટિસ અને ઇન્ફોર્મેશન સિસ્ટમ અપગ્રેડ કરવા, વધારવા અને બદલવા ટેલિકોમ સામગ્રી પૂરી પાડવી, ઈન્સ્ટોલ અને ટેસ્ટિંગ કરવું. કામનો અંદાજિત ખર્ચઃ રૂ. ૪,૨૭,૩૩,૭૭૨.૯૨/- (ચાર કરોડ સત્તાવીસ લાખ તેત્રીસ હજાર સાતસો બોતેર રૂપિયા અને ૯૨ પૈસા). ટેન્ડરના દસ્તાવેજોની કિંમતઃ NIL. અર્નેસ્ટ મની ડિપોઝીટઃ રૂ. ૩,૬૩,૭૦૦/-. કામ પૂરું કરવાનો સમયગાળોઃ ૧૨ મહિના. ઈ-ટેન્ડરના દસ્તાવેજો સુપરત કરવાની તારીખ અને સમયઃ ૧૦/૧૧/૨૦૨૫. બપોરે ૩.૦૦ વાગ્યા સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ૧૦/૧૧/૨૦૨૫. બપોરે ૩.૩૦ વાગે. ઓફરની માન્યતાઃ ટેન્ડર ખૂલ્યાની તારીખ બાદ ૬૦ દિવસ સુધી. ટેન્ડર આ વેબસાઈટ પર જોઈ શકાશે. https://www.ireps.gov.in ટેન્ડર ભરનાર પાસે ક્લાસ-થ્રી ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટ અને IREPS પોર્ટલ પર રજિસ્ટર્ડ હોવું જરૂરી. માત્ર રજિસ્ટર્ડ ટેન્ડરર જ ઈ-ટેન્ડરિંગમાં ભાગ લઈ શકશે. ઈ-ટેન્ડરિંગમાં ભાગ લેતી વખતે સંબંધિત તમામ દસ્તાવેજો અપલોડ કરવા જરૂરી.

ડિવિઝનલ રેલવે મેનેજર (S&T) પશ્ચિમ રેલવે, રતલામ

SPAN/6/1/302

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# નિફ્ટીમાં હોળી, સ્મોલ કેપમાં હૈયાહોળી પછી શૅરબજારમાં દિવાળીનો માહોલ

**શૅર બજાર — નિલેશ વાઘેલા**

મુંબઈઃ સ્થાનિક સકારાત્મક આર્થિક ડેટા, સારા કોર્પોરેટ પરિણામ અને એફઆઇઆઇની વેચવાલી અટકવાના આશાવાદ ઉપરાંત શોર્ટ કવરિંગને કારણે વચ્ચે સાર્વત્રિક લેવાલીનો માહોલ જામ્યો છે. એફઆઇઆઇની શરૂ થયેલી ધીમી લેવાલી, યુએસ બોન્ડ યીલ્ડના ઘટાડા અને રૂપિયાની મજબૂતીથી નિફ્ટી બાવન અઠવાડિયાની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. ઉત્સવના આશાવાદ અને ઘટતા જતા આઇપીઓ દબાણે પણ તેજીમાં ફાળો આપ્યો અને તેમાં શોર્ટ કવરિંગે ઉછાળાની ગતિને વધુ મજબૂત બનાવી છે.

નિફ્ટી ઇન્ડેક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ તો પહોંચ્યો છે, છતાં તે ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ નોંધાયેલા ૨૬,૨૭૭ પોઇન્ટના તેના સર્વકાલીન ઉચ્ચ સ્તરથી લગભગ ૫૭૦ પોઈન્ટ અથવા બે ટકા નીચે રહે છે. નિફ્ટી બેંક ૫૭,૮૨૮.૩૦ના નવા સર્વકાલીન ઉચ્ચ સ્તર પર પહોંચ્યો છે. સપ્તાહ દરમિયાન, સેન્સેક્સ ૧૪૫૧.૩૭ પોઈન્ટ અથવા ૧.૭૫ ટકા વધીને ૮૩,૯૫૨.૧૯ પોઇન્ટ પર અને નિફ્ટી ૪૨૪.૫ પોઈન્ટ અથવા ૧.૬૭ ટકા વધીને ૨૫,૭૦૯.૮૫ પોઇન્ટ પર બંધ થયો હતો.

૧૭ ઓક્ટોબરના રોજ પૂરા થયેલા સતત ત્રીજા સપ્તાહમાં ભારતીય બજારમાં તેજીનો સિલસિલો ચાલુ રહ્યો, જેમાં એફઆઇઆઇની ખરીદદારીમાં વધારો, ડીઆઇઆઇનો સતત ટેકો, ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો, ફેડ દ્વારા દર ઘટાડાની આશા વચ્ચે ચાર મહિનામાં સૌથી મોટો સાપ્તાહિક વધારો નોંધાયો. જોકે, યુએસ સરકારના શટડાઉનની ચિંતા, યુએસ-ચીન વેપાર તણાવ અને બેંકિંગ ક્ષેત્રના નવા ગભરાટ વચ્ચે રોકાણકારોમાં સાવચેતીનું માનસ છે.

આપણે દિવાળીથી ગણતરી કરીએ તો સરવાળે સેન્સેક્સ અને નિફ્ટીમાં હોળી, મિડ અને સ્મોલ કેપમાં હૈયાહોળી પછી શેરબજારમાં દિવાળીનો માહોલ રચાયો છે એમ કહી શકાય. ગઈ દિવાળીથી આ દિવાળી સુધી તેજીવાળા શેરબજારો માટે મુશ્કેલ સમય રહ્યો છે. ફ્રન્ટ લાઇન શેરઆંક નિફ્ટી અને સેન્સેક્સમાં ૫.૫૦ ટકા અને બેંક નિફ્ટીમાં ૧૧ ટકા સુધારા સામે મિડકેપમાં ૦.૫૦ ટકા સુધારો છો છે, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ તો ચાર ટકા ગબડ્યો છે. આમાના અમુક શેરો ઊંચા સ્તરથી ૨૦થી ૨૫ ટકાથી વધુ ઘટ્યા હતા. જો આપણે કામગીરી નોંધાવનાર એસેટ ક્લાસ પર નજર કરીએ, તો પાછલી ધનતેરસથી અત્યાર સુધીમાં સોનામાં ખરેખર ધમાલ મચી છે, ત્યારબાદ ચાંદીનો ક્રમ આવે છે. ક્ષેત્રીય ધોરણે, બેંકો, એફએમસીજી ઓટો અને મેટલ ૧૦ ટકાથી વધુ ઉછાળા સાથે ટોચના ગેઇનર્સ રહ્યા હતા, જ્યારે મીડિયા, એનર્જી અને આઇટી ૧૦ ટકાથી વધુ ઘટાડા સાથે ટોચના લૂઝર્સ રહ્યા હતા.

પાછલું એક વર્ષ ભારતીય બજારો માટે ખૂબ જ અસામાન્ય રહ્યું છે. ૨૦૨૦ પછીના સૌથી લાંબા સમયથી, આપણે વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠ પ્રદર્શન કરતા બજારોમાં સામેલ છીએ, પરંતુ તાજેતરમાં તેમાં ફેરફાર થયો હોય તેવું લાગે છે અને જો આપણે અમેરિકા, ચીન, જાપાન, કોરિયા, તાઇવાન અથવા તો યુરોપ જેવા કેટલાક બજારો સાથે સરખામણી કરીએ તો, ભારતીય બજારોએ ગતિ જાળવી નથી.

આ સમયગાળાને અસામાન્ય બનાવતી બાબત એ છે કે ફુગાવો ૧.૫૪ ટકાની આઠ વર્ષ નીચી સપાટીએ, જીડીપી વૃદ્ધિ ૭.૮ ટકા, રાજકોષીય ખાધ ૪.૪ ટકા જેવા મજબૂત મેક્રો હોવા છતાં ઇક્વિટી બજારની કામાગીરી નબળી રહી છે. સરકારના તાજેતરના જીએસટી સુધારા, આવકવેરામાં ૧૨ લાખ રૂપિયાની રાહત, વ્યાજ દરમાં ઘટાડો અને ૨૦૨૬માં સીઆરઆરમાં ૧૦૦ બેસિસ પોઇન્ટનો ઘટાડો એ યોગ્ય સમયે બૂસ્ટર શોટ છે અને પરિણામે આપણે આગામી ક્વાર્ટરમાં કમાણીમાં સુધારો જોવા મળી રહ્યો છે. વધુમાં, ઉત્પાદન અને ઇન્ફ્રા ક્ષેત્રમાં થઈ રહેલા માળખાકીય સુધારાઓ સાથે જેમ જેમ આપણે આગળ વધીએ છીએ તેમ તેમ આર્થિક ચક્ર વધુ મજબૂત દેખાય છે.

આગામી સમયમાં શેરબજારમાં સુધારો આગળ વધી શકે એવી આશા છે અને આ માટે કારણો આ પ્રમાણે છે. યુએસ ટ્રેઝરી યીલ્ડમાં તીવ્ર ઘટાડો રિસ્કઓન મૂડને વેગ આપી રહ્યો છે. બે વર્ષની યીલ્ડ ત્રણ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગઈ, જ્યારે ૧૦ વર્ષની યીલ્ડ ૩.૯૫ ટકા પર છ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગઈ છે. નીચી યીલ્ડ ભારત જેવા ઉભરતા બજારોને વૈશ્વિક રોકાણકારો માટે વધુ આકર્ષક બનાવે છે, પોર્ટફોલિયો પ્રવાહ અને પ્રવાહિતાને વેગ આપે છે.

ભારત અને અમેરિકાની વેપાર વાટાઘાટોમાં પ્રગતિની આશાથી સેન્ટિમેન્ટને વધુ ટેકો મળ્યો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ ખરીદવાનું બંધ કરવાનું વચન આપ્યું છે. ભારતીય અધિકારીઓએ ગુરુવારે ઉમેર્યું હતું કે બંને દેશો વચ્ચે ઊર્જા સહયોગને મજબૂત બનાવવા અંગે ચર્ચા ચાલુ છે.

મેગા આઇપીઓનું દબાણ ઘટવાને કારણે પણ પ્રવાહિતામાં વધારો થયો છે. ટાટા કેપિટલ અને એલજી ઇલેક્ટ્રોનિક્સ ઇન્ડિયા જેવા હાઇપ્રોફાઇલ આઇપીઓના બે અઠવાડિયાના દબાણ પછી પ્રાથમિક બજાર પાઇપલાઇન શાંત થઈ ગઈ છે. આ અઠવાડિયે અને આગામી સપ્તાહમાં મેગા ઇશ્યૂના અભાવે પ્રવાહિતા દબાણ ઓછું થયું હોવાથી રોકાણકારોના ભંડોળ મુક્ત થયા છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવા, વૈશ્વિક પુરવઠા વિક્ષેપો અંગે ચિંતાઓ હળવી કરવા માટે હંગેરીમાં મળવાની યોજના બનાવી રહ્યા હોવાના સમાચાર બાદ શુક્રવારે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો લંબાયો હતો. ભારત ક્રૂડ ઓઇલનો મોટો આયાતકાર હોવાથી તેના ભાવમાં ઘટાડો સ્પષ્ટ હકારાત્મક છે, જે વેપાર ખાધને ઘટાડવા, ફુગાવાના દબાણને ઘટાડવા અને કોર્પોરેટ માર્જિનને સુધારવામાં મદદ કરે છે.

પાછલા કેટલાક સત્રથી ડોલર સામે રૂપિયાની મજબૂતીને કારણે પણ એકંદર સેન્ટિમેન્ટને ટેકો મળ્યો છે. શુક્રવારે સરકારી બેંકો દ્વારા ભારતીય રિઝર્વ બેંકના પ્રી-માર્કેટ ડોલર સેલથી નબળા વૈશ્વિક સંકેતોને અવગણીને રૂપિયાને મજબૂત બનાવવામાં મદદ મળી અને ડોલર સામે રૂપિયો ૮૭.૭૫ પર પહોંચ્યો હતો, જે ગુરુવારના ૮૭.૮૨ના બંધથી વધુ હતો અને બે સત્રોમાં એક ટકાથી વધુ ઊંચી સપાટીએ છે. આ અઠવાડિયે આરબીઆઇના હસ્તક્ષેપોએ ડોલરમાં સટ્ટાકીય લોંગ પોઝિશનને દબાવી દીધી છે અને અમેરિકન સરકારના શટડાઉનની ચિંતાઓ અને ફેડરલ રેટના વધુ ઘટાડાની અપેક્ષાઓ વચ્ચે ડોલર ઇન્ડેક્સ ત્રણ મહિનામાં તેના સૌથી મોટા સાતાહિક ઘટાડાની તૈયારીમાં છે.

ફ્રન્ટલાઇન શેરોમાં તીવ્ર ઉછાળો તમામ ક્ષેત્રોમાં શોર્ટ કવરિંગની લહેર ઉભો કરી રહ્યો છે, જે ઉછાળાની ગતિને વધારે છે. હમણાં પણ, સિસ્ટમમાં નોંધપાત્ર શોર્ટ પોઝિશન છે, અને બજારની મજબૂતાઈ મંદીવાળાને અટકાવી રાખી શકે છે, જેનાથી વધુ શોર્ટ કવરિંગની સુવિધા મળી શકે છ. બજાર સ્થિતિસ્થાપક અને ટેકનિકલ ધોરણે મજબૂત છે. તહેવારોના સપ્તાહ પહેલા મંદીના સોદા સરખા કરવા માટે ઉતાવળ કરી રહ્યા હોવાથી નજીકના ભવિષ્યમાં મંદીભરી સ્થિતિઓ દૂર થવાથી તેજી જળવાઈ રહેવાની શક્યતા છે.

કોર્પોરેટ પરિણામમાં વિપ્રોનો કોન્સોલિડેટેડ નફો ૧.૨૦ ટકા વધીને રૂ. ૩,૨૪૬ કરોડ નોંધાયો છે, જે બજારની અપેક્ષા કરતા નબળો રહ્યો હોવાથી તેના શેરમાં ઘટાડો જોવાયો હતો. એ જ રીતે, ઝોમેટો પેરેન્ટ્સ ઇટર્નલના શેરમાં પણ કડાકો જોવા મળ્યો હતો, આ કંપનીનો નફો ૬૩ ટકા ઘટીને રૂ. ૬૫ કરોડ નોંધાયો છે.

ઓટોમોટિવ અને નોન-ઓટોમોટિવ બંને ક્ષેત્રોને સેવા આપતી વ્યાપક ઔદ્યોગિક ઓટોમેશન સોલ્યુશન્સ પ્રોવાઇડર, પાટિલ ઓટોમેશન લિમિટેડે ઓનસાઇટ એસેમ્બલી લાઇન ઇન્સ્ટોલેશન પ્રોજેક્ટ માટે ભારતીય કોર્પોરેટ ક્લાયન્ટ પાસેથી રૂ. ૧૦.૮૨ કરોડનો ખરીદી ઓર્ડર (બધા કર અને ડ્યુટી સહિત) પ્રાપ્ત થયો હોવાની માહિતી જાહેર કરી છે. આ પ્રોજેક્ટ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

ઇન્ફોસિસે બીજા ક્વાર્ટરમાં ૧૩.૨ ટકાના વધારા સાથે રૂ. ૭,૩૬૪ કરોડના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફો નોંધાવ્યો છે. નેસ્લે ઇન્ડિયાનો બીજા ક્વાર્ટરનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો ૨૪ ટકા ઘટીને રૂ. ૭૫૩ કરોડ થયો છે. ઝી એન્ટરટેઈનમેન્ટનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૬૩ ટકા ઘટીને રૂ. ૭૬ કરોડ રહ્યો છે અને આવક બે ટકા ઘટી છે. ઇન્ડિયા ઓવરસીઝ બેન્કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૫૮ ટકાના વધારા સાથે રૂ. ૧૨૨૬ કરોડનો નફો નોંધાવ્યો છે.

આઇસીઆઇસીઆઇ બેંક અને એચડીએફસી બેંકના નાણાકીય પરિણામ જાહેર થવા પહેલા બેંક શેરોમાં તેજી આગળ વધી હતી. ઉક્ત બે બેન્ક ઉપરાંત પરિણામની જાહેરાત બાદ જો રિલાયન્સ પણ તેજીમાં જોડાય તો બજાર વધુ ગતિ જાળવી શકે છે. મજબૂત બેંક કમાણી મૂળભૂત ટેકો પૂરો પાડી શકે છે અને તે તહેવારોના સેન્ટિમેન્ટ અને મુહૂર્ત ટ્રેડિંગમાં તેજીના ઉત્સાહમાં વધારો કરી શકે છે.

# આયાતને કારણે ભારતીય તાંબા ઉદ્યોગ ચિંતિત

નવી દિલ્હીઃ વૈશ્વિક સ્તરે તાંબાના ટ્રેડિંગમા ટેરિફને કારણે સર્જાયેલી સમસ્યાને કારણે ટ્રેડરો પરેશાન છે, ત્યાં તાંબાના ઉત્પાદક સંગઠન, ઇન્ડિયન પ્રાઈમરી કોપર પ્રોડ્યુસર્સ એસોસિએશન (આઇપીસીપીએ)એ ભારત અને યુએઇ વચ્ચેના કોમ્પ્રીહેન્સિવ ઇકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ (સીઇપીએ) હેઠળ યુએઇથી કોપર રોડની વધતી જતી આયાત સંદર્ભે ચિંતા વ્યક્ત કરી છે.

સંગઠને એવી ચેતવણી આપી છે કે આ વલણ કોપર રિફાઇનિંગમાં સ્થાનિક રોકાણોને જોખમમાં મૂકે છે. ૧૯૯૬થી ભારતીય ઉત્પાદકો, હિન્દુસ્તાન કોપર લિમિટેડ, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, વેદાંત લિમિટેડ અને કચ્છ કોપર લિમિટેડ (અદાણી ગ્રુપ)એ નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે ૦.૮૫ મિલિયન ટનની અંદાજિત માગ સામે ૧.૨૫ મિલિયન ટનની સ્થાનિક રિફાઇન્ડ કોપર ક્ષમતા બનાવી છે.

ઉદ્યોગ આગામી દાયકામાં ક્ષમતાને વધુ વિસ્તૃત કરવાની યોજના ધરાવે છે. જોકે, સંગઠને વાણિજ્ય મંત્રાલયને લખેલા પત્રમાં જણાવ્યું છે કે સીઇપીએ, આ યોજનાઓમાં નોંધપાત્ર અવરોધ ઉભો કરે છે, કારણ કે યુએઇ, કોપર માઇનિંગ, સ્મેલ્ટિંગ અથવા રિફાઇનિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ન હોવા છતાં, ન્યૂનતમ મૂલ્ય વધારા સાથે ભારતમાં કોપર રોડની નિકાસ કરી રહ્યું છે.

આઇપીસીપીએની માહિતી અનુસાર, સંયુક્ત અરબ અમિરાતની કંપનીઓ ફક્ત આયાતી કોપર કેથોડ્સને સળિયામાં રૂપાંતરિત કરે છે. આ એક એવી પ્રક્રિયા છે કે, જેને કારણે ટેરિફ વર્ગીકરણમાં ફેરફાર તો થાય છે પરંતુ નજીવી વાસ્તવિક મૂલ્ય ઉમેરાય છે.

# પ્રાઈવેટ ઇક્વિટી ઇન્વેસ્ટમેન્ટ્સ ત્રણ વર્ષની ટોચે પહોંચ્યું

મુંબઈ : વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં દેશમાં ૨૬ અબજ ડોલર સાથે પ્રાઈવેટ ઈક્વિટી (પીઈ) અને વેન્ચર કેપિટલ (વીસી) ઈન્વેસ્ટમેન્ટનો આંક ત્રણ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી ગયો છે. પીઈ તથા વીસીનો વર્તમાન રોકાણ પ્રવાહ ભારતની આર્થિક સ્થિતિ પર વૈશ્વિક રોકાણકારોને વિશ્વાસ હોવાના સંકેત આપે છે. બીજી બાજુ ઈન્વેસ્ટમેન્ટ પાછુ ખેંચવાની ગતિ ધીમી પડી છે. સારા ચોમાસાને પગલે મજબૂત કૃષિ ઉત્પાદન તથા તહેવારોની મોસમ દરમિયાન ઉપભોગ માગમાં વધારાને પરિણામે દેશના વિવિધ ક્ષેત્રોમાં મૂડીની ઠાલવણી માટે વાતાવરણ સાનુકૂળ બન્યું હોવાનંડ એક રિપોર્ટમાં આવ્યું હતું.

વર્તમાન કેલેન્ડર વર્ષના પ્રથમ નવ મહિનામાં પીઈ તથા વીસી ઈન્વેસ્ટમેન્ટ ૨૦૨૩ તથા ૨૦૨૪ના સંપૂર્ણ વર્ષ દરમિયાનના આંકને વટાવી ગયું છે. સંપૂર્ણ ૨૦૨૪ના વર્ષમાં થયેલા કુલ ૧૧૭૦ પીઈ તથા વીસી સોદાની સરખામણીએ વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં જ સોદાની સંખ્યા વધી ૧૩૬૩ રહી છે. જે ભારતમાં આકર્ષણ વધી રહ્યાનું સૂચવે છે.

૨૦૨૪માં એક કરોડ ડોલરથી નીચેની કદના સોદાનો હિસ્સો કુલ સોદામાં જે ૪૭ ટકા રહ્યો હતો તે વર્તમાન વર્ષમાં ઘટી ૪૦ ટકા જોવા મળી રહ્યો છે જ્યારે મધ્ય કદના સોદા એટલે કે ૧ થી ૨.૫૦ કરોડની રેન્જના સોદાનો હિસ્સો જે ૨૦૨૪માં કુલ સોદામાં ૨૧ ટકા હતો તે વર્તમાન વર્ષમાં વધી ૩૧ ટકા રહ્યો હોવાનું પણ રિપોર્ટમાં જણાવાયું છે.

આમ સોદાના હિસ્સામાં ફેરબદલને કારણે એક સોદાનું સરેરાશ મૂલ્ય વધી ૩.૬૬ કરોડ ડોલર જોવા મળી રહ્યું છે જે ૨૦૨૪માં ૩.૪૪ કરોડ ડોલર હતું. દેશમાં પીઈ તથા વીસી ઈન્વેસ્ટમેન્ટ વધુ પડતું ઈનફરમેશન ટેકનોલોજી (આઈટી) તથા ઉપભોગ માટે આવશ્યક પદાર્થોનું ઉત્પાદન કરતી કંપનીઓમાં જોવા મળ્યું છે. કુલ પીઈ-વીસી રોકાણમાં આઈટી ક્ષેત્રનો હિસ્સો જે ૨૦૨૪માં ૨૩ ટકા હતો તે ૨૦૨૫માં વધી ૩૫ ટકા પર આવી ગયો છે.


**પશ્ચિમ રેલવે**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ વિભાગ, NFR સેકશન, મુંબઈ સેન્ટ્રલ - મુંબઈ - ૪૦૦ ૦૦૮.

**કામ - મુંબઈ ડિવિઝનમાં વિવિધ NFR મિડિયા દ્વારા જાહેરાતનું પ્રદર્શન**

| ઓકશન કેટલોગ નં. | ઓકશન પ્રારંભ (તમામ લોટસ) |
|---|---|
| MMCT-ADVT-૨૫-૪૮ | ૦૭-૧૧-૨૫ ૧૫.૦૦ ક. |

| ક્ર. નં. | લોટ નંબર | સ્થળ/વિસ્તાર | દિવસ | ઈ-ઓકશનની બંધ થવાની તારીખ & સમય |
|---|---|---|---|---|
| ૧ | ADVT-EFF-૧૭૬૨૦૨-૨-૨૫-૨ (જાહેરાત-ટ્રેનોનો બહારનો ભાગ (ફૂલ ફેઝ) | ૦૫ વર્ષની મુદત માટે મુંબઈ ડિવિઝન, પશ્ચિમ રેલવેની તેના લિંક રેકસ (૧૯૦૩૩/૩૪ & ૧૯૦૩૫/૩૬) અને ગુજરાત એક્સપ્રેસ (૨૨૯૫૩/૫૪)ના કોચેસ પર બહારના ભાગ (ફૂલ ફેઝ) સર્ફેસ પર જાહેરાતનું પ્રદર્શન | ૧૮૨૬ | ૦૭.૧૧.૨૫ ૧૫.૩૦ ક. |

સંપર્ક વિગતોઃ- લેન્ડલાઈન નં.:- ૦૨૨૬૭૬૪૪૨૧૨, ઈ-મેલ ID:- acmadvtgbct@gmail.com

નોંધઃ સંબંધિત બિડરોએ વિનંતી કે IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-ઓકશન લિઝિંગ મોડયૂલની મુલાકાત લો. 0719

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - રતલામ ડીવીઝન**

W/૬૨૩/૫/૧/NIT **ઈ-ટેન્ડરીંગ નોટીસ** તા. ૧૬/૧૦/૨૦૨૫

ડીવીજનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. વિગતો નીચે મુજબ છેઃ-

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય ₹ | રૂ.માં બારડી | પૂર્ણતાની મુદત |
|---|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૫-૨૬-૧૨૩ | ૧૦,૮૭,૨૬,૨૩૫.૭૦ | ૬,૯૩,૭૦૦/- | ૨૪ મહિના |
| | ગોધરા નાગદા, નાગદા ભોપાલ, ઈન્દોર-ઉજ્જૈન, માકસી-દેવાસ & રતલામ ડિવિઝનના ચાંદેરિયા ખંડવા સેકશનઃ- DEN (પશ્ચિમ), DEN (સાઉથ) અને DEN (નોર્થ) રતલામ સેકશનના અધિકાર ક્ષેત્ર હેઠળ ડિવિઝનલ એન્જિનયર હેઠળ ફ્લેશ બટ વેલ્ડીંગ. | | | |

**કામનો સમાન પ્રકારઃ** કોઈપણ પ્રકારનું કામઃ કોન્ટ્રાક્ટરના પોતાના ફ્લેશ બટ વેલ્ડીંગ પ્લાન્ટ સાથે કોઈપણ ટ્રેક વર્ક અથવા રેલ વેલ્ડીંગ. નોંધઃ (૧) ટેન્ડરર પાસે ટેન્ડરીંગ ફર્મના નામે ઓછામાં ઓછો એક MFBW પ્લાન્ટ હોવા જોઈએ, જે કાર્યરત સ્થિતિમાં હોવો જોઈએ અને ટેન્ડર કરેલા કામ માટે ફક્ત તૈનાત કરવા યોગ્ય હોવો જોઈએ. ટેન્ડરરે ટેન્ડર દસ્તાવેજ સાથે MFBW પ્લાન્ટની માલિકી માટે દસ્તાવેજી પુરાવા સુપ્રત કરવા જોઈએ. (૨) પેઢી દ્વારા તૈનાત કરવા માટે પ્રસ્તાવિત ફ્લેશ બટ વેલ્ડીંગ પ્લાન્ટ (ઓપરેટર્સ અને સ્ટાન્ડર્ડાઈઝ્ડ વેલ્ડીંગ પેરા મીટર્સની વિગતો સિવાય) માટે સામાન્ય QAP ટેન્ડર ખોલવાની તારીખ પહેલાં RDSO દ્વારા મંજૂર થવો જોઈએ. મોબાઈલ ફ્લેશ બટ વેલ્ડીંગ પ્લાન્ટની માલિકી ધરાવતી પેઢી સીધા RDSOનો સંપર્ક કરી શકે છે અને ટેન્ડરમાં ભાગ લેતા પહેલા RDSO દ્વારા તેમના સામાન્ય QAPને મંજૂરી મેળવી શકે છે. મંજૂર થયેલ જનરલ QAP ટેન્ડર દસ્તાવેજ સાથે સુપ્રત કરવાનું રહેશે જેના વિના ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહીં. જો, કોન્ટ્રાક્ટર ટેન્ડરમાં ઉલ્લેખિત વેલ્ડીંગ પ્લાન્ટ સિવાય અન્ય વેલ્ડીંગ પ્લાન્ટ તૈનાત કરવા માગે છે, જેણે RDSOથી QAP મંજૂર કર્યું છે, તો તે પ્લાન્ટને રેલવે દ્વારા પણ મંજૂરી આપવામાં આવી શકે છે. **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ** ૧૬.૧૦.૨૦૨૫. **ટેન્ડર ખોલવાની તારીખઃ** ૧૦.૧૧.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત NIL છે.

ડીવીઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/પાવર), રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

SPAN/5/1/301

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ X.com/WesternRly

**પશ્ચિમ રેલવે- રતલામ ડિવિઝન**

W/૬૨૩/NIT/૧ તારીખ : ૧૫.૧૦.૨૦૨૫

**ઈ-ટેન્ડરીંગ નોટિસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે વિગતો નીચે મુજબ છેઃ-

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય ₹ | રૂ.માં બારડી | પૂર્ણતાની મુદત |
|---|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૫-૨૬-૮૮ | ૯૩,૮૯,૯૫૯.૧૬ | ૧,૮૭,૮૦૦/- | ૧૨ મહિના |
| | ડૉ. આંબેડકર નગર (DADN)-વિવિધ કોલોનીઓ ખાતે પાણી પુરવઠા અને ડ્રેઈનેજ સુવિધાની સુધારણા. **કામનો સમાન પ્રકારઃ** કોઈપણ સિવિલ એન્જિનિયરીંગ કામ. | | | |
| ૨ | RTM-૨૦૨૫-૨૬-૧૧૮ | ૫૭,૫૯,૮૧૨.૧૪ | ૧,૧૫,૨૦૦/- | ૦૯ મહિના |
| | ચિત્તોડગઢ-ઈલેક્ટ્રિકલ કામ સહિત CTCC & CLI, લોબી કાઉન્સેલિંગ હોલ, ટોઈલેટ, પાર્કિંગ & નવા ફેસિલિટિઝ/સુવિધાઓ વગેરે સાથે બાઉન્ડ્રી વોલ માટે રૂમની જોગવાઈ દ્વારા ઈન્ટિગ્રેટેડ ક્રૂ લોબીનું અપગ્રેડેશન. **કામનો સમાન પ્રકારઃ** કોઈપણ બિલ્ડિંગ કામનું બાંધકામ. | | | |
| ૩ | RTM-૨૦૨૫-૨૬-૧૧૯ | ૯૦,૩૧,૦૭૪.૩૫ | ૧,૮૦,૬૦૦/- | ૧૨ મહિના |
| | ડૉ. આંબેડકર નગર (DADN)-ઈલેક્ટ્રિકલ કામ સહિત પાર્કિંગ અને બાઉન્ડ્રી વોલ સાથે નવા ઈન્ટિગ્રેટેડ ક્રૂ લોબી, CTCC ઓફિસ, કાઉન્સેલિંગ રૂમ, TRS સ્ટાફ રૂમની જોગવાઈ. **કામનો સમાન પ્રકારઃ** કોઈપણ બિલ્ડિંગ કામનું બાંધકામ. | | | |

**અંદાજિત જથ્થોઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ** ૧૫.૧૦.૨૦૨૫. **ટેન્ડર ખોલવાની તારીખ :** ૧૦.૧૧.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટિસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (W/A), રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે


SPAN/5/1/300

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ X.com/WesternRly




# જાત્રાએથી પાછા ફરતી વખતે પિકઅપ વૅનને નડેલા અકસ્માતમાં આઠનાં મોત

### નંદુરબારમાં બનેલી કરુણ ઘટનામાં ૧૫ શ્રદ્ધાળુ જખમીઃ ડુંગર પરના વાંકાચૂંકા માર્ગ પરથી વૅન ૨૦૦ ફૂટ નીચે પટકાઈ






(અમારા પ્રતિનિધિ તરફથી)
મુંબઈઃ અસ્તંબા ઋષિની જાત્રાએથી પાછા ફરતી વખતે નંદુરબાર જિલ્લાના ચાંદશૈલી ઘાટમાં પિકઅપ વૅનને નડેલા ભીષણ અકસ્માતમાં આઠ શ્રદ્ધાળુએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે ૧૫ જણ જખમી થયા હતા. ડુંગર પરના વાંકાચૂંકા માર્ગ પરથી પસાર થતી વખતે વળાંક પાસે ડ્રાઈવરનો કાબૂ ન રહેતાં વૅન ૨૦૦ ફૂટ નીચેના માર્ગ પર પટકાઈ હતી. વૅનના પાછલા ભાગમાં બેસેલા શ્રદ્ધાળુઓ વાહનની નીચે દબાઈ ગયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. તળોદા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ એપીઆઈ રાજુ લોખંડેએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ઘટના ચાંદશૈલી ઘાટમાં શનિવારની સવારે ૧૦ વાગ્યાની આસપાસ બની હતી. આ ઘટનામાં વૅનનો ડ્રાઈવર પણ ગંભીર રીતે ઘવાયો હતો. સારવાર માટે તેને તળોદા ઉપજિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. પ્રાથમિક તપાસને આધારે ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. નંદુરબાર જિલ્લામાં સાતપુડા પર્વતના સર્વોચ્ચ શિખર પર અસ્તંબા ઋષિની જાત્રાથી શ્રદ્ધાળુઓ પાછા ફરી રહ્યા હતા ત્યારે આ કરુણ ઘટના બની હતી. આ (જુઓ પાનું ૪) ▶▶

## સમૃદ્ધિ એક્સપ્રેસવે પર અકસ્માતમાં બે વિદેશી નાગરિક સહિત ત્રણનાં મોત

દિવાળીના પ્રારંભે જ અકસ્માતોની વણજાર લાગી હોય તેમ સમૃદ્ધિ એક્સપ્રેસવે પર પણ અકસ્માતની બે ઘટના નોંધાઈ હતી, જેમાં બે વિદેશી નાગરિક સહિત ત્રણનાં મોત નીપજ્યાં હતાં. વાશીમ જિલ્લાના માલેગાંવ તાલુકામાં સમૃદ્ધિ એક્સપ્રેસવે પર માલેગાંવથી જઉળકા દરમિયાન ઇનોવા કાર ડિવાઈડર સાથે ભટકાઈ હતી. કાર મુંબઈથી નાગપુર તરફ જતી હતી. કહેવાય છે કે ઝોકું આવવાને કારણે ડ્રાઈવરે કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો. કારમાં હાજર મ્યાનમારના બે નાગરિકનાં મૃત્યુ થયાં હતાં. મૃતકોમાં દસ વર્ષના બાળકનો સમાવેશ થાય છે. આ જ એક્સપ્રેસવે પર અકસ્માતની બીજી ઘટના શાહપુર નજીક બની હતી. આ ઘટનામાં એકે જીવ ગુમાવ્યો હતો, જ્યારે બે જખમી થયા હતા. ■

# વિપક્ષો જ નહીં મહાયુતિના નેતાનો પણ ચૂંટણી મુલતવી રાખવાનો આગ્રહ

છત્રપતિ સંભાજી નગરઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના વિધાન પરિષદના સભ્ય - એમએલસી સતીશ ચવ્હાણે શનિવારે મહારાષ્ટ્રમાં મતદાર યાદીમાં સુધારો ન થાય ત્યાં સુધી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ મુલતવી રાખવાની માગણી કરી હતી.

એકલા સંભાજી નગરના એક વિધાનસભા ક્ષેત્રની મતદાર યાદીમાં ૩૬ હજાર નામ બે વાર છે એવો દાવો તેમણે કર્યો હતો. જો સુધારણા નહીં કરવામાં આવે તો અદાલતના દ્વાર ખટખટાવવામાં આવશે એવી ચેતવણી પણ તેમણે આપી હતી.

ચૂંટણી આઘી ઠેલવાની આવી માગણી શાસક પક્ષના વિધાનસભ્યો દ્વારા પણ (જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્ર નગરપાલિકા ચૂંટણીઃ અધિકારીઓ ડુપ્લિકેટ મતદારોના નામ ચકાસી સ્પષ્ટતા માગશે

મુંબઈઃ રાજ્યના વિભિન્ન મતદારક્ષેત્રમાં મતદારોના નામ એકથી વધુ વાર હોવાનો દાવો કેટલાક રાજકીય પક્ષ દ્વારા કરવામાં આવ્યો છે ત્યારે મહારાષ્ટ્રમાં ચૂંટણી અધિકારીઓએ આ નામોને કામચલાઉ સ્વરૂપે અલગ તારવવાનો નિર્ણય લઈ એ મત વિસ્તાર વિશે સંબંધિત વ્યક્તિઓ પાસેથી તે કયા મતદાર ક્ષેત્રમાંથી મતદાન કરવા માગે છે એ વિશે સ્પષ્ટતા માગવાનો નિર્ણય લીધો છે. ચૂંટણી અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે સુધારિત મતદાર યાદી બુથ સ્તરના અધિકારીઓ અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને (જુઓ પાનું ૪) ▶▶

# મહાલક્ષ્મી મંદિર સુશોભીકરણ પ્રોજેક્ટની ડેડલાઈન માર્ચ, ૨૦૨૬

(અમારા પ્રતિનિધિ તરફથી)
મુંબઈઃ મુંબઈગરાનું શ્રદ્ધાનું સ્થાન ગણાતા મહાલક્ષ્મી મંદિર પરિસરનું ચોમાસાને કારણે અટવાઈ ગયેલું સુશોભીકરણ કામ ફરી શરૂ થયું છે. હાલ સુશોભિત પ્રવેશદ્વાર બેસાડવાનું તથા રસ્તો બનાવવા સહિત ત્યાં સ્ટોલ પુનઃસ્થાપિત કરવા માટે ડિઝાઈન કરવાના કામ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. પાલિકાએ માર્ચ, ૨૦૨૬ સુધીમાં આ પ્રોજેક્ટને પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન ઓક્ટોબર ૨૦૨૪માં તત્કાલીન મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા કરવામાં આવ્યું હતું. જોકે પ્રોજેક્ટનું કામ એક વર્ષ બાદ જૂન, ૨૦૨૫માં શરૂ થયું હતું અને ત્યારબાદ ભંડોળના અભાવે કામ ફરી અટકી પડ્યું હતું. આ દરમ્યાન ચોમાસું શરૂ હોવાને કારણે ઑક્ટોબર સુધી કામ બંધ રાખવું પડ્યું હતું. શનિવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ મહાલક્ષ્મી મંદિરમાં સવારના મુલાકાત લઈને પ્રોજેક્ટની વિગતવાર માહિતી મેળવી હતી. તેમની સાથે મહાલક્ષ્મી મંદિર પરિસર બ્યુટીફિકેશન પ્રોજેક્ટના સલાહકાર આર્કિટેક્ટ શશાંક મેહંદળે સહિત મહાલક્ષ્મી મંદિર ટ્રસ્ટના પદાધિકારીઓ પણ હાજર હતા.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ ચોમાસા પછી ફરી કામ શરૂ થયું છે અને લાઈટિંગનું કામ પૂરું થવાને આરે છે. હાલમાં રોડને વિકસાવવાનું અને દરવાજાના સુશોભીકરણનું તથા તેના કમાનને બેસાડવા સહિતના કામ પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ભીંતચિત્રનું કામ પ્રોજેક્ટના અંતિમ તબક્કામાં હાથ ધરવામાં આવશે. આગામી છ મહિનામાં પ્રોજેક્ટ પૂરો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ દરમ્યાન પાલિકા (જુઓ પાનું ૪) ▶▶

# કાલબાદેવીથી વેપારીનું અપહરણ કરી ૭૬ લાખનું સોનું વસૂલ્યુંઃ છની ધરપકડ

### પરેલની એક ઈમારતના રૂમમાં પૂરી રાખી વેપારીની મારપીટ પણ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)
મુંબઈઃ દક્ષિણ મુંબઈના કાલબાદેવી પરિસરમાંથી વેપારીનું કારમાં કથિત અપહરણ કરી અંદાજે ૭૬ લાખ રૂપિયાનું સોનું અને રોકડ વસૂલવાના કેસમાં પોલીસે મહિલા સહિત છ આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓએ વ્યાવસાયિક વિખવાદમાં વેપારીને પરેલની એક રૂમમાં પૂરી રાખી તેની મારપીટ પણ કરી હતી.

એલ. ટી. માર્ગ પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ અલકા મહાડિક (૩૫), તારક મૈતી (૩૫), રઘુનાથ મૈતી (૩૪), ડૉગ ટ્રેનર દીપક મહાડિક (૪૫), રાહુલ દીવે (૩૦) અને સુનીલ ગોરાઈ (૨૮) તરીકે થઈ હતી. કોર્ટે આરોપીઓને ૧૮ ઑક્ટોબર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૧૪ ઑક્ટોબરની રાતે ૧૦.૩૦ વાગ્યે બની હતી. કાલબાદેવીની ઑલ્ડ હનુમાન ગલી ખાતે ફરિયાદી બિલ્ડિંગ નીચે ઊભો હતો ત્યારે વૅગનઆર કારમાં ચાર જણ (જુઓ પાનું ૪) ▶▶

# સતત બીજા દિવસે મુંબઈ ગરમઃ પારો ૩૫.૫ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)
મુંબઈઃ મુંબઈ સતત બીજા દિવસે સમગ્ર રાજ્યમાં ૩૫.૫ ડિગ્રી તાપમાન સાથે સૌથી વધુ ગરમ શહેર રહ્યું હતું. શુક્રવારે મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી નોંધાયા બાદ શનિવારે સતત બીજા દિવસે પણ મુંબઈમાં ઊંચુ તાપમાન નોંધાયું હતું. બરોબર દીવાળીના તહેવારમાં મુંબઈગરા આકરી ઑક્ટોબર હીટનો અનુભવ કરી રહ્યા છે.

મુંબઈમાં શનિવારે દિવસ દરમ્યાન સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૫.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૬ ડિગ્રી નોંધાયું હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૫ ડિગ્રી નોંધાયું હતું.

શુક્રવારના મુંબઈમાં નોંધાયેલું ૩૭ ડિગ્રી તાપમાન ઓક્ટોબર (જુઓ પાનું ૪) ▶▶

# હવે પાંચમા, આઠમા ધોરણ સિવાય ચોથા અને છઠ્ઠા ધોરણ માટે પણ સ્કોલરશિપની પરીક્ષા

પુણેઃ રાજ્યમાં પાંચમા અને આઠમા ધોરણની સ્કોલરશિપ - શિષ્યવૃત્તિની પરીક્ષા અંગે શિક્ષણ વિભાગે નોંધપાત્ર ફેરફાર કર્યા છે. હવેથી ચોથા અને સાતમા ધોરણ સિવાય આ વર્ષે ચોથા, પાંચમા, સાતમા અને આઠમા એમ કુલ ચાર ધોરણ માટે આ પરીક્ષા લેવાનો નિર્ણય લીધો છે.

રાજ્યના હોંશિયાર વિદ્યાર્થીઓને શિક્ષણ અને સ્પર્ધાત્મકતા માટે પ્રોત્સાહિત કરવા શિષ્યવૃત્તિ પરીક્ષા લેવામાં આવે છે. અગાઉ આ પરીક્ષા ધોરણ ચોથા અને સાતમા ધોરણ માટે લેવામાં આવતી હતી. જોકે, શિક્ષણ અધિકાર કાયદા (આરટીઇ)ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને આ પરીક્ષા ૨૦૧૬-૧૭ થી ધોરણ ૫ અને ૮ માટે લાગુ કરવામાં આવી હતી.

અલબત્ત ધોરણ પાંચમા અને આઠમા માટે શિષ્યવૃત્તિની પરીક્ષા શરૂ થયા પછી પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો હોવાનું જોવા મળ્યું છે. એટલે શિક્ષણ પ્રધાન દાદાજી ભુસેએ જાહેરાત કરી હતી કે શિષ્યવૃત્તિની પરીક્ષા અગાઉની જેમ ચોથા અને સાતમા ધોરણ માટે લેવામાં આવશે. જોકે, સરકારી નિર્ણયની જાહેરાત ન થઈ હોવાથી શિક્ષકો અને વાલીઓમાં મૂંઝવણ સર્જાઇ હતી.

હવે શિક્ષણ વિભાગે ધોરણ પાંચમા અને આઠમાને બદલે ચોથા અને સાતમા ધોરણ માટે શિષ્યવૃત્તિ પરીક્ષા લાગુ કરવાનો સરકારનો નિર્ણય જાહેર કર્યો છે. સાથે ચોથા ધોરણની શિષ્યવૃત્તિ પરીક્ષાને પ્રાથમિક શિષ્યવૃતિ પરીક્ષા અને સાતમી શિષ્યવૃત્તિ પરીક્ષાને ઉચ્ચ પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા નામ આપવામાં આવ્યા છે. આ ફેરફાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી લાગુ કરવામાં આવશે.

શિષ્યવૃત્તિની પરીક્ષામાં પાસ કે નાપાસ જાહેર નહીં કરવામાં આવે, પણ પાત્ર કે અપાત્ર એવી જાહેરાત કરવામાં આવશે. પાત્રતા માટે દરેક પેપરમાં ઓછામાં ઓછા ૪૦ ટકા માર્ક જરૂરી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી શિષ્યવૃત્તિની પરીક્ષા ફેબ્રુઆરીના બીજા અથવા ત્રીજા રવિવારે લેવામાં આવશે. પરીક્ષાની તારીખ રાજ્ય પરીક્ષા (જુઓ પાનું ૪) ▶▶

# ઠાકરે ભાઈઓનો રાજકીય મેળાપ પાકો

### થાણે મહાનગરપાલિકામાં ૭૫ બેઠકમાં જીત થશેઃ સંજય રાઉત

મુંબઈઃ ઠાકરે બંધુ (ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે)નું રાજકીય મેળાપ નિશ્ચિત છે એવો દાવો કરી શિવસેના (ઉબાઠા)ના રાજ્યસભાના સંસદ સભ્ય સંજય રાઉતે ઉમેર્યું હતું કે 'અમારી સાથે જોડાવા માગતા લોકોનું સ્વાગત છે. થાણે મહાનગરપાલિકા ચૂંટણીમાં અમે ૭૫થી વધુ બેઠકો જીતીશું. હું વારંવાર મહા વિકાસ આઘાડીની પણ વાત કરતો રહ્યો છું. અમારી સાથે જોડાવા માગતા લોકોને લઈને આગળ વધીશું.'

રાજ ઠાકરે મહા વિકાસ આઘાડીમાં જોડાશે? એવા સવાલના જવાબમાં સંજય રાઉતે કહ્યું હતું કે મેં ઘણી વખત સ્પષ્ટ કર્યું છે કે મહા વિકાસ આઘાડી ગઠબંધન મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે હતું. 'ઈન્ડિયા બ્લોક' લોકસભાની ચૂંટણી માટે હતું. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આવું કોઈ ગઠબંધન નહીં હોય. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે હજી સુધી કોઈ પણ પક્ષ વચ્ચે આવી કોઈ ચર્ચા નથી થઈ. શિવસેના (જુઓ પાનું ૪) ▶▶

# ગોરેગામના વીર સાવરકર બ્રિજને તોડવો જ પડશેઃ આઈઆઈટીનો અહેવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)
મુંબઈઃ પ્રસ્તાવિત વર્સોવા-દહિસર લિંક રોડ પ્રોજેક્ટમાં ડબલ ડેકર બ્રિજ બાંધવામાં અડચણરૂપ થઈ રહેલા ગોરેગામના વીર સાવરકર બ્રિજને તોડી પાડવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હોવાનો અહેવાલ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (આઈઆઈટી) બોમ્બેના નિષ્ણાતોએ આપ્યો છે. જોકે મુંબઈ મહાનગરપાલિકા આ બાબતે હજી સુધી ચોક્કસ નિર્ણય લીધો નથી અને આ પર્યાય પર હજી વિચાર કરી રહી હોવાનું પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું.

ગોરેગામનો વીર સાવરકર ફ્લાયઓવરને તોડી પાડવા સામે સ્થાનિક રહેવાસીઓનો ભારે વિરોધ હોઈ બ્રિજ તોડી પાડવાને બદલે તેની માટે વિકલ્પ શોધવાની માગણી કરવામાં આવી હતી. સ્થાનિક વિધાનસભ્યએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખી વર્સોવા-દહિસર લિંક રોડ પ્રોજેક્ટમાં આ ફ્લાયઓવરને સમાવી લેવાની સૂચના કરી હતી. તેથી સુધરાઈએ ફ્લાયઓવરને તોડી પાડવાને મુદ્દે એક બ્રિજ ડિપાર્ટમેન્ટના રિટાયર્ડ અધિકારી અને આઈઆઈટી બોમ્બેના નિષ્ણાતોને સામેલ કરી એક કમિટી બનાવી તેનો અભ્યાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આઈઆઈટી રિપોર્ટ મુજબ પ્રસ્તાવિત ડબલ ડેકર બ્રિજ બાંધવા માટે હાલના ફ્લાયઓવરને તોડી પાડવો એ એક માત્ર વિકલ્પ છે. જોકે અંતિમ નિર્ણય લેવાનો બાકી હજી બાકી છે. પાંચ વિકલ્પો પર અભ્યાસ કરવામાં આવ્યો હતો, તેમાંથી ડબલ-ડેકર બ્રિજ સૌથી યોગ્ય વિકલ્પ હોવાનું જણાઈ આવ્યું છે. તે સ્થાનિક સ્તરે ટ્રાફિકમાં રાહતરૂપ બની રહેશે અને માઈન્ડસ્પેસ-મલાડ અને દિંડોશી વચ્ચે મહત્ત્વની લિંક સાબિત થશે અને તેથી જ હાલના ફ્લાયઓવરને તોડી પાડવાનો પ્રસ્તાવ આગળ કરવામાં આવ્યો હતો. ગોરેગામ (જુઓ પાનું ૪) ▶▶

# પ્રેમી સાથે લગ્ન કરવા પતિનો કાંટો કાઢ્યોઃ પત્ની સહિત ત્રણની ધરપકડ

### પતિને પ્રેમજાળમાં ફસાવવા યુવતીના નામે બોગસ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ ખોલ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)
મુંબઈઃ પ્રેમી સાથે સંસાર માંડવા માટે પત્નીએ પતિનો કાંટો કાઢવાની યોજના બનાવી હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી. પતિને પ્રેમજાળમાં ફસાવવા યુવતીને નામે બોગસ એકાઉન્ટ ખોલાવ્યું, પછી જંગલમાં લઈ જતી તેની કરપીણ હત્યા કરવામાં આવી. શબની ઓળખ ન થાય તે માટે કેમિકલ નાખી ચહેરો બાળી નાખવામાં આવ્યો હોવાનું તપાસમાં જણાતાં પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી.

રાયગઢની નાગોઠણે પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ દીપાલી નિરગુડે (૧૯), ઉમેશ મહાકાળ (૨૧) અને સુપ્રિયા ચૌધરી (૧૯) તરીકે થઈ હતી. આરોપી દીપાલી મૃતક કૃષ્ણ ખંડવી (૨૩)ની પત્ની હોવાનું પોલીસે જણાવ્યું હતું.

નાગોઠણે પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ સચિન કુલકર્ણીએ જણાવ્યું હતું કે પેણ તાલુકાના ગૌળાવાડી ખાતે રહેતો ખંડવી ગુમ થયો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ખંડવી છેલ્લે નાગોઠણે એસટી સ્ટૅન્ડથી બાઈક પર યુવતી સહિત બે જણ સાથે જઈ રહ્યો હોવાનું સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં નજરે પડ્યું હતું. પરિણામે કાવતરું ઘડીને ખંડવીને ગાયબ કરાયો હોવાની શંકાને આધારે તપાસ કરવામાં (જુઓ પાનું ૪) ▶▶

બાલી-સિંગાપુર
17 નવેમ્બર 8 દિવસ
બેંગકોક પટાયા ફુકેટ 25 નવેમ્બર,6 દિ.
શ્રીલંકા 2 ડિસે.,7 દિ. | વેઇટનામ 12 ડિસે.,8 દિ. | દુબઈ 7 દિ. 24 જાન્યુ.
હોંગકોંગ, મકાઉ, શેનઝેન 9 જાન્યુ. 7 દિ.
ન્યુઝીલેન્ડ 19 ફેબ્રુઆરી,10 દિવસ
Tour Costs are Dynamic.
વૈષ્ણવી ટુર્સ દાદર
9769318856 9769318872

હાલાઈ લોહાણા



સ્વ. સુરેશભાઈ વિનોદચંદ્ર રૂપારેલ
(ઉ.વ. ૮૦)
શુક્રવાર, તા. ૧૭/૧૦/૨૦૨૫ ના શ્રીજીચરણ પામ્યા છે.
-: સદૈવ યાદ કરનારા :-
પત્ની : લીનાબેન
પુત્રીઓ : લોપા, પૂજા
જમાઈ : બિમલ બંકિમ માસ્ટર
ભાઈ-બહેન : સ્વ. સુધાબેન, પ્રવિણભાઈ હરીશભાઈ, રાજેશભાઈ
દોહિત્ર : વિવાન
સાસરાપક્ષ : ચંપકલાલ સુતરિયા
પ્રાર્થનાસભા રાખેલ નથી - લૌકિક વ્યવહાર બંધ છે.

# બીએઆરસીના બોગસ વિજ્ઞાનીની ધરપકડઃ ગુપ્ત માહિતી વિદેશી નાગરિકોને વેચ્યાની શંકા

મુંબઈઃ ભાભા ઍટમિક રિસર્ચ સેન્ટર (બીએઆરસી)નો વિજ્ઞાની હોવાનો દાવો કરનારા શકમંદને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અને સેન્ટ્રલ એજન્સીના અધિકારીઓએ જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી પકડી પાડ્યો હતો. તેની પાસેથી બીએઆરસીના બોગસ દસ્તાવેજો અને આબેહૂબ દેખાતું આઈડી કાર્ડ મળી આવ્યું હતું. આરોપીએ વિદેશી નાગરિકોને ગુપ્ત માહિતી પહોંચાડી હોવાની શક્યતાને આધારે તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

ક્રાઈમ ઈન્ટેલિજન્સ યુનિટે (સીઆઈયુ) ધરપકડ કરેલા આરોપીની ઓળખ અખ્તર હુસેન કુતુબુદ્દીન અહમદ (૫૫) તરીકે થઈ હતી. શુક્રવારે કોર્ટે તેને ત્રણ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી. દક્ષિણ મુંબઈના ક્રાફર્ડ માર્કેટ સ્થિત કમિશનર ઑફિસમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમ સહિત અનેક સેન્ટ્રલ એજન્સીના અધિકારીઓ આરોપીની પૂછપરછ કરી રહ્યા છે.

પ્રાથમિક તપાસમાં પોલીસને આરોપી પાસેથી બીએઆરસીનું આબેહૂબ દેખાતું આઈડી કાર્ડ અને બોગસ દસ્તાવેજો મળી આવ્યા હતા. તેણે બીએઆરસીના બોગસ (જુઓ પાનું ૪) ▶▶

# રવિવારે મેગા બ્લોકઃ મધ્ય રેલવેમાં ટેન્શન, પશ્ચિમ રેલવેમાં નિરાંત

મુંબઈઃ મધ્ય રેલવેના મુંબઈ ડિવિઝને રવિવારે વિદ્યાવિહાર અને થાણે સ્ટેશન વચ્ચે પાંચમી અને છઠ્ઠી લાઇન પર મેગા બ્લોક રાખવાનો નિર્ણય લીધો છે. આ બ્લોકને કારણે દિવાળીની ખરીદી માટે મુંબઈ આવતા મુસાફરોને હેરાનગતિ થશે. જોકે દિવાળીમાં પશ્ચિમ રેલવે પર કોઈ બ્લોક નથી રાખવામાં આવ્યો.

મેઈન લાઈનમાં વિદ્યાવિહાર અને થાણા સ્ટેશન વચ્ચે પાંચમી અને છઠ્ઠી લાઇન પર સવારે આઠથી બપોરે દોઢ વાગ્યા સુધી બ્લોક હશે અને આ સમયગાળા દરમિયાન બહારગામની ટ્રેનોને અપ અને ડાઉન ફાસ્ટ લાઇન પર વાળવામાં આવશે.

હાર્બર લાઈનમાં સવારે ૧૧.૧૬ થી સાંજે ૪.૪૭ વાગ્યા સુધી વાશી/બેલાપુર/પનવેલ સુધીની ડાઉન હાર્બર લાઈન અને સીએસએમટીથીસવારે ૧૦.૪૮ થી સાંજે ૪.૪૩ વાગ્યા સુધી બાંદ્રા/ગોરેગાંવ સુધીની (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.